જગદ્ગુરુશ્રીમહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્યચરણ પ્રણીત

ષોડશગ્રન્થાન્તર્ગત

વિવેકધૈર્યાશ્રયગ્રન્થના અન્તર્ગત

પુષ્ટિમાર્ગીય વિવેક

લેખક

ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી -વડોદરા.

: પ્રકાશક :

શ્રીવલ્લભ વિઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ- વડોદરા.

જગદ્‌ગુરુ શ્રીમહાપ્રભુ શ્રીમદ્‌વલ્લભાચાર્યચરણ પ્રણીત
ષોડશગ્રન્થાન્તર્ગત 'વિવેકધૈર્યાશ્રય' ગ્રન્થ પૈકી

(૧) પુષ્ટિમાર્ગીય વિવેક

૧. ઉપક્રમ

'વિવેકધૈર્યે સતતં રક્ષણીયે તથાશ્રયઃ'

મનુષ્યના જીવનમાં ઘણી બધી નબળાઈઓ હોય છે અને તે નબળાઈઓના કારણે એ મનુષ્ય બીજા વ્યક્તિ કે વસ્તુ ઉપર આધાર રાખનારો પરાશ્રયી બની જાય છે. આ રીતે એક મનુષ્યને જીવન જીવવા માટે ઘણા બધા વ્યક્તિઓ અને ઘણી બધી વસ્તુઓની આવશ્યકતા અને અપેક્ષા થઈ આવે છે. વધુ પડતી આવશ્યકતા અને અપેક્ષા જ મનુષ્યના જીવનમાં દુઃખો અને અશાન્તિનું મૂળ કારણ છે. કારણ કે મનમાં જે પ્રકારની અને જેટલી અપેક્ષાઓ સેવી રાખી હોય તે બધી જ અપેક્ષાઓ પૂર્ણ જ થાય એ શક્ય નથી. વળી જે અપેક્ષાઓ પૂર્ણ થાય છે તેમાં પણ જે પ્રકારે સેવેલી હોય તે પ્રકારે જ પૂર્ણ થાય તે પણ જરૂરી નથી. આવી સ્થિતિમાં અપૂર્ણ અપેક્ષાઓથી મનમાં જે આઘાત ઉત્પન્ન થાય છે તે આઘાતો જ દુઃખ યા અશાન્તિરૂપે અનુભવાય છે.

મનુષ્યમાં રહેલી નબળાઈઓના કારણને વિચારવામાં આવે તો ઘણું કરીને નબળાઈઓના મૂળ મનુષ્યના પોતાના મનમાં જ રહેલા હોય છે. એ નબળાઈના મૂળિયાંનો મનમાંથી નાશ કરવામાં આવે તો મનુષ્યના જીવનમાં દુઃખ કે અશાન્તિ પેદા થવાનું કોઈ કારણ રહેતું નથી. આ મૂળિયાં એટલે જ અન્તઃકરણમાં ઘર કરી બેઠેલા કેટલાક વિકૃત સંસ્કારો. આવા વિકૃત સંસ્કારો પણ અનેકની સંખ્યામાં છે પરંતુ તેને સ્થૂલ રૂપમાં વિચારીએ તો ત્રણ ભાગે તેને વહેંચી શકાય છે. (૧) બુદ્ધિગત વિકૃત સંસ્કારો, (૨) મનોગત વિકૃત સંસ્કારો અને (૩) ચિત્તગત વિકૃત સંસ્કારો. આ ત્રણને ભેગા કરીને જ આધુનિક વિજ્ઞાનમાં માઈન્ડ (mind) શબ્દ વાપરવામાં આવે છે.

ભારતીય વૈષ્ણવશાસ્ત્રોના મતે એક જ અન્તઃકરણ એની જુદી-જુદી વૃત્તિઓથી ચાર પ્રકારે લક્ષિત થાય છે અને એને જ મન-બુદ્ધિ-ચિત્ત -અહંકાર એમ ચાર નામે ઓળખવામાં આવે છે. તેવી જ રીતે આંખ-નાક-કાન વગેરે ઈન્દ્રિયોને બહિષ્કરણ નામે ઓળખવામાં આવે છે. કરણ શબ્દ ક્રિયા અર્થને દ્યોતે છે. તે મુજબ જેના થકી થનારી ક્રિયાઓ અન્તઃ - અન્દર થાય છે તે અન્તઃકરણ અને જેના થકી થનારી ક્રિયાઓ બહિઃ એટલે કે બહાર થાય છે તે બહિષ્કરણ, આ ચાર પ્રકારે લક્ષિત થતું અન્તઃકરણ એની વૃત્તિઓથી અલગ-અલગ નામે ઓળખાય છે. વૃત્તિ એટલે વ્યવસાય, ચેષ્ટા યા ઉદ્યોગ. એટલે કે અન્તઃકરણથી થનારી ચેષ્ટા યા એના ઉદ્યોગ મુજબ તે જુદા પડે છે. જેમ કે સંકલ્પ-વિકલ્પ પણ અન્તઃકરણમાં થાય છે, શાન્તિ કે મૂઢતા પણ અન્તઃકરણમાં થાય છે, નિશ્ચય-સ્મૃતિ વગેરે પણ અન્તઃકરણમાં થાય છે. ત્યારે સંકલ્પ-વિકલ્પ એ મનની વૃત્તિ છે, શાન્તિ - મૂઢતા એ અહંકારની વૃત્તિ છે અને નિશ્ચય -સ્મૃતિ એ બુદ્ધિની વૃત્તિ છે.

(૧) વૃત્તિઓથી અહંકારનું લક્ષણ - કર્તાપણું, કારણપણું, કાર્યપણું, શાન્તપણું, ઘોરપણું, મૂઢપણું.

(૨) વૃત્તિઓથી મનનું લક્ષણ - ઈન્દ્રિયોનું નિયામકપણું, ખૂબ જ બળવાળું, શાસકપણું, સંકલ્પ-વિકલ્પરૂપ, કામ-ઈચ્છાને ઉત્પન્ન કરનાર.

(૩) વૃત્તિઓથી બુદ્ધિનું લક્ષણ - ઈન્દ્રિયોનું અનુગ્રહણ, દ્રવ્ય-પદાર્થનું સ્ફુરણ થવું, પદાર્થ સ્ફુરણ થતાં તેનું વિશેષ જ્ઞાન થવું, સંશય થવો, વિપર્યાસ એટલે કે વિપરીતપણું પ્રતીત થવું એટલે કે જે છે તેનાથી જુદું જ પ્રતીત થવું, નિશ્ચય થવો, સ્મરણ થવું, નિદ્રા.

(૪) વૃત્તિઓથી ચિત્તનું લક્ષણ - નિર્મલપણું, સર્વ વિકારોથી રહિતપણું, જ્ઞાનરૂપતા. યોગવિદ્યામાં આ અન્તઃકરણને જ ચિત્ત નામે ઓળખવામાં આવે છે. વૃત્તિઓના આધાર પર ચિત્તની પાંચ વિશેષ અવસ્થાઓ પાતંજલસૂત્રના ભાષ્યકાર શ્રીવ્યાસજી જણાવે છે. એ પાંચ અવસ્થા છે - **ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરુદ્ધ.** વિકૃત વૃત્તિઓના સતત ખલેલથી અશાન્ત

બનેલ મન-ચિત્ત કે અન્તઃકરણની સ્થિરતા માટે યોગમાર્ગમાં અભ્યાસ અને વૈરાગ્ય એમ બે મુખ્ય સાધનો જણાવ્યાં છે. ઘણાં લાંબા કાળ સુધી બલ્કે ગીતાના જણાવ્યા અનુસાર ઘણા જન્મોની સાધનાના અન્તે આ અભ્યાસ સિદ્ધિને પ્રાપ્ત કરાવે છે.

આ અન્તઃકરણગત (અંતઃકરણમાં રહેલા) દોષોને દૂર કરવા માટેના ઈલાજમાં શ્રીવલ્લભાચાર્યજી ત્રણ ઉપાયો જણાવે છે. બુદ્ધિગત દોષોના ઈલાજ માટે **વિવેક,** મનોગત દોષોના ઈલાજ માટે **ધૈર્ય** તથા ચિત્તગત અને અહંકારી દોષોના ઈલાજ માટે **આશ્રય** એમ ત્રણ ઉપાયો પારિભાષિક અર્થમાં જણાવે છે.

વિવેક એટલે સત્ય અને હિતકર આચરણ કરવામાં બુદ્ધિમાં રહેલો પ્રેરક વિચાર. બુદ્ધિમાં એવા પ્રકારના વિચારની સ્થિતિ કે જેનાથી પ્રેરાઈ વ્યક્તિ સત્ય આચરણ કરી શકે અને તે પણ પાછું કોઈ પણ પ્રકારે અહિત કરનારું ન હોઈ નિતાન્ત હિત જ કરનારું હોય.

ધૈર્ય એટલે ગમે તેવા દુઃખને પણ દુઃખના રૂપમાં નહીં સ્વીકારવાની એક પ્રકારની મનની શક્તિ. જગતમાં દુઃખદ ના નામે ગણાતા ગમે તે પ્રસંગોમાં પણ મનને વિચલિત ન થવા દે અને તેવામાં પણ મનની તદુંરસ્તી જળવાઈ રહે તેવી આન્તર શક્તિ.

આશ્રય એટલે જીવનની પ્રત્યેક ક્ષણમાં નાના-મોટા પ્રત્યેક પ્રસંગમાં અને દરેક સ્થળે એક માત્ર ભગવાનનાં સામીપ્યનો - ભગવાન સાથે પોતાના આત્મીય સમ્બન્ધનો અને ભગવાનનો પોતાના સ્વામી રૂપમાં અખંડ અનુભવ.

બુદ્ધિમાં રહેલા વિકારો

આપણી બુદ્ધિમાં પાંચ પ્રકારના વિકારો વૃત્તિરૂપે રહેલા છે.

૧) પોતાનું ઈચ્છેલું પામવા માટેની **પ્રયત્નવૃત્તિ.**

૨) બીજાને પ્રાર્થના કરીને તેનાંથી **મેળવવાની વૃત્તિ (પ્રાર્થનાવૃત્તિ).**

૩) પોતાનામાં ગુરુતાગ્રન્થી કે લઘુતાગ્રન્થી સ્વરૂપની **અભિમાનવૃત્તિ.**

૪) મારું કે બીજાનું જેનું જે થવું હોય તે થાય પણ મારું કહેલું કે મારું વિચારેલું થવું જોઈએ તેવી **હઠવૃત્તિ.**

૫) હાનિકર્તા કે નહીં જરૂરિયાતવાળી બાબતને પણ દુરાગ્રહપૂર્વક પકડી રાખવાની **આગ્રહવૃત્તિ.**

ઉપર મુજબના પાંચ પ્રકારના વિકારોને દૂર કરવાના ઈલાજરૂપે શ્રીવલ્લભાચાર્યજી નવ પ્રકારના વિવેક સ્વરૂપનો ઈલાજ જણાવે છે.

નવ પ્રકારના વિવેક –

પહેલો વિવેક

॥ વિવેકધૈર્યે સતતં રક્ષણીયે તથાશ્રયઃ ।
વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ ॥ ૧ ॥

(૧) જીવનના પ્રત્યેક પ્રસંગોને કે પરિસ્થિતિને દુઃખદ કે સુખદ રૂપમાં નહીં વિચારતાં ભગવાનની ઈચ્છારૂપમાં તેને સ્વીકારી લેવા.

જીવનના પ્રત્યેક પ્રસંગને કે પરિસ્થિતિને દુઃખદ કે સુખદ રૂપમાં નહીં વિચારતાં કે નહીં માનતાં એને ભગવાનની ઈચ્છાના રૂપમાં સ્વીકારી લેવા. તેમજ કોઈને પણ દુઃખ આપવાનો ન તો ભગવાનનો ક્રૂર સ્વભાવ છે કે ન કોઈને દુઃખ આપવામાં ભગવાનનું કોઈ પ્રયોજન છે. બલ્કે પ્રાણિમાત્ર ભગવાનના જ અંશ હોવાથી આત્મીયભાવે ભગવાન દરેક પ્રાણિમાત્રનું હિત કરનારા અને દુઃખ હરનારા છે. પરન્તુ પ્રાણિઓ ભગવાનનાં હિતકર મહાન આશયને ટૂંકી બુદ્ધિને કારણે નહીં સમજી તેને દુઃખરૂપમાં માની લે છે તેથી તે દુઃખદ લાગે છે. જેમ બાળકને તાવ આવતો હોય ત્યારે મા પુત્રને મિષ્ટાન્ન ન આપે કે વૈદ્ય કડવી દવા આપે તે દુઃખદ લાગે છે.

બીજો વિવેક

(૨) આ સમ્પૂર્ણ વિશ્વ ભગવાનનું સામ્રાજ્ય છે તેથી ભગવાન જ

રક્ષા કરશે અને તે જે કરશે તેમાં જ હિત હશે એમ માની અન્ય કોઈનો આશ્રય કરવો નહીં.

આ સમ્પૂર્ણ ચર-અચર જગત એ એક માત્ર ભગવાનનું જ સામ્રાજ્ય છે, તેથી પોતાના રાજ્યની સુવ્યવસ્થા-વિકાસ વગેરેનો વિચાર તથા એનો અમલ રાજા પોતે જ કરે છે, ઉપરાન્ત કોઈ પણ રાજા પોતાના રાજ્યનો કે રાજ્યની પ્રજાનો નાશ કરતો નથી પણ તે પોતાની પ્રજાનો રક્ષક જ હોય છે. તેવી જ રીતે આપણે પણ ભગવાનની પ્રજા હોવાથી ભગવાન સર્વકાળ-સર્વત્ર-સર્વ પ્રકારે આપણી રક્ષા જ કરે છે અને કરશે જ. તેથી જેમ પ્રજા પોતાની રક્ષા માટે એ વિશ્વાસ પર કોઈ પ્રયત્ન કે ઉદ્યમ કરતી નથી કે રાજા રક્ષા કરશે જ, તેવી રીતે પોતાની રક્ષા-પ્રાપ્તિ વગેરે માટે મગજ પર ટેન્શન રાખી અથાગ પ્રયત્ન-ઉદ્યમમાં ઉતરી જવાની જગ્યાએ -દેવતાઓ, મંત્રો, અનુષ્ઠાનો, વ્રતો, ઉપવાસો, ગ્રહોના નડતર નિવારણ અર્થે તેમના મંત્રોના જપ કે તેમના વારના ઉપવાસો વગેરે પ્રયત્ન ત્યાગી ભગવાન બધું કરશે બુદ્ધિમાં તેવા વિશ્વાસે નિશ્ચિન્ત બની રહી પ્રભુસેવા, પ્રભુસ્મરણમાં ચિત્ત પરોવી રાખવું.

ઉપર એક તથા બેની સંખ્યાથી જણાવાયેલ પહેલો-બીજો વિવેકરૂપ બુદ્ધિનો વિચાર **પોતાનું ઈચ્છેલું પામવા તરફના આપણા પ્રયત્નરૂપ વિકૃતિવૃત્તિ** ઉપર લગામનું કે બ્રેકનું કામ કરે છે. આપણે આપણા મનથી જ નક્કી કરી લઈએ છીએ કે મારા માટે આ દુઃખ છે અને આ સુખ છે. તેથી દુઃખ સંસ્કાર રૂપે તો પહેલેથી બુદ્ધિમાં રહેલું જ છે, ફક્ત પ્રસંગ આવતાં તે સંસ્કારિત થઈ અનુભવમાં આવે છે. બુદ્ધિની આજ સ્થિતિને આધુનિક મનોવિજ્ઞાનમાં પ્રેજ્યુડિસ માઈન્ડ (Prejudice-mind) નામે કહેવામાં આવે છે. પહેલેથી જ કારણ વિના કોઈ પણ બાબતને બુદ્ધિમાં માની બેસવું એ બુદ્ધિનો વિકાર યા બૌદ્ધિક નબળાઈ જ છે.

પ્રશ્ન : હવે પ્રશ્ન એ થાય છે કે માની લીધું કે સુખ-દુઃખ પહેલેથી જ કારણ વિના બુદ્ધિમાં માની લેવા એ બુદ્ધિની નબળાઈ છે. પણ જે નબળાઈ છે તે આટલું જાણવાથી કંઈ દૂર થઈ જવાની નથી અને તેથી તેમ જાણીને પણ પ્રસંગ આવતાં સુખ-દુઃખનો અનુભવ કરાવે જ છે. તો પછી બુદ્ધિમાં ઘર કરી બેસેલા આ સંસ્કારોને કાઢવાનો ઈલાજ શો ? બુદ્ધિ એક એવી સ્લેટ છે જેનાં પર કોઈ પણ અક્ષરો બહુ જ ઝડપથી લખાઈ જાય છે પણ લખાયેલું ભૂસવું સરળ નથી, બલ્કે સાધારણ સ્થિતિમાં તો અસંભવ જ છે.

ઉત્તર - માન્યું કે બુદ્ધિમાં ઝડપથી લખાઈ જવાનો અને તે સરળતાથી નહીં ભૂસાવાનો દોષ છે. પણ એમ પણ માનવું જ પડશે કે સમજ ઉત્પન્ન થઈ શકવાનો બુદ્ધિમાં એક મોટો ગુણ પણ છે અને એ ઉત્પન્ન થયેલી સમજ જ પડેલા સંસ્કારોને ભૂસવા માટેનું રબર છે. બુદ્ધિમાં પડેલા વિકૃત સંસ્કારોની સામે બુદ્ધિમાં યોગ્ય સમજ ઉત્પન્ન થતાં તે જામેલા સંસ્કારો નબળા પડે છે અને સમજના વારંવારના અભ્યાસ-આવર્તનથી તે નિઃશેષ થાય છે. સમજ ઉત્પન્ન કરવાની છે તે એ કે **આપણા, બીજાના કે બધાના જીવનમાં જે પણ પ્રસંગો ઘટે છે તે એકમાત્ર પરમાત્મા પરમેશ્વરની ઈચ્છાથી જ ઘટે છે અને તે પ્રસંગોને બુદ્ધિમાં ચાહે સુખ વિચારી, દુઃખ વિચારી કે તટસ્થ ભાવે પણ સ્વીકાર્યે જ છૂટકો છે.** ખરેખર તો જીવનમાં જે ઘટના-પ્રસંગો પ્રત્યક્ષ ઘટી રહ્યા હોય કે ઘટવાના હોય તેનો મનથી અસ્વીકાર એ જ દુઃખ છે. ઉપરાંત જીવનના જે પ્રસંગો ભગવાનની ઈચ્છાથી ઘટે છે તે ભગવાન એવા ક્રૂર નથી કે બીજાનું દુઃખ જોઈને રાજી થાય. તેમજ આપણે સહુ પ્રાણિમાત્ર જીવો ભગવાનના જ અંશ હોવાથી ભગવાન સાથે આપણો આત્મીય સંબંધ છે; તેથી આત્મીયજનો ક્યારેય પણ અહિત કરતા જ નથી પણ એ સર્વ પ્રકારે હિત જ કરે છે. તેથી ભગવાનની ઈચ્છાથી ઘટતા પ્રસંગો કોઈ પણ પ્રકારે આપણાં અકલ્યાણમાં હોઈ શકતા નથી.

આ ઉપરાંત જગતમાં નિયમથી - ક્રમથી ઘટનારી ઘટના સાથે આપણે આપણા મનની પ્રિય-અપ્રિય લાગણીને જોડીએ તે આપણી ભૂલ છે. જેમ ઠંડી-ગરમી, રાત-દિવસ, વસન્ત - પતઝડ, લાંબુ-ટૂંકુ, જાડું -પતલું, નાનું - મોટું, જન્મ-જીવન-મરણ, આમાંથી કોઈ એક પ્રિય અને કોઈ એક અપ્રિય હોય તો દુનિયામાં આ બધું સ્વાભાવિક છે તેમાં આપણે કંઈ કશું કરી શકતા નથી. આપણે રેલ્વેમાં ક્યાંક દૂરનો પ્રવાસ કરી રહ્યા હોઈએ ત્યારે સાથે બીજા સફર કરનારાઓ સાથે આપણા મનની ઓછી વધુ પ્રિયતા કેળવાય પણ તે

વખતે આપણી બુદ્ધિમાં એટલું જ્ઞાન હોય છે કે પોતપોતાનું સ્ટેશન આવતાં છુટ્ટા પડવાનું જ છે -આપણો સાથ આટલા પ્રવાસ પૂરતો જ છે, તેથી છુટ્ટા પડવાથી મન પર કોઈ આઘાત પ્રાપ્ત થતો નથી, પરન્તુ જો એટલું ભુલાઈ જાય અને બન્ને જાણે પોતપોતાના સ્ટેશને અલગ પડવાનું છે એ યાદ ન રાખીએ તો છુટ્ટા પડવાની વેળા વસમી બની શકે છે. અથવા તો કોઈ રૂપાળી સ્ત્રી કે રૂપાળું બાળક પોતાના પતિ કે પિતા સાથે સફરમાં સાથે થઈ જાય અને તેમાં આપણી વધુ પડતી આસક્તિ કેળવાઈ જાય પણ તે સ્ત્રી કે બાળક જેનાં આધીન છે તે જ્યાં ઉતરશે ત્યાં તેણે પણ ઉતરી જ જવું પડશે, તે વખતે કેળવાયેલી આસક્તિ મનને આઘાત પહોંચાડે પણ આ અનિવાર્ય છુટ્ટા પડવાનું હતું અને છુટ્ટા પડાયું છે, તેથી તેમાં કાયમી ધોરણે આસક્તિ કેળવવી તે જ ભૂલ છે. પરણતી વખતે સ્ત્રી-પુરુષ બંનેને એટલું તો જ્ઞાન હોય જ છે કે બેમાંથી કોઈક એકની જીવનલીલા પહેલાં સંકેલાશે, તેથી બેમાંથી કોઇ એક દુનિયાથી ચાલ્યા જાય તો તેમાં કંઈ નવું નથી - ઘટનાક્રમ જ છે. છતાં પણ બેના સાથથી કેળવાયેલી આસક્તિ સામેવાળો મારી જીવન સ્થિતિમાં દુનિયા ન છોડે તેવી ભાવના - ઈચ્છા જાગૃત કરે છે અને તેવી ઈચ્છા બંનેને થાય છે. ત્યારે બેમાંથી કોઈક દુનિયા છોડતાં રહી ગયેલો આઘાત-દુઃખને અનુભવે છે. તેથી બુદ્ધિમાં વાસ્તવિક પરિસ્થિતિની સમજ ઉત્પન્ન થવી આવશ્યક છે. તે સમજને જ શ્રીવલ્લભાચાર્યજી વિવેક શબ્દથી આલેખી જણાવે છે કે આ જગતમાં જે કંઈ પણ થઈ ગયું છે, થઈ રહ્યું છે, અને આગળ જે પણ થશે તે બધું જ એકમાત્ર ભગવાને પોતાની ઈચ્છાથી નિયત કરેલા નિયમ મુજબ જ છે અને તે નિયમો કંઈ માત્ર મારા માટે જ ઘડ્યા છે તેમ નથી, તે સર્વને માટે છે અને તે દરેકના જીવનમાં અનિવાર્ય પ્રાપ્ત છે. તે પ્રસંગોને મનના ઊંડાણમાં લઈ ગયા વિના જોઈ લેવા- અનુભવી લેવા એ જ યોગ્ય છે. કોઈ સામાજિક યા ઐતિહાસિક વાર્તા પર આધારિત સારી ફિલ્મ જોવા જાય ત્યારે સિનેમામાં જે ઉત્તમ યા પ્રેમવાળું પાત્ર હોય તેના તરફ તે સમય પૂરતી સિમ્પથી કેળવાઈ જાય અને મનમાં થાય કે આને કશું ન થાય દુઃખ ન પડે યા બચી જાય તો સારું અને તેવી ભાવના પણ બળપૂર્વક થવા માંડે પણ સિનેમાદર્શક તેમાં કંઈ સુધારો કે વધારો કરી શકતો નથી, વાર્તા લખનારે જે પણ જેવી પણ વાર્તા લખી હશે તે મુજબ જ સિનેમામાં દશ્યો સામે આવવાનાં

છે અને તે દર્શકે જોયે જ છૂટકો છે. કારણ કે આમ ન થાય એમ ભાવના કરનાર બીજો છે અને વાર્તા લખનાર બીજો છે અને તેમાં દશ્યો વાર્તા લખનારના આધીન છે, જોનારના આધીન નથી. તેથી સિનેમા જોઈને જે થોડું ઘણું સુખી-દુઃખી થવું હોય તે જોઈને સિનેમાની બહાર નીકળતાં તે દર્શક સુખ-દુઃખ બધું જ ખંખેરી પોતાની મૂળ અવસ્થામાં આવી જાય છે. તેમ જીવનના પ્રસંગો સામે આવતાં-ઘટતાં એકવાર મનમાં જે અનુભવાય છે તે સુખ-દુઃખના આઘાતથી મનને બચાવી લેવું. વારંવાર પ્રત્યેક સારા-નરસા પ્રસંગે આ મુજબની સમજ બુદ્ધિમાં વધારવાનો સતત અભ્યાસ કરવામાં આવે તો બહુ લાંબા કાળે નહીં પણ અલ્પ સમયમાં બુદ્ધિમાં સમજ સ્થિર થઈ બુદ્ધિમાં આલેખાયેલી નબળાઈઓ ભૂસી શકાય છે - દૂર થઈ શકે છે.

બુદ્ધિમાં આવી સમજ ઉત્પન્ન કરવામાં વધુ સરળતાને અર્થે જેની ઈચ્છાથી આ બધું ઘટે છે તે ભગવાન આપણાં આત્મીય છે તેવી સમજ પણ ઉત્પન્ન થવી જરૂરી છે. ખાસ કરીને ઘટતા પ્રસંગોમાં રહેલી મનની અપ્રિયતાઓને પોતાના હિતના વિચારે દૂર કરવાનો પ્રયત્ન કરવો. જેમ વૈદ્ય કડવી દવા આપે અથવા જેમ ડોક્ટર રોગ દૂર કરવા વાઢ કાપ કરે ત્યારે પણ યદ્યપિ કડવી દવા યા વાઢ કાપ એ મનને અપ્રિય જ છે છતાં પણ આ મારા હિતમાં છે અને વૈદ્ય યા ડોક્ટર મારા શત્રુ-દુઃખ આપનારા નહીં પણ મારા હિતેચ્છુ છે એ વિચારે અપ્રિય કાર્ય પણ ભવિષ્યના સુખે મન પ્રિયરૂપે સ્વીકારે છે. તેવી જ રીતે જે દુઃખદ પ્રસંગો બન્યા છે કે બને છે તે જે ભગવાનની ઈચ્છાથી બની રહ્યા છે તે પ્રસંગો ભલે દવા યા વાઢ-કાપની માફક મનને અપ્રિય હોય છતાં પણ આપણાં પરમ અને એકમાત્ર સાચા હિતૈષી આપણાં આત્મીય એવા ભગવાનની ઈચ્છાથી આ પ્રસંગો બન્યા છે અને તે ભવિષ્યમાં કોઈને કોઈ પ્રકારે આવનારાં મોટાં દુઃખોને દૂર કરનાર અને સુખકર જ હશે તેવા વિશ્વાસ સ્વરૂપની સમજ બુદ્ધિમાં ઉત્પન્ન થાય તો અભ્યાસકાળમાં અપ્રિય પ્રસંગોને ઝેલવામાં ખૂબ જ ઉપકારક બની જાય છે.

આ સ્થળે એક જ વાત વિશેષ રૂપે ધ્યાન રાખવાની છે કે કેવળ દુઃખદ પ્રસંગો પૂરતી જ સમજ એ અધૂરી કહેવાશે અને તેનાથી જે લાભ થવો જોઈએ

તે થશે નહીં. કારણ કે પ્રિયતા-અપ્રિયતા એમ બન્ને સંસ્કારરૂપમાં બુદ્ધિના એક જ સ્થળ પર રહેલા છે તેથી જેમ ઘડામાં અડધે સુધી ભરાયેલું અશુદ્ધ જળ ઉપરથી ભરવામાં આવેલા શુદ્ધ જળને પણ અશુદ્ધ બનાવી દે છે તેમ બુદ્ધિમાં રહેલા અશુદ્ધ સંસ્કારો શુદ્ધ સંસ્કારોને પણ અશુદ્ધ યા અકાર્યશીલ બનાવી શકે છે. તેથી જેવી સમજ દુઃખદ બાબતોમાં રાખવાની છે તેવી જ સમજ સુખદ પ્રસંગોમાં પણ રાખવી જરૂરી છે. અતઃ સુખદ બાબતોમાં પણ કોઇ પ્રસંગ, ભાગ્ય, ગ્રહ, વ્યક્તિ કે કોઈને પણ કારણ નહીં માની એકમાત્ર કૃષ્ણની જ ઈચ્છા અને કૃતિનો વિચાર વધારવો જોઇએ.

આ પ્રકારે જગતમાં સુખદ કે દુઃખદ નામે ઓળખાતા પ્રત્યેક પ્રસંગમાંથી પોતાના મનના પ્રિય-અપ્રિય ભાવો (૧) બધા જ પ્રસંગો ભગવાનની ઈચ્છાથી જ ઘટે છે અને તે આપણને દુઃખ આપવાના હેતુથી નથી પણ એ ભગવાનની ઈચ્છાથી નિયત નિયમથી જ છે અને (૨) ભગવાન આપણા સાચા હિતૈષી છે અને તે જે કરે છે તેમાં આપણું હિત જ છે. આ બે (પ્રિય-અપ્રિય ભાવો) નિવૃત્ત થતાં અને જીવનમાં ઘટતા દરેક પ્રસંગને પ્રિય-અપ્રિય ભાવ વિના જેમના તેમ તટસ્થ ભાવે સ્વીકારવાની મનને આદત પડતાં મનમાં ઈચ્છેલું પામવાની વૃત્તિ અને તેને પામવા માટેની પ્રયત્નવૃત્તિનો આપોઆપ નિગ્રહ થશે. આ પ્રમાણે આપણે બે વિવેકનો વિચાર કર્યો.

ત્રીજો વિવેક

પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્ સ્વામ્યભિપ્રાયસંશયાત્ ।
સર્વત્ર તસ્ય સર્વં હિ સર્વસામર્થ્યમેવ ચ ॥ ૨ ॥

(૩) પોતાનામાં અને વિશ્વના વ્યક્તિમાત્ર અને વસ્તુ માત્રમાં ભગવાનના સ્વામિપણાનો વિચાર રાખવો તથા ભગવાનના સર્વસમર્થપણામાં વિશ્વાસ રાખવો.

બીજાને 'મને આ આપો' એમ પ્રાર્થના કરી તેનાથી મેળવવાની-પ્રાર્થના કરવાની વૃત્તિ એ પણ મનુષ્યની બુદ્ધિમાં રહેલો એક વિકાર છે. ખાસ કરીને મનમાં અભિલાષા કરાયેલ પદાર્થ મેળવવા પ્રાર્થના કરવી તે. સહુથી પ્રથમ તો ઘણી બધી મનમાં અભિલાષાઓ જન્મવી અને એને પાળવી એ જ મનની મોટી નબળાઈ અને દુઃખોનું કારણ છે જે આપણે પહેલાં વિચારી ગયા છીએ. તેમાં પણ પ્રાર્થના કરીને મેળવવાની વૃત્તિ એ નબળાઈમાં પણ ઉતરતી કક્ષાની છે. આવા પ્રકારની પ્રાર્થના ત્રણ કારણોથી સંભવે છે. **(૧) એક તો પોતાના શક્તિ સામર્થ્યની બહારની વસ્તુની મન વડે અભિલાષા કરાયેલી હોય,** બીજું કારણ **(૨) આળસુવૃત્તિ એટલે કે પરિશ્રમ કર્યા વિના મેળવી લેવાની વૃત્તિ** અને ત્રીજું કારણ **(૩) મેળવવા માટે પોતાના વડે કરાઇ રહેલા પરિશ્રમ - ઉદ્યમ માં આત્મશ્રદ્ધા આત્મવિશ્વાસનો અભાવ.** આ ત્રણ પૈકી કોઇ પણ એક કારણ હોતાં મનુષ્યના મનમાં પ્રાર્થનાવૃત્તિ ઉદય પામે છે.

આ ત્રણ કારણો પૈકી પ્રથમ કારણને વિચારીએ તો **'પોતાના શક્તિ-સામર્થ્યની બહારની વસ્તુની મન વડે અભિલાષા કરાયેલી હોય.'** એટલે કે મન વડે કરાયેલી એવી અભિલાષા કે જેમાં અતિ પરિશ્રમ, અતિસાધનો અને અતિ સમયની અપેક્ષા હોય અને છતાં પણ ફલસિદ્ધિ થવામાં અનિશ્ચિતતા હોય. અથવા તો એવી અભિલાષા કે જેમાં અતિપરિશ્રમ, અતિસાધન અને અતિસમયના ભોગે પણ અતિ અલ્પફળ થતું હોય. અથવા તો એવી અભિલાષા જેમાં ફલસિદ્ધિમાં અતિશ્રમ વગેરે આવશ્યક ન હોય છતાં અભિલાષાવશ અતિશ્રમ વગેરે આવશ્યક બની ગયા હોય. **પ્રથમમાં** જેમ કે રાવણ વડે સીતાને મેળવવાની અભિલાષા. સીતાને પામવા ઘણો પરિશ્રમ કર્યો, ઘણાં સાધનો ઉપયોગમાં લીધાં, ઘણો સમય રાજ્યનાં કાર્યો છોડી બગાડ્યો, યુદ્ધને મોલ લીધું અને છતાં પણ પરિણામે વિનાશને વરવું પડ્યું. **બીજામાં** - જેમકે વેરની વસૂલાત. ઘણો પરિશ્રમ કરી, ઘણાં સાધનો અને મોટા દ્રવ્યનો કે પોતાની વસ્તુઓનો નાશ થવા દઈને અને જીવનનો અમૂલ્ય ઘણો સમય વાપરીને વેરની વસૂલાત તો થઈ જાય પણ તેમાં પોતાને અંગત કોઈ પ્રાપ્તિ નહીં. ફક્ત વેરની વસૂલાતથી મિથ્યા અને ક્ષુદ્ર અસ્થાયી આત્મસંતોષની જ પ્રાપ્તિ. **ત્રીજામાં** જેમ કે હું દરિયો તરીને અમેરીકા જાઉં. ત્યારે અમેરીકા જવા માટે સ્ટીમર-પ્લેન વગેરે સાધનો પણ છે અને તેની ટીકીટ ખરીદવા જેટલા વધારાના પૈસા પણ

છે છતાં પણ અમેરીકા પહોંચવાની ફલસિદ્ધિ માટે દરિયો તરીને જવાની અભિલાષા.

આ પ્રમાણે પોતાના શકિત-સામર્થ્ય બહારની વસ્તુ માટેની અભિલાષા એ મનુષ્યનાં મનમાં સમર્થો પાસે હાથ ફેલાવનારી પ્રાર્થનાવૃત્તિને ઉત્પન્ન કરે છે.

બીજા કારણને વિચારીએ તો **આળસુ વૃત્તિ. એટલે કે પરિશ્રમ કર્યા વિના મેળવી લેવાની વૃત્તિ.** આમાં બે વાત રહેલી છે. એક તો પરિશ્રમ નહીં કરવાની વૃત્તિ એટલે કે પરિશ્રમ કરવામાં મનની અપ્રિયતા અને બીજી લોભવૃત્તિ એટલે કે મેળવવાની વૃત્તિ. આ બે ભેગી મળીને મનુષ્યના મનમાં પ્રાર્થનાવૃત્તિને જન્મ આપે છે. આળસુ વૃત્તિ એ તમોગુણી છે અને લોભવૃત્તિ એ રજોગુણી છે. તેથી પ્રાર્થનાવૃત્તિ એ રજોગુણ-તમોગુણના મિશ્રણ થકી ઉત્પન્ન થયેલી મલિનવૃત્તિ જ છે. રજોગુણ - તમોગુણને આપણાં શાસ્ત્રોમાં મલ (મેલ-કચરો-કીચડ) નામે આલેખવામાં આવે છે. પ્રાર્થના એટલે સંસ્કૃત વ્યાકરણ અનુસાર **અર્થ્** શબ્દને **પ્ર** ઉપસર્ગ લાગીને **પ્ર** + **અર્થ્** ને **યુચ્ ટાપ્** થઇ પ્રાર્થના શબ્દ બને છે. તેમાં **પ્ર** એટલે પ્રકૃષ્ટતાથી **અર્થ્** એટલે માંગવું અથવા મનમાં જેની કામના કરાઇ હોય તે માંગવું - યાચના કરવી. તેથી **પ્રાર્થક** એટલે પ્રાર્થના કરનાર. એને બીજા શબ્દમાં કહેવું હોય ત્યારે તેને માટે **યાચક** શબ્દનો પ્રયોગ કરી શકાય છે. યાચક શબ્દ ઘણું કરીને વ્યવહારમાં ભીક્ષા (ભીખ) માંગનાર માટે વપરાય છે. અતઃ પ્રાર્થ્યભાવ એ એકપ્રકારે ભિક્ષાવૃત્તિ જ છે અને ભિક્ષાવૃત્તિને વધારે સ્પષ્ટ રીતે કહેવી હોય તો **'પરિશ્રમ કર્યા વિના મેળવી લેવાની રજોગુણ-તમોગુણના મિશ્રણવાળી મલીન વૃત્તિ'** કહી શકાય છે જે આપણી બુદ્ધિમાં રહેલો વિકાર છે.

પરાશ્રયી-પરાન્નભોજી-પરગૃહનિવાસી અને પરોપજીવી. (**પરાશ્રયી** - બીજાનો આશ્રય કરીને સુખ માણવું, **પરાન્નભોજી** - બીજાના ઘરનું જમીને સંતોષ માનવો, **પરગૃહનિવાસી** -બીજાના ઘરમાં રહીને સુખ-ચેન માણવું, **પરોપજીવી** - બીજાના આધાર પર જીવન ચલાવવું) આ ચાર દરિદ્ર પુરુષોનાં

લક્ષણ છે. તેથી આ ચાર વૃત્તિઓ બૌદ્ધિકી દરિદ્રતા છે. પ્રાર્થના વૃત્તિ એ ઉપર જણાવેલ ચારના અમલ માટે તે પ્રકારનું દરિદ્ર જીવન જીવવા માટે મનુષ્યની બુદ્ધિને સમ્મત કરે છે - તૈયાર કરે છે. આ ચાર વૃત્તિઓ અને એને ઉત્પન્ન કરનાર મૂળમાં રહેલી પ્રાર્થનાવૃત્તિએ પરિણામે મનુષ્યની બુદ્ધિમાં રહેલી વ્યવસાયાત્મિકા શક્તિ અથવા તો ક્રિયાશીલતા એનો નાશ કરી બુદ્ધિમાં મૂઢતા ઉત્પન્ન કરે છે. તેથી ભગવદ્ ગીતામાં કહ્યા મુજબ - **'માત્ર આરંભમાં જ અમૃત જેવું મધુર લાગી પરિણામે વિષ કરતાં પણ વધુ કટુ અન્ત પર્યન્ત લાગે.'** તેમ પ્રાર્થના કરી મેળવેલું અને પરાશ્રય - પરાન્ન ભોજન વગેરેથી જે સુખનો અનુભવ થાય છે તે માત્ર આરંભ પૂરતો જ હોય છે પણ પરિણામે લાંબાકાળ પર્યન્ત તો ઝેરનો જ અનુભવ થાય છે. આવાં અનેક કારણો સર આ વૃત્તિ એ બુદ્ધિનો વિકાર-દોષ છે.

આના ઇલાજ ઉપાયમાં શ્રીવલ્લભાચાર્યજી જણાવે છે કે બુદ્ધિમાં વિવેક ઉત્પન્ન કરી પ્રાર્થના વૃત્તિને મટાડવામાં આવે તો આવા બધા પ્રશ્નો જ જીવનમાં સામે આવે નહીં અને આવ્યા હોય તો તેનું નિરાકરણ આપોઆપ થઇ જાય. પ્રથમ તો બુદ્ધિમાં એક વાત સારી રીતે વિચારી લેવી જોઇએ કે - બુદ્ધિમાં સ્પષ્ટ થઇ જવું જોઇએ કે આપણામાં પ્રાર્થ્યભાવ છે તે સ્થિતિમાં પ્રાર્થના કરવી જ પડે ત્યારે પ્રાર્થના કોને કરવી કે કોને કરાય ? જે સામે મળે તેને તો પ્રાર્થના કરવાનો અર્થ જ નથી. કોઇક આપણો પરિચિત હોય, સગો હોય, મિત્ર હોય, શેઠ યા માલિક હોય, વડીલ હોય, દયાળુ હોય, ઉદાર હોય, સક્ષમ હોય, સશક્ત હોય વગેરે ગુણો જોઇને પ્રાર્થના કરવાનો વ્યવહાર જોવામાં આવે છે. વાઘ પાસે જીવનરક્ષાની પ્રાર્થના કરવામાં આવે તો શું પરિણામ આવે ? દરિદ્ર પાસે દસ લાખની પ્રાર્થના કરવામાં આવે તો શું મળે ? આંધળાને માર્ગ બતાવવાની અને ગૂંગાને સ્વાદ જણાવવાની પ્રાર્થના કરવામાં આવે તો શું જાણવા મળે ? તેથી પ્રાર્થના પણ યોગ્ય પાત્રને જ કરાય. ઉપરાંત પાત્રની યોગ્યતામાં અહીં પ્રાર્થ્યવસ્તુનો તે પોતે સ્વતંત્ર માલિક હોવો જોઇએ. કારણ કે તેવાને પ્રાર્થના કરવાથી જ અભિલષિત વસ્તુ કે જેની પ્રાર્થના કરાઇ છે તે પ્રાપ્ત થઇ શકે છે. જેની પાસે તે વસ્તુ જ નથી અથવા તો તે પોતે પણ તે વસ્તુ માટે બીજા પર

આધાર રાખતો હોય ત્યારે તે વ્યક્તિને ગમે તેટલી અને ગમે તેટલા ઉત્તમ શબ્દોમાં પ્રાર્થના કરવામાં આવે છતાં પણ તે આપવા માટે લાચાર હોય છે. જેનું પોતાનું કોઈ ઠેકાણું નથી જેના પોતાના સુરક્ષા અને સ્થાયિત્વ સંદેહવાળા છે તે વ્યક્તિ બીજાનો આધાર કે આશ્રય શું બની શકે ? અને તેવાને પ્રાર્થના કરવાનો પણ શો અર્થ ? ધારો કે કોઈની કોઈ વસ્તુ પર માલિકી છે પરન્તુ તે કોમન-સંયુકતપણાએ વહેંચાયેલી માલિકી હોય ત્યારે પણ તે વ્યક્તિ સ્વતંત્ર નહીં હોવાથી અને બીજાઓ સાથે બંધાયેલો હોવાથી પોતે આપવાની ઈચ્છા રાખીને પણ બીજાઓની ઈચ્છા ન હોય તો તે આપી શકતો નથી. તેથી આવાને પણ પ્રાર્થના કરતાં પ્રાર્થના ફળશે તેમાં સન્દેહ રહે છે.

ઉપરાન્ત મનુષ્યના મનમાં સો કામના હોય છે તેથી એવાને પ્રાર્થના કરવી જોઈએ કે જે દરેક કામનાને પૂર્ણ કરવા સ્વતંત્ર-સમર્થ હોય અને એ એવો જ વ્યક્તિ હોઈ શકે છે જે સર્વ વસ્તુ માત્રનો સ્વતંત્ર માલિક હોય. કારણ કે સો કામના માટે એકસો સ્થળે સો વ્યક્તિને પ્રાર્થના કરવી તેની અપેક્ષા એવો વ્યક્તિ જ પ્રાર્થ્ય હોવો જોઈએ જેનાંથી રાઈથી પહાડ સુધીનું બધું જ મળી શકે. ઉપરાન્ત આપણને ક્યારે ક્યાં કઈ વસ્તુની આવશ્યકતા યા અપેક્ષા ઉત્પન્ન થશે-ક્યારે, ક્યાં અને કેવી મુશ્કેલીમાં કઈ વસ્તુની જરૂરિયાત ઊભી થશે તે કંઈ નક્કી નહીં હોવાથી એવો વ્યક્તિ પ્રાર્થ્ય હોવો જોઈએ જે સર્વસ્થળે અને સર્વસમયે આપણી કોઈ પણ પ્રકારની સર્વ આવશ્યક્તાઓને પૂર્ણ કરવા સક્ષમ-સમર્થ હોય, અમુક દેશમાં અને અમુક કાળમાં જ સમર્થતા હોય તેવા વ્યક્તિ પર ભરોસો કરવામાં આવે તો ક્યારેક પ્રાર્થના કરીને પણ સામે વાળાની દેશ-કાળની લાચારી આપણને પરેશાન કરી શકે છે.

સહુથી છેલ્લે જેમ સહવાસથી એઈડ્ઝનો રોગ થવાની પૂર્ણ સંભાવના રહે છે તેમ પ્રાર્થનાથી પણ માનસિક-બૌધ્ધિક એઈડ્ઝની પૂર્ણ સંભાવના રહે છે. જેમ કોઈ રૂપવતી સ્ત્રી કે સુંદર સશક્ત પુરુષના સહવાસની કામના કરવામાં આવે અને એને પ્રાર્થના કરતાં સહવાસની કામના પૂર્ણ પણ થાય પરન્તુ જો તે એઈડ્ઝના રોગથી ગ્રસ્ત હોય અથવા તો એનામાં એઈડ્ઝના વિષાણુઓ પડેલા હોય તો ત્યારે કામના પૂર્ણ થઈને પણ એના સહવાસથી

પરિણામે પ્રાર્થના કરનાર અને જેની મનોકામના પૂર્ણ થઈ છે તે વ્યકિત મહારોગનો શિકાર થઈ નાશને પામી શકે છે, તેમ જેને પ્રાર્થના કરવામાં આવે તે પણ જો વિનાશી હોય, ભયગ્રસ્ત હોય, અને સ્વયં પોતે પોતાને બચાવવા સક્ષમ ન હોય તો તેવા પાસેથી અવિનાશી-અભયપૂર્ણ ફલની આશા રાખવી પણ વ્યર્થ જ છે, બલ્કે તેવાને પ્રાર્થના કરવાથી જે મળશે તે પણ તેવાજ એઈડ્ઝ રોગવાળું જ હશે. તેથી જે સ્વયં અવિનાશી હોય, સર્વભય રહિત હોય, સર્વતંત્ર સ્વતંત્ર હોય, સર્વ સમૃધ્ધિમાન હોય, ઉદાર - દયાળુ હોય, આપણા હિત-અહિતનો સારી રીતે જાણનાર હોય, અને પાછો તે આપણો આત્મીય હોય તેવો વ્યકિત જ પ્રાર્થના માટે યોગ્ય પાત્ર કહેવાય.

સમ્પૂર્ણ વિશ્વમાં નજર કરતાં એક વાત સ્પષ્ટ સમજમાં આવે છે કે સમ્પૂર્ણ વિશ્વમાં ઉપર્યુક્ત બધા જ ગુણો એક માત્ર પરમાત્મા પરમેશ્વરમાં જ છે, તે સિવાય અન્ય કોઈનામાં પણ નથી. જગતમાં કોઈ ગમે તેટલો શક્તિશાલી સમૃધ્ધ, સમ્પન્ન વ્યક્તિ હોય છતાં પણ તે અનેક પ્રકારે પરતંત્રતાઓથી જકડાયેલો હોય છે. કાયદાથી, સમાજથી, શાસ્ત્રથી, સમ્બન્ધથી, સ્વાર્થથી, કાળથી, શરીરથી, પ્રકૃતિથી, પ્રસંગોથી, દેવોથી, પ્રાણોથી, પંચમહાભૂતોથી, વગેરે અનેકથી અને છેલ્લે દરેક વ્યક્તિ પરમાત્માને આધીન હોવાથી તે પરમાત્માથી પણ પરતંત્ર છે. તેવી જ રીતે સ્વાવલમ્બી દેખાતો વ્યક્તિ પણ મૂલતઃ અનેકોના આશ્રયે-આધારે ટકી રહ્યો હોય છે અને જેના - જેના આશ્રયે તે ટકી રહ્યો છે તે - તે એના અધિકાર કે માલિકીપણામાં નથી. ઉપરાન્ત તેવી દેખાતી સમૃધ્ધિ-સમ્પન્નતા પણ અમુક પ્રકાર પૂરતી સીમિત હોય છે. જેમ કે કોઈની પાસે ધન છે તો સુસ્વાસ્થ્ય નથી, તે છે તો રૂપ નથી, રૂપ છે તો વિદ્યા નથી, વિદ્યા છે તો સત્તા નથી, સત્તા છે તો બળ નથી, બળ છે તો સાહસ નથી, સાહસ છે તો આયુષ્ય નથી. શ્રીભાગવતના આઠમા સ્કન્ધમાં સમુદ્રમન્થનની કથા આવે છે. તેમાં સમુદ્રમન્થન કરતાં જ્યારે સાક્ષાત્ લક્ષ્મીજી પ્રકટ્યા ત્યારે તેમના હાથમાં રહેલી વરમાળા પોતાના ગળે પહેરી લક્ષ્મીપતિ થવા દેવો -દાનવો -ઋષિઓ રાજા મહારાજાઓ-વિદ્વાનો-શક્તિશાલીઓ વગેરે બધા જ લક્ષ્મીજીને પામવા લાઈનમાં આવી ઊભા થઈ ગયા પણ જ્યારે લક્ષ્મીજીએ બધા તરફ દષ્ટિ ફેરવીને

જોયું તો તે બધામાંથી કોઈ પણ સર્વગુણસમ્પન્ન દેખાયો નહીં. લક્ષ્મીજી વિચારે છે કે જે સર્વગુણસમ્પન્ન હોય તેને ત્યાં જ મારી રક્ષા અને સ્થાયિપણું હોઈ શકે છે, એક પણ ગુણના અભાવમાં તે શકય નથી. જેમ કોઈ ઘરના દસ દરવાજા-બારી હોય અને ઘરમાં જોખમ પડ્યું હોય અને દસમાંથી નવ બંધ કરી એક પણ ઉઘાડું રહી જાય તો ચોરને ઘરમાં ઘૂસવા માટે દસની નહીં એકની જ જરૂર રહે છે. તેમ નવ ગુણ હોઈને પણ એક ગુણનો અભાવ જ્યાં હોય ત્યાં લક્ષ્મીની સુરક્ષા નથી હોતી. જેમ પાત્રમાં પાણી ભરેલું હોય પણ જો પાત્રમાં ફક્ત એક જ કાણું હોય તો તેમાંથી ધીમે-ધીમે કરીને પાણી વહી જાય છે અને પરિણામે પાત્ર ખાલી થઈ જાય છે. તેથી લક્ષ્મીજીએ વિચાર્યું જ્યાં મારો નાશ અવશ્યંભાવી છે તેને વરીને શું કરીશ ! ફક્ત એક જ લક્ષ્મીની લાઈનમાં નહીં રહેલા અને ઉપેક્ષાભાવે દૂર ઊભા રહેલા ભગવાન વિષ્ણુ પર એમની નજર પડી અને લક્ષ્મીએ વિચાર્યું કે એકમાત્ર ભગવાન વિષ્ણુ જ સર્વગુણ સમ્પન્ન છે અને એમને વરવાથી ક્યારેય ક્યાંય મારા માટે નાશની સંભાવના નથી અને તેમ વિચારી લક્ષ્મીજીએ વરમાળા ભગવાન વિષ્ણુના ગળામાં પહેરાવી દીધી.

ઉપર જણાવેલ લક્ષ્મીજીના દૃષ્ટાન્તથી એ પણ જાણી શકાય છે કે સમૃદ્ધિ અને સમ્પન્નતાથી જો કોઈ પોતાને નિર્ભય માનતો હોય અથવા જેમનામાં વધુ ઓછા અંશે દોષો છે તેવા સમૃદ્ધો-સમ્પન્નોના આશ્રયે કોઈ પોતાને નિર્ભય માનતો હોય તો તેની મોટી ભૂલ છે. જ્યાં દરેક સમૃદ્ધિના મૂલ એવા લક્ષ્મીજી પોતે પણ જ્યારે આવા લોકોના પનારે પોતાના વિનાશની સંભાવના વિચારતાં હોય ત્યાં તે સમૃદ્ધિથી પોતાને નિર્ભય માની લેવું એ ભૂલ નહીં તો બીજું શું કહી શકાય છે. અતઃ ભગવાન નારાયણ-વિષ્ણુ-શ્રીકૃષ્ણના આશ્રયથી સર્વ પ્રકારની સમૃદ્ધિ પણ સહજ છે અને તેમના આશ્રયે મનુષ્ય સર્વ પ્રકારે નિર્ભય પણ થાય છે. બલ્કે ભગવાન જ્યારે વિશેષ પ્રકારે કૃપા કરીને ભગવાનના ભજનમાં જ ચિત્ત પરોવેલાને સમૃદ્ધિ આપે છે ત્યારે તેવી સમૃદ્ધિ થકી પણ મનુષ્યને કોઈ ભય થતો નથી. વર્ના દુનિયામાં તો સમૃદ્ધિ પણ લડાઈ -ઝઘડો -કલેશ-મનમુટાવ-ખૂનામરકી વગેરેના ભયવાળી હોય છે તેમ દુનિયામાં જોવા સાંભળવા મળે છે.

આ પ્રમાણે વિચાર કરતાં બ્રહ્માથી લઈને પરમાણુ જન્તુઓ પર્યન્તમાં દેવ-દાનવ-મનુષ્ય-પશુ-પક્ષી-જન્તુ વગેરે કોઈ પણ હોય તે બધાં કરતાં એક માત્ર ભગવાન જ પ્રાર્થના કરવા માટે સર્વ પ્રકારે યોગ્ય છે. ભગવાનને પ્રાર્થના કર્યા પછીથી આ બધાને પ્રાર્થના કરવાની કોઈ જરૂર પણ નથી રહેતી અને આ બધામાંથી કોઈને પણ પ્રાર્થના કરીને પણ જો ભગવાનને ન કરી હોય તો તેવી પ્રાર્થનાનો કોઈ અર્થ પણ નથી. તેથી આપણામાં જો પ્રાર્થ્યભાવ છે તો તેનો ઉપયોગ એકમાત્ર ભગવાનમાં જ કરવો જોઈએ તેમ બુદ્ધિમાં નિશ્ચય થાય છે.

આ પ્રકારે નિશ્ચય થતાં શ્રીવલ્લભાચાર્યજી આપણી બુદ્ધિમાં એક વિવેક આપવા માંગે છે. પ્રથમ એ વિચારણીય છે કે ભગવાનને પ્રાર્થના કરવી જોઈએ? કે ન કરવી જોઈએ ? જો કરવી જોઈએ તો ક્યારે અને કેવા પ્રકારે કરવી જોઈએ અને જો ન કરવી જોઈએ તો શા માટે અથવા ક્યારે ન કરવી જોઈએ ?

આ બાબતમાં શ્રીવલ્લભાચાર્યજી જણાવેછે કે ભગવાનને અથવા તો કોઈને પણ પ્રાર્થના કરતાં પહેલાં ત્રણ વાતો વિચારણીય છે. એક તો પ્રાર્થના એવા વ્યક્તિને કરવી જરૂરી બને છે જે સમ્પન્ન હોય છતાં પણ તેને સામેવાળાની ઈચ્છા યા આવશ્યકતાનું જ્ઞાન ન હોય. બીજી વાત એ વિચારણીય છે કે સામેવાળો જેને પ્રાર્થના કરવાની છે તે આપણી આવશ્યકતા જાણતો હોય કે ન જાણતો હોય પણ આપણે પ્રાર્થના કરીએ તો તે અનુસાર પ્રાર્થેલું જ તે આપશે કે પોતાની ઈચ્છા મુજબનું જ આપશે તે વિચારણીય છે અને ત્રીજી વાત એ વિચારણીય છે કે શું તે માંગશું -પ્રાર્થના કરશું તો જ આપશે ? પ્રાર્થના નહીં કરીશું તો તે ઈચ્છા કરીને પણ નહીં આપશે ? આમ ત્રણ વાતો પ્રાર્થના કરતાં પહેલાં વિચારી લેવી જોઈએ.

વિચારણીય ઉપર્યુક્ત ત્રણ વાતો પૈકી પ્રથમ બાબતને વિચારીએ **‘તેને આપણી આવશ્યકતા, ઈચ્છાનું જ્ઞાન ન હોય’** તો આ વિષયમાં જેને પ્રાર્થના કરવાની છે તે કોઈ લૌકિક સાધારણ મનુષ્ય હોય તો તેને આપણી આવશ્યકતા -ઈચ્છાનું જ્ઞાન ન હોય તે શકય છે. કારણ કે મનુષ્ય સર્વજ્ઞ નથી હોતો. તેવી સ્થિતિમાં પ્રાર્થનાના રૂપમાં તેને આપણી આવશ્યકતા - ઈચ્છાનું જ્ઞાન કરાવવું

જરૂરી છે, તે વિના તે આપવા પ્રેરાશે નહીં, તેથી તેવાને પ્રાર્થના કરવી જરૂરી છે. ત્યારે જ આપણું ઈચ્છેલું તેનાથી મેળવી શકાય છે. પરંતુ આ બાબત ભગવાનને લાગુ પડતી નથી. કેમ કે ભગવાન સર્વજ્ઞ છે. તેને ભૂત, ભવિષ્ય વર્તમાન, અંદર, બહાર બધાનું જ જ્ઞાન છે. તે બધું જ જાણે છે તેથી આપણી શું આવશ્યકતા છે અને આપણા મનમાં કેવી ઈચ્છા છે તે બધું જ જાણે છે. બલકે કેટલીક વાર તો મનુષ્યનું મન ખૂબ જ ઊંડાણવાળું હોવાથી તેને પોતાને પણ પૂરેપૂરી ખબર નથી હોતી કે તેના મનમાં શું છે અને કેવી ઈચ્છા છે, તેવી અજ્ઞાત મનમાં રહેલી ઈચ્છાઓને પણ ભગવાન જાણે છે. તેથી ભગવાનને પોતાની ઈચ્છાનું જ્ઞાન કરાવવાની કોઈ જરૂર જ નથી. અતઃ ભગવાન આપણા મનનું બધું જ જાણે છે તેથી તે કારણે ભગવાનને પ્રાર્થના ન કરવી.

બીજી વિચારણીય વાત છે **'જેને પ્રાર્થના કરવાની છે તેને પ્રાર્થના કરતાં તે આપણી ઈચ્છા અનુસાર આપશે ? કે પછી પોતાનું વિચારેલું કરશે ?'** તો આ બાબતમાં લૌકિક દુનિયાદારીવાળાઓને લઈ વિચારીએ તો પ્રાર્થના કરનાર અને જેને પ્રાર્થના કરવાની છે તે બન્ને જીવકોટીના છે અને તેથી પ્રકૃતિના નિયમોને વશ થયેલા અથવા અવિદ્યાગ્રસ્ત છે. તેથી બન્નેમાં વધુ-કમ અંશે સ્વાર્થ-બુદ્ધિ છે અને સ્વાર્થી બુદ્ધિવાળામાં ટૂંકું જોવાની જ પદ્ધતિ હોય છે, તેઓ લાંબુ-લાંબાગાળાનું જોઈ -વિચારી નથી શકતા. તેથી કરીને માંગનાર અલ્પબુદ્ધિ હોવાથી - લાંબાગાળાનું હિત-અહિત નહીં વિચારી શકતો હોવાથી તે ટૂંકા ગાળાનું વિચારી નાનું સુખ માંગી બેસે પણ લાંબાગાળે તેમાં તેનું મોટું અહિત સમાયેલું હોઈ શકે છે. તેમજ આપનાર સ્વાર્થી બુદ્ધિનો હોવાથી તે પણ ટૂંકી બુદ્ધિનો જ છે અને તેમાં વળી જ્યારે તે લાગણીવશ થાય છે ત્યારે લાગણીવશ થયેલી બુદ્ધિ ઓર વધુ ટૂંકી બની જાય છે તેથી તે લાગણીવશ આપે છે ત્યારે તે જેને આપવાનું છે તે તેને આપવાથી તેનું લાંબા ગાળે હિત થશે કે અહિત તેને સર્વ પ્રકારે વિચારી શકતો નથી અને તેથી તેવા લોકો માંગેલું આપી દે છે. ઘણું કરીને ભીખ માંગતા ભીખારીને આપણે આપીએ છીએ તેમાં પણ આપણી આજ (સ્વાર્થીબુદ્ધિ અને લાગણી પરવશતાની) સ્થિતિ રહેલી હોય છે. તેથી લૌકિકમાં મનુષ્યકોટીમાં માંગનાર-લેનાર એ પ્રજા-રાજા સમકક્ષ છે.

આ બાબતમાં આપનારની બાબતમાં મનુષ્યકોટીથી ઉપરના દેવકોટીને લઈ વિચારવામાં આવે ત્યારે આપનાર એ ન્યાયાધીશ અથવા તો કોઈ સરકારી અધિકારી સમકક્ષ છે. એટલે કે તે લોકો આપવાની બાબતમાં નિયમથી બંધાયેલા છે. એટલે કે માંગનારે વિધિપૂર્વક માંગેલું હોય અને જે માંગેલું છે તે આપનારના અધિકારક્ષેત્રમાં આવતું હોય ત્યારે તેઓ આપવા માટે નિયમથી બંધાયેલા છે. માંગનારના હિત-અહિતનો વિચાર કરી તેને આપવું યા ન આપવું તેવા સ્વૈચ્છિક આચરણ કરવાનો તેમને અધિકાર નથી. જેમ બેન્કનો કેશિયર એને એ વિચારવાનો અધિકાર નથી કે ચેક લખનાર પૈસા ઉપાડી સાચા માર્ગે વાપરશે કે ખોટા માર્ગે વાપરશે, આ સમયે આટલા પૈસા ઉપાડવાથી તેનું હિત થશે કે અહિત થશે. એ તો બેન્કના નિયમમાં બંધાયેલો છે કે ખાતામાં ચેકમાં લખ્યા જેટલી બેલેન્સ હોય અને ચેક ઉપર અધિકૃત ખાતેદારના હસ્તાક્ષર છે તો એને ચેકમાં લખેલી રકમ આપી દેવી. તેવી જ રીતે દેવતાઓ પણ ઈશ્વરીય શાસનના નિયમમાં બંધાયેલા છે કે શાસ્ત્રમાં જણાવ્યા અનુસાર વિધિપૂર્વક દેવની પ્રસન્નતા યા દેવને વશ કરવા માટે અનુષ્ઠાન-જપ વગેરે કર્યા હોય તો નિયમને વશ થઈ તે જપ વગેરે કરનાર પર પ્રસન્ન થવા પણ તેઓ બંધાયેલા છે અને પ્રસન્ન થઈ તેનું ઈચ્છિત ફળ આપવા પણ બંધાયેલા છે. પછી તેનાં પ્રાર્થના કરનારના ઈચ્છિત ફળનું દાન કરવાથી પ્રાર્થના કરનારનું હિત સધાય ચાહે અહિત સધાય. તેથી જ તો પુરાણો-મહાભારત વગેરેમાંથી એવા સેંકડો પ્રસંગો જાણવા મળે છે કે કોઈએ બ્રહ્મા, શિવ, દુર્ગા-દેવી, ગણપતિ, ઈન્દ્ર, ચન્દ્ર, સૂર્ય, યમ, વરુણ વગેરે દેવોથી હું રાત્રી-દિવસ વગેરેમાં ન મરું, હું જેના માથા ઉપર હાથ મૂકું તે બળીને ભસ્મ થઈ જાય, મારા હજાર હાથ થઈ જાય, મારા દશ માથા વીસ હાથ થાય વગેરે વરદાન મેળવી પરિણામે દરેકનો કરુણ રીતે વિનાશ થયેલો છે.

આ બાબતને ભગવાનના વિષયમાં વિચારીએ તો વિશ્વમાં જે કોઈ પણ નિયમો ચાહે તે શાસ્ત્રીય-વૈદિક હોય, વૈજ્ઞાનિક હોય, પ્રાકૃતિક હોય, સામાજિક હોય, જાતીય હોય, શારીરિક હોય, માનસિક હોય કે રાષ્ટ્રીય હોય તમામ નિયમો ભગવાનના અનુશાસનમાં રહીને જ ઘડાયેલા છે અને ભગવાનના અનુશાસનમાં રહીને ઘડાયેલા નિયમો જ નિયમ (નિયંત્રણ કરનાર)

બની શકે છે. સર્વ નિયમોના ઘડવૈયા ભગવાન હોવાથી ઉપર જણાવેલ કોઈ પ્રકારનો નિયમ ભગવાનને માનવા બાધ્ય કરી શકતો નથી. તેથી કોઈ પ્રાર્થના કરે કે જપ-અનુષ્ઠાન વગેરે કરે તો પણ તેને આપવું જ પડે તેવો નિયમ દેવતાઓની માફક ભગવાનને લાગુ પડી શકતો નથી. તેમજ ભગવાન સર્વદૃષ્ટા-સર્વ જાણનાર અને જોનાર હોવાથી મનુષ્યની માફક ટૂંકી બુદ્ધિની પણ કલ્પના ભગવાન માટે થઈ શકે તેમ નથી. તેમજ લાગણીના આવેગમાં બુદ્ધિનું મન્દપણું એ મનુષ્ય માટેની સ્થિતિ છે, એવી સ્થિતિ ભગવાનમાં બનતી નથી. ભગવાન ભકતો માટે લાગણી રાખીને પણ તેમના સર્વજ્ઞતા-સર્વદૃષ્ટા વગેરે ગુણોને હાનિ પહોંચતી નથી. બલકે પ્રાણીમાત્રનું હિત કરવું એ ભગવાનનો સ્વભાવ જ હોવાથી ભગવાનથી ક્યારેય અને ક્યાંય કોઈનુંય અહિત થવું સંભવ જ નથી. તેથી કોઈ ભગવાનને કોઈક બાબતે પ્રાર્થના કરે તો પણ જો તે બાબત તેનાં હિતમાં ન હોય અથવા તો ભગવાને કંઈ બીજું જ એને માટે વિચારી રાખેલું હોય ત્યારે પણ જે ભગવાને વિચારી રાખેલું છે તે જ તેને આપશે. સ્વયંવરમાં રાજકુમારીને પામવા નારદજીએ ભગવાનનું રૂપ મેળવવા ભગવાનને પ્રાર્થના કરી, તો પણ ભગવાને નારદજીને વાંદરાનું રૂપ આપ્યું એ વાત વ્યવહારમાં પ્રસિદ્ધ છે. શૂર્પણખાએ પતિ તરીકે પામવા રામને પ્રાર્થના કરી અને ફળમાં રામે તેનાં નાક-કાન કપાવ્યાં. અતઃ જો પ્રાર્થના કરવા છતાં પણ આપણું ઈચ્છેલું ભગવાન આપશે જ તેમ નક્કી નથી અને જે ભગવાને વિચારેલું છે તે જ થવાનું હોય તો પછી માંગીને શા માટે મોં ગંધાવવું ? આ મુજબનો વિવેક બુદ્ધિમાં વિચારી ભગવાનને પ્રાર્થના ન કરવી. જ્યારે જ્યારે પણ મનમાં કંઈક મેળવવા પ્રાર્થના કરવાની વૃત્તિ ઉભરે ત્યારે ત્યારે ઉપર મુજબનો વિવેક બુદ્ધિમાં વિચારી પ્રાર્થના કરવાથી દૂર રહેવું.

હવે આ બાબતમાં ત્રીજી વિચારણીય વાત - **‘જો પ્રાર્થના કરીશું તો જ તે આપશે ? પ્રાર્થના નહીં કરીશું તો તે ઈચ્છા કરીને પણ નહીં આપશે ?’** આ બાબતમાં વિચારીએ તો લોકવ્યવહારમાં એમ બોલાય છે કે **‘માંગ્યા વિના તો મા એ ન પીરસે’** તો હિન્દીભાષી જગતમાં એમ પણ બોલાય છે કે **‘त्यागे सो आगे और मांगे सो भागे’** આમ બન્ને પ્રકારની ઉક્તિ સાંભળવા મળે છે તેમ લોકવ્યવહાર પણ બે પ્રકારે ચાલતો જોવા મળે છે. તેમાં જ્યાં વિશેષરૂપે સ્નેહના સમ્બન્ધો છે ત્યાં માંગવાથી પરસ્પરમાં સ્નેહની વૃદ્ધિ થતી જોવા મળે છે અને જ્યાં સ્નેહનો અભાવ છે અથવા સ્નેહવિપરીત પારકો ભાવ છે ત્યાં માંગવાથી આદરનું અવમૂલ્યન થતું જોવા મળે છે. તેથી લૌકિકમાં જ્યાં સ્નેહ છે ત્યાં પ્રાર્થના કરવી અને જ્યાં નથી ત્યાં ન કરવી એમ ફલિત થાયછે. તેમ છતાં પણ સ્વ-ઈચ્છિત વસ્તુ સ્વ-અપેક્ષિત સમયમાં પ્રાપ્ત કરવા માટે તો સ્નેહસમ્બન્ધ હોય યા ન હોય પ્રાર્થના કરવી જરૂરી રહે છે. નહીંતર સામેવાળાને આપવાની ઈચ્છા હોવા છતાં પણ તમને તે વસ્તુ ક્યારે અપેક્ષિત છે તેનાથી તે અજાણ હોવાથી તે પોતાના વિચારિત સમયમાં જ આપવાની ક્રિયા કરશે. જેમ કોઈ મિત્ર હોય. બન્ને સાથે ઘડિયાળીની દુકાને ગયા. ત્યાં એક મિત્રને એક કાંડા ઘડિયાળ ખૂબ ગમી ગયું. એ બોલ્યો આ ઘડિયાળ ખરેખર બેનમૂન છે. થોડા દિવસ પછી જેને ગમ્યું છે તેનાં લગ્ન થવાનાં છે. બીજા મિત્રે પૂછ્યું શું તને આ બહુ ગમી ગયું છે ? જો હા તો પેલાએ એ ઘડિયાળ ખરીદી લીધું અને એણે કહ્યું આ ઘડિયાળ હું તને લગ્નમાં મારા તરફથી આપીશ. જેનાં લગ્ન થવાનાં છે તેની ઈચ્છા આ ઘડિયાળ વરરાજાનો વેશ પહેરેલો હોય ત્યારે પરણવા જતાં પહેરવાની છે તેથી જો પોતાની તે સમયની ઈચ્છા જાહેર નહીં કરશે તો સામેવાળાની ઈચ્છા હોવા છતાં પણ તે સ્વ-વિચારિત સમયમાં જ આપશે, પેલા મિત્રના અપેક્ષિત સમયમાં એને નહીં મળે તેથી લૌકિકમાં સ્નેહ હોય ત્યાં પણ માંગવાની આવશ્યકતા રહે છે.

ઉપરાંત લૌકિકમાં જેમ માંગનારના મનમાં સન્દેહ રહે છે કે માંગવાથી એને ગમશે કે નહીં ગમશે, એ આપશે કે નહીં આપશે, અથવા માંગીશ તો એ ચોક્કસ આપશે પણ આપવાથી એને કોઈ તકલીફ તો નહીં થાય, વગેરે વગેરે તેમ આપનારને પણ મનમાં સન્દેહ રહે છે કે હું એને આપીશ તો એને આ વસ્તુ ગમશે કે નહીં ગમશે, મારા વડે અપાવું એને ગમશે કે નહીં ગમશે, મારા આપવાથી એને કોઈ તકલીફ તો નહીં થાયને, વગેરે વગેરે. તેથી આપવાની ઈચ્છા હોવા છતાં પણ સન્દેહવાળું મન હોવાથી તે માંગવાની અપેક્ષા રાખે છે. સન્દેહવાળું મન હોય કે ન હોય, છતાં પણ સાધારણ રીતે લોકમાનસ માંગવાની અપેક્ષા

રાખે જ છે. રસ્તામાં ફુટપાથ પર જૂનાં-પુરાણાં કપડાં પહેરેલો કોઈ ભીખારી મુખથી બોલીને યા સામે ભીખ લેવાનું ડબલું મૂકી સંજ્ઞાથી માંગશે નહીં તો રસ્તે ચાલતા લોકો સામે ચાલીને તેને આપવા જશે નહીં. તેવી જ રીતે ઉદાર - પ્રેમાળ સાસુએ વહુ માટે કેટલાક કીમતી દાગીનાઓ કરાવ્યા તેમાં એક કીમતી હાર પણ કરાવ્યો પણ દાગીના બધા રહે સાસુજીના કબજામાં ત્યારે વહુ માટે જ કરાવ્યા હોવાથી વહુને પહેરવા આપવાની સાસુજીની ઈચ્છામાં કોઈ શંકા નથી, છતાં પણ વહુને જ્યારે હાર પહેરવાની ઈચ્છા થાય ત્યારે સાસુજી પાસે માંગવું તો પડશે જ. ત્યારે જ સાસુજી હાર પહેરવા આપશે. આ પ્રકારે લૌકિકમાં માંગવાની અપેક્ષા રહે છે.

વૈદિક દેવ-દેવીઓની તો સ્થિતિ પહેલાં જોઈ ગયા તેમ બેન્કના કેશિયર જેવી છે. કેશિયરની ઈચ્છા હોય યા નહોય પણ ખાતેદાર જ્યાં સુધી ચેક લખી બેન્કમાં પ્રસ્તુત ન કરે ત્યાં સુધી તે બેન્કમાંથી પાંચ રૂપિયાએ આપી શકે નહીં. તેમ જો લગ્નમાં કોઈ ગણેશસ્થાપન ન કરી ગણેશજીનું આવાહન ન કરે તો ભલું કરવાની ઈચ્છા કરીને પણ ગણેશજી તેનું ભલું કેવી રીતે કરી શકે ? અને જો ગણેશજીનું સ્થાપન-પૂજન કર્યું તો તેથી વિપરીત કરવાની ઈચ્છા હોય તો એ તેમણે સ્થાપકનું ભલું કર્યે જ છૂટકો છે. તેથી વૈદિકમાં દેવ-દેવીઓને પ્રાર્થનાની અપેક્ષા છે.

લોક અને વેદ બંનેથી અલગ જ રીતિ ભગવાનના વિષયમાં છે. સમ્પૂર્ણ વિશ્વને ભગવાનની અનિવાર્ય અપેક્ષા છે. અને ભગવાનને સમગ્ર ચરાચર વિશ્વમાં અણુમાત્રની પણ અપેક્ષા નથી. જ્યાં ભગવાનને કોઈ પણ વસ્તુમાત્રની અપેક્ષા નથી ત્યાં ભગવાનને પ્રાર્થનાની અપેક્ષા તો સંભવ જ નથી. અપેક્ષા એ અભાવમાંથી (ન હોવાની સ્થિતિમાં) ઉત્પન્ન થાય છે મનુષ્યથી લઈને ઉપર-નીચેના સર્વનેમાટે ઘણા બધા પ્રકારનો અભાવ હોય છે અને તેથી જ વિશ્વમાત્રને અપેક્ષા રહે છે. જ્યારે ભગવાનને માટે કોઈ વસ્તુનો અભાવ જ નથી કે જેથી અભાવથી ઉત્પન્ન થનારી અપેક્ષા તેમને હોય. ક્યારેક ક્યાંક ભગવાનને પણ અપેક્ષા છે તેમ જોવા-જાણવા મળે, ત્યારે પણ તે અપેક્ષા પણ અભાવમાંથી ઉત્પન્ન થયેલી નહીં પણ તેની પૂર્ણતામાંથી જ પ્રગટેલી હોય છે. જેમ રીસાઈ

જવું એ જગતમાં ક્લેશજન્ય છે પણ પ્રેમમાં રીસાવું એ ક્લેશ નહીં પણ પ્રેમજન્ય યા આનન્દજન્ય જ હોય છે. તેથી જ તો પ્રેમી હૃદયોમાં પ્રેમીનો રીસાયેલો ચહેરો ચિત્તને માટે વધુ આકર્ષક હોય છે. એક ઉર્દુ શાયરે લખ્યું છે - **‘आँख वीराँ, दिल परेशाँ, जुल्फें बरहम, लब खमोश, यूँ तो वह कुछ और भी प्यारे नजर आने लगे’** તેમજ બીજા સ્થળે **‘तुम रूठी रहो, मैं मनाता रहुं, कि मजा जीनेका और भी आता है, थोडे शिकवे भी हो, कुछ शिकायत भी हो, तो मजा जीनेका और भी आता है’** સંસ્કૃત-ગુજરાતી સાહિત્યમાં પણ આવી અનેક રસપૂર્ણ ઉક્તિઓ સાંભળવા મળે છે, તેથી ભગવાનને લોકની માફક કે દેવતાઓની માફક પ્રાર્થનાની અપેક્ષા નથી. તેથી ભગવાને જે વિચારેલું - નક્કી કરેલું હશે તે જ તે કરવાના છે. ભગવાને જે નક્કી કર્યું હશે તે મુજબની તમારી પ્રાર્થના હશે તો પ્રાર્થના મુજબ કરશે અને તેથી વિપરીતની પ્રાર્થના હશે તો પ્રાર્થના મુજબ નહીં કરશે. અતઃ પ્રાર્થના કરવાથી જ ભગવાન આપશે તેમ પણ નથી, તે વગર પ્રાર્થનાએ પણ આપી શકે છે અને આપે છે તેથી આપશે જ. આપણે કોઈએ પણ ભગવાનને પ્રાર્થના કરી ન હતી કે અમને મનુષ્યનો જન્મારો આપો અને છતાં પણ વગર માગ્યે ભગવાને આપણને મનુષ્ય દેહ આપ્યો છે. આપણે કોઈએ પણ ભગવાનને અરજી કરી નથી કે મને જેમાં સારા-નરસાનો વિવેક કરી શકાય તેવી બુદ્ધિ આપો અને છતાં પણ ભગવાને આપણને વગર માગ્યે વિવેક પેદા કરવા માંગીએ કરી શકાય તેની શક્યતાવાળી બુદ્ધિ આપી છે. સરવાળે આજે આપણી પાસે જે કંઈ પણ છે તે માંગ્યા વગર જ ભગવાને આપણને આપ્યું છે અને જે નથી આપ્યું તે માટે આપણી લાખ ઈચ્છા હોઈને પણ નથી આપ્યું. તેથી ભગવાને જે આપવા વિચારેલું છે તે આપવા માટે તેમને પ્રાર્થનાની અપેક્ષા પણ નથી, તે વગર માંગ્યે જ આપશે અને જે આપવા નથી વિચારેલું - નથી આપવા માંગતા તે પ્રાર્થના કરવા છતાં પણ નથી આપવાના, તો પછી શા માટે માંગવાનો હીનભાવ મનમાં રાખવો કે પછી જેનાથી મન-બુદ્ધિ નબળા પડે છે તેવી માંગવાની પ્રવૃત્તિ સેવવી ?

ખરેખર માંગવું એ બુદ્ધિમાં રહેલી નિર્બળતાનું બહાર દેખાતું લક્ષણ છે અને માંગવાની ક્રિયાથી બુદ્ધિમાં રહેલી નિર્બળતા રૂપ દોષ વધુ ગાઢો-દૃઢ

થાય છે. કોઈ પણ મનુષ્ય ક્યારેય, ક્યાંય અને કોનાથી પણ ત્યારે જ માંગવા પ્રેરાય છે કે જ્યારે તેની બુદ્ધિમાં સંસ્કારરૂપ બેમાંથી કોઈ એક યા બન્ને કારણ પડેલાં હોય. એક કારણ છે **'મારા જીવનમાં આમ ન બનો'** તેવી ભયની લાગણીથી ઉત્પન્ન થયેલી ઈચ્છા અને બીજું કારણ છે **'આ મળે તો જ મને સુખ થાય'** તેવી લોભ સ્વરૂપની લાગણીથી જન્મેલી ઈચ્છા. આ ભય અને લોભના સ્વરૂપની લાગણીને જ આધુનિક મનોવિજ્ઞાનમાં **પૂર્વગ્રહ** નામે જાણવામાં આવે છે. કોઈ પણ પ્રકારનો પૂર્વગ્રહ બુદ્ધિમાં હોવો એ બુદ્ધિનો વિકાર યા બૌદ્ધિક નબળાઈ જ છે. સંસારપ્રવાહમાં રોજબરોજ યા પ્રતિક્ષણ ઘટતી અનન્ત ઘટનાઓ પૈકી અમુક ઘટનાઓનો અનાકારણ અપ્રિયભાવે બુદ્ધિ વડે સ્વીકાર થવો અને તેની સાથે સંસારપ્રવાહમાં ઘટનાચક્રમાં તે અપ્રિયઘટના પણ ઘટી શકે છે અને ઘટે જ છે તેમ બુદ્ધિમાં જ્ઞાન હોવાથી બુદ્ધિમાં ભયની લાગણી જન્મે છે. તેવી જ રીતે સંસારપ્રવાહમાં ઘટતી અનન્ત ઘટનાઓ પૈકી અમુક ઘટનાઓને બુદ્ધિ વડે પ્રિયભાવે સ્વીકારી લેવાની સાથે તે પ્રિયપદાર્થ મને નહીં મળે, બીજાને પણ મળી શકે છે તેવા જ્ઞાનથી લોભની (હું જ મેળવી લઉં) લાગણી ઉત્પન્ન થાય છે. આ બે વિકૃત લાગણીઓ બુદ્ધિમાં જન્મીને મનુષ્યની બુદ્ધિમાં બે લાગણીનું સંતાન પ્રાર્થનાવૃત્તિને જન્મ આપે છે. લાગણી સહિતની પ્રાર્થનાવૃત્તિ ધીમે-ધીમે અન્તઃકરણમાં વ્યાપીને પરિણામે અન્તઃકરણમાં પ્રકૃતિએ બક્ષેલા સાહસ, શૌર્ય, ધૈર્ય, સહનશક્તિ, ક્ષમા વગેરે ઉત્તમ ગુણોનો નાશ કરી નાની-મોટી દરેક પરિસ્થિતિમાં ઘટનાઓ કે પ્રસંગો આગળ નિર્બળ બની ઘૂંટણો ટેકવી દેવા ફરજ પાડે છે.

ઉપનિષદ્‌માં કહ્યું છે કે **'नायमात्मा बलहीनेन लभ्यः'** મલીન, વિકારોથી ભરપૂર નિર્બળ અન્તઃકરણ સત્ય અને ઈશ્વરને ધારણ કરવા માટે સક્ષમ હોતું નથી. સત્ય એ ઈશ્વરનું જ એક રૂપ છે અને મનુષ્યના જીવનમાં સત્ય એ આનન્દ-પ્રસન્નતા - પ્રમોદનો આધાર છે. આધારરૂપ સત્યની ભૂમિ ઉપર જ આનન્દ-પ્રસન્નતા ટકી શકે છે. સત્ય વિહોણું અન્તઃકરણ સદાકાળને માટે દુઃખ-ક્લેશ-ચિન્તા-કલહ-પરિતાપ વગેરેથી ભરપૂર ઘેરાયેલું રહે છે. આને જ ગીતાના સોળમા અધ્યાયમાં **'चिन्तां अपरिमेयां च प्रलयान्तां उपाश्रिताः'** એટલે કે જેનું માપ ન કાઢી શકાય તેવી અસીમિત અને સૃષ્ટિના પ્રલય પર્યન્ત જેનો નાશ થવો સંભવ નથી તેવી મહાચિન્તામાં સદાકાળને માટે ડૂબેલા આવા લોકોને અને આવા અન્તઃકરણને મોક્ષને પામવાના અનધિકારી આસુરીમાં ગીતાકાર પરમાત્મા શ્રીકૃષ્ણ ગણાવે છે.

આનન્દમય પ્રસન્નજીવન એ સત્ય પર આધારિત છે, સત્ય એ વિકાર રહિત નિર્મળ અન્તઃકરણ પર આધારિત છે અને પરમાત્માના સ્વામિત્વથી પોતાને અલગ માનનાર-વિચારનાર-અનુભવ કરનાર અન્તઃકરણ ભરપૂર વિકારોથી મલીન બને છે. જેમ વિશાલ જલ સમુદાયથી છુટ્ટા પડેલા બિન્દુને નાશનો ભાય રહે છે, જેમ સમૃદ્ધ-સબળ દેશથી છુટ્ટા પડેલા નગરને પરાધીન થવાનો ભય રહે છે, જેમ ટોળાથી છુટ્ટા પડેલા કૂતરા -બિલાડા વગેરે પ્રાણીને બીજા પ્રાણીથી ભય રહે છે, જેમ સંઘથી છુટ્ટા પડેલા મનુષ્યને ચોર-લૂટારુઓનો ભય રહે છે તેમ ઈશ્વરના પારતંત્ર્યથી અલગ સ્વતંત્ર વિચારે અને ભાવનાએ જીવન જીવવાનું સાહસ કરનારને વિકારોનો શિકાર થવાની અને પરિણામે નાશ થવાની સંભાવના જ નહીં અપિતુ નિશ્ચય જ હોય છે.

અતઃ શ્રીવલ્લભાચાર્યજી કહે છે કે નિર્મળ-નિર્વિકાર બુદ્ધિના સંપાદન અર્થે સર્વપ્રથમ તો મનુષ્યે ભગવાનનો પોતાના સ્વામી રૂપે હૃદયથી સ્વીકાર કરવો જોઈએ. અને તે પણ આજથી તમે મારા સ્વામી એમ ભગવાન પર ઉપકાર સ્વરૂપે નહીં પણ પહેલાં પણ ભગવાન જ મારા સ્વામી હતા, આજે છે અને કાલે પણ ભગવાન જ સ્વામી હશે એમ સત્યને આત્મસાત્ કરવું જોઈએ. તે પણ મજબૂરી યા દબાણથી યા પરિસ્થિતિવશ નહીં પણ અતિશય પ્રિયભાવે ભગવાનને સ્વામી તરીકે સ્વીકારવા. એક ગરીબીથી લાચાર વ્યક્તિ નોકરી કરવાનું સ્વીકારે ત્યારે તે કોઈને પોતાના શેઠ યા માલીક માને તેમ નહીં પણ જેમ એક વિવાહિતા સંસ્કારી ભારતીય સ્ત્રી પોતાના પતિને સ્વામી તરીકે પ્રિયતાથી સ્વીકારે છે તેમ પ્રિયતાથી સ્વીકાર કરવો. કારણ કે લાચારી યા મજબૂરીથી કરવામાં આવેલો સ્વીકાર એ કામચલાઉ તત્કાલ પૂરતી સમજૂતી માત્ર હોય છે તેથી તેમાં સ્થાયિત્વ કે સુખાનુભવ નથી હોતો. મનુષ્યનો એ સ્વભાવ છે કે કોમ્પ્રોમાઈસમાં જે મળ્યું છે કે જે બચ્યું છે તેના સુખાનુભવની

અપેક્ષા એમાં જે યા જેટલું ગુમાવ્યું છે તેના દુઃખનો અનુભવ વધુ હોય છે. તેમજ આવો દુઃખાનુભવ સમય જતાં ક્યારેક કોઈક બિન્દુ પર સમજૂતી તોડવા પ્રેરે પણ છે અને ક્યારેક બાધ્ય પણ કરે છે. આવા પ્રકારની સમજૂતીમાં બન્ને પક્ષે કંઈને કંઈ છોડવું જરૂરી હોય છે અને બન્ને પક્ષકારોના મનમાં એક ખટકો કાયમ માટે ઘર કરી જાય છે અને એ ખટકો પણ બન્નેને ગુમાવ્યા બાબતનો જ રહી જાય છે. એક સ્ત્રીને મનગમતા પુરુષના બાહુઓનું બન્ધન જેટલું પ્રિય હોય છે તેટલું જ જ્યારે વૈવાહિક બંધન બન્નેને પ્રિય બન્યું હોય ત્યારે જ દામ્પત્ય ચિરંજીવી - આમરણાન્ત અને મરણોત્તર (બે પૈકી મરનારને માટે મરણાન્ત અને રહી જનારને માટે મરણોત્તર) સુખદ-સંસ્મારક બની રહે છે. તેથી લાચારીથી કરાયેલો સ્વીકાર એ સ્વાર્થી બુદ્ધિથી થયેલ રાજકીય સમજૂતી જેવો છે જેમાં અન્તઃસ્થ ભાવોથી અસ્વીકાર છે અને માત્ર બાહ્ય ઔપચારિકતાથી બુદ્ધિના સ્વાર્થી અંશથી અંશમાત્ર સ્વીકાર છે. જેમાં ભારત-પાકિસ્તાન વચ્ચેની શિમલા સમજૂતી વગેરે રાજકીય સમજુતિ ને દૃષ્ટાન્ત તરીકે મૂકી શકાય છે. તેથી જ તો આટલાં બધાં વર્ષો પછી પણ બન્ને દેશોની જનતા અને રાજપુરુષોના મનમાં રહી ગયેલો ખટકો સ્પષ્ટ દેખી શકાય છે અને ક્યારેક ક્યારેક સમજૂતી તોડચાના આક્ષેપો પરસ્પર દૈનિકપત્રો વગેરેમાં જાણવા મળે છે. જ્યારે શ્રીવલ્લભાચાર્યજી ભગવાનના સ્વામિત્વનો સ્વીકાર જે પ્રકારમાં જણાવે છે તે રાજકીય સમજૂતી જેવો નહીં પરંતુ નિશ્ચયપૂર્વક બુદ્ધિના સર્વ અંશે સ્વીકારને જણાવે છે અને એ ત્યારે જ બને કે જ્યારે બુદ્ધિની સાથે પ્રિયભાવે સમ્પૂર્ણ મન પણ એ સ્વીકારમાં જોડાય. આ પ્રમાણે બુદ્ધિમાં ભગવાનના સ્વામિપણાના સ્વીકાર સ્વરૂપનો - પોતાનામાં અને વિશ્વના વ્યક્તિ માત્ર અને વસ્તુ માત્રમાં ભગવાનના સ્વામિપણાના વિચાર સ્વરૂપનો, બુદ્ધિના વિકારોને દૂર કરી બુદ્ધિને નિર્મળ બનાવનાર **ત્રીજો વિવેક** જણાવ્યો છે.

ચોથો વિવેક

(૪) ભગવાનને જે વખતે અને જે પ્રકારની આપણી સ્થિતિ અભીષ્ટ હોય તેને તે સમયે અને તે પ્રકારે પ્રસન્નતાપૂર્વક વધાવી લેવી અને તેમાં પણ ક્યારેય મનમાંથી આનન્દની ઊણપ ન થવા દેવી.

જેમ આપણે આ પહેલાં વિચારી ગયા તેમ ત્રીજો વિવેક બુદ્ધિમાં જાગ્યા પછી - સર્વત્ર અને સર્વમાં ભગવાનના સ્વામિપણાનું ભાન થયા પછી જે વસ્તુ બીજાના અધિકાર સત્તામાં આવેલી હોય તે વસ્તુ મેળવવાની ઈચ્છા અભિલાષા કરવી એ શુદ્ધવિચારસંગત પણ નથી અને યોગ્ય પણ નથી. આપણે આ પહેલાં વિચારી ગયા છીએ કે કોઈ પણ ઈચ્છાના બે પાસાં છે. ઈચ્છાપૂર્ણ થતાં મનમાં સુખ થવું અને ઈચ્છાની પૂર્તિ ન થતાં મનમાં દુઃખ - કલેશ-ગ્લાનિ વગેરે થવું.

ખરેખર ઈચ્છા એ આનન્દની શક્તિ છે. આપણા મનમાં રહેલ આનંદ થકી આપણે ઈચ્છી શકીએ છીએ અને તે આનન્દના અનુભવ અર્થે છે. તેથી આપણી કોઈ પણ ઈચ્છા એવા પ્રકારની ન હોવી જોઈએ કે જેથી ક્યારેય પણ મનમાંથી એના કારણે આનન્દની ઊણપ થાય યા આનન્દનું આસન ડગમગી ઊઠે. બુદ્ધિમાં રહેલો અભાવનો વિચાર **‘આ મારી પાસે નથી’**. એના થકી મનમાં ઉત્પન્ન થયેલી એ વસ્તુ મેળવવા માટેની મનની ઈચ્છા એ આનન્દ થકી નહીં પરન્તુ અભાવ થકી છે. આનન્દ થકી ઈચ્છા થવી એટલે કે જેમ જમવાનું સામે પડચું છે અથવા ભોજન બનાવવા માટેના દાળ-ચોખા વગેરે, કોલસા-ગેસ વગેરે, તપેલી-ચકલો-વેલણ વગેરે, હીંગ-મરચા વગેરે સાધનો પોતાની પાસે છે અને જમવાની ઈચ્છા કરવી અને તેમાં પણ જે પ્રકારનાં સાધનો છે તે મુજબ તે વાનગી જમવાની ઈચ્છા થવી કે હું આ જમું. ઘરમાં પાણી ગરમ કરવાનું સાધન નથી અને ગરમ પાણીએ નહાવાની ઈચ્છા કરવી, એવી ઈચ્છા અભાવ થકી છે અને ઘરમાં પાણી છે અને ગરમ-ઠંડાનો વિષય બાદ કરી માત્ર નહાવાની ઈચ્છા એ આનન્દ થકી છે. પોતે પરણેલો છે, પોતાની પત્ની છે અને તે સ્વસ્થ છે અને પોતે પણ ભોગ માટે સ્વસ્થ છે તથા સમય-સ્થળ વગેરે અનુકૂળ છે અને સ્ત્રીભોગની ઈચ્છા એ આનન્દ થકી છે. પરન્તુ તેથી વિપરીત સ્થિતિમાં બીજાની સ્ત્રીને ભોગવવાની ઈચ્છા એ અભાવ થકી છે. આમાં પોતાની પત્ની કરતાં આ (બીજાની સ્ત્રી)માં વધુ ભોગ છે તેમ બુદ્ધિમાં રહેલું જ્ઞાન બીજાની સ્ત્રીના ભોગ માટે ઈચ્છા પેદા કરે છે તેથી બીજાની સ્ત્રીની અપેક્ષા પોતાની સ્ત્રીમાં ભોગ ઓછો છે તેમ અભાવ જ્ઞાન જ કારણ છે. બુદ્ધિમાં અભાવનો

અનુભવ આનંદની ઊણપે જ થાય છે. કારણ કે આ મારી પાસે નથી એ મનમાં સુખ કે પ્રસન્નતાનો વિષય નથી પરન્તુ દુઃખ, અપ્રસન્નતાનો જ વિષય હોય છે. તેથી જેટલા અંશમાં દુઃખનો મનમાં અનુભવ હોય છે તેટલા અંશમાં મનમાં આનન્દની ઊણપ જાણવી જોઈએ. તેથી જે પોતાની પાસે નથી યા પોતાની સત્તા-માલિકીમાં નથી તેવી વસ્તુની ઈચ્છા એ આનન્દ થકી નહીં પણ બુદ્ધિમાં અભાવના જ્ઞાન થકી છે. બુદ્ધિમાં રહેલ અભાવના જ્ઞાન સાથે લોભવૃત્તિ અને વાસના ભેગા મળતાં બીજાની વસ્તુને પ્રાપ્ત કરવાની ઈચ્છાનો ઉદય થાય છે. આ રીતે લોભ અને વાસનાના મિશ્રણવાળું બુદ્ધિમાં રહેલું અભાવ જ્ઞાન એની સાથે પોતાની અશક્તિ યા કોઈ પણ અન્ય કારણે ઈચ્છાપૂર્તિ માટે બુદ્ધિ સંશયવાળી થતાં મનુષ્યમાં પ્રાર્થનાવૃત્તિ જન્મે છે. આ રીતે બીજાની વસ્તુમાં ગયેલું મન, તેને મેળવવા માટેની ઈચ્છા, બીજામાં ગુરુતા જોતાં પોતાનામાં લઘુતાનો ભાવ, અભાવ જ્ઞાન, અપ્રસન્નતાની લાગણી, લોભવૃત્તિ, વાસના, પોતાનામાં અસમર્થતાની લાગણી વગેરે અનેક બૌદ્ધિક અનિષ્ટો પ્રાર્થનાવૃત્તિ પાછળ રહેલાં હોવાથી અને આ બધા બૌદ્ધિક વિકારો મનુષ્યને સન્માર્ગ યા ભગવત્ પથ પર ચાલવામાં ગતિમાં વિઘાત કરનારા હોવાથી તેમજ ઉપનિષદ્ના કહ્યા અનુસાર **'આ પરમાત્માનો બળહીન લોકોને લાભ થતો નથી'** ભક્તિમાર્ગ એ નિર્બળ હૃદયના લોકો માટે નથી, તેથી શ્રીમહાપ્રભુ ભક્તિમાર્ગ પર ચાલવાની ઈચ્છા રાખનારાઓ માટે બુદ્ધિમાં વિવેક જગાડવાનું જણાવે છે કે **'ભક્તિમાર્ગ પર ચાલવાની અને કૃષ્ણસેવા કરવાની ઈચ્છાવાળા યા કૃષ્ણસેવા કરી રહેલા વૈષ્ણવોએ બુદ્ધિમાંથી પ્રાર્થ્યભાવ કાઢી નાખવો'**

જે ઈચ્છાની પૂર્તિ થવી કોઈથી પણ શક્ય ન હોય ત્યારે સહુથી છેલ્લે મનુષ્યની દૃષ્ટિ ભગવાન પર પડે છે અને તેથી તે ઈશ્વરને પ્રાર્થના કરે છે. પરન્તુ ભલે પ્રાર્થના કોઈ બીજાને નહીં પણ ભગવાનને કરવામાં આવી હોય, તેમ છતાં પણ તેમાં પણ પહેલાં કહેવાઈ ગયેલા વિકારો તો બુદ્ધિમાં રહેલા જ હોય છે. પ્રાર્થનાનું ઉદ્ગમ સ્થળતો બુદ્ધિમાં રહેલા વિકારો જ છે. ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં જણાવે છે કે **'मयि बुद्धिं निवेशय' મારામાં બુદ્ધિનો નિવેશ કરાવ'** સંસારની દુર્બળતાઓથી ઉપર ઊઠીને બુદ્ધિ જ્યારે ભગવાનમાં પરમેશ્વરમાં નિવેશ કરે છે ત્યારે પરમેશ્વરમાં કોઈ પણ દુર્બળતાના વિકારો નહીં હોવાથી તેવી બુદ્ધિમાં પ્રાર્થ્યભાવ રહી જ શકતો નથી. અલ્પતા, અજ્ઞતા, અપૂર્ણતા, અભાવ, અપ્રસન્નતા વગેરે દોષોની સ્થિતિમાં જ વિકારો ઉત્પન્ન પણ થાય છે અને સ્થિતિ કરીને રહે છે. જેમ ભારતનું કોઈ ગામડું ભારતથી અલગ પોતાને વિચારે છે. ત્યારે એનામાં દરેક પ્રકારની દુર્બળતાઓ અને અસમર્થતાઓ ઉપસી આવે છે, પણ જ્યારે તે પોતાને ભારતનું અવિભાજ્ય અંગરૂપમાં ભારતમાં પોતાને વિચારે છે ત્યારે ભારતની સર્વશક્તિઓ તેનામાં પણ આવી જાય છે. પ્રાર્થના કરનારની બુદ્ધિમાં ઈશ્વરની સ્વતંત્ર સત્તાને સ્વીકારીને પણ તેથી અલગ પોતાની સત્તાના વિચારનો રણકો રહેલો છે. ત્રાસવાદી હુમલો થયો ત્યારે પેન્ટાગોને કંઈ અમેરિકી સત્તાને પ્રાર્થના નથી કરવી પડી કે અમારી રક્ષા કરો. અમેરિકાએ તે હુમલો પોતાના ઉપર ગણીને જ આગળની બધી કાર્યવાહી કરી હતી. વિભાજન પછીથી કાશ્મિર મહારાજા જ્યાં સુધી એમ માનતા રહ્યા કે કાશ્મિર સ્વતંત્ર દેશ છે ત્યાં સુધી તેમને પાકિસ્તાનનો ભય રહ્યો અને પાકિસ્તાનનું લશ્કર શ્રીનગરના સીમાડે પહોંચ્યું ત્યારે ભારત દોડી આવીને તે સમયના ભારતના નાયબ વડાપ્રધાન અને સંરક્ષણપ્રધાન સ્વ. સરદાર પટેલને મળ્યા અને પાકિસ્તાની લશ્કર સાથે ભારત બાથ ભિડાવે તેવી પ્રાર્થના કરી પણ સરદાર પટેલે તેનો અસ્વીકાર કર્યો અને વિલીનીકરણના દસ્તાવેજ પર હસ્તાક્ષર કરવા જણાવ્યું. મહારાજાએ તે દસ્તાવેજ પર હસ્તાક્ષર કરી પોતાની સ્વતંત્ર સત્તાને ભારતીય સત્તામાં વિલીન કરી અને કહ્યું હવે તો બચાવો. પટેલ સાહેબે કહ્યું હવે આ બાબત તમારે ચિન્તા રાખવાની જરૂર નથી, અમે અમારી જવાબદારીને સારી રીતે સમજીએ છીએ, અમારું લશ્કર સીમાડે પહોંચી ગયું છે. અને ભારતીય લશ્કરે પાકિસ્તાની લશ્કરને શ્રીનગરના સીમાડેથી મારી હઠાવી ઠેઠ ગિલગિટ વિસ્તાર સુધી પહોંચાડી દીધું.

શંકા :- ભારતરાષ્ટ્રના અન્તર્ગત ભલે ગુજરાત પ્રાન્ત હોય કે નર્મદા જિલ્લાનો વિસ્તાર હોય કે વડોદરા શહેર હોય તેઓ ભારતની સત્તાના અન્તર્ગત પોતાને માનતા પણ હોય, છતાં પણ પોતાના શહેર-વિસ્તાર કે પ્રાન્તની આવશ્યકતાઓ યા મુશ્કેલીઓ તો ઉપરી સત્તાને જણાવવી જ પડે છે, ત્યારે જ

તેમના પ્રશ્નોનું સમાધાન શક્ય બને છે. જેમ અત્યારે નર્મદા બંધની ઊંચાઈ માટે ગુજરાતે કેન્દ્રમાં સંઘર્ષ કરવો પડી રહ્યો છે. તેમ પોતાની આવશ્યકતા જણાવવાના સ્વરૂપમાં યા પોતાની ન્યાયિક બાબતમાં સંઘર્ષરૂપમાં ઈશ્વરને પ્રાર્થના કેમ ન કરવી ?

સમાધાન :- આ પ્રકારની શંકા થાય તો તેના સમાધાનમાં શ્રીવલ્લભાચાર્યજી જણાવે છે કે જીવપણું અને ઈશ્વરપણું એના વચમાં જે તફાવત છે તેનો વિવેક બુદ્ધિમાં વિચારવો. જીવ અલ્પજ્ઞ છે અને ભગવાન સર્વજ્ઞ છે, જીવ સીમિત શક્તિવાળો છે અને ભગવાન અસીમિત સામર્થ્યવાળા છે, જીવની દેખાતી સત્તા પણ સીમાડાવાળી છે અને સર્વત્ર ભગવાનની જ સત્તા છે. તેથી જીવને ઘણા બધા પ્રકારના ભય છે અને ભગવાનને ક્યારેય ક્યાંય કોઈનોય ભય નથી. પોતાની ઉપરી સત્તાના સ્થાને પણ એક જીવ જ હોવાથી તેની અલ્પજ્ઞતા વગેરેના કારણે તેને પોતાની આવશ્યકતાની જાણ કરવી જરૂરી છે, તથા ત્યાં તેને પણ પ્રજાદ્રોહ-સત્તાભ્રષ્ટ થવું વગેરે ભય હોવાથી કરાયેલો સંઘર્ષ સફળ થવાની આશા રહે છે. આ બધી બાબતો ભગવાનમાં ઘટતી નથી. ભગવાન સર્વજ્ઞ હોવાથી તમારી બધી જ આવશ્યકતાઓ જાણે છે. બલ્કે કદાચ જે અલ્પજ્ઞતાવશ તમને ખબર નહીં હશે તે પણ તે જાણે છે તેથી ભગવાનને પોતાની આવશ્યકતા જણાવવાની કોઈ જરૂર જ નથી. તેમજ તે જીવની માફક અલ્પબુદ્ધિ પણ નથી કે જેને કારણે કદાચ ભગવાન ભૂલી જાય યા બેધ્યાનીમાં યા કાર્યભારવશ આપણાં તરફ ધ્યાન ન આપી શકે તેમ પણ નથી. કારણ કે જેમ મનુષ્ય સામેનું જ જોઈ શકે છે. પાછળ દૃષ્ટિ નથી હોતી, શરીરમાં આજુબાજુથી જ સાંભળી શકે છે - આગળ પાછળ કાન નથી હોતા, તેનું એકમાં મન હોય ત્યારે બીજામાં નથી હોતું, તે એક વાતને વિચારતો હોય ત્યારે બીજી વાતને વિચારી શકતો નથી, તેવી એકદેશી શક્તિ ભગવાનની નથી. ગીતાના તેરમા અધ્યાયમાં જણાવવામાં આવ્યું છે કે **‘ભગવાનની ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ સર્વતઃ છે એ સર્વતઃ હાથ-પગવાળા છે, એને સર્વતઃ આંખ-મસ્તક અને મુખ છે, એ સર્વતઃ કાનવાળા છે, એ ભગવાન લૌકિક પ્રાણીઓના સમાન એકદેશી શક્તિવાળી ઈન્દ્રિયોથી રહિત છે, એ ભગવાનમાં ઈન્દ્રિયોથી થનારા કાર્યો કરવાની શક્તિ સર્વત્ર પ્રકટ છે’** વગેરે. ભગવદ્ગીતાના જણાવ્યા મુજબ ભગવાન સર્વતઃ જોઈ-સાંભળી શકવા, કરી-ચાલી શકવા, બોલવા, વિચારવા, કલ્પી શકવા સમર્થ હોવાથી મનુષ્યના સમાન ભગવાનમાં કલ્પના કરવી શક્ય નથી. જેમ વિશ્વમાં પ્રાણીમાત્રમાં જીવ-જીવન અને જીવવાની શક્તિ એમ ત્રણ અલગ છે તેમ ભગવાનમાં નથી. શબ્દ - સ્પર્શ- રૂપ-રસ-ગંધ રૂપ તન્માત્રાઓનો બુદ્ધિ સાથેનો સંયોગ થવાથી પ્રાણી જોઈ-સાંભળી-સૂંઘી-સ્વાદી-આનન્દી શકે છે અને બહાર તરફ રહેલા એ બધાનો બુદ્ધિ સાથે સંયોગ કરાવનાર શક્તિરૂપ અલગ-અલગ ઈન્દ્રિયો છે અને ઈન્દ્રિયોને પોતપોતાનાં કાર્યોમાં પ્રવૃત્ત થવા માટેના તે - તે ઈન્દ્રિયોની સત્તવાળા યા પ્રભાવિત ક્ષેત્રો એ પ્રકૃતિએ પ્રાણીના શરીરમાં જુદા-જુદા તંત્રરૂપે મૂકેલા છે. એટલે કે દૃષ્ટિતંત્ર, શ્રવણતંત્ર, વિચારતંત્ર, ઘ્રાણતંત્ર, અનુભવતંત્ર, ગતિતંત્ર, ક્રિયાતંત્ર, ઉત્સર્જન તંત્ર, સ્વાદતંત્ર, વાણીતંત્ર, આનન્દતંત્ર વગેરે રૂપમાં ગોઠવેલા છે. યદ્યપિ શાસ્ત્રોમાં અંગ શબ્દ એ શરીરના કોષો માટે કહેવાયેલો છે, તેમ છતાં પણ વ્યવહારમાં બોલાતી ભાષામાં ઉપર જણાવેલ તંત્રને જ આપણે અંગ-ઉપાંગ તરીકે ઓળખીએ છીએ. અંગશબ્દના અર્થો કોષમાં જણાવ્યા મુજબ - **‘क्षिप्रे तु पुनरर्थे च सङ्गमासूययोस्तथा, हर्षे सम्बोधने चैव ह्यङ्ग शब्दः प्रयुज्यते’** શીઘ્રતા, આવૃત્તિ, સંગમ, અસૂયા, હર્ષ અને સમ્બોધન, આટલા અર્થમાં અંગ શબ્દ પ્રયોજાય છે. આ ઉપરાંત અંગ શબ્દ શરીર, શરીરના અવયવ, કોઈક સમ્પૂર્ણ વસ્તુનો વિભાગ, અંશ, ગૌણ (ગૌણ ભાગ), વગેરે અર્થને પણ પ્રકાશનારો છે તેથી અંગ એટલે શરીર એમ અર્થ કરતાં આપણું આ દેખાતું શરીર એ સ્થૂલ શરીર અને એનો સૂક્ષ્મતમ વિભાગ યા અંશ એ અંગ. એટલે કે સ્થૂલ શરીરનો એ સૂક્ષ્મભાગ જેમાં અદૃષ્ટ સમ્પૂર્ણ શરીરની સત્તા રહેલી હોય. તેથી પ્રાણીના સ્થૂલ શરીરના કોઈ પણ અંશમાંથી તે પ્રાણીની આવૃત્તિની શક્યતા છે. આ વાત આપણા શાસ્ત્રોમાં મહાભારતમાં ગાંધારીના એક ગર્ભના સો વિભાગથી સો પુત્રની ઉત્પત્તિ અને ભાગવતમાં દિતિના એક ગર્ભના ઓગણપચાસ ટુકડા કરતાં ઓગણ પચાસ પુત્રની ઉત્પતિ જણાવી છે. તેમ છતાં પણ જેમ વૃક્ષના એક બીજમાં બીજા વૃક્ષની આવૃત્તિની શક્યતા રહેલી જ છે, છતાં પણ બીજા વૃક્ષના સર્જન માટે પૃથ્વી, માટી, જળ, તાપ, આકાશ, વાયુ, કાળ વગેરે સાધનો

અપેક્ષિત છે તેમ પ્રાણીસૃષ્ટિમાં પણ સાધનોની અપેક્ષા રહે છે. જ્યારે ભગવાન તેવા કોઈ સાધનની અપેક્ષા કરતા નથી. તેથી એક દૃષ્ટિ હોતાં બીજું જોવા કે એક વિચારતાં બીજો વિચાર સિદ્ધ કરવામાં ભગવાનને ક્યાંય કોઈ મુશ્કેલી નડતી નથી. તેથી બેધ્યાની કે કાર્યવ્યસ્તતાનો પણ ડર કે વિચાર ભગવાન માટે રાખવો જરૂરી નથી. અતઃ ભગવાન આપણી બધી જ આવશ્યકતાઓ જાણે જ છે અને તેમનામાં ક્યારેય બેધ્યાની વગેરેની સંભાવના ન હોવાથી ભગવાનને પ્રાર્થના કરવી જરૂરી નથી.

રહી વાત ન્યાયિક બાબતના સંઘર્ષરૂપમાં પ્રાર્થના કરવાની. તો ન્યાય શબ્દ શાસકીય આજ્ઞા યા નિર્દેશને દ્યોતે છે. વિશ્વનો સહુથી અન્તિમ-સર્વોચ્ચ શાસક ભગવાન હોવાથી ભગવાન જે નક્કી કરે તે ન્યાય છે અને તેથી વિપરીત વર્તવું કે વિચારવું એ અન્યાય છે. રહી વાત સંઘર્ષની તો સંઘર્ષ ત્યારે જ મોલ લેવાય છે જ્યારે જેની સામે સંઘર્ષ કરાય છે તેથી કંઈક આધિક્ય ક્યારેક પોતાનામાં સંભવે. એકદમ નાની કીડી હાથી સામે સંઘર્ષ માંડે તો એક બાબતમાં તેનામાં આધિક્યની શક્યતા છે કે જો તે હાથીના મગજમાં ઘૂસી જાય તો તેને પછાડી શકે છે અને તે વખતે હાથીએ કીડી આગળ લાચાર બની જવું પડે છે. પણ જો કોઈ વ્યક્તિ પોતાના હૃદય (Heart) સામે સંઘર્ષ આરંભે તો તેથી મૃત્યુથી અલગ બીજું કંઈ પરિણામ આવી શકતું નથી. તેવી જ રીતે કોઈ પણ જીવમાત્ર પરમાત્મસત્તાની સામે સંઘર્ષ માંડી શકતો નથી અને જો માંડે તો તે સર્વથા અર્થહીન છે. તેથી તે રૂપમાં પણ ભગવાનને પ્રાર્થના ન કરવી. તમારા વડે પ્રાર્થના કરવાથી પરિણામમાં કોઈ અંતર આવશે કે પછી પ્રાર્થના કરવાથી ભગવાનનો વિચાર બદલાઈ શકે છે તેમ પણ નથી. પ્રાણી દ્વારા કરાયેલી પ્રાર્થનાનું બળ જો ભગવાનના વિચાર કરતાં વધુ શક્તિશાળી છે એમ માનતાં તો ઘણા બધા અનર્થો સર્જાઈ શકે છે. પછી તો કોઈ એમ જ પ્રાર્થના કરશે કે આ વિશ્વમાં ભગવાનની ઈચ્છા નહીં પણ બધું મારી ઈચ્છાથી જ થાઓ. અતઃ પ્રાર્થના કરવા છતાં પણ ભગવાને જે વિચારેલું છે તે જ ભગવાન કરશે તેથી શા માટે અર્થહીન પ્રાર્થના કરીને આનન્દવિરોધી અભાવનો અનુભવ - વાસના વગેરે બૌદ્ધિક નબળાઈઓને વધારવી ?

આ વિકારરૂપ પ્રાર્થ્યભાવને બુદ્ધિમાં દૂર કેવી રીતે કરવો ? તો શ્રીમહાપ્રભુ જણાવે છે કે ભગવાનનો જે પણ અભિપ્રાય હોય તે અભિપ્રાય સાથે સદૈવ સમ્મત રહેવા બુદ્ધિને આદત પાડો અને બુદ્ધિની તેવી સમ્મતિ સાથે તેમાં જ આનન્દ-પ્રસન્નતાનો અનુભવ કરવા મનને આદત પાડો. યદ્યપિ કોઈ પણ પ્રકારની ટેવ એ માનસિકી યા બૌદ્ધિકી દુર્બળતા જ છે, તેમ છતાં પણ કંટકોદ્ધાર ન્યાયે (પગમાં પેસી ગયેલા કાંટાને બીજા કાંટા વડે કાઢવો પ્રકારે) તેમાં હાનિ નથી. જેમ મોતિયાવાળી આંખોનું ઓપેરેશન થયા પછી મોતિયા કાઢ્યા પછી આંખ પર ગોગલ્સ પહેરવામાં આવે છે અને ધીરે ધીરે પછી પ્રકાશને જોઈ શકવાની ટેવ પાડવામાં આવે છે. તેમાં દૃષ્ટિથી દેખાવું એ જ મૂલ સ્વભાવ છે પણ મોતિયાથી જે દૃષ્ટિમાં ઊણપ આવીને અલ્પ પ્રકાશની જે ટેવ પડી છે તે ટેવને દૂર કરવા ધીરે ધીરે વધુ પ્રકાશની ટેવ વડે મૂલ સ્વભાવમાં ફરીથી પહોંચવામાં આવે છે, તેમ ભગવાન જે વખતે જે સ્થિતિમાં રાખે તે દરેક સ્થિતિમાં આનન્દ-પ્રસન્નતાનો અનુભવ થવો અને તે સાથે સમ્મતિ સધાઈ રહેવી એ જ મન-બુદ્ધિનો મૂલ સ્વભાવ હોવો જોઈએ પણ વાસનાને વશીભૂત જે ખોટી ટેવ પડી ગઈ છે કે સ્વતંત્ર વિચારમાં જ બુદ્ધિની સમ્મતિ થઈ અને સ્વવિચારિત પરિણામમાં જ પ્રસન્ન રહેવું એ ખોટી ટેવને કાઢવા ઉપર જણાવ્યા મુજબ ટેવ પાડવાની છે.

ભગવાનના અભિપ્રાયમાં જ બુદ્ધિની સંમતિ અને મનની પ્રસન્નતા સાધવા માટે શ્રીમહાપ્રભુજી જણાવે છે કે ભગવાનને પોતાનાથી કે પોતાની જાતિથી અલગ કે પારકા નહીં માનવા. ભગવાનને **'स्वामी'** માનવા. સ્વામી એ સ્વામિન્ શબ્દનું પ્રથમા વિભક્તિનું એકવચન છે. મૂલ શબ્દ છે સ્વામિન્. સ્વામિન્ સ્વ શબ્દને મિન્ લાગીને સ્વામિન્ શબ્દ બને છે. મિન્ એ અસ્તિના અર્થમાં પ્રયોજાય છે. તેથી સ્વામી એટલે જેની ઈચ્છા, જેનો અભિપ્રાય. જેની આજ્ઞા, જેની હકૂમત, જેની કૃતિ વગેરેને પારકી-બીજાની નહીં માનવી પણ એ પોતાનું જ છે તેમ સ્વીકારવું. સ્વામીની ઈચ્છા-અભિપ્રાય -કૃતિ એ પોતાના જ છે તેથી તેનાથી અલગ-સ્વતંત્ર બીજી ઈચ્છા -અભિપ્રાય-કૃતિની કલ્પના નહીં કરવી. ભગવાનની-સ્વામીની ઈચ્છા એ જ આપણી ઈચ્છા, ભગવાનનો

અભિપ્રાય એ જ પોતાનો અભિપ્રાય. આ રીતે ભગવાનને પોતાના સ્વામી માનવા. સ્વામી શબ્દને વધુ સ્પષ્ટ કરવા સ્વામી એટલે ભર્તા. ભક્તિમાર્ગમાં ભગવાનનું ભર્તૃભાવે ભજન થાય છે. તેથી ભર્તા એટલે ભરણ કરનાર. અતઃ ભગવાન જ આપણા સ્વામી છે અને એ સ્વામી જ આપણું લૌકિક-અલૌકિક સર્વ કંઈ ભરણ કરનાર છે.

જે આપણું ભરણ કરનાર છે તે કંજૂસ હોય, ક્રૂર કે કઠોર હોય, અસમર્થ યા અશક્ત હોય, સત્તાહીન હોય યા તેના સત્તા-સામર્થ્ય સર્વદેશી નહીં પણ એકદેશી યા અમુક દેશી જ હોય, ગરીબ યા કંગાલ હોય, વગેરે-વગેરે સ્થિતિમાં કેટલીક સ્થિતિમાં ભર્તાને અને કેટલીક સ્થિતિમાં ભર્તાથી ઈતર બીજાને પ્રાર્થના કરવાની આવશ્યકતા ઊભી થઈ શકે છે. કંજૂસ - કઠોર વગેરે સ્થિતિમાં ભર્તાને પણ પ્રાર્થના કરી પીગળાવવા પડે અને બાકીની અસમર્થ-અશક્ત વગેરે સ્થિતિમાં બીજાને પણ પ્રાર્થના કરવી પડે. પરન્તુ આવી કોઈ જ સ્થિતિ ભગવાનના વિષયમાં નથી. ભગવાન કંજૂસ - ક્રૂર કે કઠોર નથી તેમજ તે અસમર્થ-અશક્ત-કંગાલ યા એકદેશી સત્તા-સામર્થ્યવાળા નથી. આજ વાત શ્રીવલ્લભાચાર્યજી અહીં જણાવે છે **‘सर्वत्र तस्य सर्वं हि सर्वसामर्थ्यमेव हि’** ભગવાનમાં સર્વપ્રકારનું સામર્થ્ય છે અને તે પણ સર્વત્ર સર્વસ્થળે સર્વ કંઈ કરવાનું સામર્થ્ય છે. આપણા સ્વામી એ કોઈ સાધારણ વ્યક્તિ યા કોઈ દેવ-દેવી વગેરે નહીં પરન્તુ દેવોના પણ દેવ અથવા તો વિશ્વમાં જ્યાં ક્યાંય પણ જે કંઈ પણ સામર્થ્ય દેખાય છે તે જેના સામર્થ્યનો અંશ-ભાગ માત્ર છે એવા પ્રભુ છે તેથી તેમના વિષયમાં કોઈ શંકા કરવાને અવકાશ જ રહેતો નથી. શ્રીમહાપ્રભુના ઉક્ત વાક્યોમાં શબ્દોને આગળ-પાછળ કરીને વિચારીએ ત્યારે **‘तस्य सर्वत्र (एव) सामर्थ्यम्’** (તેનું સર્વત્ર જ સામર્થ્ય છે), **‘सर्वत्र तस्य (एव) सामर्थ्यम्’** (સર્વત્ર તેનું જ સામર્થ્ય છે), **‘तस्य सर्वं (एव) सामर्थ्यम्’** (તેમાં બધું જ (બધા જ પ્રકારનું) સામર્થ્ય છે), **‘सर्वं तस्य (एव) सामर्थ्यम्** (બધા પ્રકારનું સામર્થ્ય તેનું જ છે), **‘तस्य सर्वत्र (एव) सर्वसामर्थ्यम्** (તે સર્વત્ર બધું જ કરવા સમર્થ છે), સળંગ અડધા શ્લોકનો અર્થ કરીએ ત્યારે **‘हि’** (નિશ્ચય કરીને), **‘सर्वत्र (एव)** (બધે જ - બધા સ્થળે) **‘सर्वं (एव)** (બધું જ -બધા જ પ્રકારનું),

(यत् किमपि-यादृशं तादृशं) (જે કંઈ પણ - જે તે પ્રકારનું), **‘सामर्थ्यम् (वर्तते)** (સામર્થ્ય છે), **‘तत्** (તે), **‘तस्य’** (તેનું જ છે).

શ્લોકના ચાર ચરણો પૈકી પ્રથમ ચરણમાં બુદ્ધિમાં ઉત્પન્ન કરવાનો વિવેક જણાવ્યો છે. બીજા ચરણમાં તે વિવેકનું કારણ જણાવ્યું છે અને ત્રીજા-ચોથા ચરણમાં તે વિવેક બુદ્ધિમાં ઉત્પન્ન કરવા માટે જીવનની પ્રત્યક્ષ ઘટનાઓમાં જે વિચારો દષ્ટિ- બુદ્ધિમાં ગોઠવવાના છે તે જણાવવામાં આવ્યું છે. આ રીતે જીવનમાં પોતાના વિષયમાં કે બીજાના વિષયમાં જ્યાં જે કંઈ પણ સામર્થ્ય જોવાય-અનુભવાય ત્યાં-ત્યાં સામર્થ્યનો કોઈ વ્યક્તિ કે વસ્તુમાં આરોપ નહીં કરીને ત્યાં-ત્યાં ભગવાનનું સામર્થ્ય જોવાની દષ્ટિ કેળવતાં જવું અને તે મુજબના વિચારોને બુદ્ધિમાં દઢતાથી સ્થિર કરતા જવું. મને એમ લાગે છે કે વિવેકધૈર્યાશ્રય ગ્રન્થમાં આશ્રયના નિરૂપણમાં શ્રીઆચાર્યચરણનું વાક્ય - **‘एवं चित्ते सदा भाव्यं वाचा च परिकीर्तयेत्’** (આ પ્રમાણે ચિત્તમાં સદા ભાવન કરવું અને તેને વાણીથી વારંવાર બોલતા રહેવું) આ વાક્ય વિવેક-ધૈર્ય બંનેમાં પણ તેને સાધવાના ઉપાયમાં જોડવું જોઈએ. એટલે કે તબિયત બગડી અને દવા લીધી, સારું થયું તો તે વખતે પણ આ દવાના સામર્થ્યે યા આ ડોકટરની કુશલતાએ હું સાજો થયો એમ ન તો મનમાં ભાવન પણ કરવું અને ન તેમ વાણીથી બોલવું, પરન્તુ ભગવાનની કૃપાએ ડોકટરને સાચું નિદાન કરવા સુઝાડચું અને ભગવાને જ ઉપાય બનીને મને સાજો કર્યો એમ માનવું-બોલવું. તેવી જ રીતે કોઈક પ્રસંગે પૈસાના કારણે કામ અટકતું લાગે અને અચાનક કોઈકને જાણ થતાં પ્રેમથી કે રહેમદિલીથી ૧૦-૨૦ હજાર રૂપિયા આપણને આપે ત્યારે પણ આ પૈસા મળ્યા તો કામ થયું એમ પૈસામાં સામર્થ્યનો આરોપ ન કરવો અને આના પૈસાથી એમ આપનારમાં પૈસાવાળા તરીકેના સામર્થ્યનું ભાવન-ઉચ્ચારણ ન કરવું. આમ કહેવાનો એ અર્થ નથી થતો કે માણસે સાવ નકટા-અહેસાન ફરામોશ બની જવું કે જા જા તેં વળી શું કર્યું ? ભગવાને તને પ્રેરણા આપી અને અનુકૂળતા આપી માટે તેં મને આપ્યું. આવા પ્રસંગે - આ આફતની વેળાએ ભગવાને જ તમને પ્રેરણા આપી મોકલ્યા માટે તમારો ઘણો આભાર’ આ રીતે સિદ્ધાન્તમાં વર્તીને તેમાં આભારની લાગણીના વ્યવહારને સાંકળી લેવો. **‘તમારો આભાર’**

એમ કહેતાં **તમે** શબ્દમાં મૂલ આપનાર ભગવાનનું પ્રતિનિધિત્વ વિચારવાનું છે. ગીતામાં કહેવાયેલ નિમિત્તભાવ **‘निमित्तमात्रं भव सव्यसाचिन्’** આ નિમિત્તભાવનો બધે જ ઉપયોગ કરવાનો છે. જેમ કોઈ કાર્યમાં પોતાને કર્તા તરીકે નહીં જોઈ પોતાનામાં નિમિત્તભાવ વિચારવાનો છે, તેમ બીજાને પણ કર્તા તરીકે નહીં જોતાં તેમાં પણ નિમિત્તભાવ વિચારવાનો છે. આ નિમિત્તભાવમાં બે મુખ્ય વાતો રહેલી છે. એક તો નિમિત્તભાવથી જે-તે વ્યક્તિ પ્રત્યે વ્યવહાર યા શાસ્ત્રથી જે કર્તવ્ય પ્રાપ્ત થતું હોય તેને કોઈ બાધા થતી નથી અને બીજું આ નિમિત્તભાવ બુદ્ધિમાં વિચારવાથી બીજા વ્યક્તિ પરત્વે મમતા-તિરસ્કાર-મૈત્રી-દ્વેષ-ઈર્ષ્યા વગેરેની લાગણી ઉત્પન્ન થતી નથી. શ્રીમહાપ્રભુજીએ જણાવેલો આ કીમિયો અજમાવવાથી તો ગીતાના બારમા અધ્યાયમાં શ્રીકૃષ્ણે જણાવેલા ભક્ત લક્ષણો - **‘अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च, निर्ममो निरहङ्कारः समदुःखसुखः क्षमी, सन्तुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः, मय्यर्पितमनोबुद्धिः यो मद्भक्तः स मे प्रियः’** (સર્વ પ્રાણીમાત્ર સાથે દ્વેષ નહીં કરનાર, સર્વ માટે મૈત્રીભાવ રાખનાર, જીવમાત્ર પ્રત્યે કરુણા રાખનાર, મમતા વિનાનો, અહંકાર વિનાનો, સુખ-દુઃખમાં સમાન રહેનારો, સર્વ પ્રત્યે ક્ષમા ભાવ દાખવનારો, સદા સન્તોષી, અકર્મણ્યતાને ત્યાગી સદા કર્મપરાયણ, પોતાના ઈન્દ્રિય - અન્તઃકરણને વશમાં રાખનારો, દૃઢનિશ્ચયાત્મિકા બુદ્ધિવાળો, મને - ભગવાનને મનબુદ્ધિ અર્પણ કરેલો એવો જે મારો ભક્ત છે તે મને પ્રિય છે). તેમજ ત્યાં જ **‘समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः’** (શત્રુ-મિત્ર-માન-અપમાન, દરેકમાં સમાન રહેનાર), વગેરે ઘણી જ સરળતાથી તે સિદ્ધ થઈ શકે છે.

હવે સહુથી છેલ્લું વિચારવાનું રહ્યું કે સ્વામી- ભગવાનનો અભિપ્રાય શો છે તે જાણતા ન હોવાથી અથવા તે જાણી શકાતો ન હોવાથી પ્રાર્થના ન કરવી એ તો સાચું, પણ જો કદાચ ક્યારેક કોઈક અભિપ્રાય જાણવા મળે અથવા કોઈ પ્રકારે જાણી શકાય તો ત્યારે અભિપ્રાય જ્ઞાનવાળી દશામાં ભગવાનને પ્રાર્થના કરવી કે ન કરવી ? અને જો કરવી, તો તે કયા પ્રકારે કરવી અને તે કેમ કરી શકાય ?

ભગવાનના અભિપ્રાયને અનુકૂળ પ્રાર્થના કરવામાં કોઈ આપત્તિ નથી, બલ્કે તે વધુ સાધક છે. આવા પ્રકારની પ્રાર્થના કરવામાં આવે ત્યારે **‘તમારી ઈચ્છા-અભિપ્રાયને અનુકૂળ મને-મારું-મારામાં-મારા માટે- મારા વડે-મારાથી થાઓ’** આવો કંઈક રણકો એ પ્રાર્થનામાંથી નીકળશે. આ પ્રકાર પ્રાર્થના તરીકે ઓળખાઈને પણ ભગવાનની ઈચ્છા-અભિપ્રાય સાથે સધાયેલ બૌદ્ધિક સમ્મતિનો જ એક પ્રકાર છે તેમજ આ પ્રકારમાં ભગવાનની ઈચ્છાની મનુષ્યના મન વડે સ્વીકૃતિ છે. તેથી કરીને આ પ્રકારની પ્રાર્થનામાં ભગવાનથી સ્વતંત્ર જીવનું પોતાનું કશું જ નથી તેમજ આવી પ્રાર્થનામાં અલ્પતા, અજ્ઞતા અભાવ અનુભવ વગેરે દોષો પણ નથી અને આવી પ્રાર્થનાની જન્મભૂમિ વાસના પણ નથી. આ પ્રકારની પ્રાર્થના વિશુદ્ધ સમર્પણાત્મક અતિશય પ્રેમનાં મૂળમાંથી પ્રવાહિત થાય છે તેથી આમાં પ્રિયભાવ જ માત્ર રહેલો હોય છે. જેમ ગરમ દૂધને ઉપર-નીચે કરી ફેનિલ બનાવવામાં આવે છે ત્યારે તે મધુર હોઈને વધુ સ્વાદુ-મધુર બની જાય છે તેમ પ્રેમના ભાવો મધુર હોઈને પણ આ પ્રકારની પ્રાર્થના પ્રેમના ભાવોને વધુ હૃદ્ય-મધુર બનાવી દે છે. ઘણા જ પ્રેમથી કોઈને માટે કોઈ સુંદર વાનગી બનાવવામાં આવી હોય અને એને થોડા આગ્રહપૂર્વક જમવાનું કહેવામાં આવે ત્યારે એ વાનગી જમનારની પણ રગ-રગમાં પ્રેમ વ્યાપી જાય છે અને એને જમાડનારા જમતાં જોનાર તો પ્રિય-સંતોષ-સંતૃપ્તિના ભાવમાં ડૂબી જ જાય છે. સાધારણ રીતે વ્યવહારમાં પણ કોઈને કોઈ વસ્તુ ઉપહારમાં આપવામાં આવે છે ત્યારે મંદહાસ્ય પૂર્વક બોલીને અથવા તો મીઠા શબ્દો લખીને આપવામાં આવે છે. પ્રેમથી અપાયેલ ઉપહારનું માત્ર સ્વીકારીને જે માધુર્ય મળે છે એની અપેક્ષા સાંભળવા-વાંચવાથી (તેના મિશ્રણથી) વધુ અનુભવાય છે. તેથી જ પુષ્ટિમાર્ગમાં શ્રીઠાકોરજીની સેવામાં ગવાતા કીર્તનોમાં આવા પ્રકારની પ્રાર્થનાસ્વરૂપના ઘણાં પદો આવેલા છે. જેમકે **‘જાગીયે ગોપાલલાલ કીજીયે કલેવા’ ‘જાગો લાલ ચિરૈયા બોલે જાગો મેરે કુંવરકન્હાઈ’ ‘આવો ગોપાલ શ્રૃંગાર બનાઉં’ ‘બિહારી લાલ ઝુલન પધારો ચમ્પાબાગમાં’** તેમજ સંસ્કૃત સાહિત્યમાં સેવામાં ઉપયોગ થતા શ્લોકો માં **‘राधिकाङ्गसुगन्धेन भोगेच्छां प्रकटी कुरु’** વગેરે વગેરે.

આપણા પુષ્ટિમાર્ગમાં પુષ્ટિજીવોને માટે જે સેવા-ભક્તિ શ્રીમહાપ્રભુજીએ સૂચવી છે તે પ્રેમપૂર્વક સમર્પણ સ્વરૂપની છે. પુષ્ટિભક્તિ-સેવાના સ્વરૂપને જણાવતાં શ્રીવલ્લભાચાર્યજી સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થમાં લખે છે - **‘निवेदिभिः समर्प्यैव सर्वं कुर्यात् इति स्थितिः’** (ભગવાનને આત્મનિવેદન કરેલાઓએ ભગવાનને સમર્પણ કરીને જ બધું કરવું એમ આ માર્ગની મર્યાદા છે). શ્રીમહાપ્રભુના આ વાક્યમાં બે વાતો ભેગી મળે ત્યારે તે પુષ્ટિભક્તિ યા પુષ્ટિસેવા કહેવાય છે તેમ જણાવ્યું છે. બેમાંથી એક વાત ઓછી હોતાં તે પુષ્ટિભક્તિ-પુષ્ટિસેવા બનતી નથી. (૧) પુષ્ટિભક્તિ - સેવા કરનારો **‘निवेदिभिः’** એટલે કે ભગવાનને આત્મનિવેદન કરેલો વ્યક્તિ હોય તેવા આત્મનિવેદી વડે સેવા કરવામાં આવી હોય. જેમ ભારતીય સુસંસ્કારોમાં રંગાયેલી પવિત્ર મનવાળી સ્ત્રી પરણ્યા પછી પોતાના ઉપર અને પોતાના સર્વસ્વ ઉપર એક માત્ર પતિનો જ અધિકાર તે મનથી માને છે અને તે મુજબ જ વર્તે છે, તેમ પુષ્ટિમાર્ગીય વિધાન મુજબ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા વડે આત્મનિવેદન કરેલો-પોતાના ઉપર અને પોતાના સમ્બન્ધની સર્વવસ્તુ ઉપર એક માત્ર ભગવાનનો જ અધિકાર માનનારો અને તે મુજબ વર્તનારો હોવો જોઈએ. (૨) બીજી વાત પોતાના ઉપયોગમાં જે કંઈ પણ લેવું આવશ્યક હોય અથવા જે કંઈ કરવું આવશ્યક હોય તે બધું જ **‘समर्प्यैव’** ભગવાનને સમર્પણ કરીને જ સ્વ-ઉપયોગમાં લેવાયેલું યા કરાયું હોય. પુષ્ટિમાર્ગમાં ભગવાનને **અર્પણ** નથી કરાતું પણ **સમર્પણ** કરવામાં આવે છે. અર્પણ શબ્દ સંસ્કૃત ભાષાનો છે અને તેનાં વ્યાકરણ મુજબ **‘ऋ’** ધાતુથી બનેલો છે. **‘ऋ प्रापणे’** એટલે કે બીજાને પ્રાપ્ત કરાવવાના અર્થમાં ૠ ધાતુનો ઉપયોગ થાય છે. તેથી અર્પણ એટલે કોઈ વસ્તુ બીજાને પ્રાપ્ત કરાવવી. અર્પણ શબ્દને **‘सम्** ઉપસર્ગ લાગતાં **‘समर्पण’** શબ્દ બને છે. અર્પણ શબ્દને જ્યારે સમ્ ઉપસર્ગ લાગે છે ત્યારે સમ્ ઉપસર્ગ પ્રેમ અર્થને પ્રકાશે છે. તેથી સમર્પણ એટલે **પ્રેમપૂર્વક પ્રાપ્ત કરાવવું**. આ પ્રકારે સમજતાં **સમર્પણ કરીને** એટલે ભગવાનને જે પ્રાપ્ત કરાવવામાં આવે - આપવામાં આવે વસ્ત્ર-આભૂષણ-અન્ન-ઈતર ખાદ્ય-પેય પદાર્થ - ગૃહ-વિત્ત વગેરે તેમ પોતાના દેહ-ઈન્દ્રિય-પ્રાણ યા મન-બુદ્ધિ વડે જે કંઈ પણ ભગવાનને આપવામાં આવે યા ભગવાન માટે કરવામાં આવે તે બધું જ પ્રેમપૂર્વક હોવું જોઈએ. આ પ્રકારે આ બધું જ ભગવાનનું છે, બધા ભગવાનના છે અને હું પણ ભગવાનનો જ છું તે મુજબ વિચારતાં - માનતાં અને વર્તતાં જ્યારે અતિશય પ્રેમપૂર્વક ભગવાનને પ્રાપ્ત કરાવવામાં આવે -અર્પણ કરવામાં આવે ત્યારે તે પુષ્ટિભક્તિ યા નિર્ગુણા યા પ્રેમલક્ષણા ભક્તિ કહેવાય છે. પ્રેમ એવો પદાર્થ છે જેમાં પ્રેમાસ્પદ સિવાય બીજો કોઈ વિચાર યા મન-બુદ્ધિનું અવલમ્બન રહેતું નથી. જ્યાં-જ્યારે જેમાં હું, મારું યા મારા માટેનો વિચાર આવે છે ત્યાં ત્યારે તેમાંથી નિર્ગુણતા નિવૃત્ત થઈ સગુણ ભાવ આવી જાય છે. પોતાના કે બીજાના દેહના વિચારે થનાર તામસ છે, ઈન્દ્રિયોની વિષયાસક્તિને લઈ થનાર રાજસ્ છે અને દેહ તથા ઈન્દ્રિયોના સમ્બન્ધ વિના માત્ર ભેદ દષ્ટિવાળા મન-બુદ્ધિથી ઉત્પન્ન થનાર સાત્ત્વિક છે. પ્રેમનો ઉદ્ભવ દેહભાવ-ઈન્દ્રિયભાવ કે મન-બુદ્ધિથી નહીં પરન્તુ તેનું ઉદ્‌ગમ સ્થળ આત્મા છે. પ્રેમ એટલે પ્રિયપણું અને પ્રિયત્વ એ આનન્દનો ધર્મ છે. આત્મા આનન્દરૂપ છે. તેમજ આત્મા એ સત્ત્વ-રજસ્-તમસ્ એ ત્રણે ગુણોથી પર છે. આ ત્રણ ગુણો પ્રકૃતિના છે તેથી ત્રણ ગુણના સર્વ કાર્યો પ્રાકૃત છે. આત્મા એ પ્રકૃતિનું કાર્ય નથી તે ભગવદંશ છે તેથી આત્મા નિર્ગુણ છે. દેહ-શરીર તામસ્ છે, ઈન્દ્રિય-બુદ્ધિ અને પ્રાણ રાજસ્ છે, મન સાત્ત્વિક છે. અતઃ દેહ સમ્બન્ધી કાર્યો અને દેહ સમ્બન્ધી આકર્ષણ એ તામસ્ છે, ઈન્દ્રિય સમ્બન્ધી તથા પ્રાણ સમ્બન્ધી કાર્યો તથા તે સમ્બન્ધી આકર્ષણ એ રાજસ્ છે, દેહ-ઈન્દ્રિય-પ્રાણના સમ્બન્ધ વિના કેવલ મનથી થનારા કાર્યો અને આકર્ષણ એ સાત્ત્વિક છે. (આધુનિક મનોવિજ્ઞાનમાં સ્વીકારેલ મનની ત્રિવિધતામાં જાગૃત ચેતન મન તામસ્ છે, સુપ્ત-અચેતનમન રાજસ્-તામસ્ના મિશ્રણવાળું છે અને અતીન્દ્રિય-સુપર કોન્શ્યસ મન સાત્ત્વિક છે. આમાંથી પ્રથમના બે દેહના અંગરૂપ છે તેમાં પ્રથમ સ્થૂલ શરીરના અંગ રૂપ છે અને બીજું સૂક્ષ્મ શરીરમાં સ્થિત હોય છે. જ્યારે ત્રીજું તત્ત્વરૂપ છે અને સર્વત્ર શબ્દ વગેરેની માફક ફેલાયેલું છે), જ્યારે શરીર-ઈન્દ્રિય -પ્રાણ-બુદ્ધિ-મનથી સ્વતંત્ર કેવલ આત્માથી ઉત્પન્ન થનાર આકર્ષણ એ નિર્ગુણ છે. આ પ્રકારનું આત્માથી ઉદ્ભવ પામેલું તીવ્ર આકર્ષણ જ્યારે કોઈ પણ કારણ વિના અતિશય પ્રિયતાની ભૂમિ પર ઉદ્ભવ પામેલું હોય ત્યારે તે પ્રેમ કહેવામાં આવે છે. પ્રિયભાવના આધારવિહોણું નિરાધાર આકર્ષણ

અથવા દેહ-ઈન્દ્રય વગેરે અન્ય આધારવાળું આકર્ષણ એ પ્રેમ નથી.

આ પ્રકારે ઉપર વિચારી ગયા તે મુજબનું પ્રેમપૂર્વક જ્યારે સમર્પણ કરવામાં આવે છે ત્યારે પ્રેમ નિર્ગુણ હોવાથી પ્રેમના ભાવો થકી થનારી ક્રિયાઓમાં પણ માત્ર ભગવાનનો જ વિષય રહેલો હોવાથી પ્રેમના ભાવોથી ઉત્પન્ન થનારી પ્રાર્થના એ બૌદ્ધિક દોષરૂપ નથી તેમજ તેવી પ્રાર્થના મનુષ્યના જીવનમાં કે ભક્તિની સાધનામાં પણ ક્યાંય-ક્યારેય દોષરૂપ નથી. તેથી સ્વામી - ભગવાનનો જો અભિપ્રાય - ઈચ્છા જાણી શકાય, તો ત્યારે તેવી પ્રાર્થના તો અવશ્ય કરવી.

અહીં એક બાબત વિચારવી શેષ રહી જાય છે કે પ્રેમની સિદ્ધ દશામાં તો ભગવદનુગ્રહે ભગવાન પોતે જ પોતાનો અભિપ્રાય ભક્તને કોઈને કોઈ રીતે જ્ઞાપન કરે છે, પરંતુ સેવા-ભક્તિની સાધનદશામાં ભગવાનનો અભિપ્રાય કેમ કરી જાણી શકાય ? અને જો ન જાણી શકાય તો પછી સાધારણ દૈનિક જીવનમાં જીવન સાથે સંકળાયેલી અને અનિવાર્ય રૂપે અથવા આવશ્યક કર્તવ્યને લઈ ઉત્પન્ન થતી ઈચ્છાઓ જેમ કે ભૂખ લાગવી, તરસ લાગવી, શૌચ જવું, તબિયત બગડે ત્યારે દેવા લેવી, થાક લાગે ત્યારે બેસી જવું, રાત્રે શયન કરવું, ગરમી લાગે ત્યારે શીતોપચાર વગેરે તથા ઠંડી લાગે ત્યારે રજાઈ ઓઢવી- ગરમ પહેરવું વગેરે-વગેરે તથા છોકરા-છોકરી વયસ્ક થતાં તેમને પરણાવવાં, ઈત્યાદિ પ્રકારનાં ઈચ્છાને લઈ થનારાં કાર્યો જીવનમાં આચરવાં કે નહીં ?

આના ખુલાસામાં-અંશનું જીવપણું, જીવને જીવનની પ્રાપ્તિ અને જીવન જીવવાનાં સાધનો એ શ્રીપ્રભુની ઈચ્છાથી જ છે, તેમાં જીવની કે અન્ય કોઈની ઈચ્છા કારણ નથી. તેમ અંશને જીવપણું અને જીવનની પ્રાપ્તિ એ ભક્તિરસના અનુભવ અર્થે આપ્યા છે તેથી જીવન એ તો સેવા-ભક્તિનું મુખ્ય સાધન છે. શ્રીવલ્લભાચાર્યજી પ્રથમ સ્કન્ધ સુબોધિનીમાં **બુદ્ધિ-આયુષ્ય-દોષોનો અભાવ** આ ત્રણ મળતાં સેવા-ભક્તિનો નિર્વાહ શક્ય બને છે એમ જણાવે છે એ પૈકી આયુષ્ય એટલે જીવનકાળ અને શરીર-અંગો-ઈન્દ્રિયો વગેરેથી જીવનનો નિર્વાહ શક્ય બને છે. તેથી જીવનનિર્વાહ અર્થે યથાસમય જે ક્રિયાઓથી જીવનનો નિર્વાહ શક્ય બને તે મુજબ ઈચ્છાની શક્તિ પણ ભગવાને જ મનુષ્યને શરીરની સાથે વરદાનમાં આપી છે. અતઃ આપણે શ્રીપ્રભુની સેવા-ભક્તિ કરીએ એ જ ભગવાનનો અભિપ્રાય છે અને તેથી જ પ્રભુએ આપણને હું સેવા કરું તેવી બુદ્ધિ પણ આપી છે તો તેની સાથે સેવા માટેનું સાધન જીવન પણ આપ્યું છે અને તે જીવન નિર્વાહ માટે ભૂખ-તરસ વગેરે ખાવા-પીવા વગેરે ક્રિયા માટેની ઈચ્છા પણ આપી છે. અતઃ જે ઈચ્છા મુજબ ક્રિયા થવાથી જીવન ટકતું હોય, જીવનને પોષણ મળતું હોય, જીવન સ્વસ્થ બનતું હોય કે પછી જીવનને બાધા પહોંચાડતાં દૂષણોનો શરીરમાંથી નિકાલ થઈ જતો હોય અથવા તો એ આવશ્યક કર્તવ્યો કે જે થઈ જવાથી બાધા વિના સેવા - ભક્તિ શક્ય બનતી હોય તેવાં કાર્યો કરવાની ઈચ્છા પણ ભગવાને જ આપણને આપી છે તેથી તેમાં પણ ભગવાનનો અભિપ્રાય છે જ એમ જાણવું જોઈએ.

પરંતુ આપણા લાલચુ-સ્વાર્થી મન - બુદ્ધિ પ્રાયઃ કરીને વાસનાથી ઉત્પન્ન થયેલી ઈચ્છાને પણ ભગવાનના અભિપ્રાયના નામ પર વિચારીને તે મુજબ આચરણ કરવા દેહ-ઈન્દ્રિયને પ્રેરિત કરે છે, તેથી તેવો જેટલો પણ ભાગ ઈચ્છામાં રહેલો હોય તેની બાદબાકી કરીને જ આચરણ કરવું એમ શ્રીવલ્લભાચાર્યજી ષોડશ ગ્રન્થો પૈકી સત્તરમો ગ્રન્થ નિરોધલક્ષણ ગ્રન્થમાં જણાવે છે કે **‘આપણી ઈન્દ્રિયો વડે થનારાં કાર્યો કરવાની ઈચ્છા થાય ત્યારે તે ઈચ્છાઓ થકી વર્તવામાં ભગવત્ સમ્બન્ધી કાર્યમાં સેવામાં કંઈ લાભ થતો હોય તો તેવી ઈચ્છાઓ મુજબ ક્રિયા કરવી અને જેનો ભગવાન સાથે કોઈ સમ્બન્ધ ન હોય તેવી ઈચ્છાઓનો નિગ્રહ કરવો’** એટલે કે જેમ સમય થતાં ભૂખ લાગવી કે સમય થતાં નિદ્રા આવવી એ એક ઈચ્છા છે અને એમાં વાસનાની ભેળસેળ એ આજે સમોસા જમીએ-કચોરી જમીએ - મોહનથાળ જમીએ અથવા રેશમી ચાદર પર શયન કરીએ - પલંગ પર શયન કરીએ - મખમલી તકિયા ઉપર માથું મૂકી શયન કરીએ, અમુક બ્રાન્ડનો સાબુ લગાડી સ્નાન કરીએ, વગેરે વગેરે ત્યારે સમય પર ભૂખ લાગવી એટલે દેહપોષણ માટે કંઈક ભોજન અપેક્ષિત છે તે નિર્દોષ છે અને તેમાં સમોસા-કચોરી વગેરે ઈચ્છા એ દેહપોષણથી અલગ વાસના થકી છે અને તે વધારાની છે, તેવી જ રીતે

શ્રમિત થયેલું શરીર આરામ કે નિદ્રાની ઈચ્છા કરે એ નિર્દોષ છે અને રેશમી ચાદર કે મખમલી તકિયા પર શયનની ઈચ્છા વાસના થકી વધારાની છે. કારણ કે ભોજન અને શયન એ પ્રવૃત્તિ માટે જરૂરી શક્તિ માટે અને શ્રમ નિવૃત્તિ માટેની ઈચ્છા છે, પરંતુ તેમાં કંઈ જરૂરી નથી કે સમોસા-કચોરી-મોહનથાળ ખાવામાં આવે તો જ શક્તિ મળે તેમ છે અથવા રેશમી ચાદર કે મખમલી તકિયા વિના શયન થઈ ન શકે. હા, કોઈને ડાયાબિટિસનો રોગ હોય અને સ્યૂગર ઘટી ગઈ છે તેમ લાગતાં મીઠી વસ્તુ ખાવાની ઈચ્છા કરે તે દોષરૂપ નથી. આ રીતે દરેક બાબતમાં જ્યાં જે વધુ પડતી ઈચ્છા જાણવામાં આવે તેના ઉપર સંયમ કેળવવો અને જે આવશ્યક છે તેને પૂર્ણ કરવા પ્રયત્ન કરવો એમ વિવેક રાખવો. આ રીતે ત્રીજા-ચોથા વિવેકરૂપ બુદ્ધિના વિચારથી બીજાને પ્રાર્થના કરીને તેનાથી મેળવવાની-પ્રાર્થનાવૃત્તિરૂપ વિકાર બુદ્ધિમાંથી દૂર થાય છે.

પાંચમો વિવેક

અભિમાનશ્ચ સન્ત્યાજ્યઃ સ્વામ્યધીનત્વભાવનાત્ । ૨ $^{1}/_{2}$

'પોતાનામાં ગુરુતા ગ્રન્થી કે લઘુતાગ્રન્થી સ્વરૂપની અભિમાનવૃત્તિ'-ના નિરાકરણ માટેનો પાંચમો વિવેક -

(૫) ભગવાન મારા સ્વામી છે અને હું મારા સ્વામી ભગવાનને આધીન છું તેના પ્રિયપણાએ સતત ભાવન વડે સન્તાનો સહિત અભિમાનનો સર્વપ્રકારે ત્યાગ કરવો.

અભિમાન એટલે **'अभितः मन्ता** એટલે કે પોતે જે છે તેથી અલગ પોતાના મનની ખોટી કલ્પનાથી પોતાને વધુ યા ઓછું માની લેવું. આ વૃત્તિમાં પણ બુદ્ધિગત અભાવ ચિન્તન જ મૂળમાં છે. પોતાનામાં ગુરુતાનો - વધુપણાનો વિચાર હોતાં તેમાં બીજામાં અભાવનું દર્શન છે અને પોતાનામાં લઘુતાનો -ઓછા પણાનો વિચાર હોતાં તેમાં પોતાનામાં અભાવનું દર્શન છે. એટલે કે મારી પાસે જે છે એનો બીજા પાસે અભાવ છે અથવા બીજા પાસે જે છે તેનો મારી પાસે અભાવ છે. ગુરુતાગ્રન્થી યા લઘુતાગ્રન્થીવાળા સરખે સરખા સમૂહમાં સાથે હોય ત્યારે અભાવદર્શન સમૂહની રીતે થાય છે. એટલે કે અમારા સમૂહ પાસે જે છે તે બીજા સમૂહ પાસે નથી અથવા બીજા સમૂહ પાસે જે છે તે અમારા સમૂહ પાસે નથી. ગ્રન્થી એટલે ગાંઠ. જેમ દોરામાં ગાંઠ પડતાં તેનાથી કપડું સીવી શકાતું નથી, જેમ નસોમાં પડેલી ગાંઠ દુઃખ-દર્દ પેદા કરે છે, જેમ લાકડાની ગાંઠ વસ્તુ નિર્માણમાં બાધા કરે છે, જેમ લોહીમાં પડેલી ગાંઠ હૃદયની ક્રિયાને અવરોધે છે, જેમ માંસમાં પડેલી ગાંઠ કેન્સર-ક્ષય જેવા રોગોની પીડા આપે છે તેમ ઉપર જાણાવેલી બંને ગ્રન્થીઓ એ પણ એક પ્રકારે બુદ્ધિ સમ્બન્ધી રોગ જ છે અને તે સરવાળે મનુષ્યને મહાકષ્ટ-પીડામાં ધકેલી દે છે. ગાંઠોના આ બે પ્રકાર સ્થૂલ રીતે કહ્યા છે પરંતુ સૂક્ષ્મ રીતે તો બંને ગાંઠો લાખો સ્વરૂપે લાખો પ્રકારની છે અને તે જુદા-જુદા સમયે પ્રસંગને અનુકૂલ દેખા દે છે. જેમ લોહી ગંઠાવું કે માંસપેશી ગંઠાવી એ રોગ છે તેમ કોઈ પણ ગાંઠ પડવી એ બુદ્ધિનો મહારોગ છે. બુદ્ધિમાં પડેલું 'અહમ્' એટલે કે હુંપણાનો ભાવ વિકૃત બનીને લઘુતા-ગુરુતા સ્વરૂપની અનેક ગાંઠો ઉત્પન્ન કરે છે. તેથી જો કોઈક પ્રક્રિયાથી આ ગાંઠોનું ઓપરેશન કરી તોડવામાં આવે અને એનો લેબોરેટરી ટેસ્ટ કરવામાં આવે તો એમાંથી નર્યો અહં પદાર્થ જ નીકળશે. જેમ 'હું લડીશ' એ ધનસ્વરૂપ અહંકાર ઋણ સ્વરૂપાત્મક અહંકારમાં 'હું નહીં લડીશ' વાક્ય બને છે. જેને ગીતાના અઢારમા અધ્યાયના અન્તમાં **'હે અર્જુન ! તું જે અહંકારનો આશ્રય કરીને હું નહીં લડીશ એમ કહી રહ્યો છે'** એમ ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે. અતઃ બંને પ્રકારની ગ્રન્થીઓ એ અહંકાર પદાર્થની જ બનેલી છે. આ ગાંઠો એવો રોગ છે કે જેમાં રોગી વારંવાર અનેકવાર અનેક પ્રકારના આઘાતોનો ભોગ બને છે અને હારમાળાથી બનતો રહે છે. આ આઘાતોથી પરિણામે ગુરુતાગ્રન્થીવાળો લઘુતાના વિચારે પીડાય છે અને લઘુતાગ્રન્થીવાળો રૌરવ અને મહારૌરવની માફક વધુને વધુ લઘુતામાં ઢકેલાતો જાય છે. માનસિક-બૌદ્ધિક - વૈચારિક કાલુષ્ય, ઈર્ષ્યા, રાગ-દ્વેષ, વૈર વગેરે આ ગ્રન્થીઓની જ સન્તાનો છે.

આ ગ્રન્થીને દૃષ્ટાન્તથી સમજવું હોય તો આપણે મહાભારતના યુદ્ધકાળમાં ડોકિયું કરવું પડશે અને તેમાં ગીતાના પહેલા અધ્યાયને તપાસવો પડશે. મહાભારતના યુદ્ધમેદાનમાં અર્જુનનો રથ પહોંચતાં રથમાં છાતી કાઢીને

અને માથું તાણીને બેઠેલા અર્જુને સારથી શ્રીકૃષ્ણને ગર્વીલા સ્વર અને શબ્દોમાં આદેશ આપ્યો **‘હે અચ્યુત ! મારા રથને બંને સેનાના મધ્યે ઊભો કરો, જેથી કરીને વ્યૂહબદ્ધ રીતે રહેલા અને યુદ્ધની કામનાથી આવેલા આ બધાનું હું નિરીક્ષણ કરું યા કરી શકું, જોઉં તો ખરો કે આ રણસંગ્રામમાં અસ્ત્ર-શસ્ત્રોથી ભરપૂર એવા કોણ-કોણ મારી સાથે લડવાની ઈચ્છા-ઉત્સાહ ધરાવનારા છે’** શબ્દોમાંથી સ્પષ્ટ રણકો સંભળાય છે કે બંને સેનામાં હું શ્રેષ્ઠ વીર છું. **‘બે સેના મધ્યે મારો રથ ઊભો કરો’** એમાં પણ મારો રથ - અર્જુનનો - ગાંડીવધન્વાનો રથ એમ ગર્વોક્તિ છે. અર્જુન યુદ્ધમેદાનમાં આવી ગયો છે એ જાણતાં જ અચ્છા-અચ્છાના છક્કા છૂટી જાય છે તેથી મધ્યમાં મારો રથ સ્થપાતાં શત્રુપક્ષે જીતવામાં નિરાશાની અને સ્વપક્ષે ઉત્સાહની લાગણી પ્રવર્તશે જે આપણાં વિજયનું પ્રથમ સ્વરૂપ હશે. બીજો રણકો આ કોઈ બીજાનો નહીં પણ મારા દ્વારા કરાયેલ મહાન પુરુષાર્થરૂપ તપથી દેવસંતુષ્ટિએ પ્રાપ્ત કરેલ અને મને યોગ્યપાત્ર સમજી આપેલ અજેય ગાંડીવધનુષ્યથી યુક્ત આ રથ છે તેમજ આવા દિવ્યરથની શોભા - પ્રતિષ્ઠા પણ મારા હોવાથી યા મારા બેસવાથી છે. (રથ અને રથીની તુચ્છતા એ અઢારમા દિવસે યુદ્ધના અન્તે શ્રીકૃષ્ણના ઉતરતાં રથ બળી જવાના પ્રસંગથી મહાભારતમાં જણાવી છે). આવી પોતાના નિશ્ચિત વિજયની ગુરુતાગ્રન્થીથી ગ્રસાયેલી બુદ્ધિવાળો અર્જુન જ્યારે મેદાનના મધ્યમાં રથ ઉપસ્થિત થતાં અને ચારે બાજુ નજર દોડાવતાં યુદ્ધના પરિણામને વિચારતાં અને એ અનભીષ્ટ પરિણામને રોકવામાં પોતાની સર્વ પ્રકારે અસમર્થતાનો ભાવ બુદ્ધિમાં જાગતાં એની બુદ્ધિમાં રહેલી રોગરૂપ ગાંઠ જે પ્રથમ ધનસ્વરૂપની હતી તેમાંથી બદલાઈને ઋણ સ્વરૂપની બનતાં યુદ્ધ છોડી રથના પાછળના ભાગે જઈ બેસી ગયો. તે પોતે જ પોતાની મનોદશા શારીરિક લક્ષણથી જણાવે છે કે **‘મારું શરીર થરથર કાંપી રહ્યું છે, મારા રૂંવાટાં વારે ઘડી ઊભાં થઈ રહ્યા છે, ગાંડીવ ધનુષ પકડી રાખવા છતાં નીચે સરકી જઈ રહ્યું છે, મારી સમ્પૂર્ણ ચામડીમાં બળતરા ઉપડી છે’** આજ સ્થળે તે બુદ્ધિગત હતાશાથી મળનાર વિજયની પણ નિઃસારતા જણાવતાં કહે છે - **‘હે ગોવિન્દ ! જેમના અર્થે અથવા જેમની સાથે રહીને રાજ્ય-ભોગ સુખ ભોગવવાની આકાંક્ષા રાખી હતી. તે જ લોકો અહીં યુદ્ધમાં મરવાની પરવા કર્યા વિના યુદ્ધના ઉન્માદમાં ઉપસ્થિત થયા છે અને એ લોકો જ જો યુદ્ધમાં હણાઈ જાય તો પછી રાજ્ય મેળવીને કે ભોગોનાં સાધનો મેળવીને કે આયુષ્ય મેળવીને પણ શો અર્થ ! આવા વિજય કરતાં તો મરણ વધુ સુખકર છે.’** આ ધન-ઋણ સ્વરૂપની ગ્રન્થીને જ એક કરીને ગીતાના અઢારમા અધ્યાયમાં ભગવાન આને અહંકાર નામે જણાવે છે. ગીતાના બીજા અધ્યાયના ભગવાનનાં વાક્યોને વિચારવામાં આવે તો શ્રીકૃષ્ણ અહંકાર થકી ગ્રથાયેલી આ ગ્રન્થીને **જેમાં નપુંસકતાનો ભાવ રહેલો છે, જે બુદ્ધિની ક્ષુદ્રતાવાળો છે અને જે દુર્બળ હૃદય-અન્તઃકરણથી ઉદ્‌ભવેલો છે** એમ જણાવે છે. ગીતાના આ દષ્ટિકોણમાં અહંકારવાળા લોકો ચાહે તે ગુરુતા યા લઘુતાગ્રન્થીવાળા હોય પણ વસ્તુતઃ બંને હૃદયથી પુરુષ સ્વભાવ યા સ્ત્રી સ્વભાવના નહીં પણ નપુંસક સ્વભાવના જ હોય છે. બીજા અધ્યાયમાં જે શ્લોકથી ભગવાન ગીતાનો ઉપદેશ આરંભે છે તે શ્લોકનાં વાક્યોને તાત્ત્વિક રૂપે નહીં મૂલવી અને મનોવૈજ્ઞાનિક રીતે મૂલવવામાં આવે ત્યારે **‘अशोच्यानन्वशोचस्त्वम्’ - યોગ્ય-ઉપયુક્ત વિચારવામાં અક્ષમ, પોતાની બુદ્ધિથી કલ્પેલી વાતની પ્રસ્તુતિમાં બુદ્ધિવાદને માનનાર તથા કલ્યાણના પથથી વિપરીત માર્ગગામી બુદ્ધિવાળો** અતઃ અર્જુનની ગ્રસાયેલી-રોગગ્રસ્ત બૌદ્ધિક દશા છે તેના પ્રત્યે એવી બુદ્ધિ માટે શ્રીકૃષ્ણનાં વાક્યોથી એમની નારાજગી સ્પષ્ટ દેખાઈ આવે છે.

આ બધા ઉપરાંત આ બૌદ્ધિક રોગ એ મનમાં ઊગેલાં પ્રેમનાં પુષ્પોને નહીં ખિલવા દઈ અવરોધે છે તથા મનમાંથી પ્રેમના વણફૂટયા મૂળને ઉખાડી ફેંકે છે અને આ રોગવાળા રહીને ભગવત્સેવા કરવામાં આવે છે ત્યારે સેવા-પ્રેમ-ભક્તિના ભાવોને પણ અહંકારમાં ફેરવી દઈ સેવાના સ્વરૂપનો જ નાશ કરી દે છે. તેથી શ્રીવલ્લભાચાર્યજી જણાવે છે કે -

‘અભિમાનશ્ચ સન્ત્યાજયઃ’

ઈર્ષ્યા-રાગ-દ્વેષ-અમર્ષ-ગ્લાનિ-ઉદ્વેગ વગેરે સન્તાનો સહિત અભિમાનને અન્દર-બહાર સર્વપ્રકારે સારી રીતે-પૂર્ણ રૂપે ત્યાગવું.

અહં એટલે **હુંપણું** અને **મમ** એટલે **મારાપણું**. અહંનું જ વિસ્તાર

પામેલું રૂપ એ મમ-મારાપણું છે. **અહં** એટલે બુદ્ધિમાં દૃઢ થયેલો હું ભાવ અને એ હું ભાવ ચિત્તની આસક્તિવાળા પદાર્થો સ્ત્રી-ઘર-પુત્ર-ધન-શરીર-રૂપ વગેરે સાથે ભળીને એકરૂપ થાય છે ત્યારે તે જ હુંભાવ મમભાવ સ્વરૂપનો બને છે. આ એનું વિસ્તાર પામેલું રૂપ છે. દુનિયાનો નિયમ છે કે મન જ્યારે કોઈ વસ્તુમાં પ્રગાઢતાથી આસક્તિ કરે છે ત્યારે તે પદાર્થને બુદ્ધિ સર્વશ્રેષ્ઠ રૂપમાં સ્વીકારી લે છે. તેથી હુંભાવ ચિત્તની જેમાં આસક્તિ છે તે સાથે ભળીને એકરૂપ થતાં અને તે પદાર્થનો બુદ્ધિ દ્વારા સર્વશ્રેષ્ઠરૂપમાં સ્વીકાર થતાં તે જ હુંભાવ ગર્વ સ્વરૂપનો બની જાય છે. જ્યારે ચિત્ત બીજા પદાર્થમાં આસક્તિ નહીં કેળવીને પોતાનામાં જ આસક્તિ કેળવે છે ત્યારે હુંભાવ ગર્વ સ્વરૂપનો બનીને ‘હું સર્વશ્રેષ્ઠ છું’ સ્વરૂપનો બને છે. આપણે પહેલાં જ વિચારી ગયા છીએ કે કોઈ પણ વસ્તુ-પદાર્થની બે છોર છે જેમાં એક ધનાત્મક છે અને બીજી ઋણાત્મક છે. તે પૈકી હું શ્રેષ્ઠ છું એ ગર્વ ધનાત્મક છે તો તેની બીજી છોર હું હીન છું એ ઋણાત્મક છે. ઉપર જણાવેલ વિગતે ધન-ઋણાત્મક ગર્વને જ શ્રીમહાપ્રભુ આ સ્થળે **અભિમાન** શબ્દથી ઉલ્લેખે છે.

શ્રીવલ્લભાચાર્યજી સિદ્ધાન્તમુક્તાવલી ગ્રન્થમાં સેવાનું લક્ષણ **ચિત્તની કૃષ્ણપ્રવણતા** જણાવે છે. તેમજ કૃષ્ણાશ્રય ગ્રન્થમાં શ્રીકૃષ્ણને **પૂર્ણાનંદ** જણાવે છે. તેથી બીજી રીતે કહેવામાં આવે તો **ચિત્તની પૂર્ણાનન્દ પ્રવણતા** એ સેવા છે એમ અર્થ સિદ્ધ થાય છે. ચિત્તમાં જ્યાં સુધી આનન્દવિરોધી ભાવો ભરપૂર હશે ત્યાં સુધી તે ચિત્ત આનન્દના અનુભવ માટે અક્ષમ હોય છે. જ્યાં ચિત્તની આનન્દનો અનુભવ કરી શકવાની પણ યોગ્યતા સિદ્ધ થઈ નથી ત્યાં પછી તેનું પૂર્ણાનન્દમાં પ્રવણ થવાનું તો થઈ જ કેમ શકે ? તેથી જ સેવામાં પ્રવૃત્ત થયેલા વૈષ્ણવોને પોતાના સેવ્યસ્વરૂપમાં આનન્દરૂપતા કે આત્મરૂપતાનો અનુભવ થવો જોઈએ તેના સ્થાને મૂર્તિરૂપતા કે પદાર્થરૂપતાનો જ વધુ અનુભવ હોય છે. જો આનન્દરૂપતાનો અનુભવ હોય તો સેવાથી આનન્દ જ આવે, તેથી અલગ બીજો કોઈ અનુભવ થાય જ નહીં. કારણ કે ચિત્તમાં સ્થિર થયેલા ભાવો જ ઈન્દ્રિયગોચર બની પ્રત્યક્ષ અનુભવમાં આવે છે. ત્યારે જેના ચિત્તમાં ભાવરૂપે આનન્દની સ્થિતિ છે તેને જ સેવામાં આનન્દ થાય છે અને જેના ચિત્તમાં આનન્દવિરોધી - અનાત્મીયભાવો સ્થિર થયેલા છે તેમને આનન્દ વિરોધી-અનાત્મીય અનુભવ જ થાય છે. તેમ છતાં પણ શ્રીપ્રભુ પોઢી રહ્યા છે, જાગ્યા છે, ભોગ આરોગે છે, ગરમી-ઠંડી લાગે છે વગેરે ચેતનવત્ ભાવ સેવા કરનારને થાય છે તે બૌદ્ધિક ઔપચારિકતા માત્રથી થાય છે; અન્તઃકરણનાં ઊંડાણથી અનુભવરૂપ નથી હોતો. બૌદ્ધિક ઔપચારિકતા માત્રથી એટલે કે બુદ્ધિના વિચારથી કલ્પવામાં આવે છે કે આ ભગવાન છે તેમજ આ ભગવાન આરોગે છે. જેમ યોગીઓ પોતાની બુદ્ધિથી કલ્પિત ભગવન્મૂર્તિને પોતાનાં અન્તઃકરણમાં કલ્પિત આસન પર બિરાજમાન કરે છે. ત્યારે વિચારાયેલ અને અનુભવાયેલ બે વચ્ચે જે અન્તર છે તે તો સ્વીકારવું જ પડશે. આ રીતે ચિત્તની પૂર્ણાનન્દ પ્રવણતાને અર્થે અથવા તો સેવાની આધિદૈવિકતાને અર્થે પ્રથમ ચિત્તમાં રહેલા અનાત્મીય આનન્દ વિરોધી ભાવોનું નિરાકરણ થવું જરૂરી છે. તેમાં અહંકાર એ મહત્ત્વપૂર્ણ હોવાથી અને અનેક અનાત્મીય ભાવરૂપ સંતાનોનો સર્જક હોઈ તેને ત્યાગતાં તેનાં સંતાનો નિર્બળ બની આપોઆપ નિરાકૃત થઈ જાય છે. તે હેતુથી - સેવાની આધિદૈવિકતા સિદ્ધિ અર્થે શ્રીમહાપ્રભુ જણાવે છે કે **‘સન્તાનો સહિત સર્વપ્રકારે અભિમાન ત્યાગવું.’**

પ્રશ્ન : જેમ યોગમાર્ગમાં યોગનાં સાત અંગો સિદ્ધ થયા પછી આઠમા સમાધિમાં પ્રવેશ કરતાં સવિશેષ સમાધિની દશામાં પણ બુદ્ધિમાંથી બધું જ કંઈ નિવૃત્ત થઈ સંસ્કારશેષતા રહી જાય છે અને તેની પણ નિવૃત્તિ નિર્વિશેષ સમાધિ દશામાં થાય છે, તેમ ભક્તિ-સાધના કરનારના અહંભાવની આત્યન્તિક નિવૃત્તિ તો સાધન દશામાં શક્ય નથી, તે તો ફલદશામાં એટલે કે મોક્ષની અવસ્થામાં જ શક્ય છે અને મોક્ષ એ તો ભગવાન આપે ત્યારે જ શક્ય બને છે. વેદમાં કહ્યું છે કે **‘અમૃતત્વસ્યેશાનઃ’ અમૃત** એટલે મોક્ષ એનાં **ઈશાનઃ** એટલે નિયામક-નિયંત્રણ કરનાર ભગવાન છે. આ સ્થિતિમાં અહંભાવની સર્વ પ્રકારે નિવૃત્તિ કેવી રીતે કરવી ?

સમાધાન : શ્રીવલ્લભાચાર્યજી આજ સ્થળે અભિમાનનિવૃત્તિ માટેનો જે ઉપાય જણાવે છે તેમાં જ આંશિક અહંની સ્થિતિ છે. તેથી **‘સંત્યાજ્યઃ’** શબ્દથી સેવા-ભક્તિ સાધનામાં અભિમાનનો જેટલો અંશ બાધક છે અથવા

તો આનન્દના અનુભવમાં જેટલો બાધક છે - જે રોગરૂપ છે તે અંશનો ત્યાગ જ સમજવું જોઇએ. પરંતુ જે અને જેટલું સાધનામાં આવશ્યક હોય તેને ત્યાગતાં તો પછી સાધના સિદ્ધિ સુધી પહોંચી જ શકશે નહીં. શ્રીવલ્લભાચાર્યજીના દર્શાવેલા સાધના પથમાં ક્યારેય પણ કોઈ પણ વસ્તુ માટે કે બાબતે તેના નામ કે ગુણ સાંભળીને તેનાં પ્રત્યે બુદ્ધિમાં પૂર્વગ્રહ રાખવાનો નથી. વિષનો મારવાનો ગુણ ક્યારેક કોઇક ઉપચારમાં ઉપયોગી પણ હોય છે અને અમૃતનો વૃદ્ધિ કરવાનો ગુણ ક્યારેક ક્યાંક હાનિકર્તા પણ હોય છે. વિશ્વમાં એકબીજા વિરોધી સ્વભાવ-સ્વરૂપ વગેરેના અનેક પદાર્થોનું સૃષ્ટિમાં સર્જન કરીને મનુષ્યમાં જે વિચાર કરી શકે તેવી વિચારક્ષમ બુદ્ધિ આપી છે તેનો સાચો આજ ઉપયોગ છે કે જે વસ્તુનો જ્યાં-જ્યારે જેટલો ઉપયોગ હોય ત્યાં-ત્યારે તેટલો તેનો ઉપયોગ કરવો અને જ્યાં-જ્યારે જેનો ઉપયોગ ન હોય ત્યાં-ત્યારે-તેનો ઉપયોગ ન કરવો. આજ તો બુદ્ધિનો વિવેક છે. તેથી કોઇ પણ વસ્તુનો ઉપયોગ - અનુપયોગ એ વિવેકપૂર્વકનો હોવો જોઇએ. આપણા સાધારણ લૌકિક જીવનમાં પણ જો બુદ્ધિમાં આ મુજબનો વિવેક ઉત્પન્ન થાય તો જીવનમાં ભૌતિક રીતે પણ દુઃખોનું પ્રમાણ ઘણું જ ઘટાડી શકાય છે. ગીતામાં **'યુક્ત આહાર-વિહારવાળો, શરીર-પ્રાણોની ચેષ્ટાઓમાં યુક્ત કર્મ કરવાવાળો, યુક્ત નિદ્રા અને યુક્ત જાગવાવાળો જે યોગ છે તે દુઃખ દુર કરનારો થાય છે'** (ગીતા - ૬-૧૭) અહીં ભગવાને આહાર-વિહાર વગેરેમાં કોઇ પણ બાબતે તેનું પરિમાણ નહીં કહીને યુક્ત શબ્દ કહ્યો છે તેથી **યુક્ત** એટલે કેટલો એ જાણવાની આકાંક્ષા થાય છે. ત્યાં **યુજ્** ધાતુને **ક્ત** પ્રત્યય લાગીને **યુક્ત** શબ્દ બને છે. **'યુજ્ યોજને'** થી યુજ્ ધાતુનો યોજના કરવાના અર્થમાં ઉપયોગ થાય છે. તેથી જે મુજબની યોજના હોય તેના અનુકૂલ આહાર-વિહાર-નિદ્રા-અવબોધ વગેરેનો વ્યવહાર કરવો એ યુક્ત છે અને એવો વ્યવહાર દુઃખને ઉત્પન્ન થવા દેતો નથી અને જે પહેલેથી હોય તેનો નાશ કરે છે. આહાર-વિહાર શબ્દથી આન્તર-બાહ્ય માનસિક ક્રિયાને પણ જાણવી જોઇએ અને સ્વપ્ન-અવબોધ શબ્દથી આન્તર-બાહ્ય બૌદ્ધિકી ક્રિયાને પણ સમજવી જોઇએ. કોઈ પણ ક્રિયાનું ઉત્પાદક મનુષ્યમાં રહેલ જ્ઞાન અને સંકલ્પ છે. તેથી અહંક્રિયા એ જે મુજબનું અહં જ્ઞાન હશે તે મુજબ થાય છે. હું બાપ એ જ્ઞાનથી દીકરાને આશીર્વાદ આપવા હાથ

ઊઠવાની ક્રિયા થાય છે અને હું પુરુષ જ્ઞાનથી સ્ત્રી પ્રત્યે મન આકર્ષિત થવાની ક્રિયા થાય છે. અથવા તો આ પુરુષ છે એ જ્ઞાનથી સ્ત્રી પુરુષ પ્રત્યે આકર્ષાય છે.

આ પ્રમાણેની સ્થિતિમાં અહંજ્ઞાન જો સંસાર યા સાંસારિકોનો સમ્બન્ધ કરેલું સાંસારિક સ્વરૂપનું હશે ત્યારે તે અનન્ત સાંસારિક સન્તાનોને ઉત્પન્ન કરી અનન્ત સાંસારિકી ક્રિયાઓમાં મનુષ્યને - એના દેહ -ચિત્તાદિને વ્યસ્ત કરી તન્મય કરી દેશે અને અહંજ્ઞાન જો ભગવાન યા ભગવદીય વિષયોમાં સમ્બન્ધ કરેલું ભગવદીય સ્વરૂપનું હશે ત્યારે તે અનન્ત ભગવદાત્મક ભાવોરૂપ સન્તાનોને ઉત્પન્ન કરી અનન્ત ભક્ત્યાત્મિકા ભાગવતી ક્રિયાઓમાં ભક્તને એનાં દેહ-ચિત્તાદિને વ્યસ્ત કરી તન્મય કરી દેશે. આ પૈકી જે સાંસારિક અહંજ્ઞાન છે તે સેવાબાધક, દુઃખોત્પાદક રોગરૂપ છે અને જે ભગવદીય અહંજ્ઞાન છે તે સેવાસાધક, સુખોત્પાદક, દુઃખનાશક, સંસારરોગ વિનાશક ઔષધરૂપ છે. તેથી જેનાં બીજ મન-બુદ્ધિમાં રહીને જેનાં મૂળિયાં સમગ્ર દેહના અણુ-અણુમાં અને ઈન્દ્રિયો વગેરેમાં પ્રસરેલાં છે તેવા કેન્સરથી પણ મહાભયાનક રોગ વિકૃત અહંભાવના ઉપચારમાં શ્રીવલ્લભાચાર્યજી જાણાવે છે - **ભગવાન મારા સ્વામી છે અને હું મારા સ્વામી ભગવાનને આધીન છું તેનાં સતત ભાવન વડે સન્તાનોસહિત અભિમાનનો સર્વ પ્રકારે ત્યાગ કરવો'**

'હું સ્વામીને આધીન છું' આ નાનું અમથું વાક્ય એનો વિસ્તાર ઘણો વિસ્તૃત કરવાનો છે અને એના વિસ્તૃત સ્વરૂપે ભાવન કરવાનું છે. હું સ્વામીને આધીન છું તેથી આપોઆપ જ **મમ**-મારા નામે કહેવાતું પોતાના સમ્બન્ધનું સર્વ કંઇ પણ સ્વામીને આધીન છે એમ આવી જ જાય છે. અહીં **હું કૃષ્ણનો છું** એમ નહીં કહી **'હું સ્વામીને આધીન છું'** એમ જે કહ્યું છે કારણ કે ક્યારેક ઉતાવળે હું કૃષ્ણનો છું એમાં અંદરથી બીજો સ્વર પણ નીકળી શકે છે કે 'કૃષ્ણ મારો છે' અને આ સ્વર અપરિપક્વ દશામાં પૂર્વમાં જાણાવેલા અહંભાવને અથવા અભિમાનને આપનારો યા વધારનારો બની શકે છે. જો કે બ્રહ્મસમ્બન્ધ -પંચાક્ષર મંત્રમાં **'હે કૃષ્ણ હું તારો છું'** એમ બોલવામાં આવે છે, પરંતુ પંચાક્ષરની જ વિભાવના રૂપ ગદ્યમંત્રમાં તેની સ્પષ્ટતા હોવાથી એમ કહીને પણ આજ ભાવ જણાવે છે. ગદ્યમંત્ર-વિભાવના સહિત પંચાક્ષરનો અર્થ કરતાં

પંચાક્ષરમાં આવેલ **‘તારો’** પદનું જ અધ્યાહાર ગદ્યમાં **‘દાસ છું’** પદ છે. આ રીતે વિચારતાં હું તારો (કૃષ્ણનો) દાસ છું તેથી સ્ત્રી-ઘર-પુત્ર-સ્વજનો-વિત્ત-આલોક-પરલોક મારા સમ્બન્ધથી જે કંઈ પણ છે તે તથા દેહ-ઈન્દ્રિય-પ્રાણ-અન્તઃકરણ તેના ધર્મો વગેરે સહિત હું-મારો આત્મા આ બધું જ હું - દાસના સ્વામી શ્રીકૃષ્ણને આધીન-એમના જ અધિકાર યા માલિકપણામાં છે એમ જ જણાવવાનું તાત્પર્ય છે. હું દાસ છું તેથી તેમાંથી નીકળતો બીજો સ્વર એ તમે મારા-દાસના સ્વામી છો એમ જ છે. છતાં પણ કેટલાક ઉતાવળા ભાવબધિર લોકો સેવામાં પ્રવૃત્ત થઈને કુંભનદાસજી વગેરે સિધ્ધ ભક્તોનાં ચરિત્ર પ્રસંગોને બરાબર સમજ્યા વિના માત્ર વાંચીને અથવા તો સેવામાં ઉપયોગમાં લેવાતાં કીર્તનો-પદો **‘નન્દદાસ વે ક્યોં નહીં આવત, ઉનકે પાયન કછુ મેંદી દઈ રી’** વગેરે જેવા ભાવોનું અનુસરણ-અનુકરણ કરવાનું દુઃસાહસ કરવા પ્રેરાય, તો તેથી તેમની અસિધ્ધ-અપરિપક્વ દશા હોવાથી એમનું મહાન અકલ્યાણ થઈ શકે છે. તેથી એ જ બાબતનો સ્પષ્ટ રણકો શ્રીમહાપ્રભુ આ સ્થળે સેવા પ્રવૃત્તો માટે કરે છે. શ્રીમહાપ્રભુના સાંનિધ્ય અને સાહચર્યમાં ઘડાયેલા અને ભગવાનની લીલાઓનો પ્રત્યક્ષ અનુભવ કરી શકવાની સિધ્ધિને પામેલા એવા વૈષ્ણવાગ્રગણ્ય શ્રીપરમાનંદદાસજી જેવા પણ જ્યારે ભાવની લપસણી શિલામાં લપસી પડ્યા અને મર્યાદાનું અતિક્રમણ થઈ ગાયું કે **‘કૌન યહ ખેલવેકી બાની’** ત્યારે પણ જ્યાં લપસી પડ્યા હતા ત્યાંથી તેમને ઉઠાવી ફરી પાછા જ્યાં લપસવાનો ભય નથી તેવી ભાવશિલા પર સ્થાપિત કરતાં તેમના ગુરુવર્ય શ્રીમહાપ્રભુજીએ પદમાં સુધારો કરતાં જણાવ્યું કે આપણે-દાસોથી આમ કહેવાનો અધિકાર નથી કે **‘આ વળી કઈ રમવાની રીત છે ?’** તેથી આમ ગાવું - **‘ભલી યહ ખેલવે કી બાની’** આપણે ભગવાનના નિત્ય દાસ છીએ અને તે પણ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લીધી ત્યારથી જ નહીં પણ પહેલેથી જ એટલે કે આપણે જ્યારથી અંશ છીએ ત્યારથી જ દાસ છીએ, આજે પણ દાસ છીએ અને કોઈ બ્રહ્મસમ્બન્ધ લે કે ન લે તે દાસ જ રહેવાના છે. આ રીતે ભક્તિકરણની સાધન-સિધ્ધ સર્વ અવસ્થામાં દાસભાવ નિત્ય છે. સખ્ય વગેરે ભાવોની તો ભગવાનના સુખ અર્થે વિશેષમાં યોજના છે, પરન્તુ પ્રભુની ઈચ્છાથી વિશેષ લીલાની સ્થિતિ વિના સાધારણ સ્થિતિમાં તો સર્વને માટે દાસભાવ મુખ્ય છે તો પછી સાધારણ રીતે સેવામાં

પ્રવૃત્ત થયેલા સાધનદશાપન્નો માટે આનો અપવાદમાં પણ ઉપયોગ કરવો હાનિકારક છે.

પ્રશ્ન : આપણો આ માર્ગ ભક્તિમાર્ગ છે અને ભક્તિમાર્ગમાં ભગવાનનો ભક્તવશ્ય ધર્મ (ભક્તને વશ થવાનો સ્વભાવ) સ્વીકાર્યો છે. તેથી હું ભગવાનને અધીન છું એ ભાવ મર્યાદાભાવ કહેવાશે અને ભગવાન મારા આધીન છે એ ભાવ જ પુષ્ટિ ભાવ કહેવાશે ? શ્રીમહાપ્રભુ પણ ભાગવતાર્થ નિબન્ધમાં જણાવે છે કે - **‘કૃષ્ણને આધીન સ્થિતિ એ મર્યાદા છે અને કૃષ્ણની પોતાને આધીન સ્થિતિ એ પુષ્ટિ કહેવાય છે’** તો પછી સેવામાં પ્રવૃત્ત વૈષ્ણવોને શ્રીમહાપ્રભુ મર્યાદાભાવ ધારણ કરવાનું કેમ જણાવે છે ?

ઉત્તર : અહીં એક વાત ધ્યાનમાં રાખવાની છે કે ભગવાન જીવવશ્ય નથી, ભક્તવશ્ય છે. નહીંતર વેદની શ્રુતિઓમાં **‘તે બ્રહ્મ સર્વને પોતાના વશમાં રાખનાર-સર્વનું નિયમન કરનાર છે’** એમ કહેતે નહીં. છતાં પણ જો કદાચિત્ ભગવાન કોઈક જીવને વશ થાય તો વેદની વાત ખોટી ઠરે, વેદવાક્યો અવિશ્વસ્ત બને અને સર્વપ્રકારે અલ્પ જીવને વશ બ્રહ્મ થાય તો અનેક પ્રકારની અવ્યવસ્થાઓ આવી પડે. તેમ છતાં પણ ભક્તિશાસ્ત્રોમાં ભગવાનની ભક્તવશ્યતાના પ્રસંગો આલેખાયા છે. ત્યાં ભક્ત એટલે પ્રેમના ઉત્કટભાવોમાં અભિભૂત બનેલો ભક્ત એમ અર્થ છે અને પ્રેમ એ આનન્દમય પરબ્રહ્મનો પ્રિયભાવ રૂપ ધર્મ હોવાથી તે પ્રેમ પણ ભગવદ્રૂપ જ છે. એટલે કે ચિદંશ જીવમાં પ્રિયભાવ રૂપે ભગવાન જ આવિર્ભૂત થાય છે અને એ પ્રેમને જ ભગવાન વશ થાય છે, પ્રેમવિહોણા જીવને વશ થતા નથી. તેથી જ વ્યક્તિ તેનો તે જ હોવા છતાં પણ જે સમયે તે પ્રેમના ઉત્કટભાવોમાં તન્મય નથી હોતો. તેનાં અન્તઃકરણમાં પ્રેમ વ્યાપ્ત નથી હોતો અને તે જીવબુધ્ધિવાળો હોય છે ત્યારે તેવી સ્થિતિમાં ભગવાન તેને વશ નથી હોતા. તેથી જ તો કહ્યું છે કે - **‘ભક્તિના સૂતરના તાંતણે બંધાયેલા ભગવાન તે ભક્તોનાં હૃદયમાં નિવાસ કરે છે’** અહીં જીવ પ્રતિબધ્ધતા ભગવાનની નથી પણ ભક્તિસૂત્રથી પ્રતિબધ્ધતા છે. તેથી ભગવાન કોઈ બીજાને વશ થતા જ નથી તેથી વેદ વાક્ય સાથે કોઈ વિરોધ આવતો નથી. આપણે પહેલાં જ વિચારી ગયા છીએ કે જ્યારે પ્રેમનો ઉદય થાય છે ત્યારે તેમાં પોતાનો ક્યાંય કોઈ વિચાર

કે વિષય રહેતો નથી, તેથી જ તો કહ્યું છે કે - **‘એક માત્ર ભક્તિથી જ હું ગ્રહણ થઈ શકું છું.’**

શ્રીમહાપ્રભુના ભાગવતાર્થનિબન્ધના વાક્યમાં જે **‘કૃષ્ણને આધીન સ્થિતિ એ મર્યાદા છે અને ભગવાનની ભક્તને આધીન સ્થિતિ એ પુષ્ટિ કહેવાય છે’** એમ કહ્યું છે તેમાં પ્રેમની અનુદિત - સાધન અવસ્થામાં દાસભાવે કૃષ્ણને આધીન થઈને સ્થિતિ કરવી એ મર્યાદા એટલે ભક્તિમાર્ગીયા મર્યાદા છે અને પૂર્ણ પ્રેમના ઉદ્ગમ પછી તો રસપૂર્ણ-મધુર પ્રેમના વિવિધ ભાવે થનારી સેવામાં યા ભક્તિમાં તો ભાવરૂપ ભગવાનની સ્થિતિ હોવાથી અને તે ભાવરૂપ ભગવાનનો આવિર્ભાવ ભક્તહૃદયમાં થતો હોવાથી **(સ માનસીન આત્મા જનાનામ્) સ્વાધીન** શબ્દનો પ્રયોગ શ્રીમહાપ્રભુએ કર્યો છે. તેથી સ્વ એટલે જેનાં હૃદયમાં વિવિધ લીલાઓ સહિત ભાવાત્મા ભગવાન બિરાજે છે તેવો ભક્ત, જો ઝીણવટથી વિચારવામાં આવે તો ભક્તજીવ પોતે પણ હૃદયસ્થ ભાવોને આધીન છે. એ બુદ્ધિપૂર્વક વિચારીને ભાવોને પ્રગટ કરતો નથી- ન તેના આદેશ મુજબ ભાવ પ્રગટ થાય છે, પરંતુ ભાવ સ્વયં તેનાં હૃદયમાં પ્રગટ થાય છે અને જેવો ભાવ પ્રગટ થાય છે તેના અનુસાર તે સેવા-ભક્તિમાં પ્રવૃત્ત થાય છે, તેથી ભક્ત સ્વયં પણ ભાવાધીન સ્થિતિવાળો હોય છે. આ રીતે વિચારતાં કૃષ્ણાધીનતા અને સ્વાધીનતા એટલે પ્રેમનો હજુ ઉદય થયો નથી તેવી પ્રેમ-સાધન અવસ્થામાં બહાર બિરાજતા શ્રીપ્રભુની દાસભાવે-તદધીનતાથી સેવા કરવી એ કૃષ્ણાધીનતા અને પૂર્ણ પ્રેમના ઉદ્ગમ પછી પ્રેમસિદ્ધ અવસ્થામાં હૃદયમાં પ્રાદુર્ભૂત ભાવાત્મા ભગવાનની દાસભાવે તદધીનતાથી સેવા કરવી એ સ્વાધીનતા. તેથી **તનુ-વિત્તજા** સેવા એ કૃષ્ણાધીનતા પ્રકારે છે અને **માનસી સેવા** એ સ્વાધીનતા પ્રકારે છે. તેથી નિબન્ધનાં વાક્યમાં ઉપયોગ થયેલ મર્યાદા શબ્દથી મર્યાદામાર્ગીયા સ્થિતિ એમ અર્થ ન કરવો જોઈએ પણ ભક્તિમાર્ગીય મર્યાદા એમ અર્થ ગ્રહણ કરવો જોઈએ. તેથીજ ભક્તિહંસ ગ્રન્થમાં શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ મર્યાદામાર્ગીય અને મર્યાદા ભક્તિ સ્વરૂપ શ્રવણાદિ એમ બે જુદા પાડે છે. તેમાં પ્રેમોત્પત્તિને અર્થે તેનાં સાધનરૂપમાં પ્રયત્નપૂર્વક થનાર ભક્તિને મર્યાદાભક્તિ કહે છે અને પ્રેમોત્પત્તિ થયા પછી સ્નેહસ્વભાવવશ થનારી ભક્તિને પુષ્ટિ ભક્તિ તરીકે જણાવે છે. બેમાં અન્તર એ છે કે પ્રથમમાં સ્નેહની ગૌણતા એ દાસભાવની મુખ્યતા છે અને બીજામાં દાસભાવની ગૌણતા એ સ્નેહની પ્રધાનતા છે.

પુષ્ટિભક્તિ કે પુષ્ટિસેવાની જ્યારે વાત વિચારીએ ત્યારે સેવા એટલે **‘સેવ્યસન્તોષજનિકા સેવા’** જેથી સેવ્ય એટલે જેની સેવા કરવામાં આવે છે તે સેવ્ય ભગવાનને સન્તોષ થાય તે સેવા છે. હવે પ્રશ્ન એ થાય છે કે ભગવાનને સંતોષ શાથી થાય છે ? કયા પ્રકારે સેવા કરવાથી ભગવાનને સંતોષ થાય ? તો શ્રીમહાપ્રભુજી રાસપંચાધ્યાયી - સુબોધિનીમાં જણાવે છે કે **‘માત્ર સાધન - સંપત્તિથી કરવામાં આવેલ ભક્તિ-સેવાથી શ્રીહરિ તુષ્ટ થતા નથી, પરન્તુ એક માત્ર ભક્તમાં રહેલું દૈન્ય જ શ્રીહરિને સંતુષ્ટ કરી શકે છે’** અતઃ સેવામાં પ્રવૃત્ત વૈષ્ણવના હૃદયમાં, વાણીમાં અને જીવનની ક્રિયામાં ભારોભાર દૈન્ય (દીનપણાનો ભાવ) હોવો જોઈએ. આ દીનભાવ પણ લઘુતાગ્રન્થી સ્વરૂપનો નહીં પરન્તુ ગુરુતાગ્રન્થીને ત્યાગી દઈ નમ્રતા અને ઉચ્ચ આદરના ભાવની સાથે વાસ્તવિકતાને સ્વીકારી શકવાની બૌદ્ધિકી શક્તિ સ્વરૂપનો હોવો જોઈએ. જેમ પોતાના મોટાભાઈ, મોટાબહેન કે પોતાનાથી વયમાં મોટા હોય તેમને પ્રણામ કરવા કે તેમને આદર આપવો તેમાં પોતાનામાં ગુણ હોય તેથી ગુરુતાગ્રન્થી નહીં રાખી અને સામેવાળામાં અવગુણ હોય તેથી લઘુતાગ્રન્થી નહીં બાંધી આ મારા જ મોટાભાઈ છે અને હું એમનો નાનોભાઈ છું એમ પોતાનાપણાથી વાસ્તવિકતાનો સ્વીકાર એટલે કે આ મારા પહેલાં જન્મ્યા છે અને હું તેમના પછી જન્મ્યો છું તેથી તેમના પ્રત્યે આદરભાવ રાખવો એ મારો ધર્મ પણ છે અને તેવી સભ્યતા પણ છે એમ વિચારે પ્રણામ-આદરનો વ્યવહાર કરવો. સંસ્કૃત ભાષામાં ભાઈ માટે વપરાતો **‘અગ્રજ’** શબ્દ ઉપર્યુક્ત દૈન્યભાવને મનોવૈજ્ઞાનિક રીતે સ્થિર-દઢ કરે છે.

તેવી જ રીતે પુષ્ટિમાર્ગ યા ભક્તિમાર્ગમાં જણાવવામાં આવેલો **‘દાસભાવ’** પણ બુદ્ધિમાં લઘુતા-ગુરુતાગ્રન્થી વિનાની વાસ્તવિકતાના સ્વીકાર સ્વરૂપની અને તે પણ અતિશય પ્રિયતાપૂર્વક સ્વીકાર સ્વરૂપની બૌદ્ધિકી સ્થિતિ સ્વરૂપનો છે. જેમ ત્યાં આ મારા મોટાભાઈ અને હું એમનો નાનોભાઈ આમાં

પણ **મારા** શબ્દથી પ્રિયતાનો ભાવ, **મોટા** શબ્દથી વાસ્તવિકતાનો સ્વીકાર અને **ભાઈ** શબ્દથી ગુરુતા-લઘુતા ગ્રન્થી વિનાનું સમ્બન્ધજ્ઞાન એમ ત્રણે વાતો છે, તેમ અહીં પણ **‘ભગવાન મારા સ્વામી છે અને હું ભગવાનનો દાસ છું’** આમાં પણ **મારા** શબ્દથી પ્રિયતાનો ભાવ, **ભગવાન** શબ્દથી વાસ્તવિકતાનો સ્વીકાર અને **સ્વામી** શબ્દથી ગુરુતા-લઘુતાગ્રન્થી વિનાનું સમ્બન્ધજ્ઞાન એમ ત્રણે વાતો રહેલી છે. ભગવાન-જીવ વચ્ચે સ્વામી-સેવકનો સમ્બન્ધ છે એટલે કે ભગવાન અંશી છે અને જીવ એ અંશીનો જ અંશ એટલે કે ભાગ છે. તેથી તે ભગવાનથી કંઈ જુદા પદાર્થનો-અલગ છે તેમ નથી. જેમ સમુદ્ર અંશી છે અને સમુદ્રનું બિન્દુ એ અંશ છે. તેમ છતાં પણ બિન્દુ અને સમુદ્ર વચ્ચેનું જે સ્વરૂપાત્મક અન્તર છે તેને લઈને જ ભગવાન સ્વામી છે અને જીવ દાસ છે. જેમ બાપથી કોઈ કારણસર બાળપણમાં વિખૂટો પડી ગયેલો બાળક મોટો થાય અને જ્યારે એને જાણવા મળે કે આ મારો પિતા છે ત્યારે તે જાણકારીની સાથે જ તેને પિતામાં લાગણી પેદા થઈ જાય છે, તેવી જ રીતે જીવને અશાંશી સમ્બન્ધનું જ્ઞાન થાય ત્યારે તેને પણ ભગવાનમાં પ્રીતિ થાય છે. તેથી પ્રીતિપૂર્વકનો પોતાનામાં અંશપણાથી દાસભાવ હોવો એ લઘુતાગ્રન્થી નથી.

બીજી વાત એમ પણ છે કે એક જ વ્યક્તિના શરીરમાં મસ્તક સ્વામીનું કાર્ય કરે છે અને પગ દાસનું કાર્ય કરે છે. તેથી કરીને મારો પગ એમ વિચારે બુદ્ધિમાં લઘુતાનો ભાવ નથી આવતો. પગ પણ મારો છે અને માથું પણ મારું છે. જીવની ઉત્પત્તિ ભગવાનના ચરણસ્થાનીય અક્ષરમાંથી હોવાથી અક્ષરાત્મક સર્વ ચેતના અને સર્વ પદાર્થો ભગવાનના સ્વામિત્વમાં જ રહેલા છે તેથી અક્ષરાત્મક સર્વ ચેતનાઓ (દેવ-દાનવ-માનવ-પશુ-પક્ષી-કીટ-પતંગ-જલચર-સ્થલચર-નભચર વગેરે દેહ ધારણ કરેલ સર્વ ચેતનાઓ) એ ભગવાનના દાસ છે. તેથી દાસભાવ મનમાં ધારણ કરવાથી બુદ્ધિમાં ક્યારેય લઘુતાની ગાંઠ બંધાતી નથી.

એક વાત એ પણ ધ્યાનમાં રાખવી જ જોઈએ કે વાસ્તવિકતાનું બુદ્ધિમાં જ્ઞાન હોવું એને લઘુતા કે ગુરુતાની ગ્રન્થી કહેવું જોઈએ નહીં. બાપ પોતાને બાપ સમજે તેથી તે ગુરુતા ગ્રન્થીવાળો કહી શકાય નહીં. અને દીકરો પોતાને દીકરો માને તેથી તે લઘુતાગ્રન્થીવાળો છે તેમ કહી શકાય નહીં. ગરીબને પોતાની ગરીબીનું જ્ઞાન હોય કે હું ગરીબ છું યા મારી પાસે પૈસા નથી તેટલા જ્ઞાન કે સમજથી તેનામાં લઘુતાગ્રન્થી આવી જતી નથી અને રાજાને હું રાજા છું તેવા જ્ઞાન માત્રથી તેનામાં ગુરુતાગ્રન્થી બંધાઈ જતી નથી. હા, અહીંથી પગ લપસે તો નીચે ગુરુતા-લઘુતાગ્રન્થીની ખાઈમાં જ ડૂબવાનું થાય તે નક્કી છે. લપસવાનો અર્થ છે કોઈ પણ બાબતને વિકૃતિઓથી યા વિકૃતરૂપે જાણવી તે છે. વિકૃતિ એટલે રજોગુણ-તમોગુણના પ્રભાવે રાજસ્-તામસ્ જ્ઞાન વિકૃતિ છે. રજોગુણ-તમોગુણના વિષયને આપણે પૂર્વમાં વિચારી ગયા છીએ. તેમાં કર્તવ્યની ભૂમિ પર સ્થિર થયેલું જ્ઞાન સાત્ત્વિક છે. તૃષ્ણા - આસક્તિ અને ઈન્દ્રિયજન્યસુખની લાલસાની ભૂમિ પર ટકેલું જ્ઞાન રાજસ્ છે અને વૈર-દ્વેષ-ક્લેશ-વ્યસન યા મૂઢતા-મોહની ભૂમિ પર રહેલું જ્ઞાન તામસ્ છે. આ પૈકી હું બાપ છું યા હું રાજા છું એવું જ્ઞાન જો કર્તવ્યની ભૂમિ પર હોય તો તે જ્ઞાન મનુષ્યને ગુરુતાગ્રન્થીમાં નહીં ઢકેલી સ્વકર્તવ્ય તરફ દોરશે. તેમજ તે જ જ્ઞાન જો રજોગુણ-તમોગુણની ભૂમિ પર હશે તો રાજા તરીકે પોતે પ્રજાથી ક્રૂરતાથી કર વસૂલી એશઆરામ ભોગવશે અને બાપ જ્ઞાનવાળો દીકરા પાસે પગ દબડાવી એને આખો દિવસ હીન શબ્દોમાં દબડાવ-દબડાવ કરશે. અધિકાર જ્ઞાન પણ આ જ રીતે હોય છે. કર્તવ્યની ભૂમિ પર રાજા તરીકેનું જ્ઞાન પ્રજાનું હિત વિચારવાનો અને હિત કરવાનો મારો અધિકાર છે અને તે પ્રજાહિતનાં કાર્યોમાં પરોવાશે. બાપનું જ્ઞાન પણ તેમજ સમજવું. તૃષ્ણા-ભોગની ભૂમિ પર રાજાજ્ઞાન પ્રજાથી કરવસૂલનો રાજાનો અધિકાર છે અને ભોગો ભોગવવા એ રાજાની શાન છે અને રાજ્યની પ્રજાથી કરવસૂલમાં આવેલા દ્રવ્યને ભોગોમાં વેડફશે. આજ રીતે પ્રજા-દીકરામાં લઘુતા બાબત સમજવું. આમાં કર્તવ્યની ભૂમિ પર રહેલું જ્ઞાન એમાં હું રાજા કે હું બાપ એમ ગુરુતાનું જ્ઞાન હોઈને પણ ગુરુતાની ગાંઠ બુદ્ધિમાં બંધાતી નથી. મનોવિજ્ઞાનના શાસ્ત્રમાં ગ્રન્થી શબ્દ એક પ્રકારના વિકૃત મનોભાવવાળા મનોરોગને અર્થે કહેવાયો છે અને એવો મનોરોગ કર્તવ્ય-જ્ઞાનમાં દેખાતો નથી. તેથી જે ગ્રન્થીની વિકૃત અસર ગ્રન્થીવાળામાં જણાવી જોઈએ તે અસર કર્તવ્ય-જ્ઞાનવાળામાં જણાતી નથી, બલકે તેવા લોકો ઘણાં તંદુરસ્ત-સ્વસ્થ જોવા મળે છે.

આ બધી બાબતોનો વિચાર કરતાં અને આ રીતે વિચારતાં ભક્તિમાર્ગીય જે દાસભાવ છે તેનાથી ક્યારેય લઘુતાગ્રન્થી ગ્રથાવાનો ભય રહેતો નથી. જો તે દાસભાવ પ્રભુની સેવામાં અધિકારરૂપમાં એટલે કે હું દાસ છું, પ્રભુની સેવા કરવાનો મને અધિકાર છે- એજ મારું કર્તવ્ય છે એમ કર્તવ્ય ભૂમિ પર પ્રકટ થયો હોય તો, જ્યારે અહીં તો તેથી પણ આગળ દીકરાને વ્હાલ કરવાના માના અધિકાર જેવો છે કે જેને આપણે પ્રિયભાવ નામે વિચારી ગયા છીએ. જો દાસભાવ મફતનું વગર મહેનતે ખાઈ પડચા રહેવાની વૃત્તિવાળો હોય ત્યારે તો તે ચોક્કસ જ બુદ્ધિમાં રોગોની ગાંઠો બાંધશે જ.

છઠ્ઠો વિવેક

વિશેષતશ્ચેદાજ્ઞાસ્યાદ્ અન્તઃકરણગોચરઃ ॥ ૩ ॥
તદા વિશેષગત્યાદિ ભાવ્યં ભિન્નંતુ દૈહિકાત્ ।

(૬) કોઈક વખત પોતાના મનમાં કોઈક બાબતે હા કે ના નો અવાજ અંદરથી ઊઠે, ત્યારે પણ ઉતાવળે તેમાં પ્રવૃત્તિ નહીં કરી પોતાના માર્ગદર્શક ગુરુથી માર્ગદર્શન મેળવવું અને તેમની સમ્મતિ-આજ્ઞા મુજબ કરવું.

કેટલાક લોકો થોડી ઘણી પ્રભુની વિશેષ ભક્તિ કરીને, અથવા તો થોડું ઘણું વાંચીને- ભણીને, અથવા બે ચાર મહાપુરુષોનાં વચનામૃતો - ઉપદેશો શ્રવણ કરીને અથવા તો ક્યારેક કોઈક મહાપુરુષના કૃપાપાત્ર તરીકે પ્રસિદ્ધ થઈને સ્વયંમાં ગૌરવાન્વિત બની જતા હોય છે કે અમે પણ સિદ્ધજનો છીએ. અને પછી આવા સિદ્ધજનોને તેમની બુદ્ધિમાં ગંઠાયેલી ગુરુતાગ્રન્થીમાંથી હા, ના,- ના ઘણા અવાજો વારંવાર ઊઠતા હોય છે અને એ અવાજોને એ લોકો ભગવત્ પ્રેરણા યા દૈવપ્રેરણા યા આત્મપ્રેરણા નામે કહેતા હોય છે. સેવામાં પરોવાયેલા વૈષ્ણવો પણ ઘણી વખત આવી પ્રેરણાઓનો ભોગ બની વિમાર્ગનું અનુસરણ કરનારા થઈ જાય છે.

આ બાબતમાં શ્રીવલ્લભાચાર્યજીનો નિશ્ચિત મત છે કે પોતાની બુદ્ધિમાં ઉત્પન્ન થયેલા સદ્વિચારોને પણ સત્પુરુષો - બુદ્ધિશાલી પુરુષો દ્વારા

પ્રમાણિત કરવા જોઈએ. ત્યાર પછી જ તેનું આચરણ કરવું જોઈએ. સદ્વિચારોનું પણ સ્વચ્છન્દતાએ અને ઉતાવળે આચરણ કરવું અહિતાવહ થઈ શકે છે, કારણ કે બુદ્ધિની ઘણી બધી દશાઓ છે અને દિવસભરમાં તે બદલાતી રહે છે અને સદ્વિચાર ક્યારે કઈ દશામાંથી ઉદ્ભવ્યો છે તે વિચારણીય છે. જેમકે ગરીબોને દ્રવ્ય આપવું કે સેવાભાવી સંસ્થાઓમાં દ્રવ્ય આપવું એ સદ્વિચાર છે, પરન્તુ ઘણાં તકરાર થઈને ક્રોધના આવેશમાં જો આવી રીતે આપી દેવાનો વિચાર આવ્યો હોય તો તેને તત્કાલ અમલમાં મૂકવું મૂર્ખતા જ કહેવાશે. કારણ કે ત્યાર પછી આવેશ ઉતરતાં લાંબા ગાળાનો પસ્તાવો જ પસ્તાવો છે. શ્રીઠાકોરજીની સેવા એ સદ્વિચાર જ નહીં ઉત્તમોત્તમ વિચાર છે, તેમ છતાં પણ ચોર્યાસી વૈષ્ણવની વાર્તાના પ્રસંગમાં **'તોસોં સેવા નહીં નિબહેગી, હસ્તાક્ષર પધરાય દઉં હું'**, એમ શ્રીમહાપ્રભુનાં વાક્યો સાંભળવાં મળે છે. સેવા પધરાવવી એ ઉત્તમ વિચાર હોઈ ને પણ સેવાનો નિર્વાહ કેવી રીતે થશે એ વિચારવું મહત્ત્વપૂર્ણ છે, તેના વિના જો ક્યારેક સેવા બોજારૂપ બની ગઈ તો ક્લેશમાં કરેલી સેવા આનન્દરૂપ ન થઈ આધિદૈવિકી જ નહીં થશે, બલકે તેવી સ્થિતિમાં તો સેવા અને પ્રભુ બંનેથી ચિત્ત પરાઙ્મુખ થઈ રહ્યો સહ્યો ભગવદ્ભાવ પણ ચાલ્યો જશે અને વધુને વધુ લૌકિકાવેશ થઈ જશે. તેની અપેક્ષા સ્વરૂપ સેવાથી નહીં તો ન સહી, નામ સેવાથી, શ્રવણ સેવાથી, કીર્તનસેવાથી, સ્મરણસેવાથી વગેરે બીજા બીજા સેવાના પ્રકલ્પોથી જે છે તે ભગવદ્ ભાવને સાચવવો તથા શક્ય તેટલું તેમાં વૃદ્ધિ કરવાનો પ્રયત્ન કરવો જ હિતાવહ છે. કોઈ પણ પ્રકારની સેવા કરવામાં આવે તે બધા જ પ્રકારો સાધનરૂપ છે અને તે બધાનું ફળ-પરિણામ યા પ્રાપ્તવ્ય એ ચિત્તની કૃષ્ણપ્રવણતા જ છે. ઉપર જણાવેલ ચોર્યાસી વૈષ્ણવની વાર્તાના પ્રસંગમાં (વાર્તા -૫૭) વૈષ્ણવને સ્વરૂપ સેવા પધરાવવાનો સદ્વિચાર આવ્યો, તેમણે તે વિચાર પોતાના ગુરુ સમક્ષ પ્રકટ કર્યો અને ગુરુ શ્રીવલ્લભે તેમની સ્થિતિ જોતાં તેને ના કહી બીજો પ્રકાર બતાવ્યો, વૈષ્ણવ ગુરુચીંધેલા માર્ગે ચાલ્યા અને પરિણામે ઉત્તમ ભગવદ્ભાવને પામવાવાળા થયા.

આજ બાબત શ્રીમહાપ્રભુ નવરત્નગ્રન્થમાં ચિન્તાનિવૃત્તિના ઉપાયમાં બુદ્ધિના વિવેકરૂપમાં જણાવે છે કે **'સેવાકૃતિઃ ગુરોરાજ્ઞા' સેવાની કૃતિ-પ્રકાર**

ગુરુની આજ્ઞા મુજબ રાખવો' અહીં પ્રાયઃ લોકો **સેવાકૃતિ**નો માત્ર સ્વરૂપસેવા સમ્બન્ધી પ્રણાલિકાનો જ અર્થ કરે છે, પણ મને તો અહીં એમ જણાય છે કે પ્રણાલિકાના પૂર્વ ગુરુ જે મુજબ - જે પ્રકારની સેવા કરવાનો ઉપદેશ આપે તે મુજબની - તે પ્રકારે સેવા કરવાનો પણ આશય આમાં છુપાયેલો છે. સ્વરૂપ સેવાને પણ જો વિચારીએ તો તેમાં પણ પોતાના આત્માના અવાજે નહીં પણ ગુરુ આજ્ઞા મુજબ જ સેવા કરવી. આત્મા એટલે કે અન્તઃકરણમાંથી પ્રેમ થકી અવાજ આવતો હોય તો ઘણી ઉત્તમ વાત છે, પણ તે જરૂર નથી કે આત્મામાંથી આવતો અવાજ કે મનમાં થતી પ્રેરણા એ પ્રેમ થકી જ હોય. આપણા અન્તઃકરણમાં રહેલા પ્રકૃતિના સાત્ત્વિક, રાજસ્, તામસ્ તથા પરસ્પર મિશ્રણ થકી ૮૧ પ્રકારનો ભાવો અને તેની પરમ્પરા મળી હજારો ભાવો છે તેમાંથી ક્યાંથી કયો અવાજ આવ્યો છે જાણવું અઘરું હોવાથી ઘણું કરીને આવા પ્રાકૃત ભાવોને જ આપણે ભગવત્પ્રેરણાના નામ પર બોલતા હોઈએ છીએ. આપણને ક્યારેક સેવામાં એવો પણ ભગવત્પ્રેરણાના નામે મનોરથ સૂઝી શકે છે કે ઠંડીના દિવસોમાં મનમાં પ્રેરણા થાય કે શ્રીઠાકોરજીને કાશ્મિરની ઠંડી-બર્ફિલી વાદિયોમાં શિકારામાં બિરાજાવીને સહેલ કરાવીએ અને તે માટે આપણે આપણા ઠાકોરજીનો મનોરથ કરીએ પાંદડા-ફૂલ લાવી સુન્દર વનરાજી-બગીચો બનાવીએ અને એમાં વચ્ચે જળભરી શિકારા જેવી નાવમાં પ્રભુને પધરાવીએ. પરન્તુ આવો ભાવ પ્રેમ થકી નથી એ નક્કી છે. કારણ કે સેવ્યપ્રભુની બાલ્યભાવે સેવા કરવાની છે અને નાના બાળકને સખત ઠંડીમાં નાવની સહેલ કરાવવી એ પ્રેમના ભાવોમાં શક્ય નથી. તેથી મનમાં ભલે મનોરથ થાય તો પણ તેનો અમલ તો શ્રીગુરુદેવ શ્રીમહાપ્રભુની આજ્ઞા મુજબ જ કરવો કે વૃષભનો સૂર્ય થાય ત્યાર પછી રોહિણી નક્ષત્રમાં સૂર્ય પ્રવેશે ત્યારબાદ રથયાત્રા પર્યન્તમાં જ જળનો કે નાવનો મનોરથ કરી પ્રભુને બિરાજાવવા. અધિકમાસ પણ જો શીતકાળમાં આવે તો ત્યારે પણ શીતકાળ હોવાથી નાવનો મનોરથ થઈ શકે નહીં. તેવી જ રીતે ષડ્ઋતુનો મનોરથ કરવામાં આવે ત્યારે તેમાં છએ ઋતુની સજાવટ થાય પરન્તુ તેમાં પણ જે ઋતુ વર્તમાનમાં હોય તેની સજાવટમાં પ્રભુને પધરાવવાની પરમ્પરા જોવામાં આવે છે. તેથી ખરેખર સેવા એ પ્રેમનો જ વિષય છે પરન્તુ જ્યાં સુધી પ્રેમનો ઉદય નથી થયો ત્યાં સુધી તો શ્રીગુરુના પ્રેમથી એટલે કે તેમણે

પ્રેમ થકી જે નીતિ-નિયમો ઘડ્યા હોય તે અનુસાર જ કરવી.

પ્રશ્ન : જો ક્યારેક વિશેષ પ્રકારે એટલે કે ગુરુએ બતાવેલા પ્રકારથી વિશેષ અથવા તો તેથી અલગ પ્રકારે ભગવાનની કોઈ આજ્ઞા થાય તો ગુરુ આજ્ઞા માનવી કે ભગવાનની આજ્ઞા માનવી ?

સમાધાન - આ બાબતમાં શ્રીમહાપ્રભુ ઉત્તર આપે છે કે ત્યારે ભગવાનની જ આજ્ઞા મુજબ સેવા કરવી- તે મુજબ જ વર્તવું. કારણ કે ગુરુવર્યે જે પણ આજ્ઞા કરી છે તે ભગવાનની ઈચ્છા-પ્રસન્નતા જાણીને જ તેના અનુસાર જ આજ્ઞા કરી છે. તેમાં ગુરુની પણ કોઈ મનસ્વિતા નથી. તેથી ભગવાને જે પ્રથમ આજ્ઞા કરી હોય અને તેથી વિશેષ કોઈ બીજી આજ્ઞા થાય ત્યારે દ્વિતીય આજ્ઞા જ માનવી.

પ્રશ્ન - ભાગવત દશમ સ્કન્ધ રાસપંચાધ્યાયીના પ્રસંગમાં પ્રથમ ભગવાને વ્રજભક્તોનું આવાહન કર્યું એટલે કે તેમને પોતાની પાસે આવવાની આજ્ઞા કરી અને જ્યારે વ્રજભક્તો ભગવાન પાસે ગયા ત્યારે ભગવાને પાછા ઘરે જવાની આજ્ઞા કરી. ત્યારે વ્રજભક્તોએ પ્રથમ આજ્ઞાને અનુસરીને બીજી આજ્ઞા નહીં સ્વીકારી. પુષ્ટિમાર્ગમાં **'સેવા રીત પ્રીત વ્રજજનકી જનહિત જગ પ્રગટાઈ'** તેથી ભક્તિમાર્ગમાં પ્રભુની સેવા બાબતમાં વ્રજભક્તો આદર્શ ગુરુ સ્થાને છે. તો પછી તેમના અનુસાર બીજી આજ્ઞા અસ્વીકાર્ય છે અને શ્રીમહાપ્રભુ બીજી આજ્ઞાને સ્વીકાર્ય જણાવે છે તો આ બેમાં શું સમજવું ?

સમાધાન :- આના ઉત્તરમાં શ્રીવલ્લભાચાર્યચરણ જણાવે છે કે -

વિશેષતશ્ચેદાજ્ઞાસ્યાદ્ અન્તઃકરણગોચરઃ ॥ ૩ ॥
તદા વિશેષગત્યાદિ ભાવ્યં ભિન્નંતુ દૈહિકાત્ ।

ભાવાર્થ :- થઈ રહેલી પ્રચલિત સેવાથી કંઈક વિશેષ જો ભગવાનની આજ્ઞા (પોતાના કે ભગવદીયોના) અન્તઃકરણમાં અનુભવાય અને તે આજ્ઞા જો દેહ-શરીર તથા તેના સમ્બન્ધી વગેરે લૌકિક બાબતોથી અલગ (ભગવત્સુખાર્થ- ભગવત્સેવાર્થ) જો ભગવાનની વિશેષ આજ્ઞા થઈ હોય ત્યારે

તેવી આજ્ઞા મુજબ- આજ્ઞા અનુસાર કરવું.

ચાહે પહેલી હોય, બીજી હોય કે ત્રીજી હોય, પરન્તુ જે આજ્ઞા જીવના લૌકિક શરીર વગેરે સમ્બન્ધની હોય કે કોઈ લૌકિક-વૈદિક બાબતની હોય, અથવા તો ભગવત્સેવાથી અલગ જીવહિતને લઈ થઈ હોય તેવી આજ્ઞા હોઈને પણ તેમાં ભગવાનનો અભિપ્રાય નથી એમ બુદ્ધિમાં વિવેક રાખવો જોઈએ. કારણ કે ભાગવતમાં કહેવાયું છે કે **‘પોતાના આત્મારૂપે પોતાના અન્તઃકરણમાં ભાવિત થયેલા ભગવાન જ્યારે જીવ પર અનુગ્રહ કરે છે ત્યારે તે અનુગ્રહ પ્રાપ્ત કરેલા જીવની લોક અને વેદમાં સારી પેઠે નિષ્ઠા પામેલી બુદ્ધિનો તે ભગવાન નાશ કરે છે’** તેથી ભગવાનના અનુગ્રહનો વિષય જીવને લોક અને વેદથી ઉપર ઉઠાવી પોતાની સેવા-ભક્તિમાં તેને યોજવાનો હોય છે. આ જ વાત શ્રીવલ્લભાચાર્યજી પોતાના નવરત્ન ગ્રન્થના પ્રથમ શ્લોકમાં જણાવે છે કે - **‘આત્મનિવેદન કરેલા પુષ્ટિજીવોએ ક્યારેય-કોઈ પણ પ્રકારની ચિન્તા ન કરવી, કારણ કે ભગવાન પુષ્ટિમાં બિરાજે છે તેથી પુષ્ટિસ્થ ભગવાન પુષ્ટિ જીવોની ક્યારેય લોકસમ્બન્ધી કે વેદ થકી પ્રાપ્ત થનારી ગતિ નહીં કરાવશે.’** તેથી લોકને પ્રાપ્ત કરાવનારી હોય અથવા વેદ થકી પ્રાપ્ત થાય તે પ્રાપ્ત કરાવનારી આજ્ઞા થાય તો ત્યારે તેમાં ભગવાનનો અભિપ્રાય-આશય નથી તેમજ ભગવાન જીવની પરીક્ષાર્થ આજ્ઞા કરે છે તેમ જાણવું. તેથી જ શ્રીગોપીજનોએ રાસપંચાધ્યાયીના પ્રસંગમાં જેથી ભગવત્ સાંનિધ્ય થાય તે આજ્ઞા સ્વીકારી જેથી ભગવાનનું સાંનિધ્ય દૂર થાય અને લોકપ્રાપ્તિ થાય તે આજ્ઞાને ભગવાનને અનભિપ્રેત-પરીક્ષાર્થ છે તેમ માની તેને નહીં સ્વીકારી. લૌકિક યા વૈદિક બાબતમાં તો શ્રીગુરુવર્ય શ્રીઆચાર્યચરણે જે મુજબ પોતાના સિદ્ધાન્તગ્રન્થોમાં જણાવ્યું છે તે જ ભગવાનનો અભિપ્રાય છે અને તે મુજબ જ વર્તવું. લૌકિક-વૈદિક બાબતમાં તો ભગવાન ગુરુઆજ્ઞાથી અલગ વિશેષ આજ્ઞા કરે ત્યારે તો એમ જ જાણવું કે તે પરીક્ષાર્થ છે, ભગવાનનો તેમ આશય નથી. આ વાત ચોર્યાસી વૈષ્ણવોની વાર્તામાં () ની વાર્તાના પ્રસંગથી જાણી શકાય છે. શ્રીમહાપ્રભુએ સેવાની બધી રીત બતાવી અને શ્રીપ્રભુને ભોગ સમર્પી ટેરો દઈ બહાર બેસવા અને પ્રભુને આરોગતા દૃષ્ટિ નહીં કરવાની આજ્ઞા કરી. ગરમીના

દિવસ હોવાથી એક દિવસ ભોગ આરોગતા પ્રભુએ આજ્ઞા કરી કે મને ગરમી લાગે છે તેથી અંદર આવી પંખો કર, વૈષ્ણવ આંખ બન્ધ રાખી અન્દર જઈ પંખાની સેવા કરવા લાગ્યા, પ્રભુએ બીજી આજ્ઞા કરી આંખ ખોલી મને ભોગ આરોગતા તું દર્શન કર, વૈષ્ણવે કહ્યું જ્યાં સુધી મારા ગુરુ મને આજ્ઞા ન આપે ત્યાં સુધી મારાથી દર્શન થઈ શકે નહીં, કારણ કે મારા ગુરુએ મને ના કહી છે. પ્રભુએ પૂછ્યું તારા ગુરુએ તો તને ભોગ સમયે ટેરાની બહાર બેસવાની આજ્ઞા કરી હતી તે તો તેં માની નહીં અને આમાં ગુરુ આજ્ઞાને કેમ વટાવી ખાય છે ? ત્યારે વૈષ્ણવે ઉત્તર આપ્યો પ્રથમ આજ્ઞામાં તો સેવ્ય એવા આપના સુખ માટે હતી અને ગુરુનો પણ એ જ આશય છે તેથી મેં માની પણ બીજી આજ્ઞા મારા સુખ માટે હતી, તેથી કંઈ આપને સુખ થવાનું નહતું તેથી તેમાં ગુરુવર્યનો આશય અને આપનો પણ તેમાં આશય નથી એમ વિચારે મેં નથી માની. આ સાંભળી શ્રીપ્રભુ વૈષ્ણવ ઉપર ખૂબ જ પ્રસન્ન થયા. આથી એમ જાણી શકાય છે કે ક્યારે અને કઈ બાબતમાં ગુરુની આજ્ઞા મુજબ વર્તવું, ક્યારે અને કઈ બાબતમાં ભગવાનની આજ્ઞા મુજબ વર્તવું અને પોતાના કે ભગવદીયોનાં અન્તઃકરણમાં ઉદ્ભવ પામતા કયા ભાવોને અનુસરવા અને કોને નહીં અનુસરવા એ વિવેકનું શ્રીમહાપ્રભુ આ સ્થળે પ્રશિક્ષણ આપવા માંગે છે. ઉપરાંત એમ પણ વિવેક બતાવ્યો છે કે સેવામાં પણ ક્યારેક કંઈક કોઈક ઉત્તમ-અલૌકિક કાર્ય પોતાનાથી થઈ જાય ત્યારે પણ હું અલૌકિક થઈ ગયો છું તેવું અભિમાન ક્યારેય ન કરવું કિન્તુ શ્રીગુરુ અને ભગવાનની આજ્ઞા - ઈચ્છાથી જ આ શક્ય બન્યું છે તેમ નિરભિમાન પણું રાખવું.

સારા-નરસા, લૌકિક-અલૌકિક ભાવોનું ઉદ્ગમ સ્થળ મનુષ્યનું મન છે. અને મનનો સ્વભાવ પ્રવાહી છે તથા વહેવું એનો ધર્મ છે. પ્રકૃતિના ત્રણ ગુણોથી રંગાયેલું અને આનન્દાંશ અન્તર્યામીની સમીપતામાં રહેલું મન દશ ઈન્દ્રિયો સાથે સમ્બન્ધ કરીને કરોડો ભાવોનું ઉત્પાદક બને છે. આ સ્થિતિમાં દિશાહીન ભાવપ્રવાહમાં વહી જઈ મનની સાથે મનુષ્યનો સર્વનાશ ન થઈ જાય તે માટે પરમકૃપાળુ પરમાત્માએ વિધિ-નિષેધના બે કાંઠાવાળી બુદ્ધિ આપી છે, જેથી બુદ્ધિના બે કાંઠાઓની વચ્ચે બે કાંઠાઓથી નિશ્ચિત થતી દિશામાં

મનનો ભાવપ્રવાહ વહે તો કૃપાસિન્ધુ પ્રભુનાં ચરણોમાં તેનું મિલન થઈ શકે. પરન્તુ જો તે ભાવપ્રવાહ બુદ્ધિના બે કાંઠાના વચમાં ન વહી સ્વતંત્ર જ વહેવા માંડે તો ત્યારે નિશ્ચિત દિશા નહીં હોવાથી ચારેબાજુ ફેલાઈને નાશ જ થાય. તેવી જ રીતે અહીં આપણા મનનો જે ભાવપ્રવાહ છે તે ગુરુવર્ય શ્રીમહાપ્રભુજીની આજ્ઞારૂપ વિધિ-નિષેધના બે કાંઠાઓના વચમાં (વિધિ એટલે તમે આ કરો એમ જે આજ્ઞા હોય તે વિધિરૂપ આજ્ઞા અને તમે આ ન કરો એમ જે આજ્ઞા હોય તે નિષેધરૂપ આજ્ઞા) એટલે કે બંને પ્રકારની આજ્ઞાઓનું યથાવત્ - યથાશક્ય પાલન કરતાં (વિધિરૂપ આજ્ઞાનું શક્તિ અનુસાર પાલન કરતાં અને નિષેધરૂપ આજ્ઞાનું સર્વથા પાલન કરતાં) જો વહે તો આપણા મનોભાવોમાં જ્યાં ક્યાંય પણ જે કંઈ પણ દૂષિત તત્ત્વો મળ્યાં હોય તે છુટ્ટાં પડતાં જાય, દૂર થતાં જાય અને આપણો ભાવ વધુને વધુ શુદ્ધ બનતો જાય. તેથી શ્રીમહાપ્રભુજીએ બતાવેલા પુષ્ટિ-સેવા-સાધના-પથ પર ડગ માંડી રહેલા સાધક વૈષ્ણવો માટે પરમ અનિવાર્ય આવશ્યક છે કે તેઓએ લૌકિક-વૈદિક બાબતોને સામે ચાલી ઈચ્છા કરી આમંત્રવી જ નહીં, અને છતાં પણ તેવી બાબતો આવી જ પડે ત્યારે પણ શ્રીમહાપ્રભુના ગ્રન્થોમાંથી માર્ગદર્શન મેળવીને જ તેનું આચરણ કરવું, પરન્તુ ક્યારેય પોતાના જીવનમાં પોતાને સર્વતંત્ર સ્વતંત્ર માની સ્વચ્છન્દતાએ આચરણ કરવું નહીં. પોતાના મનમાં કે બીજાના મનમાં ભગવત્ સેવા-ભક્તિ સમ્બન્ધી કોઈક ભાવો અલૌકિક છે એમ પ્રતીત થાય ત્યારે પણ તેની અલૌકિકતાની ચકાસણી શ્રીમહાપ્રભુના ઉપદેશો વડે કરી તે મુજબ જો અલૌકિકતા દેખાય તો ત્યારે પણ બીજા બે સિદ્ધાન્તનિષ્ઠ ભગવદીયોથી પોતાની સમજને પ્રમાણિત કર્યા પછી જ તેનું આચરણ કરવું. આ વિવેકનો પ્રકાર- આ પ્રકારનો વિવેક બુદ્ધિમાં જાગતાં મનની સ્વચ્છન્દ-બેલગામ વૃત્તિઓને અને બુદ્ધિમાં ઘર કરી ગયેલી ઉદ્દંડ માન્યતાઓને સંયમમાં રાખવાનો આ અકસીર-રામબાણ ઈલાજ છે. ભગવાન શ્રીકૃષ્ણ પણ ભગવદ્ગીતાના સોળમા અધ્યાયના અન્તે જાણાવે છે કે - **‘હે અર્જુન ! તેથી તારે તારા જીવનમાં શું કરવું અને શું ન કરવું એ બાબતમાં શાસ્ત્રને જ પ્રમાણ તરીકે સ્વીકાર અને શાસ્ત્રમાં જે કરવાનું કહ્યું છે તે મુજબ તું કર્મનું આચરણ કર, જે લોકો શાસ્ત્રની આજ્ઞાનો ઉચ્છેદ કરીને સ્વચ્છન્દ કામનાઓ વડે જ વર્તે છે તે લોકો કોઈ પણ પ્રકારની સિદ્ધિ, સુખ યા પરાગતિને પામનારા બનતા નથી’** જેમ ગીતા અનુસાર કાર્ય-અકાર્ય બાબતમાં શાસ્ત્ર પ્રમાણ છે તેમ અહીં સાધક વૈષ્ણવને માટે કાર્ય-અકાર્ય બાબતમાં શ્રીમહાપ્રભુની વાણી- શ્રીમહાપ્રભુના ગ્રન્થો પ્રમાણ છે.

આધુનિક યુગ અહંમન્ય અને સ્વયંમન્ય પૂર્ણપુરુષોત્તમો, પ્રગટબ્રહ્મો, તુલસીદાસો, શુકદેવજીઓ, દામોદરદાસ હરસાનીના અવતારો, પ.ભ., તાદશીઓ, વેદવેદાન્તનિષ્ણાતો, વેદશાસ્ત્રસમ્પન્નો, મહાનુભાવો, વગેરેનો યુગ છે અને આ બધાને ભગવત્પ્રેરણા, અન્તઃપ્રેરણા યા દેવપ્રેરણા વારેઘડીએ દિવસમાં દર કલાકે થતી હોય છે અને આ પ્રેરણાઓના વમળમાં ઘણા અબુધ લોકો વીંટળાઈ જતા હોય છે. આવી બધી પોતાનામાં થતી પ્રેરણાઓને કહેનારાઓને શ્રીમહાપ્રભુ જલભેદગ્રન્થમાં **‘ક્ષેત્રપ્રવિષ્ટાસ્તે ચાપિ સંસારોત્પત્તિ હેતવઃ’** વાક્યથી માત્ર સંસારની જ ઉત્પત્તિ કરનારાઓમાં ગણાવે છે.

આજથી ૧૪-૧૫ વર્ષ પહેલાં હું મુંબઈ ગયો હતો અને ત્યાં કાંદિવલીમાં ભૂરાભાઈ હોલમાં અમારાં પ્રવચનો ચાલતાં હતાં. પ્રવચનમાં આવી જ કોઈક વાત સાંભળીને એક સજ્જન મને મુકામ પર પ્રશ્ન પૂછવા આવ્યા. તેમણે પૂછ્યું કે શું આપણે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોએ પોતાના પૂર્વજોનું શ્રાદ્ધ કરવું જોઈએ કે ન કરવું જોઈએ ? મેં કહ્યું કે આપણે સનાતન વૈદિક ધર્મને માનનારા છીએ તેથી શ્રાદ્ધાદિ કર્મ તો અવશ્ય કરવું જોઈએ, પરંતુ તમને આવો પ્રશ્ન કેમ ઊભો થયો ? તો તેમણે કહ્યું કે વાત એમ છે કે મારા પિતાજીનું શ્રાદ્ધ આવતું હતું તેથી મેં માર્ગદર્શન મેળવવા એક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કે જેઓ પ.ભ. (પરમ ભગવદીય) નામે પ્રસિદ્ધ છે તેમને પૂછ્યું તો તેમણે મને જાણાવ્યું કે અલ્યા ગાંડા માણસ, આપણે પુષ્ટિમાર્ગીયોથી શ્રાદ્ધ વગેરે થાય ? આપણું તો બધું જ દ્રવ્ય ભગવત્સેવામાં જ વપરાવું જોઈએ, તે કંઈ પિતૃઓ માટે થોડું વપરાય ? એમ કહી મને ચોર્યાસી વૈષ્ણવની વાર્તામાંથી રજોક્ષત્રાણીનો પ્રસંગ વંચાવ્યો અને પ્રમાણ આપ્યું કે પુષ્ટિમાર્ગીયોએ પોતાનું દ્રવ્ય પિતૃઓ પાછળ ન વાપરવું. મેં તેમને પૂછ્યું કે તો મારું શું કર્તવ્ય ? તો એમણે કહ્યું જા મંદિર-હવેલીમાં અને

જે દિવસે તિથિ આવતી હોય તે દિવસે હવેલીમાં ૨૦૦૦ રૂપિયાનો રાજભોગ લખાવી આવ. શ્રીપ્રભુ આરોગે, ગુરુ આરોગે, બ્રાહ્મણો પ્રસાદ લે, વૈષ્ણવો પ્રસાદ લે એટલે આપણું શ્રાદ્ધ એમાં આવી ગયું. તેમજ ગઈ કાલે આપનું પ્રવચન સાંભળવાથી એમ લાગ્યું કે શ્રાદ્ધ કરવું જોઈએ, તો બેમાં સાચું શું ? મેં એ પ્રશ્ન પૂછનાર ભાઈને ઉત્તર આપ્યો કે હું તમને કંઈ કહું એના કરતા એ તાદશી પ.ભ.ને જ એક સવાલ પૂછી જુઓ કે જ્યારે તમે ગુજરી જાઓ ત્યારે તમારા શરીરને બાળવા લાકડાનો ખર્ચ કરવો કે નહીં ? કે પછી તે ન કરી તમારા શરીરને ગોરાઈ બીચના સમુદ્રમાં જળસમાધિ આપી દેવી ? ઉપરાંત જે દામોદરદાસજી હરસાનીજીના તમે પાંચસો વર્ષ પછીના અવતાર છો તે દામોદરદાસજીએ પિતૃઓનું શ્રાદ્ધ કર્યું હતું એમ વાર્તા પ્રસંગોથી જાણવા મળે છે, તો પછી મૂળ દામોદરદાસજી કરતાં તેના તમે અવતારો દોઢા કેમ ?

મહાભારત યુદ્ધ મધ્યે એકદમ અચાનક અર્જુનને પણ સંહાર અનિષ્ટ છે તેમ ધર્મસંગત લાગે તેવી અન્તઃપ્રેરણા ફૂટી નીકળી, પણ તે પ્રેરણાને ભાગવતજી અને ભીષ્મજી **કુમતિ** નામે નવાજે છે અને તેને શ્રીકૃષ્ણજી **નપુંસકોનો ભાવ, ક્ષુદ્ર, દુર્બળ હૃદયનો ભાવ અને અપંડિત-અવિદ્વાન લોકોનો વિચાર** નામે જાણાવે છે. કારણ કે ઉપરથી ધર્મ અને જ્ઞાન જેવું દેખાઈને પણ મૂળ તો મમતાના પિત્તળ પર ચઢેલો ધર્મના ગિલિટનો જ ચળકાટ હતો.

બુદ્ધિમાં ઉત્પન્ન થયેલ જ્ઞાન જેવું દેખાતું પણ જો મમતા, સ્વાર્થ, લોભ, આવેગ, દ્વેષ, માત્ર પ્રાસંગિક અથવા અજ્ઞાનમૂલક હોય તેને જ્ઞાન મનાય નહીં અને તેવા જ્ઞાનથી કોઈનુંય, ક્યારેય, કોઈ પણ પ્રકારનું કલ્યાણ સધાય નહીં, અર્જુનને મહાભારત યુદ્ધ મધ્યે જ્ઞાન થયું પણ તે મમતામૂલક હતું. કર્ણને મહાભારત યુદ્ધ મધ્યે યુદ્ધના સોળમા દિવસે નિઃશસ્ત્ર અને રથહીન પર શસ્ત્ર પ્રહાર કરવો અને તેનો વધ કરવો એ ધર્મવિરુદ્ધ અધર્મ છે એમ ધર્મનું જ્ઞાન થયું પણ શ્રીકૃષ્ણે તે જ્ઞાનને સ્વાર્થમૂલક ગણાવ્યું. કંસને વસુદેવજી સમક્ષ જ્ઞાનની વાણી ફૂટી પણ તે પ્રાસંગિક અને અજ્ઞાનમૂલક હતી. શુક્રાચાર્યને બલિરાજાના પ્રસંગમાં પોતાના દ્રવ્યનો પાંચ ભાગ કરતાં પોતાનો જે પાંચમો ભાગ છે તેને જ તેટલું જ સ્વેચ્છાએ વાપરી શકે છે તેવું ધર્મ જ્ઞાન સૂઝ્યું પણ તે લોભમૂલક હતું. બીજાને મારી નાખવા યા બીજાનો પરાજય થાય કે તેને મોટી હાનિ થાય તેવા હેતુથી કરવામાં આવેલ યજ્ઞ, અનુષ્ઠાન, પારાયણ, તપ વગેરે ધર્મસદશ દેખાતી પ્રવૃત્તિ તે પણ દ્વેષમૂલક છે.

જેમ ઉત્પન્ન થયેલ જ્ઞાન જેવો કે ધર્મ જેવો દેખાતો ભાવ પણ ઉપર જણાવ્યા મુજબ અન્યમૂલક હોય (અન્યમૂલક એટલે જેનું ઉત્પન્ન થવાનું મૂળ-ઉદ્‌ગમ હેતુ જ્ઞાન-ધર્મ કે ભક્તિ ન હોઈ ઉપર જણાવેલાં કારણો મૂલમાં રહેલા હોય) અર્થહીન-કલ્યાણને નહીં સાધી શકનારો હોય છે અને તેને જ્ઞાન-ધર્મ કે ભક્તિ કહી શકાય નહીં, તેમ પુષ્ટિભક્તિ-સેવામાર્ગમાં અન્તઃકરણમાં ઉદ્ભવતા અલૌકિક-ભગવદ્વિષયક જેવા જણાતા ભાવોનું ઉદ્‌ગમ સ્થળ જો ભગવદ્‌ભાવ કે સ્નેહ ન હોઈ પૂર્વમાં જણાવ્યા મુજબના અન્યમૂલક હોય ત્યારે તે ભાવોને ભક્તિના ભાવો જાણવા ન જોઈએ અને તેવા ભાવોની પ્રેરણા ભગવાન ક્યારેય કરતા પણ નથી. તેમજ આવા ભાવોથી કરેલી સેવા પ્રભુ સ્વીકારતા જ નથી.

ખરેખર તો ઘણું કરીને બુદ્ધિમાં રહેલી અનેક વૃત્તિઓ અને વિચારો પૈકી બે-ચાર કે છ પરસ્પર મળીને એક વિશેષ ભાવ-આકારે પ્રદર્શિત થાય છે. જેમ સ્વપ્ન એ બુદ્ધિની વૃત્તિ છે. રાત્રે સ્વપ્ન આવ્યું અને શ્રીઠાકોરજીએ સ્વપ્નમાં આજ્ઞા કરી કે તું શીરો ખા. આપણે સવારે ઊઠીને માનીએ છીએ કે શ્રીઠાકોરજીએ મને શીરો ખાવાની આજ્ઞા આપી છે, પરન્તુ ખરી વાત તો એ છે કે મનમાં રહેલી શીરો ખાવાની ઈચ્છા કે પછી બુદ્ધિમાં રહેલી શીરો ખાવાની પ્રિયતા મૂળમાં રહીને ‘શ્રીઠાકોરજી’ આટલું બુદ્ધિનું જ્ઞાન તેની સાથે ભળતાં મન પણ માયાવી-મિથ્યાસૃષ્ટિનું સર્જક હોઈ શીરો ખાવાની પ્રિયતા અને ઠાકોરજી જ્ઞાન બેને ભેગા કરી બુદ્ધિકલ્પિત ઠાકોરજી દ્વારા આજ્ઞા પ્રતીત કરાવે છે કે ‘તુ શીરો ખા’. પરન્તુ ખરેખર તો તે શ્રીઠાકોરજીની આજ્ઞા કે પ્રેરણા નહીં પણ પોતાના જ ખાઉધરા મનની આજ્ઞા-પ્રેરણા હોય છે. તેથી અન્તઃકરણમાં ઉદ્ભવેલા અલૌકિક જેવા દેખાતા ભાવોનો પણ અમલ કરતાં પહેલાં યોગ્ય વિચાર માંગી લે છે.

આજ બાબતનો વિચારરૂપ વિવેક જણાવતાં શ્રીવલ્લભાચાર્યજી કહે

છે -

‘જો ગુરુ આજ્ઞાથી વિશેષ ભગવાનની આજ્ઞા-ઈચ્છા અન્તઃકરણમાં અનુભવાય તો ત્યારે દેહ અને દેહસમ્બન્ધીઓની બાબતથી જુદી પોતાની સેવા કરાવવા બાબતમાં વિશેષ આજ્ઞા થાય ત્યારે જ તે આજ્ઞાને ચિત્તમાં બરાબર તપાસી ભગવાનની જ આજ્ઞા છે તેમ સ્પષ્ટ જણાતાં તે આજ્ઞા મુજબ અમલ કરવો’

મને એમ લાગે છે કે આ સ્થળે તદા શબ્દ સાથે **એવ** શબ્દનો અધ્યાહાર કરીને અને **તુ** શબ્દને **અને** અર્થમાં ગ્રહણ કરીને અર્થ કરવામાં આવે ત્યારે **તેવી આજ્ઞા જો દેહ-દૈહિકથી ભિન્ન હોય ત્યારે જ તેનો અમલ કરવો** એમ અર્થ પ્રાપ્ત થશે. અહીં **દૈહિક** શબ્દ તમામ લૌકિક-વૈદિક વસ્તુને પ્રકાશનારો છે.

ભક્તિમાર્ગમાં બિરાજતા પરમાનંદ પરબ્રહ્મ પ્રભુ ભક્તિમાર્ગમાં સ્થિતિ કરીને રહેલા પોતાના ભક્તોને ક્યારેય લોકાનુસારી કે વેદાનુસારી આજ્ઞા કરતા નથી અને જો તેવી આજ્ઞા થાય છતાં પણ તેનું અનુસરણ કરવાનો તેમાં ભગવાનનો અભિપ્રાય કે આશય હોતો નથી, તે માત્ર પરીક્ષાર્થ જ અથવા તો અન્ય કારણથી હોય છે. જેમ સ્કૂલમાં નાનાં બાળકોને શિક્ષક કહે છે કે ચારમાંથી પાંચ જાય તો કેટલા રહે ? બોલો, ત્યારે ઉત્તર આપવાની શિક્ષકની આજ્ઞા-આદેશમાં ચારમાંથી પાંચ ઘટાડવાના આશયની નથી, પણ બાળકની બુદ્ધિ અને તેનાં જ્ઞાનના પરીક્ષાર્થ છે. તેથી જ રાસપંચાધ્યાયીમાં પોતાની પાસે આવેલા ગોપીજનોને **‘અહીં આ ઘોરવનમાં અને ઘોરરાત્રીમાં સ્ત્રીઓએ એકલા ન રહેવું જોઈએ તેથી તમે પાછા વ્રજમાં - ઘરે જાઓ, પોતાના પતિ-પુત્ર શ્વશુર વગેરેની સેવા કરવી એ જ સ્ત્રીઓનો ધર્મ છે અને તેથી ઘરે જઈ તે ધર્મ પાળો’** એમ ભગવાનની લોકાનુસારી અને વેદાનુસારી વિશેષ આજ્ઞા થવા છતાં પણ ગોપીજનોએ લોક-વેદનું અનુસરણ નહીં કરીને વિનન્તીપૂર્વક ભગવાનને ભક્તિમાર્ગમાં રહીને આજ્ઞા કરવાનો આગ્રહ સેવ્યો. કારણ કે ગોપીજનો લોક-વેદને અનુસરે એ ભગવાનનો અભિપ્રાય પણ નથી અને ભગવાનને અભીષ્ટ પણ નથી, પરન્તુ ગોપીજનો ભગવાન પ્રત્યેના ઉત્કટ સ્નેહમાં લોક-વેદ સર્વને ત્યાગી એક માત્ર સર્વાત્મભાવે ભગવાનનું ભજન કરે એ જ ભગવાનને અભીષ્ટ છે અને તેથી જ તેમના લોક-વેદ ત્યાગપૂર્વકના સર્વાત્મભાવને ભગવાને એકાદશ સ્કન્ધમાં **‘કેવલેન હિ ભાવેન ગોપ્યઃ’** તથા **‘યથા સમાધૌ મુનયઃ’** વગેરે વાક્યોથી નવાજ્યો છે. તેથી પોતાનાં અન્તઃકરણમાં કે બીજા કોઈ વૈષ્ણવનાં અન્તઃકરણમાં ભગવાનની આજ્ઞા કે પ્રેરણા છે તેમ અનુભવાય તો પણ તે આજ્ઞા-પ્રેરણા લૌકિક - વૈદિકમાં પ્રેરનારી ન હોઈ સેવા માટે યા સેવામાં આવતા પ્રતિબન્ધોની નિવૃત્તિ અર્થે હોય તો જ તેને અનુસરવું એમ વિવેક છે.

લોક-વેદમાં પ્રેરનારી જો આજ્ઞા-પ્રેરણા હોય તો તેનું અનુસરણ કરવું નહીં એમ કહેવાનો એ અર્થ નથી થતો કે સેવા કરનારે સેવાની સાથે જ તત્કાલ બધું જ લૌકિક-વૈદિક ત્યાગી દેવું. અથવા તો સેવા અને લૌકિક-વૈદિક બે વચ્ચે ઘર્ષણ આવે તો સેવાને પ્રધાનતા આપી લૌકિક-વૈદિકને ગણકારવા જ નહીં, તેથી જ શ્રીઆચાર્યચરણ ભાગવતના ત્રીજા સ્કન્ધની સુબોધિનીમાં ભગવદ્ધર્મ અને વર્ણાશ્રમાદિ ધર્મોને પરસ્પર એકબીજા માટે વિધર્મરૂપે એટલે કે ભગવદ્ધર્મ આત્મસમ્બન્ધે છે અને વર્ણાશ્રમાદિ ધર્મો દેહ સમ્બન્ધે છે અને વર્તમાન સ્થિતિમાં મનુષ્યને **હું દેહ છું** તેમ દેહજ્ઞાન પણ છે તો એને જ **હું જીવ છું** તેમ જીવજ્ઞાન પણ છે. આમ બુદ્ધિમાં બન્ને પ્રકારનું જ્ઞાન હોવાથી એક-બીજાને વિરોધ ન આવે એ રીતે બુદ્ધિના ચાતુર્યે બંનેનું અનુષ્ઠાન કરવું જણાવે છે. યદ્યપિ દેહ કરતાં જીવ એ અન્તરંગ હોવાથી બેમાં પ્રધાનતા જીવની જ છે તેથી જીવાત્માને પ્રાપ્ત ભગવદ્ધર્મની જ મુખ્યતા છે, તેમ છતાં પણ વર્તમાન સ્થિતિમાં મનુષ્યની બુદ્ધિમાં જીવજ્ઞાન કરતાં દેહજ્ઞાનની પ્રબળતા હોવાથી દેહ થકી પ્રાપ્ત થનારા ધર્મોને પણ નેવે તો ન જ મૂકી શકાય. કારણ કે શાસ્ત્રોમાં દેહજ્ઞાન થકી પ્રાપ્ત થનારા વર્ણ-આશ્રમ વગેરે સમ્બન્ધી જે ધર્મો કહ્યા છે તે પણ મનુષ્યના કલ્યાણના હેતુથી જ કહ્યા છે અને તે ધર્મો પણ ભગવદાજ્ઞા રૂપ જ છે. શ્રીવલ્લભાચાર્યજી અણુભાષ્યના ૧-૧-૧ માં લખે છે કે **‘વેદ એ જીવને માટે પર આપ્ત છે, સંસારમાં પડેલા સંસારીજીવોને સંસારથી મુક્ત કરાવવા માટેની વેદની પ્રવૃત્તિ છે’** માનવ હૃદય એક એવું જંકશન છે જ્યાં દેહભાવ-જીવભાવ- દૈવભાવ-આસુરભાવ- ભગવદ્ ભાવ-સ્નેહભાવ વગેરે સર્વની સ્થિતિ છે. તેમાં દેહભાવ

એ તામસ્ - આસુરી છે કે જે આસુરભાવ ભગવદ્‌ભાવ કે સ્નેહભાવ વિરોધી છે. આલસ્ય-નિદ્રા-મોહ-મમતા-ક્રોધ-વૈર-ઈર્ષ્યા-અભિમાન કામ-લોભ વગેરે સર્વ આસુરીભાવનાં સન્તાનો છે કે જે સેવામાં અવરોધે છે. જ્યાં સુધી ભગવદ્‌ભાવ કે સ્નેહભાવનો હૃદયમાં પૂર્ણ ઉદ્‌ગમ ન થયો હોય અથવા તો તે અદઢ-અપરિપક્વ દશામાં હોય ત્યાં સુધી સાધકે આસુરભાવથી સ્નેહભાવનું રક્ષણ કરવું આવશ્યક છે અને વૈદિક વર્ણાશ્રમાદિ ધર્મો મનુષ્યના મન-વાણી અને શરીરમાં વ્યાપી રહેલા આસુરભાવને નાથે છે અને વધુ આસુરાવેશને થતાં રોકે છે. તેથી તે ધર્મોનું પાલન આપણી આજની સાધનદશામાં એટલે કે અદઢ-અપરિપક્વ દશામાં સાધનામાં ઉપકારી-આવશ્યક છે. તેથી જ શ્રીમહાપ્રભુ સ્વરચિત ભક્તિવર્દ્ધિની ગ્રન્થના પહેલા-બીજા શ્લોકમાં **‘જે પ્રકારે ભક્તિની વૃદ્ધિ થાય તે પ્રકારે અહીં કહેવામાં આવે છે, બીજભાવ દઢ થતાં ત્યાગ કરીને શ્રવણ-કીર્તન કરવાથી (ભક્તિવૃદ્ધિ) થાય છે, બીજની દઢતા માટેનો પ્રકાર છે તે તો ઘરમાં જ સ્વધર્મપૂર્વક રહીને અવ્યાવૃત્તિ કરીને પૂજા-શ્રવણ વગેરે વડે કૃષ્ણને ભજવા’** આ રીતે ઘરમાં રહી પોતે જે વર્ણ અને આશ્રમમાં હોય તે અનુસારના તેના ધર્મોનું પાલન કરતાં કૃષ્ણભજન કરવાનું શ્રીમહાપ્રભુ ભક્તિવૃદ્ધિના ઉપાયમાં જણાવે છે. હૃદયમાં જ્યારે સ્નેહનો સૂર્યોદય થાય છે ત્યારે તો જેમ અંધકાર કાઢવો નથી પડતો પણ આપોઆપ દૂર થાય છે તેમ લોક-વેદનો ત્યાગ કરવો પડતો નથી પણ તે સ્નેહના સ્વભાવે જ આપોઆપ થઈ જાય છે. પણ તેવો સુદઢ સ્નેહ ન જાગે ત્યાં સુધી વૈદિકધર્મરૂપ પ્રહરીની સુરક્ષામાં રહેવું જ હિતાવહ છે.

વડોદરામાં એક બહેન ઘરે શ્રીઠાકોરજીની પ્રેમથી સેવા કરે. વ્યવહારમાં સૂતક, વૃદ્ધિ, રજસ્વલા વગેરેના આશૌચ સેવા બાબતમાં આપત્તિ આવતી રહે, કોઈ જલદીથી શ્રીઠાકોરજીને ઘરે પધરાવી જવા તૈયાર ન થાય કે ન કોઈ ઘરે આવી સેવા કરવા તૈયાર થાય, આવી સ્થિતિમાં ત્યાં આધુનિક પુષ્ટિમાર્ગના મોટા સુપ્રસિદ્ધ પ.ભ. આવ્યા અને બહેનના ઘરે સત્સંગ ચાલુ કર્યો (કોઈના પણ ઘરમાં પ્રવેશવા માટે સત્સંગ એક કામયાબ દ્વાર છે). પ.ભ.ને જાણવા મળ્યું કે બહેનને આવી આપત્તિ આવે છે. એમણે - પ.ભ.એ સત્સંગમાં બધા ઉપસ્થિત વૈષ્ણવોના વચમાં પેલા બહેનને કહ્યું કે વેદ અને વૈદિક ધર્મો એ તો પ્રમાણ માર્ગ છે અને આપણો પુષ્ટિમાર્ગ-સેવામાર્ગ એ તો પ્રમેયમાર્ગ છે. આપણા સેવ્ય ઠાકોરજી પણ પ્રમેય સ્વરૂપ છે અને પ્રમાણ કરતાં પ્રમેય એ બલિષ્ઠ - ઉપર છે. તેથી આપણે વૈષ્ણવોએ પ્રમાણનું અનુસરણ નહીં કરી પ્રમેયને જ અનુસરવું. તેથી તમને ભલે સૂતક-વૃદ્ધિ કે રજસ્વલાની અડચણ આવે પણ શ્રીમહાપ્રભુજીએ સિદ્ધાન્ત મુક્તાવલી ગ્રન્થમાં સ્પષ્ટ જ આજ્ઞા કરી છે કે **‘શ્રીકૃષ્ણની સદાકાળ સેવા કરવી’** અને ચતુઃશ્લોકી ગ્રન્થમાં આજ્ઞા કરી છે કે **સર્વદા સર્વકાળે શ્રીકૃષ્ણને જ ભજવા, પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોનો આજ સ્વધર્મ છે, બીજો કોઈ પણ ધર્મ ક્યાંય ક્યારેય નથી’** તેથી તમને સૂતક હોય, વૃદ્ધિ હોય કે તમે રજસ્વલા હો તમારે તો અપરસમાં સ્નાન કરી સેવા કરવી અને રોજની માફક સામગ્રી સિદ્ધ કરવી. પેલા બહેને તથા બીજા વૈષ્ણવોએ કહ્યું કે આમ કરવાથી પાપ નહીં લાગે ? તો પ.ભ. એ કહ્યું તમે પાપની ચિન્તા નહીં કરો તમને જે પાપ લાગશે તે બધું મારા માથા પર પણ તમે આમ વર્તો. ઉપરાંત (ગ્રન્થમાં આવેલ **દૈહિક** શબ્દનો મનમાન્યો અનર્થ કરી -) શ્રીમહાપ્રભુજીએ વિવેકધૈર્યાશ્રયમાં પણ જણાવ્યું છે કે **દેહ કે દેહસમ્બન્ધીઓનું જેમાં અનુસરણ આવતું ન હોય તેવી પોતાની સેવામાં યોજતી ભગવાનની આજ્ઞા પ્રેરણા જો પોતાનાં કે ભગવદીયોનાં અન્તઃકરણમાં અનુભવાય તો બધાને માટેની (કોમન) પ્રચલિત ગુરુની આજ્ઞાથી આને અધિક પોતાને માટેની સમજી તે મુજબ વર્તવું’** હું ભગવદીય છું અને મારા અન્તરમાં તમારા માટે આ વાત આવી છે તે વિશેષ પ્રકારે તમારા માટેની ભગવાનની પ્રેરણા જ છે તેથી તમે હવેથી આમ વર્તો, પાપ નહીં લાગે, આ થોડા સમય પહેલાં જ બનેલી સાચી વાત છે.

શ્રીમહાપ્રભુનાં મહાન આશયપૂર્ણ વાક્યોનો અને સિદ્ધાન્તોનો આથી વધુ શો બીજો અનર્થ થઈ શકે છે. અને આવા અનર્થો અને આવા અનર્થકારી પ.ભ.ની કૃપાદષ્ટિથી જાણે કેટલાય અબુધ-ભોળાભાલા વૈષ્ણવો ભોગ બની તેમના સ્વધર્મથી ચ્યુત થતા હશે ! મહાપ્રભુના સિદ્ધાન્તોની યોગ્ય જાણકારીના અભાવે અને બે ચાર આમ તેમની વાતો સાંભળી-જાણી ભગવદીય વેશ માત્ર

ધારણ કરી મહાપ્રભુના સિદ્ધાન્તોને આધીન નહીં રહેનારા અને પોતાની જાતે જ પોતાને ભગવદીય રૂપમાં અહંમન્ય - અભિમાન ધરાવતા તથાકથિત પ.ભ. લોકોને માટે તો સૂરદાસજીની પેલી ઉક્તિ જ કહી શકાય છે કે **‘સૂરદાસ બહુત કહા કહે, ડૂબે કુટુંબ સમેત’** પોતાની સાથે રહેલાઓને સાથે લઈને ડૂબનારા, આમ જ કહી શકાય છે.

દૈહિક શબ્દ સંસ્કૃત ભાષામાં અને શાસ્ત્રોમાં શૌચ જવું, મૂત્રોત્સર્જન, સ્નાન, ભોજન વગેરે દેહથી થનારી અનિવાર્ય-આવશ્યક ક્રિયાઓના અર્થમાં પણ ઉપયોગ થાય છે. આ બધી ક્રિયાઓ અંગે શાસ્ત્રોમાં અથવા સમ્પ્રદાયમાં - સાહિત્યમાં જરૂરી કેટલાક નિયમો બતાવેલા જ છે અને તે નિયમોમાં રહીને આ બધી ક્રિયાઓ અનિષિદ્ધ જ છે તેથી આને માટે ભગવાનની આજ્ઞા કે પ્રેરણા અપેક્ષિત રહેતી નથી.

તેવી જ રીતે **દૈહિક** શબ્દનો અર્થ દેહ સમ્બન્ધીઓના અર્થમાં લેવામાં આવે ત્યારે પણ છોકરાનો યજ્ઞોપવીત સંસ્કાર કરવો- કરાવવો, છોકરા-છોકરીના યોગ્ય પાત્ર સાથે વિવાહ કરાવવા, પત્ની-પુત્ર-વૃદ્ધ માતા-પિતા વગેરેનું ભરણ-પોષણ કરવું વગેરે ક્રિયાઓ પણ આવશ્યક છે અને શ્રીપ્રભુચરણના સ્વાભાવિક સમર્પણના સ્વતંત્ર લેખમાં જણાવ્યા મુજબ સેવાપ્રતિબંધ નિવૃત્તિરૂપમાં આચરતાં તે પણ અનિષિદ્ધ છે અને તેને માટે પણ સ્વતંત્ર ભગવત્પ્રેરણાની અપેક્ષા નથી રહેતી કે ભગવાન પ્રેરણા કરશે ત્યારે હું આ કરીશ.

તેથી ઉપર જણાવેલ દૈહિક શબ્દના બંને અર્થથી પણ તે બાબતમાં કોઈ પણ પ્રેરણા કે આજ્ઞાની આવશ્યકતા-અપેક્ષા નહીં હોવાથી તેવી બાબતોમાં ભગવાન આજ્ઞા કે પ્રેરણા કરતા જ નથી. ઉપરાન્ત આ બધી બાબતો અતિ લૌકિક હોઈ લૌકિક બાબતોમાં ભગવાન સર્વથા નિરપેક્ષ રહે છે તેથી પણ તેવી આજ્ઞા-પ્રેરણા કરતા નથી. શ્રીમહાપ્રભુને ભગવાનની લગ્ન કરવાની આજ્ઞા અને પરીક્ષિત રાજાને ૠષિના ગળામાં મરેલો સર્પ પહેરાવવાની પ્રેરણા આ બંને પ્રસંગોમાં લૌકિક બાબત દેખાય છે. પરંતુ શ્રીમહાપ્રભુને આજ્ઞા વિષયમાં માત્ર લગ્નની આજ્ઞા નથી કરી પણ પોતે ત્યાં પ્રગટ થવાની ઈચ્છા છે તેથી તે આજ્ઞા

અલૌકિક વિષયની છે અને પરીક્ષિત રાજાના પ્રસંગમાં એમને જે આમ કરવાની પ્રેરણા મળી છે તેમાં પ્રેરક માથા પર રહેલો કલિયુગ સ્વરૂપ સુવર્ણ મુકુટ છે.

હવે રહી નિષિદ્ધ બાબતની પ્રેરણા. નિષિદ્ધ એટલે લોક અને વેદમાં જે કરવા નિષેધ કરવામાં આવ્યો હોય કે આમ ન કરવું તે અથવા જેની-જે કૃતિની લોક-વેદમાં નિન્દા કરવામાં આવી હોય તે. તો તે આપણે પહેલાં જ ભક્તિવર્દ્ધિનીમાં કહેવાયેલ શ્રીમહાપ્રભુનાં વાક્યો જોઈ ગયા છીએ. લોક-વેદ સર્વનો ત્યાગ એ દઢ બીજભાવની દશામાં જ થઈ શકે છે, તેના પહેલાં તો ઘરમાં અને વર્ણાશ્રમાદિ ધર્મપાલન પૂર્વક કૃષ્ણભજન કરવાનું શ્રીઆચાર્યચરણ જણાવે છે અને દઢબીજભાવ એટલે બીજ જ્યારે પ્રેમ-આસક્તિનાં પગથિયાં પાર કરી વ્યસન દશામાં અને તેમાં પણ વ્યસનની આરંભ દશામાં નહીં અપિતુ પૂર્ણવ્યસન સિદ્ધ દશામાં પ્રવેશે ત્યારે જ ત્યાગનો આદેશ છે. તેથી તેના પૂર્વ તો પોતાની સેવા સાધનાને બાધા ન પહોંચે તે રીતે લોક-વેદનું પાલન કરતાં આગળ વધવાનું છે.

અહીં સેવાને બાધા ન પહોંચે તે બાબતમાં પણ તૃતીય સ્કન્ધ સુબોધિનીનાં શ્રીમહાપ્રભુનાં વાક્યો જ અનુસંધેય છે. તે અનુસાર ચાહે દેહ થકી પ્રાપ્ત થનારા વર્ણાશ્રમાદિ ધર્મો હોય, ચાહે જીવભાવ થકી પ્રાપ્ત થનાર દાસ્ય ધર્મ હોય તેનું પાલન યથાશક્તિ - પોતાની શક્તિ અનુસાર કરવાનું છે. જે-જેટલી શક્તિ છે તેથી ઓછું પણ નથી કરવાનું અને જે - જેટલી શક્તિ છે તેથી વધુ પણ નથી કરવાનું, શક્તિના સમતુલ આચરણ કરવાનું છે. પરન્તુ દેહભાવ થકી કે જીવભાવ થકી જે ધર્મ પ્રાપ્ત છે તેથી વિપરીત તેમાં જેનો નિષેધ કરવામાં આવ્યો હોય અથવા તો જેનાં આચરણથી અધર્મ અથવા તો વિધર્મ થતો હોય તેવી તો દરેક બાબત સદૈવ સવર્થા ત્યાગવાની છે. વિધર્મ એટલે જેના આચરણથી પોતાના ધર્મને બાધ પહોંચતો હોય. દેહભાવ થકી ધર્મમાં વિધર્મ એટલે જે કર્મની લોક-વેદમાં નિન્દા કરવામાં આવી હોય તેવા ચોરી-વ્યભિચાર -હિંસા-અનાચાર વગેરે અને જીવભાવ થકી ધર્મમાં વિધર્મ એટલે અન્યાશ્રય-અસમર્પિતનો ભોગ - દુ:સંગ-અવૈષ્ણવ સાથેનું રહન-સહન-ખાન-પાન વગેરે. દેહભાવ થકી ધર્મ એટલે જેની લોક-વેદમાં સ્તુતિ-પ્રશંસા કરવામાં આવી

હોય તેવાં દાન-વ્રત-તપ-હોમ-જપ-સ્વાધ્યાય-સંયમ-સદાચારપાલન-તીર્થવાસ-તીર્થયાત્રા-દયા-કરુણા-ક્ષમા-ઇન્દ્રિયનિગ્રહ-નિયમ અન્તઃકરણ વગેરે અને જીવભાવ થકી ધર્મ એટલે પ્રભુના દાસપણાએ જે કંઇ કરવું પ્રાપ્ત હોય તે બધું જ ધર્મ-સ્વધર્મ છે.

આ રીતે બંને પ્રકારે ધર્મ અને વિધર્મના શ્રીમહાપ્રભુના વિચારને કેન્દ્રમાં રાખી પોતાની સાધનદશામાં જો કદાચ ક્યારેક આત્મધર્મની સામે દેહથકી વિધર્મ પ્રાપ્ત થાય ત્યારે શો નિર્ણય કરવો અને જો કદાચ કયારેક દેહ થકી ધર્મની સામે જીવ થકી વિધર્મ પ્રાપ્ત થાય ત્યારે શો નિર્ણય કરવો એ શ્રીમહાપ્રભુના મતે વિચારણીય રહે છે.

પ્રથમ વિધર્મ શબ્દનો અર્થ વિચારીએ તો ભાગવતમાં જણાવ્યા અનુસાર અધર્મની પાંચ શાખાઓ છે અને તે પાંચે અધર્મ જ છે. **વિધર્મ, પરધર્મ, આભાસ, ઉપમા અને છલ** આ પાંચ અધર્મની શાખાઓ છે. જેનાં આચરણથી પોતાને પાળવાના ધર્મને બાધા પહોંચતી હોય તેવું આચરણ ભલે ધર્મમાં કહેવાયું હોય તો પણ તે **વિધર્મ** છે, જે બીજાને ઉદ્દેશીને કહેવાયેલો ધર્મ હોય તેનું દેખાદેખી પોતે આચરણ કરે તે **પરધર્મ** છે, પાખંડનું આચરણ કરવું અથવા દંભ કરવો એ **ઉપમા અથવા ઉપધર્મ** છે, પોતાના વર્ણ કે આશ્રમથી વિપરીત પોતાની મનમાની કરી બીજાના આશ્રમ કે વર્ણને ધર્મ સમજી તેનું આચરણ કરવું **આભાસ** છે અને શાસ્ત્રના આશયને અવગણી શાસ્ત્ર-વાક્યોના તોડમરોડ કરી અર્થ કરવો અને તે મુજબ આચરણ કરવું-કરાવવું એ **છલ** છે.

આ રીતે વિધર્મને જોતાં જેમકે સદા ભગવત્સેવા કરવી એ આત્મધર્મ-દાસધર્મ છે તો તેની સામે પોતાની પવિત્ર અવસ્થા વિના દેવકાર્ય કે પિતૃકાર્ય ન કરવું એ દેહ થકી પ્રાપ્ત થતો ધર્મ છે તેથી સ્નાન કર્યા વિના સેવામાં જવું એ દેહ થકી વિધર્મ છે. તેવી જ રીતે એકાદશીનું વ્રત કર્યું હોય ત્યારે બીજા દિવસે સૂર્યોદય પછીથી દ્વાદશી તિથિ જેટલો સમય રહેતી હોય તે સમયમાં જ વ્રતનાં પારણાં કરી લેવાં અન્યથા વ્રતભંગનો દોષ લાગે અને દ્વાદશી તિથિ સૂર્યોદયના બે મિનિટ પછી પૂર્ણ થઇ જતી હોય અને આપણે પ્રાતઃ તે સમયે ભગવત્સેવામાં બેઠા હોઈએ તો પારણાં કરવા જવામાં સેવાત્યાગનો અપરાધ લાગે. આવી બે સ્થિતિમાં શો નિર્ણય કરવો ? એમ વિચારણીય રહે છે.

ધર્મના ત્રણ પ્રકારો છે. ભગવદ્ધર્મ-વેદધર્મ અને લોકધર્મ. બાકીના જેટલા પણ ધર્મ શબ્દ સાથે જોડાયેલા શબ્દો છે તે રાષ્ટ્રધર્મ-પ્રજાધર્મ- રાજધર્મ-વર્ણધર્મ- આશ્રમધર્મ-સ્ત્રીધર્મ-પુત્રધર્મ-સેવકધર્મ-વૈષ્ણવધર્મ વગેરેનો ઉપર્યુકત ત્રણમાં સમાવેશ થઇ જાય છે. ધર્મ શબ્દ **‘ધૃઞ્’** ધાતુથી બનેલો **ધારણ** કરવાનો અર્થ પ્રકાશે છે. તેથી ધર્મ એટલે જે ધારણ કરવા યોગ્ય-આચરણ કરવા યોગ્ય હોય તે ધર્મ કહેવાય. આ અર્થવાળા ધર્મ શબ્દને ઉપર જણાવેલ ત્રણની સાથે જોડતાં -

ભગવદ્ધર્મ એટલે ગીતા-ભાગવત-વૈષ્ણવ પુરાણો-પંચરાત્ર વગેરે ભગવત્ - વૈષ્ણવ શાસ્ત્રોમાં વૈષ્ણવોએ જે આચરણ કરવા યોગ્ય કહેવાયું હોય તેવાં તમામ કર્મો ભગવદ્ધર્મ કહેવાય. જેમકે પુરાણોમાં કહ્યું છે કે **‘વિષ્ણુને નિવેદન કરેલા અન્ન વડે જ બીજા દેવોનું યજન કરવું, પિતૃઓનું શ્રાદ્ધાદિ કર્મ પણ તે વડે જ કરવું’** તેમજ **‘વિષ્ણુને નિવેદન કરીને જ નવું વસ્ત્ર, ખાદ્ય-પેય, ઔષધ, અલંકાર વગેરેનો પોતાના અર્થે ઉપયોગ કરવો’** ભાગવતજીમાં કહ્યું **‘ભગવાનને આત્મનિવેદન કરીને જ શ્રવણ-કીર્તન વગેરે કરવાં’** શ્રીમહાપ્રભુજીએ જણાવ્યું **‘સર્વહેતુ રહિત શ્રીભાગવતનો પ્રયત્નપૂર્વક નિત્ય પાઠ કરવો’ તેમજ ‘પોતાની સર્વ સ્થિતિમાં એક માત્ર પરમાત્મા-પરબ્રહ્મ-ભગવાન શ્રીકૃષ્ણનું જ શરણભાવન ચિત્તમાં કરવું અને તે મુજબ વાણીથી પણ ઉચ્ચારવું’** તેમજ **‘જેમાં દશમીવેધ ન હોય તેવી એકાદશી વગેરે પાંચ વિષ્ણુવ્રતો પૂર્વ તિથિના વેધ વિનાની તિથિના રોજ કરવા’** (વેધ એટલે એકાદશીવ્રતમાં અરુણોદય સમયે અને બાકીના ચાર જયન્તી વ્રતોમાં સૂર્યોદય સમયે પૂર્વતિથિ એટલે કે જન્માષ્ટમીથી લેતાં સપ્તમી, અષ્ટમી, ત્રયોદશી અને દશમી સૂર્યોદય સમયે થોડીક ક્ષણો રહીને પછી અષ્ટમી, નવમી, ચતુર્દશી અને એકાદશી બેસતી હોય તે પૂર્વતિથિનો વેધ છે), તેમજ **‘શાસ્ત્રમાં જણાવ્યા મુજબના જે-તે અંગો ઉપર ગોપીચન્દનથી શંખ-ચક્ર વગેરે વિષ્ણુ ચિહ્નો ધારણ કરવાં, લલાટમાં કુમકુમથી ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવું, કંઠમાં**

અહર્નિશ તુલસી કાષ્ઠમાંથી બનેલી માળા ધારણ કરવી’ વગેરે કર્મો ભગવદ્ધર્મ છે.

અથવા, જે ઉપાયોથી ભગવત્પ્રાપ્તિ થઇ શકે છે તેવા ભાગવત એકાદશ સ્કંધમાં જણાવ્યા મુજબના જ્ઞાન-કર્મ-ભક્તિ એ ભગવદ્ધર્મ છે. એ પણ ત્યારે જ ભગવદ્ધર્મ કહેવાય કે જ્યારે હૃદયમાં પરમાત્મા-પરબ્રહ્મ-ભગવાનને ધારણ કરીને તેમનાં સેવન, અર્ચન, ઉપાસના રૂપમાં આચરવામાં આવ્યા હોય, કોઇ અન્ય હેતુને હૃદયમાં ધારણ કરી અથવા કોઇ દેવ-દેવી વગેરેની સેવા - અર્ચના-આરાધના રૂપમાં આચરાયેલા હોય ત્યારે તેને ભગવદ્ધર્મ ન કહેવાય. જેમાં કેન્દ્રમાં ભગવાન જ નથી તેને ભગવદ્ધર્મ કેમ કહી શકાય ?

વૈદિક ધર્મ - એટલે ચારવર્ણ (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર) અને ચાર આશ્રમ (બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ, સંન્યાસ) માં રહેલા લોકો માટે આચરણ કરવા યોગ્ય કહેવાયેલાં કર્મો (કે જેને વિસ્તારથી ગીતાના અઢારમા અધ્યાયમાં તથા ભાગવતના સાતમા અને અગિયારમા સ્કન્ધમાં કહ્યા છે તે કર્મો), તેમજ સર્વ વર્ણ અને સર્વને માટે આચરણ કરવા યોગ્ય કર્મો (સત્ય બોલવું- ચોરી ન કરવી- હિંસા ન કરવી- પરસ્ત્રી ગમન ન કરવું, દયા-કરુણા રાખવી- પવિત્રતા જાળવવી-સાધુ સંતોની સેવા કરવી વગેરે કર્મો), આ ઉપરાંત વેદમાં જણાવેલા ફલની આકાંક્ષા રાખી તે ફલપ્રાપ્તિ અર્થે સ્વેચ્છાચારી અન્ય ઉદ્યમ નહીં કરીને ફલપ્રાપ્તિ માટે વેદમાં જણાવેલા તે-તે દેવોના યજ્ઞ-યાગાદિ કર્મનો પણ વૈદિક ધર્મમાં સમાવેશ થાય છે.

વૈદિક કર્મ ત્રણ પ્રકારના છે નિત્ય, નૈમિત્તિક અને કામ્ય. નિત્ય એટલે પ્રતિદિન આવશ્યક રૂપે આચરવાના સંધ્યાવંદન વગેરે એ કર્મો કે જે ન કરવામાં આવે તો પાપ પ્રાપ્ત થાય. નૈમિત્તિક કર્મ એટલે જે નિત્ય-પ્રતિદિન આચરવાના ન હોય પણ શાસ્ત્રમાં જણાવેલા વિશેષ દિવસોમાં કરાતાં કર્મો (જેમ કે શ્રાદ્ધ કરવું, તર્પણ કરવું, પોતાના પુત્ર-પુત્રીનો કે પૂર્વજોનો યથાસમય પ્રાપ્ત થયે સંસ્કાર કરવો, ઔર્ધ્વદૈહિક-મરણોત્તર કર્મ કરવું વગેરે કે જે ન કરવામાં આવે તો દોષ પ્રાપ્ત થાય તેમજ ગ્રહણ-સંક્રાન્તિ-અક્ષયતૃતીયા-અક્ષય નવમી વગેરે પર્વ પર

સ્નાન-દાન-પુણ્યાદિ કરવાં કે જે કરવાથી વિશેષ પુણ્ય ઉત્પન્ન થાય છે તે કર્મો), અને કામ્ય કર્મ એટલે વેદમાં જે-જે પણ ફળોનો નિર્દેશ થાય છે તે ફળોને પ્રાપ્ત કરવા માટેના જુદા-જુદા દેવ સમ્બન્ધના કે દેવો સમ્બન્ધના યજ્ઞ-યાગાદિ, મન્ત્ર-અનુષ્ઠાનો, વ્રતો યા તે નિમિત્તનાં દાન-પુણ્યાદિ વગેરે કર્મો. આવા કામ્ય કર્મો યથાવિધિ કરાતાં કામિત ફળને આપી શાન્ત થઇ જાય છે, તેથી અધિક કંઇ પણ થતું નથી.

લોકધર્મ એટલે લોક-વ્યવહાર થકી જે કરવા પ્રાપ્ત થતા હોય તે તમામ કર્મો. (જેમ કે સારા-નરસા પ્રસંગોએ પરસ્પરના વ્યવહારનો નિર્વાહ, વિવાહાદિ પ્રસંગોમાં લોકરીતિ કે જ્ઞાતીય રીતિનું આચરણ, જે રાજ્ય કે રાષ્ટ્રમાં રહેતા હોય તેના અનુશાસનનું પાલન, કૌટુમ્બિક-જ્ઞાતીય-પ્રાન્તીય કે રાષ્ટ્રીય સભ્યતાનું પાલન, પોતાનાથી વય-જ્ઞાન કે પદમાં મોટાઓને આદર આપવો તથા તેમની સેવા કરવી, જ્યાંની-ત્યાંની જે-તે સભ્યતા મુજબ સભ્ય ભાષાનું વાણીથી ઉચ્ચારણ, સ્ત્રીઓ વડે કુટુંબ-રાજ્ય-રાષ્ટ્ર કે જ્ઞાતિના ધારાધોરણ મુજબની મર્યાદાનું પાલન, રાજકીય પદાધિકારીનું સન્માન જાળવવું રાષ્ટ્રને સમાજને કે જ્ઞાતિને આવશ્યક સમયે પોતાના વડે તથા પોતાના દ્રવ્યના ઉપયોગમાં આવવું વગેરે અનેક લોક સમ્બન્ધે થનારાં કર્મો).

ઉપર્યુક્ત ત્રણ ધર્મો પૈકી ભગવદ્ધર્મમાં જણાવેલા હેતુથી અને ભગવત્ શાસ્ત્રમાં જણાવેલા નિયમોના સાહચર્યમાં તેમજ લોક-વેદમાં જેની નિન્દા ન હોય અને જે તેમાં સ્તુત્ય હોય તેવા સ્વરૂપમાં જ્યારે જ્ઞાન-કર્મ કે ભક્તિનું વેદાદિશાસ્ત્રના વિધાન મુજબ આચરણ કરવામાં આવે ત્યારે તે ભગવદ્ધર્મ કહેવાય છે અને તેવો ભગવદ્ધર્મ જ આત્યન્તિક ક્ષેમ અથવા ભગવત્પ્રાપ્તિ સુધી સાધકને યથાકાલ લઇ જાય છે.

પ્રકૃત-ચાલી રહેલા વિષય પર આવીને વિચારીએ - આ ત્રણ ધર્મો પૈકી ભગવાનનો અંશ જીવ-આત્માનો ધર્મ ભગવત્સેવા છે અને તે આત્મધર્મ સાથે સંકળાઇને રહેલો ભગવદ્ધર્મ છે. જ્યારે વૈદિકધર્મ એ જીવના સૂક્ષ્મ અને સ્થૂલ શરીર થકી ઉત્પન્ન થતો અને સમ્બન્ધવાળો ધર્મ છે અને લોકધર્મ એ માત્ર

સ્થૂલ શરીર સાથેના જ સમ્બન્ધવાળો છે. તેથી લોકધર્મ એ સર્વથા બહિરંગ છે અને વૈદિક ધર્મ તેથી અન્તરંગ છે અને ભગવદ્ધર્મની અપેક્ષા વૈદિકધર્મ એ બહિરંગ છે અને તેનું પણ અન્તરંગ એ ભગવદ્ધર્મ છે. તેથી ઉત્તર-ઉત્તર પ્રબળ છે અને પૂર્વ-પૂર્વ નિર્બળ છે (બહિરંગ એટલે જે ધર્મનું અંગ યા સ્વરૂપ અન્દરની અપેક્ષા બહાર તરફ રહેલું છે તેવો ધર્મ અને અન્તરંગ એટલે જે ધર્મનું અંગ યા સ્વરૂપ બહારની અપેક્ષા અન્દર તરફ રહેલું છે તેવો ધર્મ) (ઉત્તર-ઉત્તર અને પૂર્વ-પૂર્વ એટલે લોકથી વેદ પ્રબળ છે અને વેદથી ભગવદ્ધર્મ પ્રબળ છે અને ભગવદ્ધર્મથી વૈદિકધર્મ દુર્બળ છે અને વૈદિક ધર્મની અપેક્ષા લોકધર્મ દુર્બળ છે).

આ પ્રમાણે પહેલાં વિચારેલા પ્રશ્નો પૈકી પ્રથમ ઉદાહરણમાં આત્મધર્મની સામે દેહધર્મ થકી વિધર્મ પ્રાપ્ત થાય તેમાં શું કરવું તે બાબતમાં ચાહે દેહધર્મ થકી હોય, ચાહે આત્મધર્મ થકી હોય વિધર્મ તો સર્વથા ત્યાજ્ય-અનાચરણીય જ છે. આ વાત શ્રીમહાપ્રભુ તૃતીય સ્કન્ધ સુબોધિનીમાં જણાવી ચૂક્યા છે. અને આજની વર્તમાન સ્થિતિમાં જીવજ્ઞાન અને દેહજ્ઞાન બંને મમત્વે બુદ્ધિમાં રહેલા છે તેથી જેમ ત્યાં બંને ધર્મોનું યથાશક્તિ અનુષ્ઠાન પ્રાપ્ત થાય છે તેમ બન્ને વિધર્મનું સર્વથા અનાચરણ-ત્યાગ પણ પ્રાપ્ત થાય જ છે તેથી સેવા આત્મધર્મ હોઈને પણ દેહધર્મ થકી પ્રાપ્ત સ્નાન કર્યા વિના સેવામાં જવું એ વિધર્મ હોવાથી સ્નાન કર્યા વિના સેવામાં ન જવું એ જ ઉત્તમ વિવેક છે.

બીજા ઉદાહરણમાં દેહ થકી ધર્મની સામે જીવ થકી વિધર્મ પ્રાપ્ત થાય ત્યારે શો નિર્ણય કરવો ? તે બાબતમાં એકાદશી વ્રતનાં પારણાં બીજા દિવસે દ્વાદશીતિથિમાં કરવાં આવશ્યક છે અને સેવાનો સમય હોવાથી તે શક્ય નથી, યા તો સેવા છોડી પારણાં કરવાં પડે આ સ્થિતિમાં સેવા એ આત્મધર્મ છે અને અન્તરંગ એવા સેવાધર્મની આગળ લૌકિક-વૈદિક ધર્મો કે જે દેહ થકી કહ્યા છે તે બહિરંગ હોવાથી ગૌણ છે. વ્રત કરવું એ ધર્મનો વિષય છે અને વ્રત ન કરવાથી કે વ્રતભંગ થવાથી વિધર્મ પ્રાપ્ત થતો નથી, તેથી માત્ર વ્રત કર્યાનું જે શાસ્ત્રનિર્દિષ્ટ ફળ છે તે ફળ થતું નથી. તેમજ ભક્તિમાર્ગમાં વ્રત-ઉપવાસ-દાન-તીર્થ વગેરે ધર્મનાં કાર્યો પણ વેદમાં કહેલા ફળને મેળવવાના હેતુથી નથી કરવામાં આવતા, પણ તે પણ કેવળ કૃષ્ણ આજ્ઞાના પાલનરૂપે **કૃષ્ણપ્રીતિ અર્થે** જ આચરવામાં આવે છે. ભગવાનના સેવકોએ ભગવદાજ્ઞાપાલનરૂપે વૈદિકધર્મનું આચરણ કરવું એમ ગરુડપુરાણનાં વાક્યથી પણ સિદ્ધ છે. તેથી કૃષ્ણપ્રસન્નતા એ જ એનું ફળ છે. તે સિવાયનાં બીજા જે પણ ફળ છે તેની અપેક્ષા જ નથી તેથી વ્રતભંગ થવાથી જે ફળનો નાશ થાય છે તે ફળથી ભક્તિમાર્ગીય વ્રત કરનારને કોઈ લેવા-દેવા જ નથી. ઉપરાંત કોઈ પણ કારણ વિના એટલે કે જે કરવાથી વિધર્મ થતો ન હોય તેવાં કાર્યોને લઈને અથવા તો સેવા યા કૃષ્ણથી ઈતર આલસ્ય-પ્રમાદ-અન્યાસક્તિ વગેરે અન્ય કારણોને લઈને સેવાનો ત્યાગ યા સેવામાં વિરામ અથવા તો સેવાને ગૌણ ગણી અન્ય બાબતોને મહત્ત્વ આપવું એ ભક્તિમાર્ગમાં વિધર્મ પણ છે (કારણ કે પોતાના આત્મધર્મને જેથી બાધા પહોંચે એ વિધર્મ છે) અને તેમાં કૃષ્ણની અપ્રસન્નતા પણ છે કે જે શકટભંજન લીલાના પ્રસંગથી અને ઈન્દ્રમાનભંગ લીલાના પ્રસંગથી જાણી શકાય છે. તેથી એકાદશીનું વ્રત કરવામાં સેવામાં બાધ થતો નથી અતઃ વ્રત કરવાનો ધર્મ નિભાવવો-વ્રત કરવું પણ જો દ્વાદશી તિથિના કાળમાં પારણાં કરવા એમ જો નિયમ લેવામાં આવે અને તે સમયે જો બાધા કરતો હોય તો ત્યારે તેનો આગ્રહ જતો કરીને પણ સેવાનો નિર્વાહ કરવો. તે વખતે **‘જે તિથિ અને જે નક્ષત્રમાં પ્રાતઃ સૂર્યનો ઉદય થાય તે તિથિ-નક્ષત્ર સમ્પૂર્ણ દિવસે માનવું’** એ શાસ્ત્રવાક્યને ગ્રહણ કરવું.

ખરેખર તો આજે આપણે જે ભગવત્સેવા કરીએ છીએ તેમાં પણ પ્રભુ પ્રત્યે આપણામાં ન તો આવશ્યક આદર જ છે કે ન આવશ્યક પ્રેમ પણ છે. પરન્તુ જે કરીએ છીએ તે માત્ર ગુરુઆજ્ઞાના પાલનરૂપે જ કરીએ છીએ. આપણને જાણકારી નથી કે પ્રભુને શું ગમે છે અને શું નથી ગમતું, એ તો ગુરુવર્ય જ જાણે છે અને તેમણે જ કૃપા કરીને આપણને તેનું જ્ઞાન આપ્યું છે. તેથી ભગવદાજ્ઞા બાબતમાં પણ ભગવાનનો કહેવાનો શો અભિપ્રાય છે તેનો નિશ્ચય ગોપીજનો વગેરેની દેખાદેખી પોતાની સાધારણી-લૌકિકી બુદ્ધિની સ્વચ્છન્દતાથી ન કરવો પણ તેમાં પણ ગુરુવર્યે જણાવ્યા મુજબ જ નક્કી કરવું. આ વિવેક આપણને ચોર્યાસી વૈષ્ણવોની વાર્તા પૈકી પ્રથમ વાર્તા શ્રીદામોદરદાસજીના ઠકુરાણીઘાટવાળા પ્રસંગથી જાણી શકાય છે કે **‘સૂન્યો તો સહિ, પરિ સમુઝ્યો નાહીં’** ભગવાનનાં વચનો સાંભળ્યાં તો ખરા પણ તે

વચનોની સમજ-તેનું તાત્પર્ય-તેમાં રહેલો ભગવાનનો મહાન આશય એ તો આપ ગુરુવર્ય જણાવો ત્યારે જ જાણી શકાય.

આ રીતે શ્રીવલ્લભાચાર્યજી સેવામાં પ્રવૃત્ત વૈષ્ણવને સેવા વિષયમાં સાર્વકાલિક પારતન્ત્ર્યનો વિચાર આપી, સેવામાં પણ એક પણ સ્વચ્છન્દતાએ કરેલું આચરણ એ અભિમાનરૂપ અસુરને હૃદયમાં પ્રવેશવાનું મુખ્ય દ્વાર બની જાય છે એમ જણાવ્યું છે. સેવામાં ગુરુઆજ્ઞા અને વિશેષ ભગવદાજ્ઞાને જ આધીન રહેવું પણ ક્યારેય મેં આમ કર્યું કે હું આમ કરું તેમ કર્મમાં પોતાનું સ્વામિત્વ વિચારવું નહીં. આ વિવેક શ્રીમહાપ્રભુ આ ગ્રન્થમાં **‘અભિમાનશ્ચ સન્ત્યાજ્યઃ’** થી આરંભીને **‘ભિન્નં તું દૈહિકાત્’** પર્યન્તમાં જણાવ્યો છે.

મને તો એમ લાગે છે કે ગ્રન્થમાં **‘સ્વામ્યધીનત્વભાવનાત્’** માં વપરાયેલો **સ્વામી** શબ્દ એ પરોક્ષ કથનથી પ્રભુ શ્રીકૃષ્ણને પણ જણાવનાર છે અને ગુરુવર્ય શ્રીમહાપ્રભુજીનો પણ બોધ કરાવે છે. સ્વામી એટલે માલીક. એટલે કે પ્રભુ અને ગુરુમાં અભેદ બુદ્ધિ રાખી આપણે ગુરુના સેવક છીએ અને ગુરુ થકી પ્રભુના સેવક છીએ. આ રીતે સાધન-ફળ સર્વ દશામાં પોતાને ગુરુવર્યને આધીન રહીને જ વર્તવું અને ભગવાનની વિશેષ આજ્ઞામાં પણ ગુરુએ જણાવ્યા મુજબ જ નિર્ણય કરી વર્તવું. ગુરુ અને ભગવાનમાં અભેદ બુદ્ધિ અને ગુરુ-આજ્ઞાપાલનરૂપમાં ભગવાનનું ભજન એમ એકાદશ સ્કન્ધના બીજા અધ્યાયમાં **‘ગુરુદેવતાત્મા’** વાક્યમાં અને તે ઉપરની સુબોધિનીમાં જણાવ્યું છે.

ઉપર જણાવેલ એકાદશ સ્કન્ધનું વાક્ય છે તે જ સ્થળે **‘ઈશાદપેતસ્ય’** ઈશ એટલે ભગવાન તેનાથી જીવનું અલગ થવું એ જ વિપર્યય-અસ્મૃતિ-ભય વગેરે પ્રાપ્ત થવારૂપ સર્વ અનર્થોનું મૂલ છે એમ સુબોધિનીમાં કહ્યું છે. તેથી બુદ્ધિમાં ભગવાનથી સ્વતંત્રનો વિચાર જ બુદ્ધિમાં સર્વ અનર્થોને ઉત્પન્ન કરે છે. તેથી ભગવાનથી પોતાને સ્વતંત્ર માનવાનો વિચાર જ સર્વ અનર્થોનું મૂલ છે. તે મૂલનો જ નાશ થાય તો **‘મૂલં નાસ્તિ કુતઃ શાખા’** ન્યાયે અન્ય સર્વ વિકારોનું ઉત્પાદન જ બુદ્ધિમાંથી બંધ થઈ જાય છે અને બુદ્ધિ જે સર્વ અનર્થોને ઉત્પન્ન કરવાની ફેક્ટરી બની ગઈ છે તે ઉત્પાદન કરનાર મશીન જ ફેક્ટરીમાંથી

દૂર થાય પછી જેમ ખાલી ઈંટ ચૂનાની દિવાલો માત્ર ફેક્ટરી કહેવાતી નથી તેમ બુદ્ધિરૂપી મકાનમાં ભગવાનથી અલગ-સ્વતંત્રપણાનો ભાવ જ અનર્થ-ઉત્પાદક મશીન છે. તેને જ ઉખાડી ફેંકવા માટે સેવામાં બાધક અને રસાનુભવમાં ઘાતક અભિમાનની આત્યન્તિક નિવૃત્તિ અર્થે શ્રીમહાપ્રભુ આ ગ્રન્થમાં અભિમાન દૂર કરવાના ઉપાયમાં **તદધીનતા**નો ભાવ ધારણ કરવાનું જણાવે છે.

આજની આપણી બુદ્ધિની દશા સમુદ્રથી ઉછળીને બહાર અલગ પડેલાં બિન્દુના ભાવ જેવી છે અને તદધીનતાનો ભાવ એટલે સમુદ્રમાં ઊઠતા તરંગોના ભાવ જેવો છે. બિન્દુને સમુદ્રથી સ્વતંત્ર-અલગનો ભાવ છે તેથી તેને સુકાવાનો-શોષાવાનો વગેરે ભય છે અને તેમાં સમુદ્રની વ્યાપકતા-ઊંડાણનો અનુભવ નથી, જ્યારે તરંગોને તેવો સુકાઈ જવું વગેરેનો ભય રહેતો નથી, કારણ કે તે સમુદ્રથી ઉત્પન્ન થઈને પણ સમુદ્રથી તેની અલગ સત્તા નથી. શ્રીશંકરાચાર્યજીનાં વાક્યમાં પણ માયાવાદી વાતોની બાદબાકી કરીને વિચારવામાં આવે તો તેમના **‘નાથ ! તવાહં, ન મામકીનસ્ત્વં ... સામુદ્રો હિ તરંગઃ, ક્વચન તારંગો હિ સમુદ્રઃ’** આટલાં વાક્યથી તદધીનતાનો જ સ્વર સાંભળી શકાય છે.

આ રીતે બુદ્ધિમાં ઘર કરીને રહેલી અને ત્યાંથી દેહ-ઈન્દ્રિય વગેરે સર્વત્ર પ્રસરેલી અનેક જ નહીં, સર્વ અનર્થોનું મૂલ કારણ એવી લઘુતા-ગુરુતા ગ્રન્થી સ્વરૂપની જે અભિમાનવૃત્તિ છે તેના નિરાકરણનો ઉપાય અને અભિમાન જેના કારણે થાય છે - જેના કારણે આ ગ્રન્થીઓ ગ્રથાય છે તે ઉત્પાદક બુદ્ધિના ભાવના નિરાકરણનો ઉપાય શ્રીમહાપ્રભુજીએ પાંચમા તથા છઠ્ઠા વિવેકથી આ સ્થળે દર્શાવ્યો છે.

સાતમો વિવેક

આપદ્ગત્યાદિ કાર્યેષુ હઠસ્ત્યાજ્યશ્ચ સર્વથા ॥ ૪ ॥

(૭) અલૌકિક -સેવા -ભક્તિ સમ્બન્ધી કાર્યો પણ મનમાં ક્લેશ ન થાય તે મુજબ કરવાં, આજ્ઞાનું પાલન પણ ક્લેશ ન થાય તે મુજબ જ

કરવું, પરન્તુ અતિક્લેશ કરીને પણ કરવાની હઠવૃત્તિ સેવા-ભક્તિમાં બાધક હોઈ તેવી હઠનો સર્વથા ત્યાગ કરવો - તેવી હઠ કરીને ક્યારેય કંઈ પણ કરવું નહીં.

લૌકિક-વૈદિક કે અલૌકિકમાં નાની-મોટી કોઈ પણ બાબત હોય બુદ્ધિમાં રહેલી હઠવૃત્તિ એ અભિમાનનું જ સંતાન છે. ખાસ કરીને બુદ્ધિમાં રહેલ ગુરુતાગ્રન્થી સ્વરૂપનું અભિમાન જ હઠને જન્મ આપે છે. આ ગુરુતાગ્રન્થી **મારું કે બીજાનું જે થવું હોય તે થાય - જે પરિણામ આવવું હોય તે આવે, પરન્તુ મારું કહેલું કે મારું વિચારેલું થવું જ જોઈએ** આવી હઠવૃત્તિને બુદ્ધિમાં જન્મ આપે છે. આ હઠવૃત્તિ એવી ઉધઈ જેવી છે કે અજ્ઞાત રીતે પોતાનાં મનમાં બીજાના પ્રત્યે અને બીજાના મનમાં પોતાના પ્રત્યે અપ્રિયતા-અનાદર વગેરે અનિષ્ટ ભાવોને ઉત્પન્ન કરે છે. પોતાનાં મનમાં વિચારેલું જ્યારે બીજી વ્યક્તિ તે મુજબ આચરણ નથી કરતી યા નથી કરી શકતી ત્યારે પોતાના મનમાં તે વ્યક્તિ પ્રત્યે અપ્રિયતાથી ક્રોધ જન્મે છે અને તેનાથી બીજા વ્યકિત પ્રત્યે પોતે જે મુજબ વર્તે છે તેના કારણે બીજી વ્યક્તિમાં પોતાના પ્રત્યે અણગમો-અપ્રિયતા વગેરે જન્મે છે. આ હઠવૃત્તિ તો બે વ્યક્તિઓના હૃદયના બંધાયેલા મજબૂત પ્રેમનાં બંધનોને પણ ખબર ન પડે તે રીતે ઢીલા કરી નાંખવા સક્ષમ હોય છે. આધુનિક યુગમાં ઘણું કરીને લગ્નવિચ્છેદના કેસોમાં, બાપ-બેટાના કે ભાઈ-ભાઈના કોર્ટકજિયામાં ઉભયપક્ષે આવી હઠવત્તિ કારણરૂપે જોવા મળે છે. આ હઠવૃત્તિ બુદ્ધિમાં બાળપણથી જ રહેલી હોય છે અને બાળકના વિકાસની સાથે-સાથે આ વૃત્તિ પણ રૂપાન્તરને પામતી વિકસિત થતી જાય છે. તેથી જ આપણી બોલાતી ભાષામાં બાળહઠ શબ્દ પ્રસિદ્ધ છે.

હઠવૃત્તિ એ રજોગુણી બે વૃત્તિઓના મિશ્રણથી તેના પરિણામે જન્મેલી બુદ્ધિની સ્વતંત્ર વૃત્તિ છે. રજોગુણી અહંવૃત્તિ અને રજોગુણી લોભવૃત્તિ આ બંને ભેગા મળી બુદ્ધિમાં હઠવૃત્તિ ઉત્પન્ન કરે છે. કામ અને દ્વેષનું પરસ્પર મળી એકરૂપ બનેલું સ્વરૂપ એ લોભ છે. એટલે કે આ ‘મારા માટે થાઓ, બીજા માટે આ ન થાઓ’ એમ બુદ્ધિમાં જણાયેલું હોય તે લોભ છે. આમાં ‘મારા માટે થાઓ’ એ કામ છે અને ‘બીજાને માટે ન થાઓ’ એ દ્વેષ છે. નાના બાળકની હઠમાં એની બુદ્ધિમાં આજ બે (અહં-લોભ) ભેગા મળી હઠ ઉત્પન્ન કરે છે.

આ કામ અને દ્વેષ બાળકને પૂર્વસંસ્કારથી અથવા પૈતૃક-વારસાગત રૂપમાં પ્રાપ્ત હોય છે. આ બંને અન્તઃકરણ સમ્બન્ધી હોવાથી વિશેષ કરીને પિતૃબીજમાં એકત્રિત તેમના પૂર્વજોનો વારસો પિતાથી પુત્રમાં આવે છે. **‘હૃદયાદધિજાયસે’** એ વચનથી આમ જાણી શકાય છે.

ઉપર જણાવ્યા મુજબ અહંવૃત્તિ અને લોભવૃત્તિ તથા લોભવૃત્તિમાં કામ અને દ્વેષનો જે ઉલ્લેખ થયો છે તે ત્રણેને પાતંજલ યોગશાસ્ત્ર તથા તે ઉપરના વ્યાસભાષ્યને તપાસવામાં આવે તો પાતંજલ યોગસૂત્રના સાધનપાદના ત્રીજા સૂત્રમાં **‘અવિદ્યા, અસ્મિતા (અહંકાર), રાગ, દ્વેષ અને અભિનિવેશ આ પાંચ ક્લેશ અર્થાત્ વિપર્યય છે’** એમ કહ્યું છે. તેમાં **અસ્મિતા** એટલે **‘દૃક્ શક્તિરૂપ પુરુષ તથા શક્તિરૂપ બુદ્ધિ કે જે, બંને વચ્ચે અભેદ ન હોઈને પણ અભેદ જેવી પ્રતીતિ થાય છે તે અસ્મિતા નામક દ્વિતીય ક્લેશ છે’** (પા.સૂ.સાધનપાદ-૬) એટલે કે યોગશાસ્ત્ર અનુસાર પુરુષ એટલે જીવ **‘पश्यतीति दृक्’** જુએ છે વ્યુત્પત્તિ અનુસાર **દૃક્-દૃષ્ટા યા દૃક્શક્તિ** અને **‘दृश्यते इति दर्शनम्’** એ વ્યુત્પત્તિ અનુસાર વિષય-આકાર રૂપે પરિણત થયેલી અને તેથી દૃશ્યવિષયરૂપને પ્રાપ્ત થવાથી બુદ્ધિને દર્શન અથવા **‘दृश्यते अनेन इति दर्शनम्’** આનાં વડે દર્શન થાય છે એ વ્યુત્પત્તિ અનુસાર બુદ્ધિને સૂત્રમાં દર્શનશક્તિ કહ્યું છે. વ્યાસભાષ્ય અનુસાર જીવ-બુદ્ધિનો ભોક્તા-ભોગ્ય ભાવનો સમ્બન્ધ હોવાથી બંનેમાં શક્તિપદ પ્રયોગ છે. એટલે કે ભોગ્ય બુદ્ધિ સાથે જીવને અભેદ પ્રતીતિ થતાં વિષયોથી પ્રાપ્ત સુખ-દુઃખ વગેરેનો હું ભોગ કરનારો છું એમ જીવ ભોક્તા બને છે અને બુદ્ધિમાં જે-જે સુખ-દુઃખાદિ વિષયોના આકારની બુદ્ધિ બને છે તેનો ભોગ કરનારો જીવ બને છે. આ રીતે અસ્મિતા એટલે કે અહંકાર એટલે કે સુખ-દુઃખનો ભોગ યા અનુભવ કરનારો હું છું તેવું અહંજ્ઞાન યા અહં પ્રતીતિ જીવને બુદ્ધિ સાથે અભેદ પ્રતીતિથી થતી હોવાથી તે ક્લેશરૂપ છે.

તેવી જ રીતે **કામ એટલે કે રાગ** ને યોગશાસ્ત્રથી વિચારીએ તો ત્યાં જ સાતમા સૂત્રમાં અને તેના ભાષ્યમાં **‘સુખાનુશયી રાગ છે’ એટલે કે**

સુખભોગના અનન્તર ફરીથી તે જ સુખને ભોગવવાની ચિત્તમાં રહેલી અભિલાષા એ રાગ છે. આ રાગને જ ભાષ્યકાર **ગર્દ્ધ, તૃષ્ણા, લોભ** એમ ત્રણ નામે નવાજે છે. **ગર્દ્ધ** એટલે ગીધ પક્ષીની માફક સુખને શોધવામાં દષ્ટિ અને ઈન્દ્રિયોનું (જ્ઞાન-ક્રિયા ઉભયનું) અવિકલ લાગ્યા રહેવું. **તૃષ્ણા** એટલે જેમ જળ વિના મનુષ્યની સર્વ ઈન્દ્રિયો આકુલ-વ્યાકુલ થઈ જાય છે તેમ વિષય વિના ઈન્દ્રિયોનું વ્યાકુલ થઈ જવું અને **લોભ** એટલે સરસ પુષ્પ તરફ ભમરો ખેંચાઈને જાય છે તેમ વિષયો પ્રતિ ઈન્દ્રિયોનું ખેંચાણ એ લોભ છે.

દ્વેષને યોગશાસ્ત્ર અનુસાર વિચારવામાં આવે તો ત્યાં જ આઠમા સૂત્રમાં તથા તેના ભાષ્યમાં **‘દુઃખાનુશયી દ્વેષ છે’ એટલે કે પૂર્વમાં દુઃખનો અનુભવ કરી ચૂકેલ વ્યક્તિમાં અનુભવ કરાયેલ દુઃખમાં અથવા તેના શત્રુ વગેરે સાધનો પ્રતિ જે ક્રોધ ઉત્પન્ન થાય છે તે દ્વેષ છે’**. આ દ્વેષને ભાષ્યકાર બીજાં ત્રણ નામે નવાજે છે- **પ્રતિઘ, મન્યુ, જિઘાંસા**. આમાં **પ્રતિઘ** એટલે પ્રતિઘાત કરવો - મારી નાંખવું, **મન્યુ** એટલે ક્રોધ એટલે કે આવેગવશ કોઈ બીજા પર તત્કાલ અપ્રિયતાએ વરસી પડવું, **જિઘાંસા** એટલે કે બીજાને મારી નાખવાની ઈચ્છા.

આ પ્રમાણે અહંકાર, કામ અને દ્વેષને યોગશાસ્ત્રથી વિચારતાં આ ત્રણે અવિદ્યારૂપ, ક્લેશરૂપ એટલે કે વિપર્યય છે. આ વિપર્યયને જ વેદાન્તની ભાષામાં અન્યથા જ્ઞાન અને આસક્તિ નામે આલેખવામાં આવ્યા છે. અન્યથાજ્ઞાન એટલે જે છે તેથી વિપરીત, ઊંધું યા અલગ જ જાણવું અન્યથા જ્ઞાન છે અને આસક્તિ એટલે અન્યથા જ્ઞાન થકી બુદ્ધિ કલ્પિત મિથ્યા વિષયોમાં ચિત્તનું ચારેબાજુથી ચોંટીને રહેવું આસક્તિ છે. કોઈ પણ પ્રકારના સુખ-દુઃખનો અનુભવ એ આ બે (અન્યથાજ્ઞાન- આસક્તિ રૂપ વિપર્યય) થકી જ થાય છે. એમ કહી શકાય છે કે આપણી ચેતનાને આ એક પ્રકારનો લકવાનો રોગ છે કે જેના કારણે આનન્દસમુદ્રના મધ્યમાં રહીને પણ આપણી ચેતના એટલે કે અનુભવશક્તિ આનન્દને અનુભવી શકતી નથી. આનન્દ અનુભવવિહોણી ચેતના અનુભવશક્તિ છે તેથી કંઈક તો પોતાના સ્વભાવે અનુભવ કરશે જ ત્યારે જો આનન્દનો અનુભવ નહીં કરશે તો પછી આનન્દ વિપરીત જે કંઈ પણ અનુભવ છે તે જ કરશે. પ્રકાશ નથી તો ત્યાં કંઈક તો છે જ અને તે જે છે તે પ્રકાશથી વિપરીત અન્ધકાર જ હશે. તેવી જ રીતે યદ્યપિ ભગવાન આનન્દમય, પરમાનન્દ છે તેમ છતાં પણ આપણું રોગગ્રસ્ત મન-અન્તઃકરણ આનન્દને માણી શકતું નથી. અહીં આનન્દ છે એમ અન્તઃકરણ જાણતાં મન તે વસ્તુ અને વિષય પ્રતિ પ્રવૃત્ત થાય છે. તેથી જ લોકો ફરિયાદ કરે છે કે સેવામાં, પાઠમાં, જપમાં, સ્મરણમાં, કીર્તનમાં, શ્રવણમાં મન લાગતું નથી. કારણ કે અન્યથા જ્ઞાન રોગથી ગ્રસાયેલી બુદ્ધિ જે વાસ્તવિક આનન્દ છે તેને ત્યાં ન જોઈ જ્યાં નથી ત્યાં આનન્દ છે તેમ જાણે છે અને જ્યાં જાણે છે ત્યાં તેનું મન ખેંચાય પણ છે અને ત્યાં લાગે પણ છે. મનની આવી સ્થિતિ વિપર્યયવશ છે. આ વિપર્યય (અન્યથાજ્ઞાન-આસક્તિ) મનુષ્યની બુદ્ધિમાં રહેલો વિકાર છે અને શ્રીમહાપ્રભુ આ ગ્રન્થમાં વિવેક પ્રકરણથી જેટલી પણ વાતો કહેવાઈ છે તેના વડે એ વિકારની શુદ્ધિ કરવા માંગે છે. તેમાં પોતાનો શો સમ્બન્ધ છે તે જેમાં જણાતું હોય તેવા ભગવજ્જ્ઞાનના સતત અનુસંધાન વડે બુદ્ધિગત અન્યથાજ્ઞાનની નિવૃત્તિ અને પોતાના સહિત જે કંઈ પણ વિશ્વમાં છે તે બધું જ એકમાત્ર ભગવત્સ્વામિકત્વ છે અને વિશ્વમાં જે કંઈ પણ ઘટે છે તેમાં એકમાત્ર પ્રભુ જ કર્તા-કારયિતા છે તેવા જ્ઞાનના સતત સંધાન વડે સંસાર અને સાંસારિક પદાર્થો પ્રત્યે સાચી સમજ બુદ્ધિમાં ઉત્પન્ન કરી તે પ્રત્યે વૈરાગ્યને બુદ્ધિમાં સ્થાપી આસક્તિની નિવૃત્તિ, એમ આથી અન્યથાજ્ઞાન- આસક્તિ રૂપ વિપર્યયને દૂર કરવા માંગે છે.

આ મુજબ વિચારતાં આ વિવેક પ્રકરણમાં સળંગ-સર્વત્ર શ્રીમહાપ્રભુ બુદ્ધિમાં યોગ્ય અને વાસ્તવિક સમજ ઉત્પન્ન કરવી અને તે અનુસાર વર્તન કરવું એ વિધિ અને તે વિધિથી જે કંઈ પણ વિપરીત - વિરુદ્ધ હોય તે બધું જ નિષિદ્ધ અને એનો ત્યાગ આમ બે વાત જણાવે છે. તેથી પ્રથમ શ્લોકમાં **‘ભગવાન હરિ પોતાની ઈચ્છાથી જ સર્વ કરશે’** એમ કહ્યું છે ત્યાં પણ લૌકિક-અલૌકિક બાબત જે કંઈ પણ છે તે ભગવાને જ કર્યું છે, કરે છે અને કરશે તેવી બુદ્ધિમાં સમજ ઉત્પન્ન કરી, ભગવાન પોતાના સ્વામી છે અને પોતે ભગવાનનો દાસ છે એ ભાવે જીવધર્મ એ ભગવત્સેવા છે તેમાં જ પરાયણ રહેવું અને સેવાથી ઈતર જે

કંઈ પણ છે તે નિષિદ્ધ વિધર્મ છે તેનું આચરણ ન કરવું એમ અર્થ છે. તેથી આ ગ્રન્થ પરના પ્રાચીન ટીકાકારો પણ આ સ્થળે એમ જ જણાવે છે કે **‘તેથી અલૌકિક સેવા સાધનોની પ્રાપ્તિ વગેરે બાબતમાં પણ સેવા છોડી તે માટેના પોતાના પ્રયત્નો વગેરે ન કરવા.’**

પ્રશ્ન - ટીકાકારોના અભિપ્રાયે સેવાથી ઈતર તેમજ સેવા માટેનાં આવશ્યક સાધનો મેળવવાનો પણ પ્રયત્ન ન કરવો, તો પછી શ્રીપ્રભુની માળા માટેનું સાધન પુષ્પ લાવવા, ભોગ માટે આવશ્યક અનાજ-મસાલા વગેરે બજારમાં જઈ લાવવું, પ્રભુને સોહાય તેવાં વસ્ત્ર ધરાવવા બજારમાંથી પસંદ કરી કપડું લાવવું, રસોઈ માટે જરૂરી વાસણ વગેરે બજારમાંથી લાવવું, પ્રાચીનકાળના હિસાબે રસોઈ માટે જંગલમાંથી સૂકું લાકડું કાપી લાવવું, માટલી-શકોરા વગેરે માટીનાં બનેલાં પાત્રો કુંભારને ત્યાંથી લાવવા, સોહિની કરવા બજારમાંથી ઝાડુ વગેરે લાવવું, પ્રભુને સુંદર સ્થળે બિરાજમાન કરવા, નવા ઉત્તમ ભવનનું નિર્માણ કરવું, વગેરે પ્રયત્નો કે જે સેવામાં આવશ્યક સાધનો માટેનાં છે તે પ્રયત્નો કરવા કે નહીં ? અને આ રીતે તો વર્તનારને - પ્રયત્નના અભાવથી મનુષ્યમાં અકર્મણ્યતાનો દોષ ઉત્પન્ન થશે કે જેને ગીતામાં શ્રીકૃષ્ણ સર્વથા નાપસંદ કરે છે ? તો કેમ કરવું ?

સમાધાન - આના ઉત્તરમાં આપણે ચોર્યાસી વૈષ્ણવની વાર્તામાં શ્રીદામોદરદાસ સંભળવાળાનો પ્રસંગ જોવો જોઈએ. બિલાડી શૈયાજી બગાડી ગઈ અને એને જોઈ વૈષ્ણવના મુખમાંથી નીકળી પડ્યું કે આ ઠાકોરજી તો બિલાડીને એ ભગાડી શકતા નથી ! તો ભગવાને રાજભોગને હડસેલતાં કહ્યું હું તો વિશ્વનો પણ ઘડીભારમાં પ્રલય કરવા સમર્થ છું પણ પછી તું સેવક તરીકે કયો ધર્મ બજાવશે ? મતલબ કે સેવકભાવે, સેવકે જે કરવું જોઈએ તે **સેવા** છે અને તેથી ઈતરનું સર્વ કંઈ **સેવા છોડીને** છે. સેવકભાવે એટલે અહંકાર વિના, ગર્વ વિના, આ મેં કર્યું અને આ મારાથી થયું એમ માન્યા વિના પૂર્વમાં જે સ્વામીને અધીનતાની વાત વિચારાઈ ગઈ છે તે મુજબ સ્વામીને અધીનતાના ભાવે જે કરવું જોઈએ અને જે થતું હોય તે કરવું તે સેવા છે. તેથી સેવા માટે પુષ્પ લાવવાનો હું પ્રયત્ન કરું એ અભિમાન છે અને પુષ્પ લાવવાની સેવાનો ભાવ એ સેવા છે. માળામાં પુષ્પ પરોવવાં એ સેવા છે, તો માળા માટે પુષ્પ લાવવા એ પણ તેટલી જ સેવા છે. જેમ પ્રભુને સુખ પહોંચાડનાર પુષ્પ વૈષ્ણવ છે, તો પ્રભુની સેવાર્થ વૈષ્ણવોને પોતાના ઉપર ધારણ કરનાર દોરો પણ વૈષ્ણવ છે, બલકે તેનામાં દીનતા અધિક છે. અહીં પણ આશ્રયના નિરૂપણમાં કહેવાયેલ **‘એવં ચિત્તે સદાભાવ્યં વાચા ચ પરિકીર્તયેત્’** વાક્યને વિવેકમાં પણ જોડીએ તો જો પોતે સેવાર્થ રસોઈ બનાવતા હોય ત્યારે હું રસોઈ કરું છું એ વાક્ય બુદ્ધિમાં નહીં ઘોંટવું પણ હું સામગ્રી સિદ્ધ કરવાની સેવા કરું છું એમ ઘોંટવું અને જો કોઈ પૂછે કે શું કરો છો તો ત્યારે પણ એમ ઉત્તર ન આપવો કે શાક વઘારી રહ્યો છું પણ શાક વઘારવાની સેવા કરી રહ્યો છું. તેથી જ તો સ્વાભાવિક સમર્પણના સ્વતંત્ર લેખમાં શ્રીપ્રભુચરણ **સ્નાનાદિ લૌકિક કર્મને પણ સેવાર્થ વિચારે કરવા** જણાવે છે. અકર્મણ્યતા તો ગીતાના અભિપ્રાયે દંભપૂર્ણ અહંકારથી થયેલ મિથ્યાચાર છે. કારણ કે મનુષ્ય પ્રાકૃતિક રીતે જ કર્મ કર્યા વિના રહી શકતો જ નથી. તેથી અકર્મણ્યતા એટલે જે વખતે જે કર્મ કરવું પ્રાપ્ત થતું હોય અને તે કર્મ કરવા પોતાનામાં સમજ અને સામર્થ્ય બંને હોય છતાં પણ તે સમયે તે કર્મમાં પ્રવૃત્ત નહીં થઈને અન્યથા કર્મની પ્રવૃત્તિ થવી એ અકર્મણ્યતા છે. **કર્મ** શબ્દ ઉભયપદી-સકર્મક **‘ડુકૃઞ્ કરણે’** ધાતુને **‘મનિન્’** પ્રત્યય લાગી બનેલા **કર્મન્** શબ્દનું પ્રથમા વિભક્તિનું એકવચન છે અને તે આન્તર-બાહ્ય ઉભય ક્રિયાના અર્થેને પ્રકાશે છે. સચેતન વડે જ્યારે પણ કોઈ પણ ક્રિયા થાય છે ત્યારે તેનું મૂળ-પ્રથમ ઉદ્‌ગમ સ્થળ મન-બુદ્ધિ છે. અતઃ અન્તઃ-અંદર બુદ્ધિ - મન વડે વિચારરૂપે યા ઈચ્છારૂપે પ્રથમ ક્રિયા થાય છે અને તે ક્રમે કરીને ઈન્દ્રિયો દ્વારા કરવામાં આવે છે ત્યારે એને જગતમાં કર્મ કર્યું એમ કહેવામાં આવે છે. અન્તઃ કર્મ બીજાથી અવ્યક્ત છે અને બહિષ્કર્મ બીજા આગળ વ્યક્ત થાય છે. તેથી બહિષ્કર્મ નહીં થઈને પણ અન્તઃકર્મ તો થયા જ કરે છે અને તેના જ કારણે મનુષ્ય નિદ્રાધીન હોય છે યા તો બેભાન અવસ્થામાં હોય છે ત્યારે પણ બહારથી હાથ-પગ વગેરેથી ક્રિયાઓ નહીં થઈને પણ અન્દર રહેલાં હૃદય, ફેફસાં, આંતરડું, કીડની, રક્ત પરિભ્રમણ વગેરે ક્રિયાઓ ચાલું જ રહે છે. આનું પણ કારણ મન-બુદ્ધિ જ છે. તેથી અકર્મણ્યતા એટલે કર્મ રહિત-કર્મશૂન્યપણું નહીં પરન્તુ અકર્મણ્ય એટલે જેનામાં પોતાના કર્મનો અભાવ હોઈ અર્થહીન કર્મમાં

પ્રવૃત્ત એમ અર્થ છે. તેથી જ તો યોગસાધન પરાયણ યોગીના સબીજ સમાધિ અવસ્થામાં અથવા તો તેના પૂર્વાંગ ધ્યાન અવસ્થામાં બહારથી દેખાતી તેની સમસ્ત ક્રિયાઓ સ્તબ્ધ થઈ જવા છતાં પણ તેને અકર્મણ્ય કહેવામાં આવતું નથી. અથવા તો જ્ઞાનની સિદ્ધ દશામાં સમસ્ત કર્મોનો નાશ થતાં પણ તેને અકર્મણ્યની સંજ્ઞા પ્રાપ્ત થતી નથી. જેમ કોઈ મનુષ્ય પ્રગલ્ભ-ગાંડો હોય અને તે હસે-રડે-બબડે-દોડે વગેરે ક્રિયા કરે તો પણ તેને જગતમાં મહત્ત્વહીન, કારણ કે અર્થહીન સમજવામાં આવે છે, તેમ અકર્મણ્યની પણ ક્રિયા અર્થહીન હોય છે અથવા તો તેને દંભ તરીકે જાણવામાં આવે છે.

જ્યારે સેવકભાવે સેવાને અર્થે કરવામાં આવતાં દેખીતી રીતે જોવામાં લૌકિક-વૈદિક યા અલૌકિક સમસ્ત કર્મો પણ ભક્તિમાર્ગીય ઉત્તમોત્તમ સદાચાર છે.

તેથી **સેવા છોડી બીજા પ્રયત્નમાં ન પડવું** એમાં ટીકાકારોનો આજ અભિપ્રાય છે કે સ્વકર્મપણાએ આવશ્યક અથવા તો પ્રાપ્ત જે પણ લૌકિક-વૈદિક કર્મો હોય તેનું પણ આચરણ પોતાના અહંકારે નહીં પરન્તુ સેવકધર્મ અનુસાર સેવાના અનુષંગે કરવા અને તે પણ યથાશક્તિ-યથા પ્રાપ્ત સાધનો વડે કરવા પણ તેને માટે સ્વતંત્ર પ્રયત્ન ન કરવો. તેમજ તેની સમ્પન્નતા યા અપૂર્ણતામાં પણ ભગવદ્‌બલ યા ભગવદિચ્છાનો જ વિચાર મનમાં સેવવો અને તે મુજબ જ લોકમાં બોલવું પણ. મેં આ કર્યું અને હું સફળ થયો એમ પણ ન બોલવું - વિચારવું અને મેં આ કર્યું તો ભગવાને સફલતા આપી એમ પણ બોલવું - વિચારવું નહીં, પણ ભગવાને કરાવ્યું અને ભગવાને સફળ કર્યું એમ જ બોલવું-વિચારવું. આ પ્રકારમાં સ્વપ્રયત્નનો અભાવ છે અને જે થયું તેમાં ભગવત્સેવાનો - ભગવાનની ઈચ્છા મુજબ આજ્ઞાપાલન થવાનો ભાવ છે.

મને તો આ સ્થળે એમ જણાય છે કે પૂર્વનાં બે વાક્યો જે વિવેક સાધવાના ઉપાયરૂપમાં કહ્યાં છે કે **‘સ્વામ્યભિપ્રાયસંશયાત્’** અને **‘સ્વામ્યધીનત્વભાવનાત્’** કહ્યાં છે તે બંને વાક્યોને અહીં હઠત્યાગ બાબતમાં પણ ઉપાયરૂપે જોડી સમજવાં જોઈએ. એટલે કે **‘સ્વામ્યધીનત્વભાવનાત્ સ્વામ્યભિપ્રાયસંશયાત્ આપદ્‌ગત્યાદિકાર્યેષુ સર્વથા હઠઃ ત્યાજ્યઃ’** એટલે કે

હું સ્વામી- ભગવાનને અધીન છું અને તેથી સ્વામીના અભિપ્રાય મુજબ જ વર્તવું એ મારો-સેવકનો સ્વધર્મ છે અને વર્તમાનમાં સ્વામીનો અભિપ્રાય સ્પષ્ટ આજ્ઞા વગેરે રૂપે જાણી શકાતો નથી તેવી સ્થિતિમાં આવેલી આપત્તિ પણ સ્વામીના અભિપ્રાયે જ છે, નહીંતર ભગવત્સેવકોને સેવામાં બાધા કરવાનું સાક્ષાત્ કાલમાં પણ સામર્થ્ય નથી એમ **‘કાલો ધાવતિ પંચમઃ’** એ શ્રુતિવાક્યથી જાણી શકાય છે. તેથી તેવી આપત્તિમાં હઠ કરવી અને હઠ કરી વર્તવું એમાં સેવાર્થ વિષય નથી, પણ અહંકારજન્ય સ્વપ્રયત્ન જ છે તેથી સેવકોએ તેવી હઠ ન કરવી, હઠને ઉપર્યુક્ત સમજપૂર્વક તત્કાલ ત્યાગવી.

પ્રશ્ન - શ્રીમહાપ્રભુના સેવકો પૈકી શ્રીમાધોદાસે શ્રીપ્રભુને ઉત્તમ મોતીઓની માળા સમર્પવાનો સંકલ્પ કર્યો અને તે અર્થે સેવાકાર્ય છોડી સેવાના સાધન મોતી મેળવવા વહાણવટુ કર્યું અને મહાન શ્રમ કર્યો તો તેમની આ કૃતિથી ગુરુ-પ્રભુ બંનેને પ્રસન્નતા થઈ અને તે વૈષ્ણવજનોમાં પણ આદરપાત્ર બની. તેથી ભલે લૌકિક-વૈદિક કર્મોનો પ્રયત્ન વિશેષ ન કરવો અને આવશ્યક પ્રાપ્ત હોય તેને પણ સેવાના અનુષંગે કરવા, પરંતુ સેવાને અર્થે અથવા વિશેષ સેવા કરવાના અભિપ્રાયે કોઈ વિશેષ કાર્ય કરવાનો નિશ્ચય કરે અને તે માટે તે સેવા છોડી વિશેષ પ્રયત્ન કરે તો તેમાં તો સિદ્ધાન્તદોષ ન જ પ્રાપ્ત થવો જોઈએ ? માધો દુબેના પ્રસંગમાં મોતી લાવવું એ ભલે સેવાર્થજ હતું પણ તે લાવવું આવશ્યક પણ ન હતું અને તે લાવવું પ્રાપ્ત પણ ન હતું, જો તે હઠ નથી, તો પછી સેવામાં તેવા નિશ્ચયને પૂર્વોક્ત હઠ કેમ ગણવી ? અને હોય તો પણ તેમાં શો દોષ છે ?

સમાધાન - સર્વ પ્રથમ તો આપણે નિશ્ચય અને હઠ વચ્ચેના અંતરને બુદ્ધિમાં સ્પષ્ટ કરી લેવું જોઈએ. નિશ્ચય અને હઠ બંનેમાં **‘હું આમ જ કરીશ’** આ જ વાક્ય ઉપસે છે. છતાં પણ ચોર્યાસી વૈષ્ણવો પૈકી ગોવિન્દદાસ ભલ્લાના પ્રસંગમાં હઠ છે અને પદ્મનાભદાસજીના પ્રસંગમાં નિશ્ચય છે એમ વાર્તા સાહિત્યથી અને તેમાં કહેવાયેલાં શ્રીમહાપ્રભુનાં વાક્યોથી અને શ્રીમહાપ્રભુની અપ્રસન્નતા-પ્રસન્નતાથી જાણી શકાય છે.

આપણે પૂર્વમાં વિચારી ગયા છીએ તેમાં વિપર્યય અને નિશ્ચય એ બંને બુદ્ધિની અલગ-અલગ વૃત્તિઓ છે. તેમાં **‘નિશ્ચય એ યથાર્થ અનુભવ છે’** એમ શ્રીઆચાર્યચરણ તૃતીયસ્કન્ધ સુબોધિનીમાં જાણાવે છે. અતઃ જે વસ્તુ જે અર્થમાં હોય તે વસ્તુનું તે અર્થમાં બુદ્ધિમાં જ્ઞાન થવું નિશ્ચય છે અને વિપર્યાસ અથવા વિપર્યય એટલે જે વસ્તુ જે અર્થમાં હોય તે વસ્તુનું તેથી વિપરીત રૂપમાં બુદ્ધિમાં જ્ઞાન થવું વિપર્યાસ છે. તેમાં વિપરીત જ્ઞાન જે બુદ્ધિમાં થાય છે તે અવિદ્યાના કારણે થાય છે. અવિદ્યાનું આજ તો કાર્ય છે. આપણે પહેલાં જ વિચારી ગયા છીએ કે આત્માથી ભિન્ન એવું અહં જ્ઞાન (અસ્મિતા), કામ અને દ્વેષ મળીને મનુષ્યની બુદ્ધિમાં હઠ વૃત્તિ ઉત્પન્ન કરે છે. અને આ ત્રણે અવિદ્યા કાર્ય છે તેથી હઠમાં જે જ્ઞાન છે તે યથાર્થ જ્ઞાન નથી પણ અયથાર્થજ્ઞાન રહેલું છે. **હું ગમે તે ભોગે આ કરીશ જ** એમ હઠમાં હુંમાં અંશજ્ઞાન કે સેવકભાવ નથી, **ગમે તે ભોગે**માં મને લાભ થાય કે હાનિ થાય એમ ભાવ રહેલો હોવાથી પરિણામે આથી મને આટલો લાભ થયો કે મને આટલી હાનિ થઈ-નો ભાવ યા વિચાર હૃદયમાં આવેછે તેથી જે સેવા થઈ છે તેની છેલ્લી પરિણતિ પોતાને સન્તોષ યા અસન્તોષમાં થાય છે, સ્વામીને સન્તોષ થયો કે નહીં તેના વિષયમાં થતી નથી ‘ગમે તે ભોગે’ કરાયેલી એ ક્રિયામાત્ર છે, સેવા નથી. અને **હું આ કરીશ જ** એમાં ભગવાનના સામર્થ્યનો ભાવ કે વિચાર નથી હોતો, પણ પોતાના શક્તિ-સામર્થ્યનો જ ભાવ-વિચાર છે. તેથી જ તો ‘ગમે તે ભોગે’ લાભ કે હાનિમાં સંદેહ છે, લાભનો નિશ્ચય નથી. અતઃ સેવા સમ્બન્ધી કે અલૌકિક જેવું પ્રતીતિ થઈને પણ હઠમાં ભગવદ્‌ભાવ યા ભગવત્ સમ્બન્ધ હોતો નથી. **‘ભલે આર્થિકી પરિસ્થિતિ ગમે તેવી હોય, ભલે મારી શારીરિક સ્થિતિ ઘણી નબળી હશે, પણ હું જન્માષ્ટમીની રાત્રીએ મહાભોગમાં પ્રણાલિકામાં લખ્યા મુજબની બધી જ સામગ્રીઓ અને તે પણ બે ડબ્બા ઘીની થાય તે રીતે જ પ્રતિવર્ષ અનુસાર ધરીશ’** આ પ્રકારમાં હઠ રહેલી છે. આમાં ન તો સિદ્ધાન્તનિષ્ઠા છે, ન તો ગુરુનિષ્ઠા છે, ન તો ભગવન્નિષ્ઠા છે, ન તો ભક્તિનિષ્ઠા છે, ન સમ્પ્રદાય - યા ધર્મનિષ્ઠા છે. કારણ કે આ પ્રકારમાં મેં કર્યું અથવા મારાથી આ થયું એવો ક્ષુદ્ર આત્મસંતોષ માત્ર છે, વર્ના આ પ્રકારે સેવા કરતાં-સેવા સમયે અને સેવાના પરિણામે બંનેમાં ક્લેશ જ ક્લેશ રહેલો છે, આનન્દ તો ક્યાંય નથી. શારીરિક સ્થિતિની અવગણનાથી સેવાસમયે પણ ક્લેશ થાય છે અને આર્થિક પરિસ્થિતિની અવગણનાથી પરિણામે ક્લેશ થાય છે. તો શારીરિક-આર્થિક સ્થિતિની અવગણના પ્રેમવશ માત્ર ભગવત્સેવાર્થ જ થઈ હોય તો સમયે અને પરિણામે બંને સ્થિતિમાં મનમાં ક્લેશ થાય નહીં, પણ ક્લેશ ત્યારે જ થાય છે કે જ્યારે અવિદ્યાવશ રહીને લૌકિક ક્ષુદ્ર ભાવોના પોષણ અર્થે અવગણના કરાઈ હોય.

ગીતાના નવમા તથા બારમા અધ્યાયમાં પ્રેમ-ભક્તિનો સાધનાપથ અને પ્રેમ-ભક્તિથી અલગ પ્રકારનો જ્ઞાન વગેરેનો સાધનાપથ એ બે વચ્ચેનો ભેદ-બે વચ્ચેનો તફાવત ભગવાને કહ્યો છે. તેમાં જે લોકો ભક્તિ-સાધનાપથ પર ડગ માંડનારાઓ છે તેમના માટે કહ્યું કે **‘જે લોકો અનન્યભાવે પ્રેમપૂર્વક મારું ચિન્તન કરતાં મને સેવે છે તેમના યોગ (જે પ્રાપ્ત કરવાનું છે તે) અને ક્ષેમ (જે પ્રાપ્ત છે તેનું રક્ષણ) આ બંનેનું હું જ વહન કરું છું’** અહીં આ સ્થળે ભજન કરનારાઓએ જે એમને આવશ્યક છે તે પદાર્થ અને જે પ્રાપ્ત થયેલ છે તેની રક્ષા એ બંનેને વિશેષ રૂપે નહીં ઉલ્લેખી સાધારણરૂપમાં જ ઉલ્લેખ કર્યો છે તેથી તેમજ તેમણે ઈચ્છેલા યોગ-ક્ષેમ એમ નહીં કહી તેમાં પણ સાધારણ રીતે જ કહ્યું હોવાથી ભક્તિપથ પર ચાલનારાઓના ઈચ્છેલા કે નહીં ઈચ્છેલા, વિચારેલા કે નહીં વિચારેલા. જે પણ આવશ્યક - જરૂરી લૌકિક-વૈદિક-અલૌકિક બાબતના પદાર્થો છે તેની તે ભક્તને પ્રાપ્તિ કરાવવાનું અને તેના ઉપયોગ સુધી તેની રક્ષા કરવાનું જે કાર્ય યા પ્રયત્ન છે તેનું વહન હું કરુ છું કે જેથી તે અર્થે ભક્તે કોઈ પ્રયત્ન કરવો ન પડે અને તે નિરાંતે નિર્બાધ રીતે મન-બુદ્ધિને મારામાં જોડવાની સાધનામાં આગળને આગળ વધતો જ રહે એમ કહેવાનો આશય છે. ઘણીવાર એમ પણ બને કે પ્રેમની કે ભાવની તન્મયતામાં શું મેળવી રાખવું જોઈએ તેનું ધ્યાન ન રહે અને તેથી તે મેળવવાની ઈચ્છા કે વિચાર ઉદ્ભવે નહીં, પણ તે વિના જ્યારે પ્રસંગ ઉપસ્થિત થતાં કામ અટકતું લાગે કે તેથી અણકલ્પેલી વિપરીત સ્થિતિ સર્જાય ત્યારે ક્લેશ થઈ ધ્યાન આવે કે જો આ પહેલેથી વિચાર્યું હોતે તો આ ક્લેશ થતે નહીં. અને આ રીતે ભક્તિસાધનામાં ભગવાનમાં મન-બુદ્ધિ જોડવામાં વિક્ષેપ ઊભો થાય. એવો ક્લેશકર વિક્ષેપ પણ ભક્તને આવતો નથી તે જણાવવા ઈચ્છેલાનું વહન કરું છું એમ નથી કહ્યું. યદ્યપિ એકાદશ

સ્કન્ધમાં પ્રભુ શ્રીકૃષ્ણે ભક્તો વડે ઈચ્છી શકાતા પદાર્થો ગણાવ્યા છે - **‘જે કર્મ વડે, જે તપ વડે, જે જ્ઞાન તથા વૈરાગ્ય વડે, જે યોગ વડે, જે દાન વગેરે ધર્મ વડે, તેમજ બીજા શ્રેયરૂપ સાધનો વડે (જે કંઈ પણ પ્રાપ્ત થઈ શકે છે તે) બધું જ મારો ભક્ત મારા ભક્તિયોગ વડે ખૂબ જ શીઘ્રતાથી અનાયાસ પ્રાપ્ત કરી લે છે, તેમજ જો સ્વર્ગ, મોક્ષ યા મારા ધામની પણ કોઈ પણ પ્રકારે ઈચ્છા કરે તો તેનો પણ તેને લાભ થાય છે’** (ભાગ. ૧૧-૨૦-૩૨,૩૩) પરંતુ અહીં **‘યદ્દિ’** એટલે કે **‘જો’** પદ કહ્યું છે. તેથી ‘જો ઈચ્છા કરે તો’ એમ અર્થ થાય છે. પરંતુ ભક્તો આની ઈચ્છા કરતા જ નથી એમ આ પછીના શ્લોકમાં ભક્તો નિરપેક્ષ હોય છે અને નિરપેક્ષમાં મારી ભક્તિ પ્રગટ થાય છે તેમ જણાવ્યું છે. હવે કોઈ ઈચ્છા કરે કે ન કરે પણ વ્યવહારમાં તો નાની -મોટી આવશ્યકતાઓ ઊભી થાય જ છે અને આવશ્યકતાની અપૂર્તિમાં અનિચ્છાએ પણ ક્લેશ કરાવે તેવી સ્થિતિ સર્જવાનો વ્યવહારનો સ્વભાવ છે અને તેવો ક્લેશ સાધનાપરાયણ ભક્તોને સાધનામાં વિક્ષેપ ઉત્પન્ન કરે છે. તેથી ભગવાન કહે છે કે ભક્તિમાર્ગમાં રહેલા મારા ભક્તો સર્વ પ્રયત્ન ત્યાગેલા, એકમાત્ર મારો જ આશ્રય કરીને રહેલા હોય છે તેથી તેમની આવશ્યકતાનો વિચાર, તેની પૂર્તિ અને તેની રક્ષાનો પૂર્ણ ભાર હું વહન કરું છું. અહીં ગીતાવાક્યમાં ભક્તકૃતિમાં **ચિન્તન કરતાં** અને **મારી ઉપાસના કરે છે - મારું ભજન કરે છે** એમાં તથા પોતાની ભગવત્ કૃતિમાં **હું વહન કરું છું** એમ ત્રણેમાં વર્તમાનકાળનો પ્રયોગ કર્યો છે તેથી ભક્તની ભક્તિસિધ્ધ દશામાં નહીં પણ સાધનદશામાં છે તેમ જાણી શકાય છે. આ રીતે સાધનદશામાં જ જ્યાં ભક્તિમાર્ગમાં ક્લેશ નથી ત્યાં પછી પરિણામે ક્લેશનો તો વિચાર જ ન થઈ શકે.

તેમજ જ્યાં-જેમાં ભક્તિના ભાવો નથી તેવા લોકોની ભક્તિ-અતિરિક્ત સર્વ સાધનામાં ક્લેશને જણાવતાં ભગવાન ગીતાના બારમા અધ્યાયમાં જણાવે છે કે - **‘જે લોકો અવ્યક્ત-અક્ષરને પામવાનાં સાધનોમાં આસક્ત ચિત્ત-સાધનાપરાયણ તેવા જ્ઞાન-યોગ વગેરે સાધનોથી સાધના કરી રહેલાઓને અધિકથી પણ પણ અધિક ક્લેશ થાય છે, કારણ કે તેમાં અવ્યક્ત સમ્બન્ધની-અવ્યક્ત સ્વરૂપે સ્થિતિ રૂપ ગતિ હોવાથી વ્યક્તિ રૂપે સ્થિતિ કરેલા દેહવાળાઓ દુઃખને પામે છે’**

આ પ્રમાણે ભક્તિ વિનાના ભાવોમાં જ ક્લેશ છે, ભક્તિના ભાવોમાં ક્યારેય ક્લેશ નથી હોતો. તેથી હઠમાં ભક્તિના ભાવો નથી એ એની ક્લેશરૂપતાથી જ નક્કી થઈ જાય છે. જ્યારે નિશ્ચય એ હઠ વૃત્તિથી અલગ સ્વરૂપની વૃત્તિ છે. જે વાણી નિશ્ચયવૃત્તિથી બોલાયેલી નથી અને જે વાણી બુદ્ધિની અન્યવૃત્તિથી (સંશયથી, વિપર્યાસિથી, માત્ર સ્મૃતિથી અને નિદ્રામાં) બોલાયેલી હોય તેવી વાણી માટે શ્રીકૃષ્ણનો અભિપ્રાય જોઈએ તો -

હે અર્જુન ! કર્મ કરી રહેલા લોકોમાં નિશ્ચયાત્મિકા બુદ્ધિ એક પ્રકારની છે અને નિશ્ચય વિનાની બુદ્ધિના અનન્ત પ્રકારોથી અનેક શાખા - પ્રશાખા વાળી છે, નિશ્ચયાત્મિકા બુદ્ધિ વિનાના જે વિવેકશૂન્ય - અવિદ્વાન લોકો છે તે લોકો આ પુષ્પિતાવાણી (એટલે કે પુષ્પ લાગેલાં દેખાય અને આશા બંધાય કે હવે ફલ થશે, પણ ક્યારેય જેમાં ફળ લાગતાં નથી તેવી વાણીને) પ્રકૃષ્ટતાથી બોલે છે, તે લોકો માત્ર વેદના વાદમાં જ રત હોય છે. અને આ સિવાય બીજું કંઈ નથી એમ વાદ કરવાવાળા હોય છે, આવા લોકોનું અન્તઃકરણ કામ-અભિલાષા - ઈચ્છાથી ભરપૂર હોય છે, આ લોકો પોતાના પ્રયત્નથી પ્રાપ્ત થનારા એવા સ્વર્ગ વગેરે ફલમાં પરાયણ હોય છે તેમજ આવા લોકો જન્મ - મરણ વગેરે કર્મફલને આપનાર અને ઘણી બધી વિશેષ ક્રિયાઓ જેમાં છે તેવાં સાધનો બતાવનારી વાણીવાળા હોય છે .... (ગીતા-૨ - ૪૧ થી ૪૪) વગેરે -વગેરેથી.

જેમ ગીતાના વાક્યમાં એ વાણી પુષ્પિતા છે, તેમ અહીં પણ હઠવૃત્તિથી થયેલી (ભલે સેવા સમ્બન્ધની) ક્રિયા એ પણ પુષ્પિતા જ છે. એકવાર સાંભળનાર-જોનારને એમ લાગે કે આને ઉત્તમ ફળ થશે પણ વાસ્તવમાં તેનું ક્યારેય ફળ થવાનું નથી અને જો થશે તો અહંકારવૃદ્ધિનું જ અથવા ક્લેશાનુભવનું જ ફળ થશે.

જ્યારે તૃતીય સ્કન્ધ સુબોધિનીમાં શ્રીમહાપ્રભુ નિશ્ચય બાબતમાં **‘નિશ્ચયો યથાર્થાનુભવઃ’** બુદ્ધિમાં યથાર્થ જ્ઞાન એ નિશ્ચય છે એમ જણાવી

આગળ જણાવે છે કે **‘અર્થો હિ જ્ઞાનસ્ય અર્દ્ધ અંગમ્, અત એવ સ્મૃતિર્ન નિશ્ચયાત્મિકા, અર્થાભાવાત્’** નિશ્ચય કરીને અર્થ એ જ્ઞાનનું અડધું અંગ છે, તેથી જ (અંગહીન હોવાથી) સ્મૃતિ એ નિશ્ચયાત્મિકા નથી, કારણ કે તેમાં અર્થનો અભાવ હોય છે. તેથી જ યથાર્થતા નહીં હોવાથી સરખેસરખો ચહેરો છેતરામણો હોય છે. શ્રીમહાપ્રભુજીનાં ઉપર્યુક્ત વાક્યમાં યથાર્થ અનુભવમાં અનુભવ પદ જ્ઞાનના અર્થમાં પ્રયોજાયેલું છે. એટલે કે જે વસ્તુ કે વિષય જે અર્થમાં હોય તેનું તે અર્થમાં જ જ્ઞાન હોવું એ નિશ્ચય છે.

આ મુજબ વિચારતાં હવે સેવા બાબતમાં કોને હઠ માનવું અને કોને નિશ્ચય માનવું તે વિચારી લઈએ. સંસ્કૃત નીતિવાક્ય-સુભોષિતોમાં એક વાત કહેવાઈ છે. **‘ધનં સર્વાત્મના રક્ષેદ્ દારા રક્ષેદ્ ધનૈરપિ, આત્માનં સતતં રક્ષેદ્ દારૈરપિ ધનૈરપિ’** એટલે કે ધનની સર્વ પ્રકારે રક્ષા કરવી, પણ જો સ્ત્રી-પત્નીની રક્ષામાં ધનવ્યય થતો હોય તો ધન જતું કરીને પણ સ્ત્રીની રક્ષા કરવી અને જો પોતાની જાતની રક્ષામાં એ બંને જતાં હોય તો જતાં કરીને પણ પોતાની જાતની સતત-સદા રક્ષા કરવી. આમાં ઉત્તરથી અનુક્રમે જીવ, જીવન અને જીવનનિર્વાહનાં સાધનોની રક્ષાની વાત કહી છે. સાધનોનો નાશ થવાથી જીવન શક્ય બનતું નથી તેથી સાધનોની સર્વ પ્રકારે રક્ષા કરવી. દારા શબ્દ અહીં જીવન અર્થમાં છે. તેથી સ્ત્રી-પુત્ર વગેરે જીવનરૂપ કે જેને વ્યક્તિ જીવન તરીકે માને છે તે સર્વનો સંગ્રહ કરવો. આજ વાત અર્જુને ગીતામાં કહી છે - **‘હે કૃષ્ણ ! હું વિજય, રાજ્ય કે સુખની આકાંક્ષા રાખતો નથી, હે ગોવિન્દ ! એવા રાજ્ય વડે કે એવા ભોગ વડે અથવા એવી રીતે જીવતા રહીને પણ શો લાભ ? જેમના અર્થે (જેમની સાથે રહીને) રાજ્ય, ભોગ અને સુખની ઈચ્છા રાખી તે બધા જ લોકો અત્યારે ધન-પ્રાણની પરવા કર્યા વિના યુદ્ધમાં ઊભા રહ્યા છે’** આ રીતે જીવન રૂપ તે બધાની રક્ષામાં જો સાધનો જતાં હોય તો જવા દેવા, કારણ કે સાધનો પણ જીવન માટે જ છે અને જીવન જ ન રહે તો પછી સાધનોનો ઉપયોગ જ શો ? અને જીવનરૂપ બધાં હોવા છતાં પણ તે બધાનું મહત્ત્વ પોતાની જાતને લઈને જ છે પોતાની જાતનો નાશ થયા પછી જીવન કે સાધનો બચી જાય તો પણ તેથી શું ? તેથી આત્મરક્ષા સર્વપ્રકારે અને સર્વતઃ

કરવી એમ આનો આશય છે.

તેવી જ રીતે કોઈ પણ નિયમ રૂપ સિદ્ધાન્તોનું કે જેને શ્રીમહાપ્રભુ નિબંધમાં અને તૃતીયસ્કંધ સુબોધિનીમાં સ્વધર્મના નામે આલેખે છે તેનું પાલન-રક્ષણ સર્વ પ્રકારે કરવું જ જોઈએ. કારણ કે જે કોઈ પણ નિયમો બનેલા છે તે ભાવવૃદ્ધિ અને ભાવનિર્વાહ અર્થે (ભાવ એટલે સેવકભાવ અને સ્નેહભાવ અર્થે) બનેલા છે. તેના પાલન-પોષણ થકી જ આ શક્ય બને છે. પણ જો ક્યારેક કોઈક નિયમના કારણે કોઈકને ભાવવિઘાત થતો હોય ત્યારે તેણે નિયમની રક્ષાની અપેક્ષા ભાવરક્ષાને જ મહત્ત્વ આપી વર્તવું એ જ વિવેક છે. અને ભાવનો નિર્વાહ પણ જીવના કલ્યાણાદિ સ્વાર્થે નહીં પણ ભગવત્ સુખ-ભગવત્ પ્રસન્નતાને અર્થે જ છે તેથી જો કદાચ ક્યારેક કોઈક નિયમ પાલનથી યા ભાવના કોઈક પ્રકારથી ભગવત્ પ્રસન્નતામાં વિક્ષેપ આવતો હોય ત્યારે તો નિયમ અને ભાવ બંનેની અપેક્ષા જેથી ભગવત્ પ્રસન્નતા રહેતી હોય તે મુજબ જ વર્તવું જોઈએ. કારણ કે ભગવાનની અપ્રસન્નતાએ તો નિયમ કે ભાવનું રક્ષણ-પાલન કરીને પણ અર્થહીન જ હોય છે. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ પ્રદર્શિત કિંવા પ્રભુશ્રીકૃષ્ણચન્દ્ર પ્રકટિત શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગમાં સર્વાધિક નિયમ કહો, સિદ્ધાન્ત કહો, ભાવ કહો, ધન કહો કે જીવન કહો, આ માર્ગમાં સર્વાધિક મેરુ સ્થાનીય કે જે સર્વથા-સર્વદા અનુલ્લંઘ્ય છે તે ભગવત્ પ્રસન્નતા જ છે. તેથી ભગવત્ પ્રસન્નતાની જાળવણી એ જ મુખ્ય વિષય છે. તેથી પુષ્ટિજીવનું સર્વસ્વ એ ભગવત્ પ્રસન્નતા છે.

ભગવાનની પ્રસન્નતા શેમાં છે ? તો પોતાના સિદ્ધાન્ત ગ્રન્થોમાં શ્રીઆચાર્યચરણે જણાવ્યું છે તે મુજબ ભક્તની બુદ્ધિ દૈન્યભાવથી ભરપૂર હોય અને તે દૈન્યભાવ પૂર્વક સેવકભાવે તેની સર્વ કૃતિ હોય, એટલે કે તેનાથી થનારી કાયિક-વાચિક-માનસિક સર્વ ક્રિયાઓથી દૈન્યભાવ સહિતની સેવકવૃત્તિ જ અભિવ્યક્ત થતી હોય. જેમ પોતપોતાના વર્ણ અનુસાર હું બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર છું તેમ જ્ઞાન બુદ્ધિમાં વ્યાપીને ગીતા-ભાગવત વગેરે શાસ્ત્રોમાં જણાવ્યા અનુસારની તે-તે વર્ણને અનુકૂલ સ્વભાવથી ઉત્પન્ન વૃત્તિને સ્વધર્મે આચરે છે. તેમ સેવકત્વ યા વૈષ્ણવત્વ એ આ ચારથી અલગ સ્વતંત્ર વર્ણ છે અને

તેની વૃત્તિ પણ તે મુજબ જ ચારેથી અલગ સ્વતંત્ર છે. તેથી જ ગીતાના અઢારમા અધ્યાયમાં પ્રથમ ચાર વર્ણ અને તેના સ્વભાવ જ વૃત્તિરૂપ ચાર સ્વધર્મનું નિરૂપણ કરીને અર્જુનને માટે અને તેના નિમિત્તથી સમસ્ત વૈષ્ણવ સમુદાયને માટે ભગવાન અધ્યાયના અન્તે વૈષ્ણવતાનો પાઠ ભણાવતાં ઉપદેશના છેલ્લા બે શ્લોકો વડે જણાવ્યું છે. ત્યાં પ્રથમ શ્લોકમાં ઉત્તરાર્દ્ધ વડે ફલરૂપ ભજનનું અને પૂર્વાર્દ્ધ વડે તેના અર્થેનું સાધનરૂપ ભજન સ્વરૂપ લક્ષણથી જણાવ્યું છે અને તે પછીના બીજા એટલે કે અન્તિમ શ્લોકમાં પૂર્વાર્દ્ધમાં ભજનરૂપ કલેવરમાં તેની અંદર ભાવરૂપ કેવી ચેતના વ્યાપેલી હોવી જોઈએ તેનું સ્વરૂપ જણાવ્યું છે અને ઉત્તરાર્દ્ધમાં ભજનરૂપ કલેવરમાં શરણભાવરૂપ ચેતના જ્યારે વ્યાપેલી હોય છે ત્યારે તેના પરિણામે શું થાય છે તે જણાવ્યું છે. શ્લોકના ઉત્તરાર્દ્ધમાં પ્રયોજાયેલ **'પાપ'** શબ્દ પૂર્વ શ્લોકમાં જણાવ્યા પ્રકારના ભજનમાં આડે આવતા યાવન્માત્ર લૌકિક-વૈદિક કે અલૌકિક પ્રતિબંધોને જણાવ્યા છે અને તેની નિવૃત્તિ તથા બે શ્લોકમાં જણાવેલ ભજન અને ભાવની રક્ષા એ બંને પણ ભગવાન પોતાનાં સ્વરૂપબલે જ કરે છે એમ નવમા અધ્યાયના **'અહં વહામિ'** વાક્યથી તથા દશમસ્કન્ધ-ગોવર્ધનલીલાના પ્રસંગમાં ભગવદ્વાક્યમાં કહેવાયેલ **'આત્મયોગેન'** અને **'મે વ્રત'** વાક્યથી જાણી શકાય છે. ગીતાના ઉક્ત શ્લોકમાં જણાવેલ ચાર વાતોને જ ભાગવતના દશમ સ્કન્ધસ્થ ઉક્ત શ્લોકમાં ચાર વાક્યથી અનુવાદ રૂપે કહ્યા છે. તેમાં **મન્મનાભવ** નો અનુવાદ **મચ્છરણમ્** થી, **મદ્ભક્તઃ** નો અનુવાદ **મત્પરિગ્રહમ્** થી, **મદ્યાજી**નો અનુવાદ **ગોષ્ઠમ્**થી અને **માં નમસ્કુરુ**-નો અનુવાદ **મન્નાથમ્** વાક્યથી આપવામાં આવ્યો છે. બહુ વિસ્તાર થઈ જશે તેવા ભયે આની વધુ ચર્ચા અહીં કરતો નથી.

ગીતામાં કહેવાયેલ ચાર વાક્યો સાધનદશામાં રહેલા ભક્તો અર્થે કહેવાયાં છે. જ્યારે દશમસ્કન્ધ ગોપીગીતના પ્રથમ શ્લોકમાં સિદ્ધદશામાં પહોંચેલા ભગવદીય-ભક્તનાં લક્ષણ પોતાના માધ્યમથી શ્રીગોપીજનોએ કહ્યાં છે. તેમાં દયિતથી જેમને એકમાત્ર ભગવાન જ પ્રિય છે તેવા, **તાવકાઃ** થી સર્વથા ભગવાનના જ માત્ર થઈને રહેલા તદીયો (તદીય-મદીયનો નિત્ય સમ્બન્ધ હોવાથી અને જેમનું એકમાત્ર ભગવાન સિવાય અન્ય કંઈ પણ નથી તેવા),

ત્વયિધૃતાસવઃ થી જ્યારે જેમનું પ્રાણધારણ પણ માત્ર ભગવદર્થે જ છે, ત્યારે પછી બીજી કોઈ પણ તેમની પ્રવૃત્તિ અન્ય અર્થે- અન્ય હેતુથી થવી તો શક્ય જ નથી, તેથી જેમની સર્વ ક્રિયાઓ એકમાત્ર ભગવાન અર્થે જ છે તેવા સેવાપરાયણો અને **ત્વાં વિચિન્વતે**થી અતિશય ઉત્કટ વિપ્રયોગદશાને પ્રાપ્ત થયેલા અને વિપ્રયોગના સ્વભાવે સ્થિતિ કરેલા તથા વિપ્રયોગમાં ઉપર કહેલ ત્રણ મુજબના.

આ રીતે જ્યારે ગીતામાં જણાવ્યા પ્રકારે ચાર બાબતે આચરણનો અભ્યાસ કરવામાં આવે છે ત્યારે તેના તે ચાર આચરણો ગોવર્ધનલીલામાં કહેવાયેલ ચાર ભગવદ્વાક્ય મુજબ સિદ્ધ સ્વરૂપના એટલે કે પુષ્પિતથી આગળ જેમાં ફળ લાગ્યું છે તેવા સ્વરૂપના બને છે અને વિશેષ ભગવદનુગ્રહે ગોપીગીતમાં કહેવાયેલ પરિપક્વ ફલદશા સ્વરૂપના બને છે. આને કોષ્ટકથી સમજવું હોય તો -

ગીતા	**ગોવર્ધનલીલા**	**ગોપીગીત**
મન્મનાભવ	મચ્છરણમ્	દયિત
મદ્ભક્તઃ	મત્પરિગ્રહમ્	તાવકાઃ
મદ્યાજી	ગોષ્ઠમ્	ત્વયિધૃતાસવઃ
માં નમસ્કુરુ	મન્નાથમ્	ત્વાં વિચિન્વતે

ગીતા-ગોવર્દ્ધનલીલા અને ગોપીગીતમાં જણાવેલ ચારે વૈષ્ણવતા યા ભવગદીયતાનાં લક્ષણો હોઈને પણ જો દૈન્યભાવ વિહોણા હોય ત્યારે તો એ પણ ભગવત્ તોષના હેતુ બનતા નથી. તેથી જ ગીતામાં પણ સર્વગુહ્યતમ એવા પરમવચનો અર્જુનને કહેતાં ભગવાને પ્રથમ આ ચારનો ઉલ્લેખ કરીને અન્તમાં સર્વધર્મત્યાગપૂર્વક શરણગમનના આદેશમાં વચનો પૂર્ણ કર્યાં છે. તેથી ધર્માભિમાન કિંવા સાધનાભિમાન અથવા તો સેવકત્વાભિમાન પણ ભગવત્ તોષમાં નડતરરૂપ હોય છે. તેથી જ ગોપીગીત પ્રસંગમાં પણ ગોપીજનો વડે ઉત્તમોત્તમ પ્રકારે વિપ્રયોગભાવે થયેલા પૂર્વકૃત સાધનો પણ ભગવદાવિર્ભાવ

માટે પરમ આવશ્યક ભગવત્તોષને સાધી શક્યા નથી. સુબોધિનીજીનાં વાક્યોને વિચારીએ તો **‘અઠ્ઠાવીસમાં અધ્યાયમાં વિરહના સ્વભાવે અને સ્વકૃત અપરાધનું જ્ઞાન થતાં હરિનું ગાન કરવામાં આવ્યું છે’** વિરહના સ્વભાવે આ ગીત ભાવગાન છે અને અપરાધજ્ઞાનદશાએ આ ગીત સ્તુતિગાન છે. સ્તુતિ આનન્દમય પરમાનન્દની છે તેથી આનન્દમયના આનન્દરૂપ જે પણ ગુણો છે તે આમાં ગવાયા છે. સ્તુતિ હમેશાં ગુણને અનુરૂપ હોવી જોઈએ. ગોપીગીતના અન્તે સુબોધિની વાક્ય ઉપર ટિપ્પણીમાં શ્રીપ્રભુચરણ લખે છે - **‘ભગવત્ પ્રાપ્તિને અર્થે ભક્ત વડે જે કંઈ પણ સાધન થાય છે તે સાધનોની પરાકાષ્ઠા (પંચાધ્યાયીના બીજા અધ્યાયથી આરંભી ગોપીગીતના અન્ત પર્યન્તમાં) કહેવામાં આવી છે’** આ સાધનો રૂપ જે મહા સમ્પત્તિ છે તેને અંગે ચોથા અધ્યાયના આરંભે શ્રીમહાપ્રભુ જણાવે છે કે - **નિશ્ચય કરીને સાધનસમ્પત્તિ વડે કોઈના ઉપર ભગવાન સન્તુષ્ટ થતા નથી, ભક્તોમાં પ્રકટ થયેલું દૈન્ય જ એક માત્ર સર્વ દુઃખહર્તા શ્રીહરિને સન્તુષ્ટ કરવાનું સાધન છે’** આ પ્રમાણે જ્યારે શ્રીવ્રજભક્તો જેવા સિદ્ધ ભક્તો વડે સારી રીતે આચરિત સાધનો પણ જ્યાં ભગવત્તોષ સાધી શકતા નથી અગર તે સાધનોપૂર્ણ દૈન્યભાવ વિના આચરિત હોય, તો પછી વિપરીત ભાવે કરાયેલ સાધનોનું આચરણ તો કેવી રીતે ભગવાનને સંતુષ્ટ કરી શકે છે ? ન જ કરી શકે. જેમ એકાદશ સ્કન્ધમાં કહ્યા અનુસાર આત્મનિવેદન પૂર્વક કરાયેલાં શ્રવણાદિ સાધનો ભક્તિમાર્ગીય કહેવાય છે અને તેવાં સાધન જ ભક્તિ પ્રકટ કરવા સક્ષમ હોય છે, આત્મનિવેદન નહીં કરેલા લોકો વડે ભક્તિ સદશ શ્રવણ-કીર્તનાદિ સાધનો પણ અન્યમાર્ગીય યા અમાર્ગીય જ છે અને તેનાથી ભક્તિ પ્રગટ થતી નથી, તેમ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગાચાર્ય શ્રીવલ્લભાચાર્યચરણ દ્વારા નિર્દેશાયેલા યા સ્વીકૃત જે સાધનો વૈષ્ણવોના આચરણ માટે છે તેનું આચરણ પણ ત્યારે જ ગુરુ-હરિને સન્તોષ આપી શકે છે કે જ્યારે તે દૈન્યભાવપૂર્વક આચરણ થયું હોય. રાસપંચાધ્યાયી-ચોથા અધ્યાયનાં સુબોધિની વાક્યોને સાથે રાખતાં જે કંઈ પણ સાધનો પુષ્ટિમાર્ગમાં કહ્યા છે તેમાં દૈન્યભાવનું સાતત્ય સર્વથા આવશ્યક-અપેક્ષિત છે. **‘હું પ્રભુનો સેવક છું’** એમ સેવકભાવ પણ જો દૈન્યભાવ વિનાનો હોય ત્યારે તે પણ ભગવત્તોષમાં અર્થહીન હોય છે, બલકે સેવકભાવ પણ જ્યારે દૈન્ય વિનાનો હોય છે ત્યારે તેમાં ક્યારે ગર્વનો પ્રવેશ થઈ જાય છે તેની જાણ પણ થતી નથી. દૈન્યભાવ વૈષ્ણવજીવન માટે પ્રાણ સમ છે અને ગર્વ એ વૈષ્ણવ જીવન માટે વિષ સમાન છે. દૈન્ય એટલે **‘દીનસ્ય ભાવઃ દૈન્યમ્’ ‘દીનપણાનો-દીન લોકોનો ભાવ એ દૈન્ય છે’** અહીં યાદ રાખવું જોઈએ કે પોતાનામાં હીનપણાનો ભાવ એ દૈન્ય નથી અને તેવું દૈન્ય તો શ્રીમહાપ્રભુ દ્વારા સૂરદાસજીના ગઉઘાટવાળા પ્રસંગમાં નિંદ્ય બન્યું છે. હીનભાવ એટલે **હું હીન છું** તેવું બુદ્ધિમાં જ્ઞાન હીનભાવ છે. હીનભાવનો જ બીજો છેડો ગર્વ-અભિમાન યા પોતાનામાં હું શ્રેષ્ઠ છું તેમ શ્રેષ્ઠતાનું જ્ઞાન છે. જ્યારે દૈન્ય આ બંનેથી અલગ છે. પોતાનામાં જે કંઈ પણ શ્રેષ્ઠ નામે છે અથવા પોતાની પાસે શ્રેષ્ઠ નામે જે કંઈ પણ છે તેમાં હું-મારું નો ભાવ યા જ્ઞાન ન હોઈ તેમાં ભગવાનનાં જ સામર્થ્ય અને સ્વામિત્વનો વિચાર-જ્ઞાન એ દૈન્ય છે. અથવા તો પોતાની પાસે યા પોતાનામાં જે કંઈ પણ છે તે ભગવાનનું જ આપેલું છે અને જે છે તે ભગવાનની પ્રસન્નતામાં પર્યાપ્ત નથી, ભગવાનની પ્રસન્નતા તો ભગવાન કૃપા કરીને પ્રસન્ન થાય ત્યારે જ શક્ય છે આવું બુદ્ધિ-મનમાં સુદઢતાએ જ્ઞાન-અનુભવ એ દૈન્ય છે. બુદ્ધિમાં સુદઢતાએ જ્ઞાન એટલે દૈન્યભાવમાં જે ઉપર કહેવાયું છે તેવો બુદ્ધિમાં યથાર્થજ્ઞાન રૂપ નિશ્ચય થવો દૈન્ય છે. ‘ભલે આપણું છે પણ આપણે તો એમ ન માનવું, બધું ભગવાનનું છે એમ જ માનવું’ આવો બનાવટી યા આત્મવંચના સ્વરૂપનો ભાવ દૈન્યભાવ નથી પણ બુદ્ધિ વડે યથાર્થ રીતે અનુભવવું દૈન્ય છે. જેમ અગ્નિ ઉષ્ણ છે એમ બુદ્ધિને મનાવવું નથી પડતું અગ્નિ ઉષ્ણ છે એ યથાર્થ જ્ઞાન બુદ્ધિમાં છે અને તેથી જ અગ્નિ નામથી સહજ રીતે દૂર રહેવાય છે. મન મનાવવામાં તો બુદ્ધિમાં અન્તઃ સંસ્કાર તો ‘આ મારું છે’ એમ જ છે, ઔપચારિકતાથી પ્રાસંગિક રીતે આ ભગવાનનું છે એમ માનવામાં આવે છે. જ્યારે મનિઓર્ડરનો થેલો ભરેલા પોસ્ટમેનને કે બેન્કના કેશિયરને પોતાની પાસે રહેલા લાખ રૂપિયા માટે બુદ્ધિને મનાવવું નથી પડતું કે આ પૈસા બીજાના છે. યથાર્થ બીજાના જ છે, બીજાના ઉપયોગ માટેના જ છે તેવું તેને યથાર્થ જ્ઞાન હોય છે. નિશ્ચયપૂર્વક તેની બુદ્ધિ માને છે કે આ બીજાના છે. એ નિશ્ચયપૂર્વક માને છે તેથી જ તે પૈસાથી ચણા મમરા ખાવાનો કે પોતાના ખર્ચમાં તેને વાપરવાનો તેના વડે પ્રયત્ન થતો નથી, અને કદાચ તે તેમ કરે ત્યારે તેની બુદ્ધિ અપરાધ જ્ઞાનવાળી -

[illegible]

[illegible]

વ્યક્તિ દ્વારા તે દેવ સમ્બન્ધનું દ્રવ્ય ગ્રહણ કરવામાં તેને શત પ્રતિશત દોષ પ્રાપ્ત થાય છે અને તેવાનું પ્રાયશ્ચિત્ત તો શાસ્ત્રોમાં પણ નિરૂપિત નથી તેથી તેવાને તો પ્રભુ પોતાની ઈચ્છાએ જે પણ પ્રાયશ્ચિત્ત કરાવે તે જ તેને માટે છે. આવા વ્યક્તિનો તો ક્યારેક સ્પર્શ પણ થઈ જાય અથવા દૃષ્ટિથી પણ સ્પર્શ થાય તો જોનાર-સ્પર્શનારને અપાવિત્ર્ય ઉત્પન્ન થાય છે અને તેની નિવૃત્તિ અર્થે તેણે તત્કાલ સ્પર્શાસ્પર્શ કર્યા વિના સચૈલ એટલે કે જે વસ્ત્ર પહેરી રાખ્યાં હોય તે વસ્ત્ર સહિત માથાડૂબ સ્નાન કરવું પ્રાપ્ત થાય છે.

તેથી જ શ્રીનાથજીની સેવામાં સમર્પિત થયેલા એવા રામદાસ પ્રભૃતિ સેવકોને શ્રીજીનાં પ્રસાદી અન્ન-વસ્ત્ર વગેરે ગ્રહણ કરવામાં દોષ પ્રાપ્ત થયો નથી અને શ્રીમહાપ્રભુએ પણ ગોવિન્દદાસ ભલ્લાને તે મુજબ સ્થિતિ કરવા અને વર્તવા આજ્ઞા કરી હતી. ગુરુને ત્યાં માટે પણ આજ નિયમ યા વિવેક છે.

અહીં એક બીજી પણ સ્પષ્ટતા જરૂરી લાગે છે કે પ્રસાદી અન્ન-વસ્ત્રના ન્યાયે કોઈ પ્રસાદી એટલે પ્રભુના ઉપયોગમાં આવી ગયા હોય તેવા સોનું, ચાંદી વગેરે ધાતુઓ યા હીરા-માણેક વગેરે રત્નો યા રોકડ રૂપિયા - નોટ વગેરે ચલણી વસ્તુઓને કે જેને પ્રસાદી સમજીને ગ્રહણ કરવામાં મનોદોષ પ્રાપ્ત થાય છે તેમજ જે આ વસ્તુઓ વ્યવહાર માટે અનિવાર્ય-આવશ્યક નથી તેનું ગ્રહણ કરવું નારકી યાતનાથી પણ નિવૃત્ત ન થઈ શકે તેવો દોષ પ્રાપ્ત થાય છે. પરન્તુ અસમર્પિત પદાર્થ માત્રનો ઉપયોગ ન કરવો એ આચાર્યાજ્ઞાનુસાર કોઈ સોનાની ચેન કે વીંટી વગેરે યા રત્નોના હાર-કંઠી વગેરે પોતાના માટે લાવ્યા હોય અને તેને ભગવદુપભુક્ત કરાવવા માટે પ્રભુને ધરાવે અને તે પછી તેનો પોતે ઉપયોગ કરે તેમાં કોઈ દોષ નથી. તેવી જ રીતે ભગવત્ સમ્બન્ધનું દ્રવ્ય એટલે કે દેવના દૈનિક-પ્રાસંગિક વ્યવહાર નિર્વાહ અર્થે રહેલું દ્રવ્ય હોય અને વ્યક્તિ તે સ્થળે સમર્પિત હોય ત્યારે પણ કંઠે પ્રાણ આવ્યા હોય તેવી સ્થિતિમાં પણ આપદ્ધર્મ તરીકે પણ ભગવદુપભોગ થયા વિનાના પદાર્થોનો કે જે અનિવાર્ય - આવશ્યક હોય તો પણ તેનો સ્વ અર્થે ઉપયોગ ન જ કરવો. જેમ ભાગવત દ્રવ્યને વૃત્તિ અર્થે યા આપદ્ધર્મ તરીકે સ્વીકારવામાં પણ શ્રીમહાપ્રભુ **‘પ્રાણૈઃ કણ્ઠગતૈરપિ’** વાક્યથી નિબંધમાં નિષેધ કરે છે તેમ અહીં પણ સમજવાનું છે. જેમ કે શ્રીપ્રભુની

ઝારી ભરવા કોઈ વ્યક્તિ જલપાનઘરમાં જઈ ઝારી ભરી રહ્યો છે અને તે જ વખતે શારીરિક કોઈક કારણથી કફનો ગળફો ગળામાં અટકી ગયો અને તેથી પ્રાણાન્ત કષ્ટ થઈ રહ્યું છે ત્યારે એમ વિચારીને કે આ આપદ્ધર્મ છે, શ્રીપ્રભુની સેવાર્થે પ્રાણરક્ષા જરૂરી છે તેથી ઝારી માંજીને તપાવી લેવાશે અને જળ નવું ભરી લેવાશે પણ અત્યારે ઝારીથી જળ લઈ પ્રાણ બચાવવા તો તેવો ભગવદ્ ઉપયોગ માટે રહેલા દ્રવ્ય-પદાર્થનો ભગવદ્ ઉપયોગ પૂર્વ પોતે ઉપયોગ કરી લેવો એ મહાદોષ છે.

બીજી વાત એમ પણ છે કે ભગવાનની સેવામાં ભગવત્સેવાને અર્થે રહેલ સોનું, ચાંદી વગેરે ધાતુની વસ્તુઓ અથવા મોતી વગેરે રત્નોના અલંકારો ભગવદુપયોગના ન રહે અથવા જુનાં-પુરાણાં થઈ ગયાં હોય તેને તેમાં ભગવત્ સ્વરૂપાત્મક ભાવ રાખી સ્વરૂપવત્ સેવાને અર્થે ગ્રહણ કરવામાં આવે ત્યારે દોષ નથી રહેતો. પરન્તુ તેવી વસ્તુનો ભગવાનથી અતિરિક્ત સ્વ કે સ્વકીય અર્થે ઉપયોગ - ઉપભોગ કરવા-કરાવવામાં આવે તે તો દોષરૂપ જ છે. તેવી જ રીતે ગુરુ દ્વારા પ્રાપ્ત કોઈ પણ ધાતુની ભગવન્મૂર્તિ-સ્વરૂપ પોતાના માથે સેવાર્થ પધરાવવામાં આવે ત્યારે પણ તેથી ગુરુ દ્રવ્ય ગ્રહણ થયાનો દોષ પ્રાપ્ત થતો નથી. કારણ કે ત્યારે આપનાર-લેનારમાં ધાતુબુદ્ધિ ન હોઈ યા તેમાં ચલ સમ્પત્તિબુદ્ધિ ન હોઈ ભગવત્ સ્વરૂપ બુદ્ધિ હોય છે.

હવે રહી વાત છેલ્લે **‘દેવતાને ઉદ્દેશીને સ્વકીયતા ત્યાગપૂર્વક દેવના સ્વામિત્વને ઉત્પન્ન કરવાના સ્વરૂપમાં અપાયેલું દ્રવ્ય’**. એટલે કે કોઈક બ્રાહ્મણ પોતાના ઘરે શિવ-વિષ્ણુ-કૃષ્ણ-રામ કે કોઈક દેવ મૂર્તિની પૂજા-અર્ચના-સેવા કરે છે. હવે તે બ્રાહ્મણનો કોઈ યજમાન એક ચાંદીનો થાળ યા સુવર્ણ મઢેલો શંખ આ દેવના ઉપયોગ માટે દેવને અર્પણ કરું છું એમ કહી આપે અને બ્રાહ્મણ તે અર્થમાં તેને સ્વીકારે ત્યારે આપનાર વ્યક્તિએ બ્રાહ્મણને આપ્યું છે તેમાં બ્રાહ્મણને દાન-બક્ષિસ-ભેટ-ઉધાર-વ્યાજે કે વારસાઈ રીત-પ્રકાર યા સ્વરૂપ તેમાં બનતું નથી. તેવી સ્થિતિમાં યજમાન વડે અપાયેલ અને બ્રાહ્મણ દ્વારા સ્વીકૃત દ્રવ્ય ઉપર કોઈ પણ પ્રકારે બ્રાહ્મણનું સ્વામિત્વ ઉત્પન્ન થતું નથી અને તેના ઉપર માત્ર દેવના જ સ્વામિત્વનું ઉત્પાદન થાય છે. આપનારને પણ

બ્રાહ્મણનું સ્વામિત્વ માન્ય નથી પણ દેવનું જ સ્વામિત્વ માન્ય છે. તેથી જ દેવને અર્થે અપાયેલ સોનાનો હાર જો બ્રાહ્મણ પોતાની પત્નીને પહેરાવે યા બીજાને દાન-બક્ષીસમાં આપી દે તો આપનારના ચિત્તમાં ક્લેશ થાય છે. તેમ લેનારની બુદ્ધિમાં પણ એ બાબતની પૂરેપૂરી જાણકારી હોય છે કે આપનારે મારા અર્થે મારા સ્વામિત્વમાં નથી આપ્યું પણ દેવ અર્થે દેવના સ્વામિત્વમાં આપ્યું છે અને મારા વડે પણ તે અર્થમાં જ ગ્રહણ થયું છે. આ રીતે લઈને પણ લેનાર પાસે રહેલી અપાયેલ વસ્તુ એ એના ટ્રસ્ટીપણામાં રહેલી છે કે જેને ઉક્ત હેતુ માટે જ વાપરવા-ઉપયોગ કરવા તે બંધાયેલો છે.

શાસ્ત્ર અનુસાર યા વ્યવહાર અનુસાર દાન યા બક્ષિસના વિષયમાં બે વાત આવશ્યક છે. એક તો આપનાર વ્યક્તિ લેનારથી ભિન્ન સ્વતંત્ર સત્તાક હોવો જરૂરી છે. અન્યથા એક વ્યક્તિ પોતાના જમણા હાથે આપી પોતાના ડાબા હાથે આપે તેને પણ દાન યા બક્ષિસ માનવું પડશે. તેમજ બીજી વાત છે કે જે વસ્તુ આપવાની છે તે આપવાના સમયે બીજાની માલિકીમાં રહેલી અન્ય સ્વામિત્વવાળી ન હોવી જોઈએ પણ આપનારની પોતાની માલિકીની સ્વસ્વામિત્વવાળી હોવી જોઈએ. અન્યથા કોઈ પણ વ્યક્તિ કોઈના પણ સ્વામિત્વનું કોઈ બીજાને સ્વત્વાર્પણ કરવાની સત્તા દરેકને મળી જઈ શાસ્ત્ર-વ્યવહાર બધે જ મહાન અવ્યવસ્થાનો દોષ પ્રાપ્ત થઈ જશે. આધુનિક ભારતીય કાયદામાં પણ ભલે પોતાને કોઈ વસ્તુ ભવિષ્યમાં મળવાનો નિશ્ચય હોય, છતાં પણ જ્યાં સુધી વ્યક્તિના પોતાના સ્વામિત્વમાં આવી ન હોય ત્યાં સુધી પોતાના સ્વામિત્વ વિનાની અન્ય સ્વામિત્વવાળી વસ્તુને બક્ષિસ વગેરેથી આપવાનો રજિસ્ટર્ડ દસ્તાવેજ પણ થઈ ગયો હોય તો પણ તે દસ્તાવેજ સમ્પત્તિના હસ્તાંતરણમાં કાયદાકીય અધિકાર ઉત્પન્ન કરી શકતો નથી. તેથી જ ભારતીય શાસ્ત્ર અનુસાર ભારતીય દામ્પત્ય સિદ્ધ થવા માટે પુનર્વિવાહ ઉપાય નથી. કારણ કે જન્મ આપવાથી કન્યા ઉપર પિતાનો જે સ્વત્વે અધિકાર છે તે કન્યાદાન વડે બીજાને હસ્તાંતરણ કરે છે અને ત્યારથી તેમાં અધિકાર ઉત્પન્ન થાય છે. ત્યાર પછીથી બીજાની વસ્તુને બીજાને આપવાનો અધિકાર પિતા હોઈને પણ તેને હોતો નથી અને અનધિકૃત દાંપત્ય કે પત્નીત્વ એ સર્વ પ્રકારે અશ્રેષ્ઠ-અશ્રેયસ્કર જ હોય છે. દંપતિ શબ્દમાં **'જાયા ચ પતિશ્ચ જાયા પતિઃ'** એમાં જાયા શબ્દને **દમ્** આદેશ થઈ **દમ્પતિ** શબ્દ બને છે. તેવી જ રીતે **પતિ** શબ્દને **ઙીપ્** થઈ **પત્ની** શબ્દ બને છે. તેથી પતિનો વિસ્તાર પત્ની છે અને તે વિસ્તાર અધિકૃત હોવો જોઈએ અનધિકૃત નહીં. તેમજ વિવાહ દ્વારા પ્રાપ્ત કરેલો અધિકાર પુરુષ બીજાને હસ્તાન્તરિત કરી શકતો નથી અને આપેલ દાનનું પુનઃ સ્વામિત્વ સમ્પાદનનો કોઈ વિધિ લોક-વેદમાં નિર્દિષ્ટ ન હોવાથી પુનર્વિવાહ માટે પિતા દ્વારા કન્યાદાન શક્ય નથી. આ રીતે દાનમાં આપેલી વસ્તુનું દાતા વડે પુનર્ગ્રહણ એ મહાદોષકારક છે. પુનર્ગ્રહણ એટલે પાછું લેવું એટલું જ નહીં પણ તે વસ્તુનો પોતાના અર્થે સીધો કે આડકતરો કોઈ પણ પ્રકારનો ઉપયોગ થઈ ન શકે. જેમ છોકરીની સાથે કન્યાદાનમાં એક પલંગ આપ્યો તે પલંગ ઉપર બેસવું એ પણ દોષરૂપ છે અથવા તે પલંગ પર પોતે શયન ન કરી પોતાના કોઈ સમ્બન્ધીને તે પલંગ પર પોતાના તર્ફે શયનની સુવિધા આપવી પણ પુનર્ગ્રહણદોષની માફક જ દોષ પ્રાપ્ત થાય છે. **(દેવદ્રવ્ય અંગે વધુ વિગત માટે પુસ્તકના અન્તમાં પરિશિષ્ટમાં વાંચો.)**

સ્વત્વત્યાગપૂર્વક પરસ્વોત્પાદનની ક્રિયામાં દાન શબ્દ દરેક સ્થળે પ્રાપ્ત થતો નથી. આ પ્રકારની ક્રિયા દેવ, બ્રાહ્મણ, ગુરુ, અતિથિ અને ભિક્ષુકના પ્રતિ થઈ હોય ત્યારે જ તેને પ્રાપ્ત થાય છે. અન્ય સ્થળે વૈદિક પૂર્વકાંડોક્ત કર્મપણું ન હોવાથી દાન થતું નથી. અન્ય સ્થળે-અન્ય પ્રતિ આ પ્રકારની ક્રિયા એ સામાજિક વ્યવહારમાત્ર છે અને તેને માત્ર સામાજિક નિયમો જ લાગુ થઈ શકે છે.

આ પૈકી દેવ કે ગુરુને જ્યારે આત્મસમર્પિત વ્યક્તિ હોય છે ત્યારે પોતાના ઉપયોગમાં આવ્યા પછી તે ઉપભુક્ત પદાર્થ પ્રસન્નતાથી સેવકના જીવન નિર્વાહ અર્થે પ્રસાદરૂપે આપે ત્યારે સમષ્ટિ માટે સ્થાપિત દેવને કોઈકે આપ્યું હોય અને તે દેવને જે વ્યક્તિ સમર્પિત હોય અથવા પોતાની સેવાર્થ બિરાજમાન દેવને પોતે આપ્યું હોય તે અન્ન-વસ્ત્ર-તાંબુલ-પુષ્પ-કુમકુમ વગેરે પદાર્થોને આપેલું પુનઃ ગ્રહણ કરવાનો દોષ ઉત્પન્ન થતો નથી. પણ હા, આધુનિકમાં વલ્લભકુલને પવિત્રા દ્વાદશીએ પવિત્રા ધરાવતી વખતે કેટલાક વૈષ્ણવોનો જે ક્રિયા પ્રકાર જોવામાં આવે છે કે પવિત્રું ધરાવે પણ હાથથી તેને પકડી જ રાખે, છોડે નહીં

અને તરત પોતે જ પાછું કાઢી લે-ઉતારી લે. આ પ્રકારમાં અર્પણ-નિવેદન-દાન કોઈ પ્રકાર આવતો નથી, તેમાં ભક્તિયોગ-ક્રિયાયોગ-કર્મયોગ કોઈનો પ્રકાર આવતો નથી, બલકે તેમાં પોતાના દંભમાં સાધનરૂપે દેવ-ગુરુને બનાવવામાં આવવાનો દોષ પ્રાપ્ત થાય છે. કેટલાક તો ગુરુની છાતીએ પવિત્રું સ્પર્શ કરાવી પાછું લઈ લે છે. આ પ્રકારમાં પવિત્રા ધરાવનારની બુદ્ધિમાં અર્પણ કે દાનમાં જે આપવું કે આપ્યું ભાવ છે તે સર્વથા હોતો જ નથી. તેનાં ચિત્તમાં તો માત્ર સ્પર્શ કરાવવા જેટલો જ ભાવ હોય છે. તેથી જ તે પવિત્રું ધરાવી-પાછું લઈ-ગજવામાં મૂકી દે છે. અને પાછું એ જ પવિત્રું બીજા વલ્લભકુલને પણ ધરાવે છે. આવી જ બીજી વિકૃતિ જાહેરમંદિરમાં યા વલ્લભકુલના અધિકારવાળા મન્દિરમાં યા વલ્લભકુલની અંગત સેવામાં યા વલ્લભકુલની તપેલીમાં વૈષ્ણવોની આપવાની ક્રિયામાં જોવા મળે છે.

મંદિરમાં બે હજારનો ખર્ચ કરી રાજભોગ લખાવ્યો અને તેના તિથિ, સમય નક્કી કરી લીધા. તેમાં પણ પોતાના મનમાં નિર્ધારિત તિથિએ મનોરથ કરવાનું નક્કી કર્યું અને ત્યારે જ સમય પણ નક્કી કરી લીધો કે મોડામાં મોડું કેટલા વાગ્યા સુધીમાં સમાધાન ઘરે પહોંચી જશે. એટલું જ નહીં બે હજાર આપતા પહેલાં જ પૈસા લેનાર અધિકારીથી નક્કી કરી લીધું કેટલા નંગ અનસખડીનાં આવશે, સખડીમાં શું-શું આવશે અને કેટલા જમી શકે તેટલું આવશે. આ સ્થિતિમાં આપનારનું મનોવિશ્લેષણ કરવામાં આવે તો ભોજ્ય પદાર્થ વાયા મંદિર મહેમાનને અપાય તેની જાણકારી તેમને થાય અને તેથી પોતાની દાનવીર યા ઉદાર વૈષ્ણવ તરીકેની પ્રસિદ્ધિ થાય. મંદિર, ભગવાન કે ગુરુને આપવાની તેના મનમાં ક્યાંય વૃત્તિ દેખાતી નથી. એક કિલો બેસન, એક કિલો ઘી અને બે કિલો ખાંડની બનેલી સામગ્રીના કુલ ત્રીસ નંગ બન્યા તેમાંથી સમાધાનમાં વધુમાં વધુ ૧૫ યા ૨૦ નંગ તો પાછા આવવાનાં જ છે, બાકીના જે રહ્યાં તેમાં ગુરુ યા મંદિરે સમ્મતિ આપી તેના ચાર્જના અને કર્મચારીએ મહેનત કરી તેના મહેતાણાના બાદ થયા તેમ મનઃ સમાધાન છે.

મારા જાણવામાં એક પુષ્ટિમાર્ગીય નામે પ્રસિદ્ધ જાહેર ભગવન્મન્દિર છે અને ત્યાંના વિચક્ષણ-વિપશ્ચિત વ્યવસ્થાપકોએ એટલી સુન્દર સુવ્યવસ્થા

ગોઠવી છે કે જેમાં ભોગમાં આવતા દરેક પદાર્થ મીઠાઈ, ફરસાણ કે ચાલુ રસોઈ એ બધું જ આધુનિક લોકોના સ્વાદને લક્ષ્યમાં રાખી તેમને સ્વાદ પ્રિય થાય તે મુજબ બધું બનાવવાની પ્રણાલિકાએ બનાવી છે, તે મુજબ જ આજ્ઞા પણ આપે છે અને તે મુજબ બન્યું કે નહીં તેવી પૂરેપૂરી કાળજી પણ રાખે છે. એક દિવસે એક શ્રીમન્ત ઘરનાં બહેન મને મળ્યાં ત્યારે વાતવાતમાં એમણે જણાવ્યું કે પહેલાં મારા યુવાન બાળકોમાં બિલકુલ ભાવ ન હતો પણ મંદિરની સુંદર વ્યવસ્થાઓથી હવે અમારા છોકરોઓમાં ભાવ ઘણો વધી ગયો છે. એમ કહી તેમણે આગળ જણાવ્યું કે એક વાર મેં મન્દિરમાં બે હજાર ભરી રાજભોગ કરાવ્યો હતો અને તેનું સમાધાન ઘરે આવ્યું અને છોકરાઓ જમ્યા તો મંદિરના પ્રસાદનો ટેસ્ટ એમને એટલો ભાવી ગયો કે હવે તો છોકરાઓ જ કહે છે કે મમ્મી દર ૧૫ દિવસે યા દર રવિવારે મન્દિરમાં રાજભોગ લખાવી દેવો, કારણ કે આટલું ટેસ્ટી ભોજન તો હોટલમાં એ નથી મળતું. હવે તો દર રવિવારે છોકરાઓ મંદિરનો પ્રસાદ જ જમે છે.

આ ધાર્મિકી ક્રિયા યા સામ્પ્રદાયિક પ્રકારના નામ પર પેસી ગયેલી મહતી વિકૃતિ છે કે જેમાં દાન-અર્પણ-નિવેદન કંઈ પણ આંશિક પણ ચરિતાર્થ થતું નથી. જેમ આજના કેટરર્સ એક ડીશના ૮૦-૧૦૦-૧૫૦-૨૦૦ વગેરે વગેરે ચાર્જ કરે છે ત્યારે કેટરર્સને આપવામાં જેમ ઉપરના કોઈ જ પ્રકારો નથી ત્યાં શુદ્ધ વ્યાપાર અને ખરીદવાનો જ વિચાર બુદ્ધિમાં હોય છે. તેમ અહીં પણ તેમજ હોય છે. ગોવિન્દદાસ ભલ્લાના પ્રસંગને ૮૪ વૈષ્ણવની વાર્તામાં જે શબ્દોએ પ્રસ્તુત થયો છે તથા તેમાં ગોવિન્દદાસ ભલ્લાના મુખથી નીકળેલા શબ્દો, શ્રીનાથજીએ શ્રીમહાપ્રભુ સમક્ષ કરેલી શિકાયતના શબ્દો, શ્રીમહાપ્રભુએ ગોવિન્દદાસને આજ્ઞા કરી તે શબ્દો, તે સાંભળી છેવટે શ્રીમહાપ્રભુના શબ્દો તથા તે બધા પર ભાવપ્રકાશમાં કરાયેલ ભાવોદ્ઘાટનના શબ્દો એ બધું જ અહીં મૂલ ગ્રન્થના શબ્દોથી સમજવાનો પ્રયત્ન કરીશું તો હઠ-નિશ્ચયનો ભેદ બંને પ્રસંગોમાં કેવી રીતે છે તે સમજવું વધુ સરળ પડશે -

(૮૪ વૈષ્ણવની વાર્તામાં વાર્તા-૧૧)

‘ઐસે કરત દ્રવ્ય સબ નિઘટચો । તબ શ્રીનાથજીદ્વાર આઇ શ્રીગોવર્દ્ધનધર કી પરચારગી કરન લાગે । દોઉ સમય કે પાત્ર માંજે । રાત્રિ પહર ડેઢ રહે પાછલી, તબ ઉઠિ દેહ કૃત્ય કરિ ન્હાઇ કે ગાગરિ લે મથુરા આઇ શ્રીયમુનાજલ કી ગાગર ભરિ રાજભોગ પહલે આવતે । પાત્ર સબ માંજિ રસોઈ પોતિ અપની સબ સેવા સોં પહોંચિ પર્વત તેં નીચે આઇ, તિલક ધોઇ માલા ઉતારિ ગાંઠિ બાંધિ ગોવર્દ્ધન કે આસપાસ સોં કોરી ભિક્ષા માંગિ લાવતે । સો સેર પાંચ-સાત કો આહાર હૂ હતો । સો આહાર લાઈકે આવે તબ આઈકે અપને હાથ સોં પીસ રોટી કરિ શ્રીગોવર્દ્ધનધર કી ધ્વજા કો દિખાઈ ચરણામૃત મિલિ કે લેતે । પાછે સેનભોગ કે પાત્ર માંજતે । રસોઈ પોતિ સોં પહોંચિ સેન કરતે। યા પ્રકાર સેવા કરતે । પરન્તુ શ્રીગોવર્દ્ધનનાથજી કોં આછો ન લાગતો ।

ભાવપ્રકાશ : તાકો કારન યહ, જો ભાવ પ્રીતિ સોં એસી સેવા કરેં તો શ્રીગોવર્દ્ધનધર વાકે પાછે લગે ડોલતે । પરન્તુ ગોવિન્દદાસ ભલ્લા તામસી હતે, સો અહંકાર સોં કરતે । સ્ત્રી કો ત્યાગ હૂ અહંકાર સોં કરયો । મહાવન મેં હૂ ચૌબીસ ટકા કી સામગ્રી નિત્ય કરતે । સો અહંકાર સોં કરતે । ઈહાં હૂ સગરી સેવા અહંકાર તેં કરતે । શરીર કો કષ્ટ પાવતે । પરન્તુ સગરે સેવકન કો નીચે કરિ દિયે । જો - મો બરાબર કૌન કરેગો । તાતેં શ્રીગોવર્દ્ધનધર કો આછો ન લગતો।

તબ શ્રીગોવર્દ્ધનધર ને અડેલ મેં શ્રીઆચાર્યજી મહાપ્રભુન સોં કહ્યો, જો - તિહારો સેવક મોકોં બહુત ખિજાવત હૈ ।

ભાવપ્રકાશ : યામેં યહ જતાયે - અહંકાર સોં બહોત સેવા કરત હૈ, મોકોં ખિજાવત હૈ, અપ્રસન્ન કરત હૈ । ઔર તિહારો સેવક યોં કહે તામેં યહ જતાયે, જો-હોં તો વાકોં દણ્ડ દેતો પરન્તુ તિહારો સેવક હૈ સો તુમ હી સમુઝાવો ।

તબ શ્રીઆચાર્યજી મહાપ્રભુ અડેલ તેં આગરે પધારિકે સબ વૈષ્ણવન સોં પૂછે, શ્રીઠાકુરજી કિન રુઠાએ હૈં ?

ભાવપ્રકાશ : સો સબ સોં પૂછિવે કો કારન યહ, જો આપ તો જાનત હૈં, જો -ગોવિંદદાસ ભલ્લા ને રુઠાએ । પરન્તુ સબ સોં પૂછેં, જો -અહંકાર સહિત ઓર કોઈ સેવા કરૈ તો શ્રીઠાકુરજી અપ્રસન્ન હોઈગે ।

તબ સગરે વૈષ્ણવન ને કહી, મહારાજ ! હમ તો કછુ જાનત નાહીં । અહંકાર કૌન બાત કો કરૈ ? હમ સોં (તો) કછૂ બનત નાહીં । તબ પ્રસન્ન હોઈ આગરે તેં આપુ મથુરા પધારે । તબ યહાંહૂ સબ કહે, મહારાજ ! હમ તો કછુ જાનત નાહીં । તબ આપ યહાં તે હૂ પ્રસન્ન હોઈ કે શ્રીનાથજીદ્વાર પધારેં । તબ સ્નાન કરિ કે મંદિર મેં પધારે । શ્રીગોવર્દ્ધનધર કે દોઉ કપોલન પર હાથ ફેરિકે પૂછે, બાબા ! અનમને ક્યોં હો ? તબ શ્રીગોવર્દ્ધનધર ને કહી, તિહારો સેવક મોકોં બહોત ખિજાવત હૈ ! તબ શ્રીઆચાર્યજી મહાપ્રભુન ને સગરે સેવક બુલાઈ, સેવા-ટહલ, મહાપ્રસાદ કી પૂછે । સો સબકોં શિક્ષા દિયે, જો -અહંકાર મતિ કરિયો । તબ ગોવિંદદાસ સોં પૂછે, સો વે સબ કહે । તબ શ્રીઆચાર્યજી મહાપ્રભુ કહેં, શ્રીનાથજી કી રસોઈ મેં સગરે સેવક મહાપ્રસાદ લેત હૈં । તુમહૂ લિયો કરો ।

ભાવપ્રકાશ : યહ કહિ યહ જતાયે, જો સગરે સેવક કી રીતિ ચલો । અહંકાર છોડો । ઔર પ્રભુ અક્લિષ્ટકર્મા હૈ, દુઃખ પાય અહંકાર સોં કરિયે સો પ્રભુ કોં ભાવે નાહીં ।

તબ ગોવિંદદાસને કહી, મહારાજ ! દેવ-અંશ કૈસે લેહું ?

ભાવપ્રકાશ : યામેં યહ ભાવ સોં કહે, જો - સગરે દેવ-અંશ લેત હૈં મૈં કૈસે લેઉં ?

તબ શ્રીઆચાર્યજી મહાપ્રભુ કહે, જો - હમારી રસોઈ મેં મહાપ્રસાદ લેઉ ।

ભાવપ્રકાશ : તાકો આસય યહ, જો આપકી રસોઈ હોઈ, યહ કહિ યહ જતાયે, જો શ્રીગોવર્દ્ધનધર કી સેવા છોડિ હમારી કરો । ઈહાં રહો । સબ સેવકન સોં મિલકે ચલો તો નિર્વાહ હોય । નાહીં તો હમારે પાસ રહો મહાપ્રસાદ લેહુ ।

તબ ગોવિંદદાસ ફેરિ અહંકાર કરિ કહેં, દેવ-અંસ, ગુરુ - અંસ કૈસે લેહું? તબ શ્રીઆચાર્યજી મહાપ્રભુનનેં કહી, જો -સેવા છોડિ દેઉ ।

ભાવપ્રકાશ : યામે યહ જતાયે, જો શ્રીનાથજી કે યહાઁ અહંકાર કિયે તબ સહજ મેં સેવા છૂટિ ગઈ । સો સેવા છોડિ દીની, પરન્તુ આજ્ઞા ન માની । તાતેં શ્રીગોકુલનાથજી કહે ક્ષત્રી અહંકારીને સેવા છોડિ દીની । વાકો આસય યહ, જો શ્રીગોકુલનાથજી કો અહંકાર પ્રિય નાહીં હૈ । તામસાનાં અધોગતિઃ। કાહેતેં, અહંકાર દાસ-ભાવમેં વિરોધી હૈ । તાતેં ક્ષત્રી અહંકારી કહે । તાકો આસય યહ, ઔર ક્ષત્રી સેવક બહોત ભયે પરન્તુ અહંકાર ક્ષત્રીપને કો છોડિ દિયે ઓર ઈનકો વૈષ્ણવ નાહીં કહેં, ક્ષત્રી અહંકારી કહૈં । સોં ક્ષત્રીપનો દાસહૂ ભયે પૈ નાસ ન ભયો, ગુરુ આગેં । તાતેં ઉત્તમ કુલ - મદ બાધક દિખાયે । જો-એક દિન અહંકાર સોં સેવા છૂટે । સેવા ઠાકુર ન કરાવેં । યહ સિધ્ધાન્ત દિખાયે ।

ઉપર્યુક્ત વાર્તા પ્રસંગમાં **‘તબ શ્રીમહાપ્રભુ કહેં શ્રીનાથજીકી રસોઈમેં સગરે સેવક મહાપ્રસાદ લેત હૈં । તુમહૂ લિયો કરો’** શ્રીમહાપ્રભુજીનાં આ વાક્યો તથા તે ઉપરના ભાવપ્રકાશને જોતાં જે સમર્પિત સેવક છે, જે અહર્નિશ ભગવત્સેવામાં જ જોડાઈ ગયો છે, જેની પોતાની કોઈ સ્વતંત્ર વૃત્તિ નથી રહી, તેમજ જેનાં દેહાદિ પણ પૂર્ણ સમર્પિત છે અને દેહાદિનો સેવાથી અતિરિક્ત અન્યત્ર વિનિયોગ નથી તેવા લોકોને દેવસમ્બન્ધી દ્રવ્યનો અને તે પણ ભગવત્ પ્રસાદી પદાર્થનો દેહનિર્વાહ અર્થે ઉપયોગ થવામાં દોષ ઉત્પન્ન થતો નથી. આ હિસાબે જ શ્રીમહાપ્રભુએ ગોવિન્દદાસને શ્રીજીમાં અથવા પોતાને ત્યાં પ્રસાદ લેવાનું કહ્યું છે.

આમ હોવા છતાં પણ -ગુરુ આજ્ઞા હોવા છતાં પણ અંદર ભરેલો અહંકાર બીજા સેવકો માટે મનમાં હીનબુધ્ધિ રાખી ગુરુ આગળ અહંકાર પૂર્વક પ્રૌઢી બતાવવા ગયા પણ તેથી ગુરુને પ્રસન્નતા ન થઈ નારાજગી વહોરવી પડી કે જે વાર્તામાં **‘તબ શ્રીઆચાર્યજી મહાપ્રભુનને કહી જો સેવા છોડી દેઉ’** વાક્યોથી જાણી શકાય છે. તેમ છતાં પણ અહંકાર એટલો પ્રબળ હતો કે ગુરુઆજ્ઞાનું ઉલ્લંઘન અને શ્રીજીની સેવાનો ત્યાગ બંને સ્વીકારીને પણ પોતાની હઠ ન છોડી અને તેનું અનિષ્ટ પરિણામ ભોગવ્યું.

સમાન રૂપમાં દેખાતું હોવા છતાં પણ પદ્મનાભદાસનો પ્રસંગ આથી એકદમ વિપરીત વૃત્તિને બતાવે છે. જેમ ગોવિન્દદાસ ભલ્લાના પ્રસંગમાં હઠ છે તેમ અહીં પદ્મનાભદાસના પ્રસંગમાં નિશ્ચયવૃત્તિ જોવા મળે છે. ૮૪ વૈષ્ણવની વાર્તામાં પદ્મનાભદાસજીનો પ્રસંગ આ પ્રમાણે કહ્યો છે -

(૮૪ વૈષ્ણવની વાર્તામાં વાર્તા - ૪)

‘પાછે ઉત્થાપન કે સમે શ્રીઆચાર્યજીને પોથી ખોલી । તહાઁ દામોદરદાસ સંભલવારે કે ઘર બિરાજે હતે । સો પદ્મનાભ અપને ઘર તેં આયે, શ્રીઆચાર્યજી કોં દંડવત્ કરિકે બૈઠે । તબ આચાર્યજીનેં નિબંધ કો શ્લોક કહ્યો, સો શ્લોક -

પઠનીયં પ્રયત્નેન સર્વહેતુવિવર્જિતમ્ ।
વૃત્ત્યર્થં નૈવ યુંજીત પ્રાણૈઃ કણ્ઠગતૈરપિ ॥ ૧ ॥
તદભાવે યથૈવ સ્યાત્ તથા નિર્વાહમાચરેત્ ।
ત્રયાણાં યેન કેનાપિ ભજન્ કૃષ્ણમવાપ્નુયાત્ ॥ ૨ ॥

યહ શ્લોક પઢે । સો પદ્મનાભદાસજીને અંજુલી ભરિ કે સંકલ્પ કિયો, જો - કથા કહિ કે વૃત્તિ ન કરુઁગો । એસે શ્રીઆચાર્યજી કે આગે સંકલ્પ કિયો । તબ શ્રીઆચાર્યજી કહે, જો - શ્રીભાગવત વૃત્ત્યર્થ ન કહનો ઔર તો તુમ્હારિ વૃત્તિ હૈ તુમ બ્રાહ્મન હો । તાતેં ઔર મહાભારત ઈત્યાદિક તો કહનો । તબ પદ્મનાભદાસ ને કહ્યો, જો - મહારાજ ! અબ તો સંકલ્પ કિયૌ સો તૌ કિયૌ । તાતેં કછૂ ન કહનો । તબ શ્રીઆચાર્યજીનેં કહી, જો - તુમ તો ગૃહસ્થ હો । કૌન ભાંતિ સોં નિર્વાહ કરોગે ? તબ પદ્મનાભનેં શ્રીઆચાર્યજી સોં કહ્યૌ, જો - શ્રીભાગવત વૃત્ત્યર્થ ન કહૂઁગો । ઔર જિજમાન કે ઘર વૃત્તિ કર લાઉંગો । તાતેં નિર્વાહ કરુંગો । પાછે જિજમાન કે ઘર વૃત્ત્યર્થ ગયે । તિનનેં બહુત આદર કિયો । તબ પદ્મનાભદાસ કે મનમેં ગ્લાની આઈ । જો- પહિલે તો કબહૂ ભિક્ષા કરી નાહીં । પહલે તો ઉપવીત ગરે મેં હતો । માલા પહરી। તાકોં તો યહ ભિક્ષા-વૃત્તિ ઉચિત નાહીં । તબ ફેરિ સંકલ્પ કિયો, જો ભિક્ષાવૃત્તિ ન કરુઁગો । તબ ફેરિ શ્રીઆચાર્યજીને પૂછી, જો - અબ નિર્વાહ

કૈસે કરોગે ? તબ પદ્મનાભદાસને કહી, જો-વૈશ્યવૃત્તિ કરી નિર્વાહ કરુઁગો । પાછે કોડી બેચતે, લકડી લૈ આવતે । પરિ ઔર બાત ન વિચારી । દેહાદિ પર્યંત સેવા કીની । એસે ટેકી ।

ભાવપ્રકાશ :- જબ પદ્મનાભદાસ ને શ્રીઆચાર્યજીસોં બિનતી કરી, જો-હમ બ્રાહ્મન હૈં । ભિક્ષાવૃત્તિ કરેંગે । યહ ટેક દેખિ શ્રીઆચાર્યજી બહોત પ્રસન્ન ભયે । (ઔર કહ્યો), જો-વૈષ્ણવ કોં ટેક હી બડો ધર્મ હૈ ।

આ પ્રસંગમાં શ્રીમહાપ્રભુની પ્રસન્નતા જોવામાં આવે છે અને પદ્મનાભદાસની દઢતાને શ્રીમહાપ્રભુ **'વૈષ્ણવની ટેક'** વાક્યથી જણાવે છે જે ટેકનો અર્થ દઢ નિશ્ચય થાય છે. ગુરુમુખથી યથાર્થ સિદ્ધાન્તનું જ્ઞાન થતાં પોતાનાથી થઈ રહેલ ભૂલને સુધારી લેવાનો નિશ્ચય વાર્તાપ્રસંગમાં જોવા મળે છે. બાકીનાં મહાપ્રભુનાં વાક્યો-મહાભારત પણ વંચાય, ભિક્ષાવૃત્તિ છોડી દેશે તો નિર્વાહ કેમ થશે ? વગેરે તે આજ્ઞારૂપમાં નથી પણ પરીક્ષાર્થ છે અને તેમાં પદ્મનાભદાસ ઉત્તીર્ણ થયા છે. જ્યારે ગોવિન્દદાસ ભલ્લાના પ્રસંગમાં મહાપ્રભુજીનાં વાક્યો આજ્ઞારૂપ છે અને તેનાં અહંકારપૂર્વક ઉલ્લઘંનથી શ્રીમહાપ્રભુની અપ્રસન્નતા છે.

૮૪ વૈષ્ણવો પૈકી માધોદાસ દુબેના પ્રસંગમાં પોતાને અર્થે નહીં પણ ભગવત્સેવાર્થે હઠવૃત્તિનો ભ્રમ થાય છે પણ ત્યાં હઠ - જીદ નથી. આ વાર્તાપ્રસંગમાં પણ માધવદાસના હૃદયસ્થભાવને શ્રીમહાપ્રભુએ **ટેક** શબ્દથી નવાજી પ્રસન્નતા વ્યક્ત કરી છે. જો હઠ હોતે તો નકકી જ અપ્રસન્ન જ થતે. તેમ છતાં પણ આધુનિકમાં સાધારણ દશામાં રહેલા વૈષ્ણવોએ અવિચારે-ઉતાવળે આ વાર્તાનું અનુકરણ કરવું યોગ્ય નથી. સેવકભાવનો અતિ દીનભાવે સતત નિર્વાહ કરતાં ક્યારેક શ્રીપ્રભુ સ્વેચ્છાએ સેવકને વિશેષભાવ પ્રદાન કરે છે ત્યારે તેનાં હૃદયમાં મનોરથ પ્રગટે છે. ત્યારે તે ભક્ત મનોરથપૂર્તિ અર્થે વિશેષ ઉદ્યમશીલ બને છે. ભગવાન દ્વારા પ્રદત્ત વિશેષભાવની એ જ પહેચાન છે કે જેમાં કેવલ ને કેવલ ભગવત્સુખનો જ વિચાર હોય છે. તેમાં પોતાનો કે બીજાનો કોઈ વિચાર જ નથી હોતો. ઉપરાન્ત મનોરથ માટેના ઉદ્યમમાં પણ પોતાના સ્વામી પર

અટલ વિશ્વાસ અને ઉદ્યમની સફલતા માટે પણ ભગવત્સામર્થ્ય-બલનો જ બુદ્ધિમાં વિચાર રહેલો હોય છે. પોતાના બલ-સામર્થ્યનો વિચાર અને તે વિચારે કરાયેલ ઉદ્યમ એ તો માત્ર અહંકારરૂપ જ હોય છે.

આવા વિશિષ્ટભાવરૂપ મનોરથની વાત દ્વિતીય સ્કન્ધ સુબોધિનીમાં **'દેવીં માયાં તુ શ્રીકામઃ'** તથા **'સ્વર્ગકામોઽદિતેઃ સુતાન્'** ના દ્વિતીય વ્યાખ્યાનમાં શ્રીમહાપ્રભુ જણાવે છે કે - **'ઇદાનીં ભગવદ્ભજને લક્ષ્મીરૂપા સમ્પત્તિરપેક્ષ્યતે । સૈવ ભગવન્નિષ્ઠા તત્ર વિનિયોગમર્હતિ । અન્યાં ભગવાનપિ ન ગૃહ્ણીયાત્ । અતો ભજનૌપયિકાં સમ્પત્તિમિચ્છન્ માયામેવ ભજેત । તત્રૈકા માયા વ્યામોહિકા । એકા જગત્ કારણભૂતા । તે ઉભે ન સેવ્યે । અન્યત્રાધિકૃતત્વાત્ । દેવતારૂપા સાત્ત્વિકી મોક્ષદાતુર્વાસુદેવસ્ય મોક્ષદાનાર્થમેવ તાદશં રૂપં ગૃહીતવતઃ તદુપયોગિસાધનસમ્પાદનાર્થં લક્ષ્મીરેવં 'વિષ્ણોર્દેહાનુરૂપાં વૈ કરોત્યેષાઽઽત્મનસ્તનુ' મિતિ વાક્યાત્ તદ્ભાર્યારૂપેણ માયારૂપં ગૃહીતવતી । મયા સહ આગન્તવ્યમિતિ નિયોગકરણાન્માયેત્યભિધાનમ્ ।** (ભાગ. સુબો. ૨-૩-૩)

અર્થાત્ - આ સમય ભગવદ્‌ભજન અર્થે લક્ષ્મીરૂપા સમ્પત્તિની અપેક્ષા કરવામાં આવે છે. તેવી ભગવાનમાં જ નિષ્ઠા પામેલી લક્ષ્મીરૂપા સમ્પત્તિનો ભગવાનની સેવામાં વિનિયોગ થવા યોગ્ય હોય છે. બીજી (સ્વર્ગલક્ષ્મી યા દૈત્યલક્ષ્મી વગેરે) લક્ષ્મીનું તો ભગવાન પણ ગ્રહણ નહીં કરશે. તેથી ભજનમાં ઉપયોગી લક્ષ્મીની ઈચ્છા કરતાં માયાનું જ ભજન કરવું. (ત્રણ પ્રકારની માયા પૈકી) એક માયા વ્યામોહિકા છે. બીજી એક માયા જગત્ કારણભૂતા છે. તે બંનેનું સેવન ન કરવું. કારણ કે તે બંને બીજા કાર્યમાં અધિકૃત કરાયેલી છે. (પરંતુ ત્રીજી જે) મોક્ષદાતા વાસુદેવના સમ્બન્ધવાળી દેવતારૂપા સાત્ત્વિકી છે કે જે ભગવાને જ પોતાના સમ્બન્ધી મોક્ષદાન કરવાની ઈચ્છાથી તે મુજબનું મોક્ષનું દાન કરનાર વાસુદેવનું રૂપ ગ્રહણ કર્યું છે તે ભગવાનના સમ્બન્ધવાળો મોક્ષ પ્રાપ્ત કરવા અર્થે ભગવાન વાસુદેવની સેવામાં ઉપયોગમાં આવી શકે તેવાં સાધનોનું સમ્પાદન થાય તે અર્થે લક્ષ્મી એ જ ભગવાન વાસુદેવના ભાર્યારૂપની સાથે માયારૂપ ગ્રહણ કર્યું છે એમ **' આ લક્ષ્મી મોક્ષદાન કરનાર ભગવાન**

વિષ્ણુના દેહના અનુરૂપ પોતાના તનને કરે છે’ વાક્યથી નક્કી થાય છે. **મારી સાથે આવવું** એમ નિયોગ કરવાથી લક્ષ્મીનું **માયા** એમ નામનું અભિધાન છે.

‘સ્વર્ગકામોઽદિતેઃ સુતાન્’ (ભાગ. ૩-૩-૪) ના સુબોધિનીના દ્વિતીય વ્યાખ્યાનમાં **‘ભૂમૌ ભગવદ્ભજનં કૃત્વા દિવ્યાનાં પદાર્થાનામભાવાત્ સ્વર્ગે કર્તવ્યં ઈતિ સ્વર્ગકામના ભવતિ’** અર્થાત્ - ભૂમિમાં ભગવાનનું ભજન કરીને (ભૂમિમાં) દિવ્ય-અપાર્થિવ પદાર્થોનો અભાવ હોવાથી (જ્યાં અપાર્થિવ-દિવ્ય પદાર્થો ઉપલબ્ધ છે તેવા) સ્વર્ગમાં જઈ ભગવદ્ભજન કરવું એમ (ભક્તોને) સ્વર્ગની કામના થાય છે તે માટે-સ્વર્ગ પ્રાપ્તિ માટે આદિત્યોનું ભજન કરવું’

આ પ્રમાણે જણાવીને આગળ દશમ શ્લોક **‘અકામઃ સર્વકામો વા મોક્ષકામ ઉદારધીઃ, તીવ્રેણ ભક્તિયોગેન યજેત પુરુષં પરમ્’** (ભાગ. ૨-૩-૧૦) ના સુબોધિનીમાં **સર્વકામઃ** નો અર્થ આ અધ્યાયમાં કહેવાયેલ (સેવાર્થ લક્ષ્મી-સ્વર્ગ વગેરેને પ્રાપ્ત કરવાની) કામનાવાળો, એમ જણાવી અન્તમાં **‘ભગવતૈવ સસાધનં સાધ્યં સેત્સ્યતિ** એટલે કે ભક્તિ-સેવા અર્થે જે સાધનો છે કે જેની ભક્તોને કામના થાય છે તે બધાં જ સાધનો સહિત સાધ્ય એટલે ભક્તિનું સમ્પાદન ભગવાન વડે જ થશે - ભગવાન જ બધું આપશે. તેથી આ કામનાઓની પૂર્તિ અર્થે પણ એકમાત્ર ભગવાનનો જ આશ્રય કરવો. આ માટે અન્યોનો આશ્રય ન કરવો એમ શુકદેવજીનો કહેવાનો આશય છે એમ જણાવ્યું છે.

આ પ્રમાણે અલૌકિક સ્વર્ગીય દિવ્ય સાધનો વડે ભગવાનની વિશિષ્ટ પ્રકારે સેવા કરવાનો મનોરથ ભક્તોમાં પ્રગટ થાય છે કે જેવો વિશિષ્ટ ભાવરૂપ મનોરથ દશમસ્કન્ધ ઉત્તરાર્દ્ધમાં કૃષ્ણપટરાણી શ્રીસત્યભામાજીને થયો કે સ્વર્ગીય દિવ્ય પુષ્પોથી બનેલી પુષ્પમાલા પ્રભુને અંગીકાર કરાવવી. ત્યારે તે મનોરથ સત્યભામાજીએ પ્રભુ સમક્ષ જ નિવેદન કર્યો અને તેમનો મનોરથ પૂરવા ભગવાને ઈન્દ્રને તથા સ્વર્ગીય દેવોને પરાસ્ત કરી સ્વર્ગીય પારિજાતનું વૃક્ષ નંદનવનમાંથી ઉખાડી લઈ દ્વારિકામાં સત્યભામાજીના મહેલમાં બગીચામાં સ્થાપી આપ્યું. આજ પ્રકારે ભ્રમરગીતામાં શ્રીગોપીજનોએ મનોરથ સેવ્યો કે **‘ભુજમગરુસુગન્ધં મૂર્ધ્ન્યધાસ્યત્ કદાનુ’** આજ પ્રકારે મનોરથ કર્યો ચોર્યાસી

વૈષ્ણવો પૈકી પૂરણમલ ક્ષત્રીએ. પુષ્ટિમાર્ગીય સેવાપ્રકારમાં જે મનોરથ શબ્દ આવ્યો અને તેનો પ્રકાર આવ્યો એનું પ્રાચીન, મૂલ અને શુદ્ધ સ્વરૂપ કહેવાઈ ગયેલા પ્રસંગોથી તથા તેવા બીજા અનેક પ્રસંગોથી જાણી શકાય છે.

મનોરથમાં પોતાના મનની પ્રિયતાનો નહીં પણ ભગવત્સુખનો વિચાર હોય છે. મનોરથમાં સ્વસાધનથી સાધી શકાય તેવી બાબતનો નહીં પણ કેવલ માત્ર ભગવત્ કૃપા સાધ્ય બાબતની જ અભિલાષા રહેલી હોય છે. મનોરથમાં સ્વસામર્થ્યનો કોઈ વિચાર નથી હોતો પણ તેમાં ભગવત્ બલનો જ વિચાર હોય છે. મનોરથમાં પોતાની જાત પરનો આત્મવિશ્વાસ નહીં પણ ભગવાનના ભક્તવશ્યતાના અને ભક્તમનોરથપૂરક સ્વભાવ પર વિશ્વાસ હોય છે. મનોરથ અહંકાર, લોભ અને ચડસાચડસીની દ્વેષમૂલક ભૂમિ પર પ્રગટ થતો નથી પણ અતિશય પ્રેમમાં અત્યન્ત ઝૂકી ગયેલા અને દીનભાવમાં અત્યન્ત આર્દ્ર બનેલા અન્તઃકરણની ભૂમિમાં પ્રગટ થાય છે. મનોરથ નિશ્ચિત, બાંધેલી, નક્કી કરેલી સીમિત રકમ વાપરવાની મર્યાદાવાળી ભાવના સ્વરૂપનો નથી હોતો પણ ભગવત્સુખમાં સ્વસર્વસ્વ ન્યોછાવર કરી દેવાની ભાવનાના સ્વરૂપવાળો હોય છે. મનોરથ દુનિયાના ડહાપણથી નહીં પણ પ્રેમના પાગલપનથી પ્રગટ થાય છે. મનોરથ વાસનાત્મક જીવસ્વભાવે પ્રગટ થતો નથી પણ રસાત્મક ભગવાનના કૃપા કટાક્ષે પ્રગટ થાય છે, જેવો કે કૃપાકટાક્ષ શ્રુતિઓ સમક્ષ ભગવાને કર્યો અને ક્યારેય નહીં વિચારેલો કે ક્યારેય અભિલાષા નહીં કરાયેલો એવો રાસનો અલૌકિક-અભૂતપૂર્વ મનોરથ શ્રુતિઓમાં પ્રગટ્યો.

અતઃ માધવદાસના પ્રસંગમાં અહંકાર, કામ, દ્વેષ થકી ઉત્પન્ન થયેલી દુર્મનોવૃત્તિરૂપ હઠ નથી, પરંતુ ભારોભાર ભાવમય અન્તઃકરણમાં ભગવાનના કૃપાકટાક્ષે પ્રગટ થયેલ વિશિષ્ટ ભાવરૂપ મનોરથ છે અને તેથી જ તે ભાવ શ્રીમહાપ્રભુની વાણીથી અભિનન્દનને પામ્યો છે.

સેવામાં હઠ એટલે ‘મારા ગોઠવેલા સેવાક્રમમાં જન્માષ્ટમીએ આટલા ઘીની આટલા પ્રકારની સામગ્રી કરવાની છે, પણ પ્રત્યક્ષ સ્થિતિમાં સ્વાસ્થ્ય કે અર્થ બંનેનો અભાવ છે, તો પણ હું ગમે તેમ કરીને પણ ક્રમ તો નિભાવીશ જ’

આ હઠ છે અને એ માટે ઉધાર લાવીને કે બાજુવાળા પાસેથી માંગી લાવીને કે ઘરનાં બૈરાંઓના દાગીના વેચીને પણ ક્રમ નિભાવવો, આમાં ક્યાંય ભગવત્ પ્રસન્નતા પણ નથી, પ્રેમનો ભાવ પણ નથી અને ભગવાનના કૃપાળુ સ્વભાવમાં વિશ્વાસ પણ નથી. જ્યારે માધવદાસના પ્રસંગમાં માધવદાસ મોતીઓની માળા લઈ પાછા આવી રહ્યા હતા ત્યારે શ્રીનવનીતપ્રિયજીએ પ્રગટ થઈ કહ્યું કે નાવ ડૂબાડી દઉં ? ત્યારે માધવદાસે કહ્યું ‘નિજેચ્છાતઃ કરિષ્યતિ’ પ્રભુ આપ નિજ ભક્તોની ઈચ્છા - અભિલાષા મુજબ કરનારા છો અને આ માળા શ્રીમહાપ્રભુને સોંપું અને શ્રીમહાપ્રભુ આપને ધારણ કરાવે ત્યારે મારો મનોરથ પૂર્ણ થાય તેથી નાવ ડૂબાડીને પણ આપ મને બચાવશો જ, કારણ કે આપ ભક્તમનોરથ પૂર્ણ કરનારા છો અને મનોરથ પૂર્ણ થયા પછી નાવ ડૂબે કે જે આપ આપની ઈચ્છાથી કરો તેમાં મને કાંઈ વાંધો કે રંજ પણ નથી. આમાં અતિશય દૈન્ય સભર ભગવાનના કૃપાલુ સ્વભાવ પરનો અજબગજબનો વિશ્વાસ જોઈ શકાય છે.

ભગવાન સમ્બન્ધી કાર્યોમાં વિઘ્ન ઉત્પન્ન કરવાનું સામર્થ્ય સમગ્ર ચરાચર વિશ્વમાં કોઈનુંય નથી અને આ વાત **‘વિનાયકાનિકપમૂર્ધસુ’** વાક્યથી દશમસ્કન્ધ ગર્ભસ્તુતિમાં કહેવાઈ છે. તેમ છતાં પણ સેવામાં અર્થ સંકોચ વગેરે વિઘ્નો આવે છે તો તેવાં વિઘ્નો ભગવાનની ઈચ્છાથી જ આવ્યાં છે તેમજ માનવું જોઈએ. કારણ કે **‘કૃષ્ણ સર્વ અનર્થવારક છે’** એમ નિબન્ધમાં શ્રીઆચાર્યચરણે કહ્યું છે. તેમજ પહેલાં જોઈ ગયા તેમ દ્વિતીય સ્કન્ધ સુબોધિનીનાં વાક્યમાં પણ ભગવત્સ્વરૂપાત્મિકા ભગવાનમાં જ નિષ્ઠા પામેલી એવી ભગવદીયા લક્ષ્મીથી અતિરિક્ત સર્વ પ્રકારની લક્ષ્મીનું ભગવાન વડે ગ્રહણ થતું નથી તેથી જો સેવા પ્રવૃત્ત સાધનદશામાં રહેલા વૈષ્ણવ પાસે તેવી ભગવદીયા લક્ષ્મી ન હોઈ સ્વર્ગીય લક્ષ્મી કે આસુરી લક્ષ્મી હોય છે ત્યારે શ્રીપ્રભુ જ તેની સેવાને આધિદૈવિકતામાં લઈ જવા માટે તેવી લક્ષ્મીનો નાશ કરે છે જે **‘હનિષ્યે તદ્ધનં શનૈઃ’** વાક્યથી જાણી શકાય છે. અતઃ અર્થસંકોચ એ પણ ભગવદિચ્છા અને ભગવત્ કૃપાના કારણે જ સેવામાં થાય છે તેથી ભગવાનની ઈચ્છા અને કૃપા સામે વૈષ્ણવ વડે હઠ રાખવી એ સ્વામી પ્રભુ સામેનો ખુલ્લો અહંકારપૂર્ણ બળવો છે જે દાસધર્મથી વિરુદ્ધ-વિપરીત છે. તેથી શ્રીમહાપ્રભુ વિવેકને જણાવતાં આ સ્થળે જણાવે છે કે **આપદ્ગતિ આદિ કાર્યોમાં હઠ સર્વથા ત્યાગવી.** આ રીતે સાતમાં વિવેકથી મારું કે બીજાનું જે થવું હોય તે થાય પણ મારું કહેલું કે મારું વિચારેલું થવું જ જોઈએ તેવી હઠવૃત્તિરૂપ બુદ્ધિમાં વિકારને દૂર કરવાનો ઈલાજ કહ્યો છે.

આઠમો વિવેક

અનાગ્રહશ્ચ સર્વત્ર । ૪ ૧/૪

(૮) આગ્રહ સાત્ત્વિક છે, અત્યાગ્રહ રાજસ્ છે, દુરાગ્રહ તામસ્ છે તેથી નિર્ગુણા ભક્તિની સિદ્ધિ અર્થે સર્વત્ર સર્વપ્રકારે આગ્રહને ત્યાગી જે વખતે જ્યાં અને જે પ્રથમ-આવશ્યક પ્રાપ્ત હોય તે કરવાની પદ્ધતિ રાખવી અને ભગવત્સેવા પણ બુદ્ધિના આગ્રહે નહીં પણ દાસભાવે સ્વકર્તવ્યે કરવી.

આપણી બુદ્ધિમાં રહેલા આનન્દવિરોધી વૃત્તિરૂપ પાંચ પ્રકારના વિકારો પૈકી પાંચમો વિકાર **‘હાનિકર્તા કે નહીં જરૂરિયાતવાળી બાબતને પણ દુરાગ્રહ પૂર્વક પકડી રાખવાની આગ્રહવૃત્તિ’** ના નિરાકરણ અર્થે શ્રીમહાપ્રભુ આઠમા તથા નવમા વિવેકથી ઉપાય જણાવે છે.

કોઈ પણ વાતને દુરાગ્રહથી પકડી રાખવું એ વૃત્તિ બુદ્ધિમાં વ્યાપેલા તમોગુણના સ્વભાવે ઉત્પન્ન થાય છે. કોઈ પણ બાબતનો આગ્રહ એ સત્ત્વગુણની વ્યાપ્તિથી બને છે અને કોઈ પણ બાબતનો દુરાગ્રહ એ તામસી વૃત્તિ છે. યદ્યપિ હઠ અને દુરાગ્રહ સરખે સરખા જણાય છે પણ અહંકાર સહિત કામ અને દ્વેષના વિચારે હઠવૃત્તિ ઉત્પન્ન થાય છે, જ્યારે દુરાગ્રહ વૃત્તિ બુદ્ધિની વિચારશૂન્યતાએ બુદ્ધિની મૂઢતાએ ઉત્પન્ન થાય છે. આ બૌદ્ધિક મૂઢતાને જ ગીતાના બીજા અધ્યાયમાં **સમ્મોહ-સ્મૃતિવિભ્રમ અને બુદ્ધિનાશ** ત્રણ પદથી જણાવ્યું છે. આજ વાતને ગીતાના અઢારમા અધ્યાયમાં **‘તમોગુણથી આવૃત્ત થયેલી જે બુદ્ધિ અધર્મને પણ ધર્મ માને છે અને બધા જ અર્થોને વિપરીતરૂપમાં ગ્રહણ કરે છે તેવી બુદ્ધિ તામસી છે’** એમ જણાવ્યું છે. યોગ્યરૂપમાં વિચારોનો ઉદ્ભવ સત્ત્વગુણથી થાય છે, અનપેક્ષિત વધુ પડતા વિચારોનો ઉદ્ભવ રજોગુણમાં થાય

છે અને અવિચારપૂર્ણ બુદ્ધિની સ્થિતિ તમોગુણથી થાય છે. એટલે કે જેમાં બુદ્ધિ પોતાની વિચારશક્તિથી કોઈ પણ જ્ઞાનને ગ્રહણ ન કરી માત્ર આવેગપૂર્વક જ વર્તતી હોય ત્યારે તેવી બુદ્ધિને તામસી બુદ્ધિ કહી શકાય છે. આગ્રહ એટલે આસમન્તાદ્ ચારે તરફથી સારી રીતે પકડેલું એ આગ્રહ છે. એટલે કે યથાર્થ જ્ઞાનપૂર્વક બુદ્ધિની વિચાર શક્તિ વડે કરાયેલા નિશ્ચય થકી બુદ્ધિમાં તે બાબતનો આગ્રહ ઉત્પન્ન થાય છે અને બુદ્ધિની નિશ્ચયવૃત્તિ જ્યાં છે ત્યાં વિકાર ઉત્પન્ન થઈ યથાર્થ જ્ઞાનના સ્થાને **'તમસ્ત્વજ્ઞાનજં વિદ્ધિ'** વાક્ય અનુસાર તમોગુણની વ્યાપ્તિએ બુદ્ધિમાં અજ્ઞાન-વિચાર રહિતપણું વ્યાપી કામ-ક્રોધાદિના આવેગથી અંધ બનેલી બુદ્ધિ કે જેને મનોવિજ્ઞાનશાસ્ત્રમાં પ્રેજ્યુડાઈસ - પૂર્વગ્રહ એટલે કે કોઈ પણ વાતને જડતાથી માની લેવાની વૃત્તિ એને જ આપણે દુરાગ્રહ વૃત્તિ નામે જાણી શકીએ છીએ. આગ્રહમાં વિચારપૂર્વકનો નિશ્ચય છે અને વિચાર વિનાનો જડતાથી માની લેવાયેલો નિશ્ચય એ દુરાગ્રહ છે. મા-બાપની આજ્ઞા પાલન કરવાનો બુદ્ધિમાં નિશ્ચય કર્યો પણ વિચાર વિના જડતાપૂર્ણ રીતે નિશ્ચય કર્યો, એથી દુરાગ્રહ બન્યો કે મા-બાપ જે પણ અને જે શબ્દમાં કહે તેનું અક્ષરશઃ પાલન કરવું. હવે કોઈક દિવસ માએ જા પડ કૂવામાં એમ કહ્યું એટલે જડતા જણાવે છે કે કૂવામાં પડ એમ કહ્યું છે માટે કૂવામાં જ પડતું મૂકવું જોઈએ એમ જડતાથી અક્ષરશઃ પાલન કરવાનો દુરાગ્રહ એ બુદ્ધિની મૂઢતાના પરિણામે જ થાય છે.

આવી જડતા યા દુરાગ્રહવૃત્તિ એ અબુધ યા મૂર્ખ લોકોમાં જ જોવા મળે છે તેમ નથી, પરંતુ સારા-સુપ્રસિદ્ધ બુદ્ધિશાલી લોકોમાં પણ જોવા મળે છે. ઘણી વખત શિસ્તપાલન યા નિયમ પાલનનો અતિરેક બુદ્ધિમાં આવી જડતા વધુ સમય માટે કે પ્રાસંગિક રૂપમાં ઉત્પન્ન કરે છે. વિવેક-વિચાર રહિત કોઈ પણ વસ્તુનો અતિરેક અન્તતોગત્વા તમોગુણમાં જ પરિણમે છે. રોજ દૂધ પીવાનો આગ્રહ એ બલ-ઓજ-આયુ-આરોગ્ય વગેરેને આપનાર હોઈને પણ ક્યારેક દેહની વિપરીત કફ ઉત્પાદક અવસ્થામાં આગ્રહનો અતિરેક થઈ દુરાગ્રહ રાખી દૂધ લેતાં કફ વૃદ્ધિ કરી બલ-આયુ-ઓજ-આરોગ્યનો નાશ કરનાર પણ બની શકે છે. સત્ય બોલવાનો આગ્રહ હોવો એ ઉત્તમ ગુણ છે, છતાં પણ સદ્ ઉપયોગમાં જ સત્ય ઉચ્ચારણ કરવાના વિવેકપૂર્વકનું સત્ય ઉચ્ચારણ હોવું જોઈએ, પણ જ્યારે અને જ્યાં સત્ય ઉચ્ચારણનો દુરુપયોગ થતો હોય ત્યારે અને ત્યાં પણ દુરાગ્રહથી સત્ય ઉચ્ચારવું એ સત્ત્વગુણી સદ્‌ગુણ નહીં પણ તમોગુણી દુર્ગુણ જ કહેવાશે. જે સત્ય ઉચ્ચારવાથી કોઈક નિર્દોષનું ધન-જીવન હણાતું હોય યા દુષ્ટ પુરુષોની દુષ્પ્રવૃત્તિને બળ મળતું હોય, જે સત્ય ઉચ્ચારવાથી વ્યક્તિ, કુટુંબ, જાતિ, નગર, દેશ કે વિશ્વનો વિનાશ થતો હોય તેવું શાબ્દિક સત્ય વાસ્તવિક સત્ય હોતું નથી, તે અસત્ય જ છે, છતાં પણ બુદ્ધિની મૂઢતા એ સત્યને જોઈ શકતી નથી અને ગીતામાં તમોગુણી બુદ્ધિના લક્ષણમાં જણાવ્યા મુજબ અધર્મને ધર્મ અને અસત્યને જ સત્ય માની દુરાગ્રહથી સત્ય શબ્દ ઉચ્ચારવા વ્યક્તિને પ્રેરે છે.

સત્ય એટલે મનુષ્યને જે દેખાય છે, જે સંભળાય છે કે તે આધારે બોલાતો શબ્દ તેટલા પૂરતા સીમિતને સત્ય કહી શકાય નહીં. કારણ કે મનુષ્ય જે જુએ છે, સાંભળે છે કે તે આધારે બોલે છે, તે એની બુદ્ધિની અતિ સીમિત શક્તિથી જ જુએ છે-સાંભળે છે તેમજ પોતાની અલ્પ શક્તિથી જે જોવાયેલું છે તેને જ મનુષ્ય બુદ્ધિમાં સત્ય તરીકે સ્વીકારી લે છે, પરન્તુ વાસ્તવિકતા તેથી ઘણી દૂર હોઈ શકે છે. ત્યારે જે સત્યરૂપે દેખાયું છે કે સાંભળ્યું છે તે રૂપ વાસ્તવિક સત્યરૂપ નથી, જે દેખાયું છે તેનું વાસ્તવિક રૂપ સત્યથી અળગું જ છે. હવે કોઈ એના આધારે સત્યપાલન ધર્મનું આચરણ કર્યાનો ગર્વ કરે તો તે કેટલો ગેરવ્યાજબી છે ! ભગવાન શ્રીકૃષ્ણ એકાદશ સ્કન્ધમાં ઉદ્ધવજીને ઉપદેશ આપતાં જણાવે છે કે **'સત્યપૂતાં વદેદ્ વાચમ્' 'સત્ય વડે પવિત્ર થયેલી વાણી બોલવી'** કેવળ માત્ર ક-ખ-ગ-ઘ-ઠ- અક્ષરો યા જુદા-જુદા અંગોના સ્પર્શથી ઉચ્ચારિત તાલવ્ય ષ વગેરે શબ્દ વાસ્તવિકતાના પરિચાયક નથી હોતા, તેનું સત્યપણું તે રૂપ મુજબના શબ્દાયમાન થવા પૂરતું જ હોય છે, તે જ શબ્દ ક્યારેક સત્ય તો ક્યારેક અસત્યનો પણ પરિચાયક બનતો હોય છે ત્યારે શાબ્દિક સત્યને ઊંડાણથી વિચારવામાં આવે ત્યારે વિવક્ષામાં જે સત્ય હોય તેનું ઉચ્ચારણ સત્ય ઉચ્ચારણ કહેવાય છે. વિવક્ષાનું પણ મૂલ ઉદ્‌ગમ સ્થળ **સંશય-વિપર્યાસ-સ્મૃતિ અને નિશ્ચય** એ ચાર વૃત્તિઓ પૈકી કોઈ પણ એક વૃત્તિ હોઈ શકે છે. ત્યારે જે યથાર્થ જ્ઞાનરૂપ નિશ્ચયથી અલગ સંશય-ભ્રમ વગેરે મૂલક ઉચ્ચારણ હોય તે સત્ય જેવું દેખાઈને પણ તેને સત્ય જ છે એમ કેમ માની શકાય ?

મહાભારતની કથામાં કેટલાક પ્રસંગો એવા છે કે જે આપણા પ્રચલિત વિષયથી સમ્બન્ધવાળા છે. તે પૈકી લાક્ષાગૃહમાં પાંડવો બળી ગયા છે તેવો નિશ્ચય કરીને તેમનાં કુટુમ્બીજનોએ એમની ઔર્ધ્વદૈહિક ક્રિયા આરંભવાનો વિચાર કર્યો, પણ સારા નસીબે સત્યના એક માત્ર જાણકાર વિદુરજીએ તેમને અસત્ય આધારિત કર્મ કરવાથી વાર્યા. તેવી જ રીતે વિષના લાડુ ખાઈ ભીમસેન ગુજરી ગયા છે તેવો નિશ્ચય કરી યુધિષ્ઠિરાદિ પાંડવોએ ભીમસેનની ઉત્તર ક્રિયા આરંભી. કૃષ્ણ જાણકાર હોઈને પણ ચૂપ રહ્યા અને સહદેવ ત્રિકાળ જ્ઞાની હોવાથી જાણીને પણ કોઈએ પૂછ્યું નહીં તેથી તે સત્ય કહી શક્યા નહીં. તેવી સ્થિતિમાં જે વ્યક્તિ મરણ પામ્યો હોય તેના માટે **અમુક પ્રેતસ્ય** એમ નામ સાથે પ્રેત શબ્દ લગાડી ઉચ્ચારણ થાય છે, પરંતુ જીવિત વ્યક્તિ માટે આવો પ્રયોગ થતો નથી. ત્યારે ભીમસેન માટે ક્રિયા વખતે ઉચ્ચારણ કરાયેલા શબ્દો એ સત્ય પર આધારિત નહીં જ હોય. આધુનિકમાં કોઈ પ્રાયશ્ચિત્ત વગેરેમાં સવત્સ સહસ્ર ગોદાન-દ્વિસહસ્ર ગોદાનનો સંકલ્પ કરાવવામાં આવે છે. ત્યારે આજે એક ગાયની કીંમત ઘણી વધારે થાય અને તેવી હજાર-બે હજાર ગાયની કીંમત લગાવવા જાઓ તો પહોંચાય નહીં તેટલી થઈ જાય. તેથી ચતુર ? લોકોએ રસ્તો કાઢ્યો કે **‘મનસોદ્દિષ્ટં ગોનિષ્ક્રયભૂતં દ્રવ્યં યથાકાલે યથાનામ બ્રાહ્મણાય દાતુમહમુત્સૃજે’** અને એ મનમાં નક્કી કરેલી રકમ આજે પણ સવા રૂપિયો ચાલે છે કે જે આજથી ૨૦૦-૫૦૦ વર્ષ પહેલાં એક રૂપિયો ગાયનો અને ચાર આના વાછરડાના તે હિસાબે એક ગોદાન દીઠ સવા રૂપિયા લેખે હજાર ગાયના બારસો પચાસ રૂપિયાનું ગોનિષ્ક્રયભૂત દ્રવ્ય આપે અને હજાર ગાયના દાનથી મળનારા પુણ્યનું ફળ મેળવવાની આશા રાખે તેમાં કેટલું સત્ય ? તેવી જ રીતે મહાભારતના યુદ્ધ પર્વમાં કર્ણે ઉપહાસ પૂર્વક યુધિષ્ઠિરને જીવનદાન કર્યું તેનાથી છંછેડાઈ ગયેલા ધૂંઆપૂંઆ થઈ રહેલા અને અતિશય ક્રોધે ભરાયેલા યુધિષ્ઠિરના પોતાની છાવણીમાં આવી ક્રોધપૂર્વકના કર્ણમાટેના વાણીથી ઉચ્ચારાયેલાં વાક્યો અને યુદ્ધના અન્તે તર્પણ સમયે કુન્તી વડે એ પાંડવોનો અગ્રજ-મોટોભાઈ હતો એની જાણકારી આપતાં જાણ્યા પછીથી યુધિષ્ઠિરનો કર્ણ માટેનો વિલાપ અને તેથી નારાજ થઈને સ્ત્રીજાતિને વાત પેટમાં નહીં રહી શકવાનો શાપ એ બે વચ્ચે ઘણો મોટો વિરોધાભાસ છે. ત્યારે કર્ણ પ્રત્યે ક્રોધમાં ઉચ્ચારિત વાણી અને ભાઈ તરીકેના જ્ઞાન પછીની વાણી બેમાં સત્ય કઈ વાણી ?

મહાભારતના જ પ્રસંગમાં અધર્મને ધર્મ માની ધર્માચરણની દુરાગ્રહવૃત્તિ ધર્મરાજ યુધિષ્ઠિરમાં જોવા મળે છે. અને એમની આ દુરાગ્રહ વૃત્તિ જ મહાભારતના અનર્થોના મૂળમાં રહેલી છે. સહુથી પહેલી વાત તો એ છે કે પત્નીને દાવ પર લગાડાય જ નહીં. સ્ત્રીને ધન કહ્યું છે અને કન્યાનું દાન થાય છે તેથી પોતાના સ્ત્રીનો ગમે ત્યારે ગમે ત્યાં ગમે તે પ્રકારનો મન ફાવે તેમ ઉપયોગ કરવાનો અધિકાર ક્યારેય કોઈ પણ રૂપે ધર્મ વડે કોઈ પણ પતિરાજને અપાયો નથી. છતાં પણ ધર્મરાજ વડે તેને જુગારમાં દાવ પર લગાડવું એ એમના વડે ભારોભાર અધર્મનું જ આચરણ હતું. અને છતાં પણ જ્યારે હારી ગયા અને રજઃસ્વલાની અવસ્થામાં રહેલ અને તેથી એકવસ્ત્ર ધારણ કરેલ દ્રૌપદીને દુઃશાસન ચોટલો પકડીને ભરસભામાં ખેંચી લાવ્યો ત્યારે દુર્યોધન, કર્ણ વગેરે વડે ભરસભામાં સતી સન્નારીનો બિભત્સ ભાષામાં ઉપહાસ થતો જોઈને પણ હું હારી ગયો છું તેથી હવે મારાથી કંઈ પણ ન બોલાય અને બોલું તો અધર્મ છે એમ માની નીચું મોં લટકાવી બેઠા રહ્યા. ત્યારે ભીમસેને ઊકળી ઊઠીને ધર્મસમ્મત વાણી ઉચ્ચારી ત્યારે યુધિષ્ઠિરે આપણાથી હવે કંઈ પણ બોલાય નહીં એમ કહીને વાર્યા ત્યારે તે વાણી યુધિષ્ઠિરની ધર્મસમ્મત - સત્ય કહેવાય કે પછી અધર્મ યુક્ત અસત્ય કહેવાય ? આ તો એવી વાત છે કે જેમ ચાર જણાએ મળીને મોટી ચોરી કરવાનો પ્લાન બનાવ્યો એમાં બે જણાને બહાર રહી તકેદારી રાખવાનું એકને ઘરમાં ઘૂસી ચોરી કરવાનું અને ચોથાને ઘરમાં માળેથી ધનનું પોટલું નીચે નાખે તેને લઈને ભાગી જવાનું કામ વહેંચ્યું અને ચારેએ તે ધન સરખા ભાગે વહેંચી લેવાનું નક્કી કર્યું. એમાં ધન લઈને ભાગેલો વ્યક્તિ તેમાંથી થોડું ધન છુપાવી લે ત્યારે બીજા ત્રણ નીતિની-ઈમાનદારીની દુહાઈ આપે કે ભાઈ આપણે નીતિ-ઈમાનદારી રાખવી અને જો તેમાં એકમતિ ન સધાય ત્યારે બાકીના ત્રણ ભેગા મળી પેલા ચોથા સામે કોર્ટમાં ફરિયાદ કરે તો ત્યારે તે ધન કોનું એમાં કોર્ટ શો ન્યાય આપે ? ચોથાનું ? કે ચારેનું સરખું ? કે જેનું ધન ચોરી થયું છે તેનું ? ત્યારે ચાર ચોરો વચ્ચે નીતિની દુહાઈ જેવું યુધિષ્ઠિરનું તે સમયનું ધર્માચરણ

અને ભીમસેન પ્રતિ ધર્મની સલાહ આપવું છે. આપણે પહેલાં જ જોઇ ગયા છીએ કે આગ્રહ સાત્ત્વિક છે, આગ્રહનો અતિરેક-અતિઆગ્રહ રાજસ છે અને દુષ્ટ આગ્રહ તામસ છે. તેમાં યુધિષ્ઠિરમાં આગ્રહ કે અતિઆગ્રહ જ નહીં અપિતુ દુરાગ્રહ જ છે કે જેને ગીતાના અઢારમા અધ્યાયમાં અધર્મને ધર્મ માનનારી તામસી બુદ્ધિ કહી છે.

પ્રશ્ન :- જો એમજ છે તો પછી મહાભારત યુદ્ધના ૧૪ મા યા ૧૫ મા દિવસે દ્રોણપર્વમાં **‘અશ્વાત્થામા હતઃ’** એમ કૃષ્ણની આજ્ઞાથી યુધિષ્ઠિર બોલ્યા તે કૃષ્ણની આજ્ઞા પણ અધર્મરૂપ જ કહેવી જોઈએ અને એમ ઉચ્ચારણ કરવાથી અસત્ય ઉચ્ચારણરૂપ અધર્મથી તેનું ફળ થયેલું પણ જોવા મળે છે કે ત્યારથી યુધિષ્ઠિરનો રથ જે પૃથ્વીનો સ્પર્શ નહતો કરતો તે પૃથ્વીપર આવી ગયો તેમજ સ્વર્ગારોહણ વખતે પણ તેના કારણે યુધિષ્ઠિરના સદેહ સ્વર્ગારોહણમાં પગનો એક અંગૂઠો ઓગળી ગયો. તો આમ કેમ બન્યું ?

ઉત્તર :- સહુથી પ્રથમ વાત તો એ છે કે મહાભારત પોતે જ સ્વીકારે છે કે **‘યતો ધર્મસ્તતઃ કૃષ્ણઃ’** જ્યાં ધર્મ હશે ત્યાં જ કૃષ્ણ હશે એટલે કૃષ્ણ જ્યાં હશે અને કરતા હશે કે કહેશે તે ધર્મ જ હશે એમ વિશ્વાસ પૂર્વક કહે છે. તેથી અશ્વત્થામા હણાયો એમ કહેવામાં ક્યાંય પણ અધર્મ પણ નથી અને તે અસત્ય પણ નથી. અસત્ય એટલા માટે નથી, કારણ કે આનો ખુલાસો યુદ્ધના પ્રથમ દિવસે યુદ્ધ આરંભે ગીતાના અગિયારમા અધ્યાયમાં ભગવાને પોતે જ કરેલો છે કે **‘આ બધાને તો હું તારા મારતાં પહેલાં જ મારી ચૂક્યો છું, તુ તો માત્ર એમના મરણનું નિમિત્ત બન’** તેમજ તેથી આગળ **‘દ્રોણ અને ભીષ્મ અને જયદ્રથ અને કર્ણ તથા બીજા જે પણ યુદ્ધમાં આવેલા વીરો છે તે બધા જ મારા વડે હણાઈ ચૂકેલા છે’** અને ભગવાનનાં આ વાક્યમાં સમ્મતિ ભાગવતમાં પોતાની સ્તુતિમાં કૌરવપક્ષમાં નવ દિવસ અડગ સેનાપિત રહી ચૂકેલા ભીષ્મજી પોતાના અન્તકાળના સમયે આપી રહ્યા છે કે **‘પોતાના મિત્ર અર્જુનનાં વચનો સાંભળતાં જ તત્કાળ બે સેનાના મધ્યે રથને લઇ જઇ ઊભો કરી જેમણે સામેના-શત્રુપક્ષે રહેલા તરફ દષ્ટિ કરી માત્ર દષ્ટિ વડે જ શત્રુપક્ષની સેનાનું આયુષ્ય હરી લીધું છે એવા પાર્થના સખા કૃષ્ણમાં મારી રતિ થાઓ’** તેમજ

આ બાબતની સમ્મતિ વધસ્તમ્ભ પર લટકી રહેલા અર્જુનપુત્ર બભ્રુવાહને યુદ્ધના અન્તે પાંડવો સમક્ષ આપી છે. તેથી અશ્વત્થામા હણાયો છે એમ કહેવામાં યથાર્થ-વાસ્તવિકતામાં ક્યાંય વિરોધ આવતો નથી.

હવે રહી વાત ધર્માચરણની તો ધર્મનું આચરણ દેવસન્નિધિમાં તેમજ દેવભૂમિ યા કર્મભૂમિમાં જ થઈ શકે, દૈત્ય -અસુર સન્નિધિમાં અને દૈત્યભૂમિ યા ભોગભૂમિમાં થઈ ન શકે. નહીંતર પછી પોતાના શયન કરવાના પલંગ પર બેસીને યા સ્મશાન ભૂમિમાં સંધ્યાવંદન કરવાથી ધર્મ ઉત્પન્ન થવો જોઈએ. પ્રેત સમ્બન્ધથી જ મૃત આશૌચમાં સંધ્યાવંદનાદિ આવશ્યક ધર્મોના પણ આચરણનો નિષેધ કરવામાં આવ્યો છે. ભલે યુદ્ધ સ્થળ એ કુરુક્ષેત્ર હોવાથી યજ્ઞીયભૂમિ છે, ધર્મક્ષેત્ર છે અને એને ધર્મક્ષેત્ર નામ ગીતાના પ્રથમ શ્લોકમાં ધૃતરાષ્ટ્ર વડે અપાયું છે. પરંતુ આ સમયે સ્થળનું ધર્મક્ષેત્રપાણું એ સર્વ પ્રકારે અંધ-અંધબુદ્ધિ ધૃતરાષ્ટ્રની જ દષ્ટિમાં હોઈ શકે છે, પરંતુ જેઓ યથાર્થ દષ્ટા-જ્ઞાની છે તેમના મને તો આ સ્થળ અત્યારે **‘પવિત્ર કહેવાતા જ્યાં ધર્મ થાય છે તેવા દેશો પણ આસુરીવૃત્તિવાળા મ્લેચ્છોથી આક્રાંત બનવાથી તે ધર્મસ્થળો પણ એકમાત્ર પાપનાં ધામ બની રહ્યાં છે અને તેથી કરીને ત્યાં રહેતા સત્પુરુષો પણ પીડાથી વ્યગ્રચિત્ત બનેલા છે, આવી સ્થિતિમાં કૃષ્ણ જ મારી ગતિ હો (બીજી કોઈ ગતિ છે જ નહીં)’** આ પ્રકારના છે. જેમ સંસ્કૃતા-વૈદિક વિધિપૂર્વક પ્રતિષ્ઠિતા દેવમૂર્તિ પણ ચાંડાલાદિ સ્પર્શ વગેરે સંસર્ગ થતાં તેમાંથી દેવતાનું તિરોધાન થઈ જાય છે અને તેવી સ્થિતિમાં તે મૂર્તિને પ્રણામાદિ કરવાથી પણ અધર્મનો દોષ લાગે છે. તેમ તીર્થ યા ક્ષેત્રનું પણ પુણ્યત્વ એ એના આધિદૈવિક દેવતા થકી જ હોય છે અને કોઈ પણ તીર્થ યા કોઈ પણ ક્ષેત્ર હોય ત્યાં દેવતાએ સ્થિતિ કરવા માટેનો આધાર યા બળ એ ધર્મ જ હોવાથી અને તેમની સ્થિતિ પણ ઈશ્વરીય નિયમથી ધર્મને અર્થે જ હોવાથી જ્યાં સુધી એ ક્ષેત્રમાં પુણ્યજનો દ્વારા ધર્મનું આચરણ - અનુષ્ઠાન થાય છે ત્યાં સુધી જ અને જ્યાં સુધી ત્યાં ધર્માનુષ્ઠાનનું - પાપ નિવર્તનનું પ્રયોજન હોય છે ત્યાં સુધી ત્યાં દેવતાઓ રહે છે અથવા રહી શકે છે. પરંતુ જ્યારે ત્યાં ધર્મવિરોધી પાપીજનો વડે પાપનું અનુષ્ઠાન કેન્દ્ર બની જાય છે ત્યારે તેથી કરીને પોતાના પણ વિનાશના ભયે દેવતાઓ ત્યાંથી તિરોભૂત

થઈ જાય છે. તેવી સ્થિતિમાં તેવા તિરોભૂત દેવતાવાળા તીર્થ યા ક્ષેત્રમાં સ્નાનાદિ યા યજ્ઞાદિ ધર્માચરણ કરવામાં આવે તો પણ ત્યાં ધર્મ-પુણ્ય કંઈ પણ ઉત્પન્ન થતું નથી. બલકે **‘અન્યક્ષેત્રમાં કરેલું પાપ તીર્થક્ષેત્રમાં જવાથી ચાલ્યું જશે, પણ તીર્થક્ષેત્રમાં (જો) પાપ કર્યું હશે (તો) તે વજ્રલેપ એટલે કે ક્યારેય ન ઉખડી શકે તેમ ચોંટી જશે’** એ ઉક્તિના ન્યાયે આવાં સ્થળોએ પાપ થતું જોઈને પણ ત્યાં સ્થિતિ કરવાથી તે સ્થિતિ જ મહાપાપરૂપ બની જાય છે.

આ પ્રમાણે કુરુક્ષેત્ર ધર્મક્ષેત્ર હોઈને પણ આ સમયે આસુરાવેષ્ટિત-આસુરોના પ્રભાવવાળું અને આસુરી પ્રવૃત્તિઓનું ધામ બનેલું હોવાથી - અધર્મની વ્યાપ્તિ હોવાથી ધર્મમાં કહેલું આચરવા છતાં પણ ધર્મ બનતો નથી તેથી તેવા આચરણને પણ ધર્મ કહી શકાય તેમ નથી. આ બાબતમાં ખુદ યુધિષ્ઠિરના પૌત્ર પરીક્ષિતનો જ અભિપ્રાય દ્રષ્ટવ્ય છે.

ભાગવત દશમ સ્કન્ધના આરંભે શુકદેવજીને કૃષ્ણચરિત્રનો પ્રશ્ન કરતાં પરીક્ષિતરાજા કહે છે - **યુદ્ધમાં અમરંજય એવા દેવવ્રત વગેરે તિમિંગલરૂપ અતિરથીઓ વડે દુરત્યય બનેલું એવું કૌરવસૈન્ય સાગર’** પરીક્ષિતના આ વાક્યમાં કુરુક્ષેત્ર આ સમયે તિમિંગલ એટલે એવાં વિશાલ રાક્ષસીકાય માછલાં કે જે પોતાની જ જાતિનાં નાનાં માછલાને ગળી જનારાં હોય છે તેવા તિમિંગલ સમાન દેવવ્રત-ભીષ્મ વગેરે પ્રમુખ યોદ્ધાઓથી ભરપૂર કૌરવ સૈન્યસાગરરૂપ આ ક્ષેત્ર છે. કૌરવસૈન્ય એટલે કૌરવોની સેના અને તે સેનામાં દુર્યોધનાદિનું પ્રિય કરવા પ્રમુખ યોદ્ધાઓમાં રહેલા ભીષ્મ વગેરે. ભીષ્મ માટે પ્રયોજાયેલ દેવવ્રત શબ્દ પર સુબોધિનીમાં શ્રીમહાપ્રભુ જણાવે છે - **‘દેવની માફક સત્યસંકલ્પરૂપ જેનું વ્રત છે એવા દેવવ્રત, આમ જણાવીને ભીષ્મ જેવા દેવવ્રત વડે પણ ધર્મત્યાગ કરાવવાનું સામર્થ્ય તે કૌરવોનું બન્યું એમ જણાવ્યું છે’** સુબોધિની ઉપર ટિપ્પણીમાં શ્રીપ્રભુચરણ લખે છે કે - **‘ભગવાનનાં ચીંધ્યા મુજબ કરવું એ દેવવ્રતપણું છે અને તેથી વિરુદ્ધનું કરવું એ દૈત્યવ્રતપણું છે, તેથી આસુરાવેશે તિમિંગલપણું એ દૈત્યવ્રત છે. દેવવ્રત એવા ભીષ્મમાં તિમિંગલપણારૂપ દૈત્યવ્રત કૌરવો વડે સંપાદિત થયું એ કૌરવોનું સામર્થ્ય થયું છે.’** પરીક્ષિતના સુબોધિની-ટિપ્પણી વ્યાખ્યા મુજબ ઉપર્યુક્ત વાક્યને

કૃષ્ણાશ્રય સ્તોત્રના શ્લોક-૨ સાથે સરખાવતાં કુરુક્ષેત્ર પણ અત્યારે દેવવ્રત-દૈત્યવ્રતની માફક ધર્મક્ષેત્રની જગ્યાએ અધર્મક્ષેત્ર બનેલું છે.

જો એમ કહેવામાં આવે કે કેટલાક ધર્મો સાર્વદેશિક, સાર્વકાલિક અને સાર્વવર્ણિક હોય છે જેમાં સત્ય-દયા વગેરે સપ્તમસ્કંધોક્ત ત્રીસ લક્ષણવાળા ધર્મનો સમાવેશ થાય છે તેથી સર્વ ક્ષેત્રમાં સત્ય આચરણીય છે. તો તે બાબતમાં જે ધર્મ સમુદાય અર્થે કહેવાયેલો હોય અને જે ધર્મ વર્ણવિશેષ અર્થે કહેવાયેલો હોય અને જ્યારે એ બંને વચ્ચે વિરોધાભાસ આવતો હોય ત્યારે સમુદાય કરતાં વર્ણ એ અન્તરંગ હોવાથી સમુદાયમાં કહેવાયેલા ધર્મને નહીં આચરીને પણ વર્ણધર્મના અનુસાર આચરણ કરવું એ જ ધર્મનું ગૂઢ રહસ્ય છે. ગીતામાં પણ **‘વર્ણ-આશ્રમમાં રહેલા જે લોકો પોતપોતાના કર્મમાં અભિરત છે તેઓ સારી રીતે સિદ્ધિનો લાભ કરનારા થાય છે’** તથા **‘તે હૃદયસ્થ અન્તર્યામી ઈશ્વરની આરાધના પોતપોતાના વર્ણ-આશ્રમ અનુસારનાં કર્મનાં આચરણ વડે અર્ચના કરીને મનુષ્ય સિદ્ધિને પ્રાપ્ત કરે છે’** અને યુધિષ્ઠિર ક્ષત્રિય હોવાથી ક્ષાત્ર સ્વભાવ અનુસારનો જે ક્ષાત્ર ધર્મ છે એ જ તેને માટે ધર્મતઃ પ્રથમ આચરણીય છે. તેમાં પણ ક્ષત્રિયને માટે યુદ્ધ પણ ધર્મ જ છે અને યુદ્ધમાં યુદ્ધ ધર્મનો નિર્વાહ એ જ ક્ષાત્રધર્મનું આચરણ છે. જેમ ક્ષત્રિયને માટે જન્મ-મૃત આશૌચ બાર દિવસનું છે, પરંતુ રાજા જ્યારે રાજસભામાં ઉપસ્થિત હોય અથવા તો રાજ્યાભિષેકમાં રાજાને તથા યુદ્ધકાલમાં આશૌચના નિયમો લાગુ પડતા નથી, કારણ કે જો લાગુ પડે તો રાજ્યસંચાલન કાર્યનો અને યુદ્ધનો નિર્વાહ જ થઈ ન શકે, તેમ સત્ય - દયા-વગેરે સાર્વદેશિક અને બ્રાહ્મણાદર એ ક્ષત્રિય વર્ણોચિત ધર્મ હોવા છતાં પણ યુદ્ધમાં એ ધર્મોનો જડતાથી નિર્વાહ કરવા જતાં યુદ્ધ ધર્મના લોપ થવાનો દોષ પ્રાપ્ત થાય છે. ઉપરાંત અપરાધીને દંડ આપવો એ ક્ષાત્રધર્મ પણ છે અને સામ-દામ-દંડ-ભેદ એ ક્ષાત્ર-રાજનીતિ છે, તેથી તેનો સમાદર અને તેનું સમાચરણ પણ યુધિષ્ઠિરને માટે તેટલો જ ધર્મ છે. તેમાં પણ યુદ્ધકાલમાં તો તે ધર્મ પ્રથમ- મુખ્ય બની જાય છે. તેમજ આત્મવિલોપન એ સર્વવર્ણી અને સર્વ આશ્રમી માટે અધર્મ હોઈને પણ આત્મશ્રેયના વિશેષ પ્રયોજનથી ધર્મસંમત પ્રકારે સ્વેચ્છાએ દેહત્યાગ એ

સંન્યાસીને માટે અધર્મ નથી અને **સમરે** એટલે **મરઃ મરણં તત્સહિતે । અવશ્યં યુદ્ધે મરણં ઈતિ તાદૃશે યુદ્ધે = સમરે** એમ અર્થ કરતાં જે યુદ્ધમાં મરણ અવશ્ય છે તેમ જાણીને પણ તેવું યુદ્ધ પ્રાપ્ત થતાં યુદ્ધમાં જવું અને તેવા યુદ્ધથી પલાયન ન થવું એ જ વિશેષ ક્ષાત્રધર્મ છે, જેને ગીતામાં ક્ષાત્રધર્મ નિરૂપણમાં **'યુદ્ધે ચાપ્યપલાયનમ્'** વાક્યથી જણાવ્યો છે. યુદ્ધ સિવાયના અન્ય-અન્ય કારણોથી યુદ્ધના જે પણ નિયમો હોય તેને નહીં પાળી યુદ્ધના ધર્મથી વિપરીતધર્મની દુહાઈ દેવી અને તેવા ધર્મનો આશ્રય કરવો એ જ તો યુદ્ધમાં પલાયનવૃત્તિ છે અને એ પલાયનવૃત્તિને ગીતાના બીજા અધ્યાયના આરંભે **'નપુંસકોના ભાવ સ્વરૂપની, ક્ષુદ્ર, હૃદયની દુર્બલતારૂપ'** ગણાવી એવી વૃત્તિને ક્ષત્રિયને માટે સમરાંગણમાં સર્વ પ્રકારે અધર્મરૂપ અશ્રેયસ્કર જ છે એમ જણાવી છે.

યદ્યપિ સત્ય-દયા વગેરે ધર્મો એ યુદ્ધધર્મ-ક્ષાત્રધર્મની અપેક્ષા અન્તરંગ છે તેથી સર્વનેમાટે પ્રથમ-મુખ્ય બને છે. તેમ છતાં પણ અધિકારી ભેદથી વર્તમાનમાં યુધિષ્ઠિરની બુદ્ધિમાં હું ક્ષત્રિય છું અને યુદ્ધમાં આવ્યો છું તેવું જ જ્ઞાન પૂર્ણરૂપે વ્યાપેલું હોવાથી આ અવસ્થામાં ક્ષત્રિયપણાએ અને યુદ્ધ અંગેનો જે ધર્મ છે તે જ મુખ્યરૂપે પ્રાપ્ત થાય છે. તેમ છતાં પણ અન્તરંગધર્મોનો પણ અવિચારે લોપ ન થવો જોઈએ. આવી ઉભય સ્થિતિમાં **'ભ્રાતરઃ ભ્રાતરં હન્યાત્'** ન્યાયે યુદ્ધમાં જે પણ યુદ્ધને અર્થે સામે આવે તેની સાથે યુદ્ધ કરવું, તેના ઉપર શસ્ત્રાસ્ત્રનો પ્રહાર કરવો અને તેને હણવો એ યુદ્ધનો ધર્મ છે. તેમજ **'આતતાયી વધાર્હણઃ'** અનુસાર ક્ષત્રિયને માટે આતતાયી વધને જ યોગ્ય છે અને આતતાયીનો કોઈ વર્ણ હોતો નથી. આતતાયી કોઈ પણ વર્ણમાં હોઈ શકે છે અને જે આતતાયી છે તે સર્વવર્ણથી ભ્રષ્ટ હોય છે. અતઃ આતતાયીનો વધકરવો અને તેનાથી પ્રજામાં સુખ-શાન્તિ પ્રસરાવવી અને પ્રજાનું રક્ષણ કરવું એ ક્ષત્રિયનો અને તેમાં પણ રાજાનો ધર્મ છે.

અત્યારે સામા પક્ષે - દુર્યોધનના પક્ષે સેનાપતિ બનીને દુર્યોધન અને તેની સેનાની સુરક્ષાનો અને તેમને વિજય અપાવવાનો ભાર માથા પર લઈને દ્રોણાચાર્ય ઉપસ્થિત થયા છે અને તે બ્રાહ્મણ શરીર છે તથા યુધિષ્ઠિરના શસ્ત્રાસ્ત્રનું જ્ઞાન આપનારા ગુરુ પણ છે. ઉપરાંત ધર્મ યુધિષ્ઠિરના જ પક્ષે છે, દુર્યોધન-ધૃતરાષ્ટ્રનો પક્ષ અધર્મનો જ છે તેમ બરાબર જાણીને જ- જાણવાં છતાં પણ મેં દુર્યોધનનું અત્યાર સુધી અન્ન ખાધું છે અને **'અર્થસ્ય પુરુષો દાસઃ'** એમ વિચારે દુર્યોધનના આજ્ઞાંકિત સેવક પ્રમુખના રૂપમાં પાંડવો સામે યુદ્ધમાં આવ્યા છે કે જે પાંડવો પણ દ્રોણાચાર્યના જ શિષ્યો છે. ઉપરાંત દ્રોણાચાર્યને એ બાબતનું પૂર્ણ જ્ઞાન છે કે આ યુદ્ધમાં જો યુધિષ્ઠિરનો વિજય થાય તો સર્વત્ર ધર્મનું જ સ્થાપન થશે અને સમ્પૂર્ણ પ્રજાની ધર્મમાં પ્રવૃત્તિ થશે અને જો આ યુદ્ધમાં દુર્યોધનનો વિજય થશે તો સર્વત્ર અધર્મનો જ ફેલાવો થશે અને સમ્પૂર્ણ પ્રજા દીર્ઘકાળ માટે અધર્મમાં પ્રવૃત્ત થઈ સુખ-શાન્તિ-કલ્યાણથી વંચિત થઈ જશે. તેમ છતાં પણ સમુદાયમાં રહેલી વિશાલ પ્રજાના સુખ-શાન્તિ-કલ્યાણને અવગણી તેના ભોગે પણ માત્ર મેં અન્ન ખાધું છે તેટલા માત્રથી તેને મહત્ત્વ આપી યુદ્ધમાં દુર્યોધન પક્ષે ઉપસ્થિત થયા છે. આવી સ્થિતિમાં ધારો કે ગો-બ્રાહ્મણરક્ષા જેનો ધર્મ છે એવો ક્ષત્રિય ઊભો હોય અને તેની દૃષ્ટિ સમક્ષ જ કોઈક બ્રાહ્મણ શરીરવાળો વ્યક્તિ અને તે પણ પાછો ક્ષત્રિયનો ગુરુસ્થાનીય હોય અને એ જો ગાયનો વધ કરવા ઉદ્યત થાય યા કોઈ સન્નારીની લાજ લૂંટવા ઉદ્યત થાય અને તે વાર્યે પણ પાછો ન વળે તો ત્યારે ઉપસ્થિત ક્ષત્રિયનો શો ધર્મ? ઘોર પાપ પ્રવૃત્ત બ્રાહ્મણ યા ગુરુ કોઈ પણ હોય ક્ષત્રિય યા રાજા માટે તો તે નિતાન્ત તદુચિત દંડને જ પાત્ર કહેવાશે.

યદ્યપિ જેમ બીજા માટે બ્રાહ્મણ અવધ્ય છે તેમ પ્રજાના સર્વ વર્ણ માટે રાજા પણ અવધ્ય છે. કારણ કે ગીતામાં **'નરાણાં ચ નરાધિપમ્'** એમ કહ્યા અનુસાર ભગવાનની વિશેષ વિભૂતિ છે. ફક્ત યુદ્ધમાં જ રાજાને હણી શકાય છે. તેમ છતાં પણ પ્રજામાં કાળો કેર વર્તાવનાર અને અધર્મનું શાસન પ્રસરાવનાર વેન રાજાનું ચરિત્ર ભાગવત ચતુર્થસ્કન્ધમાં આવે છે. એમાં પ્રજાના હિતમાં અને અધર્મને નાથવા ઋષિઓએ ભેગા મળીને અભિમંત્રિત દર્ભ શલાકાથી વેન રાજાને પૂરો કર્યો એમ જણાવ્યું છે, ત્યારે ત્યાં પણ ઋષિઓને દોષ પ્રાપ્ત થયો નથી. કારણ કે રાજામાં ભગવાનનું જે વિશેષ ભવન છે તે પ્રજાપાલનરૂપમાં જ રહેલું છે અને તેથી વિપરીત જ્યારે રાજા પ્રજાભક્ષક બને ત્યારે વિશેષભવન તિરોભૂત છે તેમજ નક્કી થાય છે. તેવી જ રીતે હિરણ્યાક્ષ, હિરણ્યકશિપુ,

રાવણ, કુંભકર્ણ, મેઘનાદ, ઈન્દ્રજીત વગેરે મહાઅસુરો પણ મૂલતઃ ઋષિપુત્રો અને બ્રાહ્મણશરીર જ હતા, છતાં પણ વેદને ધારણ કરનારા અને ઋષિઓને વેદના ઉપદેષ્ટા એવા બ્રહ્માજીની જ અગુવાનીમાં દેવોએ એ અસુરોને વધ કરવાની પ્રાર્થના કરી હતી. તેથી આમના વધમાં બ્રહ્મપ્રાર્થના નિમિત્ત તો બની જ છે. છતાં પણ તેમને દોષ પ્રાપ્ત થયો નથી. તેમજ ધર્મ મર્યાદાના સ્થાપન અર્થે જેમનો પ્રાદુર્ભાવ છે તેવા વિગ્રહવાન ધર્મ સ્વરૂપ પ્રભુશ્રીરામ વડે રાવણનો અને વેદસ્વરૂપ લક્ષ્મણજી વડે ઈન્દ્રજીતનો વધ થયો છે. આ બધા પ્રસંગો તેમજ પ્રમાણોને વિચારતાં દ્રોણાચાર્ય સર્વ પ્રકારે પોતાનું બ્રહ્મત્વ ખોઈ ચૂકેલા હતા અને તેમાં પણ વિશેષ કરીને શિષ્યની સેવક વૃત્તિને સ્વીકારીને તો તેઓ ગુરુત્વથી પણ ચ્યુત થઈ ગયા હતા. ભાગવત એકાદશ સ્કન્ધમાં જણાવ્યા અનુસાર **‘બ્રાહ્મણસ્ય હિ દેહોઽયં ક્ષુદ્રકામાય નેષ્યતે’** તેમજ આથી આગળ **‘પોતાની બ્રાહ્મણવૃત્તિથી આજીવિકા ચલાવવામાં કોઈ વિશેષ આપત્તિ શિથિલ થયેલો બ્રાહ્મણ હોય તો તેણે વણિક વૃત્તિ-વ્યાપાર વડે આપત્તિમાં સમય વિતાવવો, અથવા ક્યારેક મોટી આપત્તિઓ ઘેરી વળે ત્યારે તલવાર વગેરે શસ્ત્રોનો ઉપયોગ કરી ક્ષાત્રવૃત્તિથી આપત્તિ પાર કરે, પરંતુ બ્રાહ્મણે ક્યારેય ગમે તેવી આપત્તિમાં પણ શ્વ-શ્વાનવૃત્તિને સ્વીકારવી નહીં’** સપ્તમ સ્કન્ધમાં કુલ છ વૃત્તિઓ કહી છે જે **ઋત-અમૃત-મૃત-પ્રમૃત-સત્યાવૃત અને શ્વ-શ્વાન** નામે છે એમાં શ્વાનવૃત્તિ એટલે **‘શ્વવૃત્તિર્નીચસેવનમ્’** એટલે કે વૃત્તિ - આજીવિકાર્થે પોતાનાથી નીચેના વર્ણનું (સેવકસ્વરૂપે) સેવન કરવું એ શ્વવૃત્તિ છે. આ નિન્દિત-અધમ વૃત્તિનું બ્રાહ્મણ અને ક્ષત્રિયે સદૈવ સર્વઅવસ્થામાં વર્જન કરવું એમ ત્યાં કહ્યું છે. જ્યારે મોટી આપદામાં પણ આ અધમ વૃત્તિનો બ્રાહ્મણ માટે નિષેધ છે ત્યાં પછી બીજા રાગ-દ્વેષાદિ કારણોવશ તેનો સ્વીકાર તો સર્વથા અનુક્ત નિષિદ્ધ થઈ જ જાય છે. તેમ છતાં પણ તેવી કોઈ આપત્તિ વિના પણ માત્ર દ્રુપદ રાજા પ્રત્યેના દ્વેષ-ભાવવશ દ્રોણાચાર્યે સમર્થ રાજ્ય હસ્તિનાપુરનું શરણ સ્વીકાર્યું અને ધૃતરાષ્ટ્ર- દુર્યોધન જેવા પોતાનાથી નિમ્નવર્ણના અને પાછા માત્ર અધર્મ પ્રવૃત્તનું સેવકપણું સ્વીકાર્યું તેથી તેઓ ગુરુ કે બ્રાહ્મણ રહ્યા નથી એ નક્કી છે.

આ બધી વાસ્તવિકતાઓમાં દ્રોણાચાર્યના વધમાં નિમિત્ત બનવામાં યુધિષ્ઠિરને કોઈ બાધા રોકતી ન હતી છતાં પણ ધર્મ-અધર્મનો વિચાર રાખ્યા વિના માત્ર શાબ્દિક સત્યવાદિતા વ્રત પાલનનો તેમનો દુરાગ્રહ સ્પષ્ટપણે મહાભારતથી જાણી શકાય છે અને તેથી જ **‘અશ્વત્થામા હતઃ’** એમ દ્રોણ સાંભળી શકે તેવા ઉચ્ચ સ્વરે બોલીને પણ પોતાના દુરાગ્રહને સન્તોષવા માટે દ્રોણ ન સાંભળી શકે તેવા મન્દસ્વરમાં **‘નરો વા કુંજરો વા’** એમ બોલ્યા જો કે આમ બોલીને પણ તેમના વ્રતપાલનના દુરાગ્રહને કોઈ લાભ થતો નથી. કારણ કે અશ્વત્થામા નામનો મનુષ્ય અથવા હાથી આમ કહ્યું તો તેઓને ખબર જ છે કે અશ્વત્થામા નામનો હાથી મર્યો છે તેથી વ્રતને લાભ ત્યારે જ થાય કે જ્યારે **અશ્વત્થામા કુંજરો હતઃ** એમ કહેવામાં આવે, તેમજ મન્દ સ્વર પણ સત્યવિરોધી છે.

હવે રહી વાત આ પાપવશ રથ પૃથ્વી ઉપર આવી જવો અને અંગૂઠો ઓગળી જવો. તો અશ્વત્થામા હણાયો એ બોલતી વખતે યુધિષ્ઠિરની બુદ્ધિમાં હું આ અસત્ય બોલું છું આવું બોલવું અધર્મ છે એમ જાણીને બોલ્યા છે. તેથી બોલ્યા પછી પણ મારા વડે અસત્યભાષણ રૂપ અધર્મનું આ કૃત્ય થયું તેથી લઘુતાગ્રન્થી પણ બંધાઈ. આ અહંકારપૂર્વક ધર્મપાલનના યુધિષ્ઠિરના પ્રયત્ને એમનામાં દોષ ઉત્પન્ન કર્યો.

ખરેખર તો યુધિષ્ઠિર વૈષ્ણવ છે, કૃષ્ણનો સેવક છે, ભાગવત જેવા વૈષ્ણવ શાસ્ત્રોએ યુધિષ્ઠિરને **હરિદાસ** નામાભિધાનથી વિભૂષિત કર્યા છે તેથી ભગવત્સેવકોને ધર્મરાજ વગેરે પદવી એ અવમાન બરાબરની છે. જેમ ભૂત પૂર્વ ભારતના પ્રધાનમંત્રી સ્વ. શ્રીમોરારજી દેસાઈ પૂર્વમાં મુંબઈ પ્રાન્તના પણ મુખ્યમંત્ર રહી ચૂક્યા હતા. ત્યાર બાદ તેઓ ભારતના નાણામંત્રી બન્યા, પછી નાયબ વડા પ્રધાન બન્યા અને ત્યારબાદ વડાપ્રધાન બન્યા. તેઓ વડાપ્રધાન બન્યા પછી કોઈ સંસ્થા યા શાસકીય વિભાગ એમનું ઉત્તમ મુખ્યમંત્રી તરીકેનું બહુમાન - અભિવાદન કરે તો તે એમનું બહુમાન કે અવમાન ? તેમ ભગવત્સેવકનું બિરુદ પામ્યા પછી ધર્મરાજનું ટાઈટલ લગાડીને ફરવું અને તેમ પોતાને માનવું એ ચિત્તભ્રમ યા બુદ્ધિ દોષ જ કહેવાય. કારણ કે ભક્તિવિહોણું ધર્માચરણ કે સત્યભાષણ એ પેટ્રોલ-ડીઝલ-ગેસ વિનાની મોટરકાર જેવું

ગતિહીન-નિરર્થક છે. ભાગવત એકાદશ સ્કન્ધમાં સ્વયં શ્રીકૃષ્ણ આજ્ઞા કરે છે કે **‘સત્ય અને દયાથી યુક્ત થયેલો ધર્મ અથવા તપથી અન્વિત એવી વિદ્યા પણ ભક્તિરહિત અન્તઃકરણવાળાને સારી રીતે પવિત્ર કરી શકતા નથી’** ભગવાનના આ વાક્યમાં **સમ્યક્ પ્રકૃષ્ટતાથી પવિત્ર** કરવું એટલે સત્ય, દયા, તપ વગેરે સાધનોને નિષ્કામ-નિષ્ફળભાવે આચરવાથી મોક્ષયોગ્ય અન્તઃકરણ માટે બાધક જે પાપ છે તે પાપનો નાશ થઈને પણ જે નાન્તરીયક પાપ એટલે કે જેને પુણ્યથી અલગ કરી શકાતું નથી તેવું પુણ્યની સાથે ચોંટીને રહેલું પાપ એ તો શેષ રહી જ જાય છે. એનો નાશ તો ભગવાનની ભક્તિ વિના શક્ય જ નથી. તેથી સત્ય વગેરે ધર્મથી સ્વર્ગાદિ ઉપરીતનલોકમાં ગતિ થવા માટે જેટલા પાપનો નાશ આવશ્યક છે તે થાય છે તેથી તેવા ધર્માચરણથી ઉત્તમલોકમાં ગતિ થઈને પણ મોક્ષસિદ્ધિ તો નથી જ થતી. તેથી જ તો કહ્યું છે કે **‘ભગવાન જનાર્દનથી મોક્ષની ઈચ્છા કરવી’** સર્વ પ્રકારની અવિદ્યાનો નાશ થઈ મોક્ષસિદ્ધિ પુરુષોત્તમ-ભક્તિથી જ શક્ય છે અને ભક્તિનું દાન ભગવાન કરે તો જ થઈ શકે છે.

ભગવત્સેવક એવા વૈષ્ણવોનો તો ભગવત્સેવા એ અન્તરંગધર્મ હોવાથી બહિરંગ એવા વૈદિકધર્મ યા લૌકિકધર્મથી બલિષ્ઠ છે તેથી ભગવત્સેવા જ પ્રથમ-મુખ્ય છે. તેમ છતાં પણ બુદ્ધિમાં દેહભાવ પણ રહેલો હોવાથી દેહ થકી એવા વૈદિક ધર્મનું આચરણ પણ પ્રાપ્ત થાય છે, તે પણ વૈષ્ણવોએ પ્રત્યક્ષ સેવાને તથા પરિચર્યાને બાધ ન થાય તે રીતે તેના અનવસર સમયમાં કરવું જોઈએ અને તે પણ પૂર્વમાં કહ્યા મુજબ અહંકાર યા ભય વગેરેથી નહીં પરંતુ ગરુડ પુરાણમાં વૈષ્ણવલક્ષણમાં કહ્યા પ્રમાણે **‘સમ્પૂર્ણ જગતને ઉત્પન્ન કરી તેનું પોષણ કરનાર ઈશ્વરોના પણ ઈશ્વર પરમાત્મા પરબ્રહ્મ ભગવાનની દિવ્ય-વેદસ્વરૂપા આજ્ઞા છે તેનું ભગવાનની આજ્ઞા છે તેમ સમજી આજ્ઞાપાલન કરનારા અમે સેવકો છીએ અને અહીં અમે તો આજ્ઞા અનુસાર નિત્ય સર્વ કર્મ-ક્રિયાઓને ભગવાનમાં સ્નેહ રાખી સ્નેહપૂર્વક આજ્ઞા પાલન કરનારા અમે વૈષ્ણવો છીએ’** આ રીતે ભગવાનમાં સ્નેહ રાખી ભગવાનની આજ્ઞાપાલનના રૂપમાં વૈદિકધર્મનું આચરણ એ ભક્તિયુક્ત વ્યક્તિ વડેનું ધર્માચરણ છે. મહાભારતના યુદ્ધના ઘણાં પહેલાં રાજસૂયયજ્ઞના પ્રસંગમાં સ્વયં યુધિષ્ઠિરે પણ વૈદિક યજ્ઞાદિના

આચરણમાં ભક્તિના જ ભાવો ભાગવત દશમસ્કન્ધ ઉત્તરાર્દ્ધમાં વ્યક્ત કર્યા છે કે - **‘હે ગોવિન્દ ! ક્રતુરાજ એવા રાજસૂયયજ્ઞ વડે આપની વિભૂતિઓનું યજન કરવા માગું છું, અમારો આ સંકલ્પ આપ જ સમ્પાદન કરો’**

જો યુધિષ્ઠિરે સત્યભાષણનું વ્રત ભગવદાજ્ઞાકારિતાના ભાવથી ગ્રહણ કર્યું હોતે અને ભગવદાજ્ઞાપાલનના ભાવે જ **અશ્વત્થામા હતઃ** બોલ્યા હોતે તો **નરો વા કુંજરો વા** બોલવાની આવશ્યકતા જ ઊભી થતે નહીં, ન તેમ બોલવાનો વિપરીત વિચાર પણ તેમની બુદ્ધિમાં ઉદ્ભવ્યો હોતે અને પરિણામે ન તેમનો રથ પૃથ્વી પર આવ્યો હોતે ન અંગૂઠો ઓગળ્યો હોતે. કામના અને અહંકારના સાહચર્યે કરવામાં આવેલું કર્મમાર્ગીય કર્મ પાપ-પુણ્ય રૂપ ફલને ઉત્પન્ન કરે છે અને ભક્તિરહિત નિષ્કામ ભાવે કરવામાં આવેલું કર્મ કામિત ફલોત્પાદક પુણ્યને ઉત્પન્ન કરતું નથી, પણ તેવા વ્યક્તિમાં અહંભાવ-કર્તાહંભાવ રહેલો હોવાથી અને તે મોક્ષકામ તો છે જ તેથી પુણ્ય તો ઉત્પન્ન કરે જ છે અને તે પુણ્ય જ તેનાં અન્તઃકરણમાં વૈરાગ્ય ઉત્પન્ન કરી વૈરાગ્ય વડે તેનો સ્વરૂપ સ્થિતિ રૂપ-અક્ષર વિલય રૂપ મોક્ષ થાય છે. જ્યારે ભક્તિવાળા અન્તઃકરણથી ભગવદાજ્ઞાપાલનભાવે કર્મ કરવામાં આવે છે ત્યારે તેવા કરાયેલાં કર્મનું ફળ ભગવાનનો સંતોષ થવો થાય છે અને ભગવાનનો સન્તોષ માત્ર દૈન્યપૂર્વકની સેવાથી જ હોવાથી આવું આચરિત કર્મ પણ સરવાળે સેવામાં જ પ્રવેશે છે - સેવારૂપ જ હોય છે.

આ પ્રમાણે બધું વિચારતાં બુદ્ધિમાં રહેલ આગ્રહવૃત્તિમાં માત્ર આગ્રહવૃત્તિ એ સાત્ત્વિક છે, અત્યાગ્રહવૃત્તિ એ રાજસ્ છે અને દુરાગ્રહવૃત્તિ એ તામસ્ છે અને આગ્રહવૃત્તિ એ સાત્ત્વિક હોઈને પણ પ્રાકૃત-સગુણ છે તેથી **સુખાસક્તિ અને જ્ઞાનાસક્તિવાળી હોઈ બંધનકારક જ છે.** એનું ઉત્તમપણું ફક્ત પાછલી બે કરતાં છે પણ સરવાળે તો બંધન કરનાર હોવાથી અનુત્તમ જ છે. તેથી તેનો સર્વ પ્રકારે નિષેધ કરતાં શ્રીઆચાર્યચરણ આ સ્થળે **‘સર્વત્ર અનાગ્રહ રાખવો- આગ્રહ રહિતપણાએ રહેવું ’** એમ જણાવે છે.

સર્વત્ર શબ્દ ભગવદ્ધર્મ, વૈદિક ધર્મ, લૌકિક ધર્મ એમ ત્રણેને લાગુ

થાય છે. તેથી ત્રણેની બાબતમાં બુદ્ધિમાં આગ્રહ સેવ્યા વિના જે વખતે અને જ્યાં જે પણ પ્રથમ આચરણીયરૂપમાં ભગવદિચ્છાએ પ્રાપ્ત થાય તેનું ભગવદાશ્રયભાવે આચરણ કરવું - તેનો નિર્વાહ કરવો એમ આઠમો વિવેક છે. ભલે કોઈ વ્યક્તિ સાત્ત્વિક સ્વભાવનો હોય, છતાં પણ તેનામાં રજોગુણ-તમોગુણની સ્થિતિ તો છે જ અને પોતાના અનુકૂળ સંજોગોમાં બાકીના બેને દબાવી ત્રીજાનું અભિવૃદ્ધિને પામવું એ ત્રણેનો સ્વભાવ છે જે ગીતાના ચૌદમા અધ્યાયમાં જણાવ્યું છે કે - **રજસ્ - તમસ્ ને દબાવી સત્ત્વ પ્રવૃદ્ધ થાય છે, સત્ત્વ - તમસ્‌ને દબાવી રજસ્ વૃદ્ધિને પામે છે અને સત્ત્વ-રજસ્‌ને દબાવી તમસ્‌ની વૃદ્ધિ થાય છે’** આ સ્થિતિમાં આગ્રહવૃત્તિ રજોગુણ યા તમોગુણની વૃદ્ધિએ ક્યારે અત્યાગ્રહ યા દુરાગ્રહમાં ફેરવાઈ જશે તેનો કોઈ ભરોસો નથી. તેથી આગ્રહવૃત્તિ સેવવી એ પણ બુદ્ધિનો ઉત્તમ-શુદ્ધ વિવેક નથી.

ભગવત્સેવા યા તો સેવાના અનુષંગ કોઈક બાબત પણ આગ્રહવૃત્તિથી નહીં પણ સ્નેહભાવે યા ભગવદાશ્રયભાવે કરવાની છે. આ ગ્રન્થ એ સેવામાં પ્રવૃત્ત થયેલા એવા વૈષ્ણવોની સેવા આધિદૈવિકી બને અને તેઓ વડે યથાર્થ સેવાકરણ થાય તે હેતુથી છે. ફક્ત આ જ ગ્રન્થ નહીં અપિતુ સોળે સોળ ગ્રન્થોનો હેતુ આ જ છે. આ રીતે વિચારતાં આ ગ્રન્થમાં વિવેક-ધૈર્ય કે આશ્રયના નિરૂપણમાં જે કંઈ પણ કહેવાયું છે તે બધું જ તેવા લોકો માટે જ કહેવાયું છે. તેથી આશ્રય નિરૂપણમાં પણ **‘ઐહિકે પારલોકે ચ’** થી આરંભીને **‘એવં ચિત્તે સદા ભાવ્યં વાચા ચ પરિકીર્તયેત્’** પર્યન્તમાં જે કંઈ પણ આવે છે તે પણ તેવાઓને જ ઉપદેશ યા આદેશરૂપમાં છે. આ રીતે ઐહિક પ્રાપ્તિ, પારલૌકિક પ્રાપ્તિ, દુઃખહાનિ, પાપનિવૃત્તિ, ભયનિવૃત્તિ, કામાદિ અપૂરણમાં પૂરણાર્થે, ભક્તદ્રોહે ભગવદપ્રસન્નતા દૂરીકરણાર્થ, ભક્તિ-અભાવે ભગવત્પ્રસન્નતા સમ્પાદનાર્થે, ભક્તો વડે અતિક્રમ થતાં ભક્તોપ્રતિ સ્નેહભાવ રક્ષણાર્થ, સેવામાં પોતાનાથી કંઈક ન બની શકે તેવી બાબતમાં, અને જે પોતાનાથી બની શક્યું છે કે બની શકે છે તે બાબતમાં આમ આ દરેક બાબતને ભગવત્સેવાવિષય સાથે સાંકળી લઈને તે તમામ બાબતોમાં **‘સર્વથા હરિઃ શરણમ્’** સૂત્રાત્મક વાક્યને જોવું જોઈએ. કારણ કે પ્રેમ-આસક્તિ-વ્યસન અર્થે યત્નશીલ વૈષ્ણવને માટે

સેવાથી અતિરિક્ત કંઈ પણ ઐહિક કે પારલૌકિક હોતું નથી, સેવા નિર્વાહ બાબતથી અલગ કોઈ દુઃખ હોતું નથી કે ન સેવા પ્રતિબન્ધકથી અલગ પાપ હોય છે, ન ભગવાન કે ભક્તની અપ્રસન્નતાથી જુદો કોઈ ભય હોય છે ન તેમને સેવા સાધન સમ્પાદનથી અલગ બીજી કોઈ કામના હોય છે. આની વિશેષ ચર્ચા આપણે આશ્રય નિરૂપણમાં કરીશું.

આ રીતે શ્રીમહાપ્રભુએ આશ્રય નિરૂપણ દ્વારા પણ ઉપર્યુક્ત પ્રકરણથી સેવામાં આગ્રહવૃત્તિ અને હઠવૃત્તિના નિરાકરણનો જ ઉપાય-પ્રકાર દર્શાવ્યો છે. વિવેકધૈર્યાશ્રય ગ્રન્થમાં વિવેક - ધૈર્ય અને આશ્રય એમ ત્રણ વાતો કહેવાઈ છે એમ લાગે. પણ ગ્રન્થનો મુખ્ય નિરૂપણીય વિષય આશ્રય જ છે અને તેના નિરૂપણના અન્તર્ગત આશ્રય સ્વરૂપના જ વિવેક-ધૈર્યનું નિરૂપણ છે. તેથી **‘વિવેક ધૈર્યે સતતં રક્ષણીયે’** માં રક્ષણીયેના વ્યાખ્યાનમાં શ્રીવ્રજરાયજી જણાવે છે કે **‘અહીં જે રક્ષણ કહ્યું છે તે આશ્રયનો નાશ કરનારા વિષયોના નિરાકરણપૂર્વક આશ્રયભાવનું પોષણ કરવું છે’** તે પૈકી બુદ્ધિમાં રહેલા આશ્રયભાવ વિનાશક તત્ત્વોનું સ્વરૂપ અને તેના નિરાકરણનો ઉપાય વિવેક નિરૂપણથી અને મનોગત આશ્રયભાવ વિનાશક તત્ત્વોનું સ્વરૂપ અને તેના નિરાકરણનો ઉપાય ધૈર્યના નિરૂપણથી જણાવ્યા છે. તેમજ આશ્રયભાવનું પોષણ કયા પ્રકારે કરવું તે આશ્રય નિરૂપણથી જણાવ્યું છે. આ રીતે સેવાપ્રવૃત્ત વૈષ્ણવને સેવાર્થે જે ભાવ અપેક્ષિત છે તે સેવકભાવ એ ભાવદેહ છે અને આશ્રયભાવ એ ભાવ આત્મા છે. જેમાં આશ્રયભાવરૂપ આત્મા નથી એવો નિશ્ચેતન સેવકભાવ આત્મરહિત દેહમાં જેમ દુર્ગન્ધ, સડવું, જીવડા પડવા વગેરે દોષો ઉત્પન્ન થઈ જાય છે તેમ આશ્રયભાવ રહિત સેવકભાવ એ કામ-લોભ-દ્વેષ-અહંકાર-રજોગુણ-તમોગુણની વ્યાપ્તિ વગેરે દોષોવાળો બની જાય છે.

આ પ્રમાણે સેવાર્થ સેવકભાવના નિર્વાહ પ્રકારમાં આશ્રયભાવને જગ્યા કરી આપવા અને સ્થિર કરવા માટે જગ્યા રોકી બેઠેલ આગ્રહવૃત્તિને પણ જે કોઈ બીજા માણસની બાજુમાં બેસીને ધીમે ધીમે પોતે આગળ વધતાં અને બીજાને હડસેલતાં હડસેલતાં બીજો સાવ હડસેલાઈ જાય છે અને પેલો ત્યાં ગોઠવાઈ જાય છે તેમ આશ્રયભાવ વડે આગ્રહવૃત્તિને હડસેલતાં હડસેલતાં સર્વથા

તેને હડસેલી દઈ આશ્રયભાવને સ્થિર કરવો. જેથી આપણી સેવા-ભક્તિ પ્રાકૃતગુણોથી રહિત નિર્ગુણા કિંવા પ્રેમલક્ષણાના સ્વરૂપને પામે.

સખડીભોગની સેવા, અષ્ટયામ સેવા, માત્ર એક સમયની સેવા, નામસેવા, સ્વરૂપ સેવા, ચિત્રસેવા, વસ્ત્રસેવા, ગુરુસેવા, તેમજ સેવામાં પ્રણાલિકાનો પૂર્ણ નિર્વાહ, યથાશક્ય નિર્વાહ, પ્રણાલિકા મુજબ સેવાનાં સાધનો, પ્રણાલિકા મુજબની સામગ્રી વગેરે બધી જ બાબતોમાં પણ વૈષ્ણવોએ હું આટલું તો આગ્રહપૂર્વક કરું છું તેમ ન માની ન બોલી શ્રીપ્રભુ કૃપા કરી જે અને જેટલું કરાવે છે તે અને તેટલું થાય છે અને તે કરું છું એમ જ માનવું અને બોલવું. અહીં પણ એ વાક્ય જોડવાનું છે કે **‘એવં ચિત્તે સદા ભાવ્યં વાચા ચ પરિકીર્તયેત્’**

આટલું લખાણ વાંચી કોઈક અવિચારક સમઝફેર યા નાસમઝના કારણે સર્વ આગ્રહ છોડી - તોડી સ્વેચ્છાચારી બની ન જાય તેથી આટલો ખુલાસો કરવો જરૂરી લાગે છે કે - પ્રેમભાવ અને સેવકભાવના ઉદય વિનાની અથવા સેવક ભાવની અતિશય મંદ એવી અત્યન્ત પ્રારંભિક દશામાં કે જેમાં રજોગુણ-તમોગુણની પૂર્ણ વ્યાપ્તિ હોય છે તેવી અવસ્થામાં એકાદશ સ્કન્ધમાં ભગવાને કહેલ ઉપાયનો પ્રકાર અહીં પણ થોડાક ફેરફાર સાથે કારગત નીવડી શકે છે કે - **પોતાની સર્વ ઈન્દ્રિયો અને અન્તઃકરણને પોતાના વશમાં રાખી સર્વ આસક્તિ ત્યાગી મદરહિત ઘણી જ સાવધાનીથી મારું ભજન કરવું (અને તેમાં પ્રતિબંધ કરનારા પ્રાકૃત ગુણો પૈકી) સત્ત્વગુણના સારી રીતે સેવન વડે સત્ત્વવૃદ્ધિ દ્વારા રજોગુણી-તમોગુણી વૃત્તિઓને જીતી લેવા, અને ત્યારબાદ શેષ રહેલા સત્ત્વગુણને પણ રહીસહી સર્વ અપેક્ષાઓને ચિત્તમાંથી દૂર કરી શાન્તચિત્તવૃત્તિવાળા બની સત્ત્વગુણને પણ જીતી લેવું’** આ ન્યાયે સવારે મોડા ઊઠવાનો બુદ્ધિનો દુરાગ્રહ, પોતાના મનભાવતાં જ ભોજન કરવાનો ઈન્દ્રિયનો દુરાગ્રહ, પોતાને પ્રિય લાગે તેવા વ્યક્તિ સાથે જ સહવાસનો અત્યાગ્રહ, આ કામ તો બૈરાઓનું છે-અમારું નહીં તેવો હઠાગ્રહ, લૌકિક-વૈદિકનો સર્વથા નિર્વાહ કરવાનો દુરાગ્રહ, કોઈનો પણ ફોન આવે ભલે સેવા સમયે આવે તો પણ તેને રિસીવ કરવાનો દુરાગ્રહ, પોતાના ઘરે મામા-મામી વગેરે વારંવાર આવતા રહે તેવો અત્યાગ્રહ, સવારે ઊઠી છાપું વાંચવાનો દુરાગ્રહ, બાર મહિનામાં એકવાર હિલસ્ટેશને ફરવા જવાનો અત્યાગ્રહ, અઠવાડિયે એકવાર સીનેમા વગેરેથી યા પીકનીકમાં જઈ મનોરંજન કરવાનો અત્યાગ્રહ, વગેરે - વગેરે પ્રકારના સેવાપ્રતિબંધક-ભાવવિઘાતક અને લૌકિકાવેશ વૃદ્ધિકારક એવા અત્યાગ્રહો અને દુરાગ્રહોને જીવનમાંથી દૂર કરવા સેવા-સ્મરણ વગેરે બાબતના આગ્રહો ધારણ કરવા હિતાવહ પણ છે. જેમકે સવારે જાગી છાપું નહીં જ વાંચી પ્રથમ ભગવત્ સ્મરણ જ કરવાનો આગ્રહ રાખવો, જાગીને પ્રથમ શ્રીપ્રભુનાં ચિત્રનું જ દર્શન કરવાનો આગ્રહ, દિવસમાં પ્રથમ અક્ષર પ્રભુ નામનો જ લખવાનો આગ્રહ, સેવામાં જવા માટેનો રોજનો નિર્ધારિત સમય જાળવવાનો આગ્રહ, રોજ શ્રીપ્રભુના ચરણસ્પર્શ કર્યા પછી જ અન્ન ગ્રહણ કરવાનો આગ્રહ, સેવા સમયે કોઈ પણ લૌકિક પ્રવૃત્તિ ન કરવાનો આગ્રહ, અસમર્પિત નહીં જ ગ્રહણ કરવાનો આગ્રહ, પોતાના જન્મદિવસે તથા વિશેષ ઉત્સવોએ પોતાના હાથે જ વિશેષ સેવા કરવાનો આગ્રહ, રાત્રે સત્સંગ કરીને જ શયન કરવાનો આગ્રહ, ઋતુનું ફળ પોતાના માથે બિરાજતા શ્રીપ્રભુને અંગીકાર કરાવ્યા વિના તેનો ભોગ ન કરવાનો આગ્રહ, સેવામાં અપશબ્દો ન બોલવા ન બોલવા દેવાનો આગ્રહ, સેવાનાં સાધનોને મનફાવે ત્યાં નહીં પણ યથાસ્થાન મૂકવાનો આગ્રહ વગેરે સેવા સમ્બન્ધના જે આગ્રહો છે તેમાં આંશિક અહંકારનો દોષ રહીને પણ રજોગુણ-તમોગુણ કે જેને ગીતાના ત્રીજા અધ્યાયમાં ભગવાને **મહા-અશન, મોટો પાપી, અનિચ્છાએ પણ પાપમાં પ્રવૃત્ત કરનારો વૈરી, સાધના કરનાર સાધકનો મહાશત્રુ, ઈન્દ્રિય-મન અને બુદ્ધિને મૂઢ બનાવનારો અને કોઈનાથીએ નજીતી શકાય તેવો દુર્જય’** ઉપાધિથી નવાજ્યો છે અને તેનો તો શત્રુ જાણી તત્કાળ નાશ કરવા- એને હણી નાખવા જણાવ્યું છે. તેથી લૌકિક રજોગુણી- તમોગુણી અત્યાગ્રહ-દુરાગ્રહ વૃત્તિને ઉપર જણાવેલ સેવા વિષયક આગ્રહોથી સર્વથા ત્યાગવાનો પ્રયત્ન કરવો જોઈએ.

ઉપર જણાવેલ સેવા સમ્બન્ધનો આગ્રહનો પણ અહંકારથી અમલ ન કરવો પણ ગુજરાતી દાળની માફક - કડવી મેથી સાથે મધુર ગોળના મિશ્રણની માફક આશ્રયભાવને મેળવીને તેનો અમલ કરવો. જેમ આધુનિકમાં

એલોપથીની પ્રાયઃ કરીને દવાઓ એક ગુણ કરીને ક્યાંક અવગુણ કરે છે, તેથી ધારો કે કોઈક દવા પિત્તદોષ કરતી હોય અને તે કોઈક રોગમાં લેવી જરૂરી હોય ત્યારે ડોક્ટરો પિત્તદોષ નિવારક બીજી ગોળીની સાથે તે દવા લેવા જણાવે છે. તેમ સેવા વિષયક આગ્રહવૃત્તિ એ અહંકારદોષ તો કરે જ છે, તેથી તેની સાથે અહંકાર દોષ નિવારક ઔષધ આશ્રયભાવને ભેળવવાથી તે અસરકારક દોષ કરી શકતી નથી. યદ્યપિ એ વાત નક્કી છે કે સર્વપ્રકારે અહંકારરહિત વિશુદ્ધ આશ્રયભાવ પૂર્વકની સેવા અને ઉપર જણાવેલ આગ્રહવૃત્તિ સહિતની સેવા એ બેમાં અંતર એટલું છે કે પહેલી દૂધપાક સમકક્ષ છે અને બીજી દાળ સમકક્ષ છે. તેમ છતાં પણ રજોગુણ-તમોગુણની વ્યાપ્તિ પૂર્વક કરાતી સેવા અને તેના વિના આગ્રહવૃત્તિથી થનારી સેવા એ બે વચ્ચે અતંર એ છે કે તે પૈકી પ્રથમ છે તે જીવ-ભગવાન વચ્ચે ૬૩ ના અંક જેવી છે અને બીજી ૩૬ ના અંક જેવી છે એકમાં સેવા નામ અપાઈને જીવ ભગવાનથી વિમુખ - માત્ર વિષયાભિમુખ છે અને બીજીમાં જીવ ભગવાનથી અળગો રહીને પણ તે ભગવાન પ્રતિ અભિમુખ છે.

નવમો વિવેક

ધર્માધર્માગ્રદર્શનમ્ ।૪$^{૧}/_{૨}$

(૯) ભગવદ્ધર્મ, વૈદિક ધર્મ અને લોકધર્મમાં પૂર્વ-પૂર્વની બલિષ્ઠતાએ જે બલિષ્ઠધર્મ પ્રાપ્ત થાય તેનું શક્તિ અનુસાર વગર બેઈમાનીએ આચરણ કરવું અને ત્રાણે પૈકી કોઈ પણ પ્રકારે અધર્મ થતો હોય તેને સર્વથા ત્યાગવો.

ભગવદ્ધર્મ, વૈદિક ધર્મ કે લોકધર્મનું આગ્રહપૂર્વક આચરણ ન કરવું - તેના આચરણમાં આગ્રહ ન રાખવો. એટલે કે ત્રાણેનું આચરણ ન કરી કંઈક જુદું જ કરવું કે પછી પોતાને અનુકૂળ પોતાની રીતે અને ત્યારે-ત્યારે તેનું-તેનું આચરણ કરવું ? એમ પ્રશ્ન થાય તો તેના સમાધાનમાં શ્રીમહાપ્રભુ નવમો વિવેક જણાવે છે કે **'ધર્મ-અધર્મનું અગ્રદર્શન એટલે પર્યવસાન વિચારી કરવું'** એટલે કે જે કરવાથી ધર્મ થાય છે કે અધર્મ થાય છે અથવા જે ન કરવાથી ધર્મ થાય છે કે અધર્મ થાય છે તેમ કર્યા-ન કર્યા નું પર્યવસાન શેમાં થાય છે તેનો વિચાર કરી કરવું. તેમાં જે કરવાથી અધર્મ થતો હોય તે સર્વથા ન કરવું અને જે કરવાથી ધર્મ થતો હોય તેનો લોકધર્મ પૌરાણિક - સ્માર્ત-શ્રૌત અને ભગવદ્ધર્મ એમ પાંચ પ્રકારના ધર્મો પૈકી પ્રથમથી બીજો ઉત્તરોત્તર બલિષ્ઠ છે તેથી ઉત્તરને જ્યાં બાધ આવતો હોય તેવો પૂર્વમાં કહેવાયેલ ધર્મ પણ હોય તો પણ તેનું આચરણ ન કરવું ઉત્તરમાં કહેવાયેલા ધર્મોને બાધ ન આવે તે મુજબ પૂર્વના સર્વ ધર્મોનો નિર્વાહ કરવો.

સર્વના ઉત્તરમાં રહેલો ભગવદ્ધર્મ એ સર્વથી બલિષ્ઠ છે તેથી તેનો નિર્વાહ પૂર્વના ચારના ભોગે પણ કરવો. એટલે કે પૂર્વના ચારમાં જેની અધર્મમાં ગણના થતી હોય તેવા આચરણને વર્જ્ય કરીને જે રીતે ભગવદ્ધર્મનું આચરણ થતું હોય તેમ કરવું. આત્મશ્રેયના ઉપાયરૂપે ત્રાણ પ્રકારના અધિકારીને અર્થે ભગવાને ત્રાણ પ્રકારના જ્ઞાન-કર્મ-ભક્તિ રૂપ ત્રાણ ધર્મો ઉપદેશ્યા છે એ ત્રાણે ભગવદ્ધર્મો વર્ણ-આશ્રમના ધર્મોથી મળેલાને જ્ઞાનમાર્ગ-કર્મમાર્ગ-ભક્તિમાર્ગ નામે આલેખવામાં આવે છે. તે ત્રાણે ભગવદ્ધર્મો પૈકી પોતે જે માર્ગનો અધિકારી હોય તે માર્ગનું અનુસરણ કરતાં પોતાના માર્ગને અનુકૂલ ભગવદ્ધર્મોનું આચરણ કરવું, પરન્તુ જે પોતાના માર્ગને અનુકૂલ ન હોય, પોતાના માર્ગથી વિરુદ્ધ હોય તેવું બીજા ભગવદ્ધર્મોનું પણ આચરણ ન કરવું.

વિહિત અને નિષિદ્ધ એમ ધર્મનાં બે પાસાં છે. વિહિત-નિષિદ્ધની સાથે જ્યારે ધર્મશબ્દ જોડાય છે ત્યારે વિહિતધર્મના પણ બે પ્રકાર થાય છે. એક તો જે કરવાથી ધર્મ થતો હોય પણ જો તે ન કરવામાં આવે તો તેથી અધર્મ ન થતો હોય અને બીજો પ્રકાર જે કરવું ધર્મરૂપ હોય, પણ તે ન કરવામાં આવે તો તેથી અધર્મ થતો હોય. નિષિદ્ધ ધર્મ એટલે જે ન કરવાથી ધર્મ થતો હોય અને જો તે કરવામાં આવે તો તેથી અધર્મ થતો હોય. આ પ્રકારે પાંચ પૈકી લોકધર્મ એમાં લોક સાથે ધર્મનો પ્રયોગ આવશ્યક વ્યવહાર અર્થનો દ્યોતક છે. અહીં ધર્મ શબ્દ પુણ્ય સાથે યા પુણ્ય ફલ સાથે સમ્બન્ધ કરતો નથી. અને છતાં પણ જે ફલ થતું જોવામાં આવે છે તે લોકવ્યવહાર સમ્બન્ધી જ ફલ થાય છે, તેથી અધિક થતું નથી. તેથી લોકધર્મ થકી પાપ-પુણ્ય લોકવ્યવહારમાં સારું કહેવાતું અને ખોટું કહેવાતું અને તેનું ફલ પણ વ્યવહારમાં શુભ થવું યા અશુભ થવું છે. હવે રહ્યા

બાકીના ચાર તેમાં આચરણને અર્થે ઉત્તર-ઉત્તરના વિહિત ધર્મની અપેક્ષા પૂર્વ-પૂર્વના નિષિદ્ધ ધર્મો બલિષ્ઠ છે અને પૂર્વ-પૂર્વના વિહિત ધર્મોની અપેક્ષા ઉત્તર-ઉત્તરના વિહિત ધર્મો બલિષ્ઠ છે. કુટુંબધર્મ, પડોશધર્મ, જ્ઞાતિધર્મ, ગ્રામ્ય ધર્મ, રાષ્ટ્રધર્મ, માનવધર્મ વગેરે આ બધાનો સમાવેશ લોકધર્મમાં થઇ જાય છે. આ લોકધર્મનો ઉલ્લેખ પુરાણ વગેરેમાં પણ ક્યાંક-ક્યાંક થયો છે પણ તેનું ફળ પણ વ્યાવહારિક જ કહેવાયું છે.

એક વાત અત્ર કહેવી જરૂરી લાગે છે કે ભગવદ્ધર્મોનો નિર્ણય પૂર્વના ચારની રીતિએ ન કરવો જોઇએ અને તેનાં પૂર્વના ત્રણેનો નિર્ણય પણ લોકરીતિએ ન કરવો જોઇએ અને છતાં પણ એ થયો હોય તો તે નિર્ણય અનુસાર પાપ-પુણ્ય ઉત્પન્ન નહીં થશે. તેમજ ત્યાં પણ તે ત્રણમાં કહ્યા અનુસાર જ ધર્મ-અધર્મનો નિર્ણય કરવાનો રહેશે.

આ પ્રમાણે ધર્મ-અધર્મના વિષયમાં બલાબલનો વિચાર કરીને જે કરવાથી પૌરાણિક-સ્માર્ત-શ્રૌત કે ભગવદ્ધર્મ અનુસાર અધર્મ થતો હોય - જે કરવાનું અધર્મમાં પર્યવસાન થતું હોય તેવાં સર્વ કાર્યો વર્જ્ય કરવાં અને ચારમાં જે ધર્મરૂપે કહ્યા છે તેમાં ભગવદ્ધર્મ સિવાયના બાકીના ત્રણમાં ધર્મરૂપ હોઇને પણ જે આવશ્યક રૂપમાં કહ્યા નથીઅને જે ન કરવાથી દોષ થતો ન હોય તેવા ધર્મોનું આચરણ સપ્રયત્ને ન કરવું તેમજ તેવા ધર્મો આકસ્મિક આવી પડે ત્યારે પણ જો પોતાના ઉત્તર-ઉત્તર સાથે (પૌરાણિકનો સ્માર્તથી, સ્માર્તનો શ્રૌતથી, શ્રૌતનો ભગવદ્ધર્મથી) વિરોધ આવતો હોય કે આચરણ કર્યાથી ઉત્તર-ઉત્તરના ધર્માચરણમાં બાધા થતી હોય ત્યારે પણ તે ધર્મનું આચરણ કરવું નહીં. ચારેમાં કહેવાયેલા આવશ્યક ધર્મો કે જે ન કર્યાથી દોષ થાય તેવા પૂર્વ-પૂર્વના ધર્મોનું આચરણ પણ પોતાના ઉત્તર-ઉત્તરના ધર્મનું સારી રીતે પાલન કરવામાં-તેનું આચરણ કરવામાં અડચણ ન થાય તે પ્રકારે કરવું. જેમ કે પ્રાતઃ મુહૂર્તમાં પ્રાતઃ સંધ્યાનું કર્મ થઇ જવું આવશ્યક છે અને આ કર્મ આવશ્યક છે અને ન કરવામાં આવે તો દોષ થાય છે તેમજ કોઇ વિશેષ ઉત્સવ વગેરેના દિવસોમાં ભગવત્સેવામાં વિલંબ થઇ પ્રાતઃ મુહૂર્ત વીતી જવાની સંભાવના છે. તેવી સ્થિતિમાં જો ભગવત્સેવાનો આરંભ બ્રાહ્મમુહૂર્ત પછી થવાનો હોય તો ત્યારે વહેલા ઊઠી સંધ્યાવંદનાદિ આવશ્યક કર્મ સેવાના પૂર્વ બ્રાહ્મમુહૂર્તમાં કરી લેવું. પણ જો બ્રાહ્મમુહૂર્તથી જ સેવાકાળ આરંભ થતો હોય ત્યારે મનમાં કોઇ પણ અન્યથા વિચાર નહીં કરી સેવા કાર્યમાં પણ સંકોચ ન કરી તથા જો સમય નહીં જ મળશે તો અધર્મ થઇ જશે-દોષ લાગશે તેવો ભય-વિચાર સર્વથા ન સેવી નિઃશંક ભાવે ભગવત્સેવામાં પ્રવૃત્ત રહેવું અને સેવાના અનવસર સમયમાં ભલે તે પ્રાતર્મુહૂર્ત વીતી ગયા પછીનો હોય તો ત્યારે પણ તે આવશ્યક કર્મ વગર પ્રમાદે અવશ્ય કરવું. ભગવદ્ધર્મ-ભગવત્સેવા એ સર્વથી અંતરંગ અને સર્વથી બલિષ્ઠ હોવાથી તેને લઇને વૈદિક ધર્મના આચરણમાં સમય લોપ વગેરે દોષ થતો પણ હોય તો પણ તે દોષ લાગતો નથી. અહીં પણ દોષ લાગશે તેવા ભયમાં ગીતાનું જ એ વાક્ય અનુસંધેય છે કે - **'અહં ત્વા સર્વ પાપેભ્યો મોક્ષયિષ્યામિ'** પ્રમાદવશ સેવાનું નામ વટાવી નથી ખાવાનું તેથી જ્યારે અનવસર પ્રાપ્ત થાય ત્યારે તો રહી ગયેલું કર્મ અવશ્ય કરવું. પ્રમાદ રાખવાથી અવશ્ય દોષ પ્રાપ્ત થાય છે.

ગુજરાતી વિ.સં.૨૦૬૩ માં તા. ૧૪-૧-૨૦૦૭ ને રવિવારના દિવસે સાંજે ક. ૧૮-૦૮ સમયે સૂર્યનો મકરમાં પ્રવેશ થાય છે તેથી સંક્રાન્તિ પુણ્યકાલ સાંજે ક. ૧૮-૦૮થી સૂર્યાસ્ત પર્યન્ત છે. સૂર્યાસ્ત થઇ ગયા પછી સંક્રાન્તિ સમ્બન્ધી સ્નાન-દાન-પુણ્ય નિષિદ્ધ હોવાથી તે પહેલાં કરવા જોઇએ. તેમજ આજ સમય દરમિયાન શ્રીપ્રભુને તલવા ભોગ સમર્પવા આવશ્યક છે. હવે રવિવારનો સૂર્યાસ્ત સાંજે અમદાવાદમાં ક. ૧૮-૧૩, વડોદરામાં ક. ૧૮-૧૪, સુરતમાં ક. ૧૮-૧૬ અને મુંબઇમાં ક. ૧૮-૧૮ છે. ચારે સ્થળોએ પુણ્યકાળ પાંચ મિનિટથી લઇ વધુમાં વધુ ૧૦ મિનિટનો મળે છે આવી સ્થિતિમાં બરાબર ક. ૧૮-૦૮ સમયે તલવા ભોગ સમર્પીને પણ ધૂપ-દીપથી ભોગ સરાવતા સુધીમાં પુણ્યકાલ સમાપ્ત થઇ જાય છે. તેથી ભગવત્સેવા ઉપરાંત સ્વયંને વૈદિક ધર્મે પ્રાપ્ત સ્નાન-દાનાદિ કરવું તે દિવસે શક્ય બનતું નથી. બીજા દિવસે સૂર્યોદય સમયે જો કાર્યકાલ માનવામાં આવે અને તેમાં તલવા સમર્પણસહિત અન્ય કરવામાં આવે તો તેવી કોઇ વ્યવસ્થા નિર્ણાયક શાસ્ત્રોમાં કહેવામાં આવી નથી તેથી **'યસ્ત્વિચ્છયા કૃતઃ પુંભિરાભાસો હ્યાશ્રમાત્ પૃથક્'**ના ન્યાયે આભાસરૂપ અધર્મની પ્રાપ્તિ થાય છે. ભગવદ્ધર્મ પ્રધાન-બલિષ્ઠ હોવાથી જ્યાં સુધી શક્ય

હોય ત્યાં સુધી એટલે કે કાર્યકાલમાં તલવા સમર્પણ કરવું શક્ય હોય ત્યાં સુધી કાર્યકાલમાં જ તલવા સમર્પણરૂપ ભગવદ્ધર્મનું આચરણ કરવું. તેમજ ભગવત્ પ્રસાદી તલનું જ ભક્ષણ તથા દાન કરવું એ સેવક ધર્મ હોવાથી અને તે દિવસે ભગવત્સેવાને પહોંચતા સ્નાન-દાનાદિ શક્ય ન હોવાથી અગતિક સ્થિતિમાં બીજા દિવસે સૂર્યોદય અનન્તર સંક્રાન્તિ નિમિત્તનાં સ્નાન-દાનાદિ કરવાથી કોઈ જ દોષ થતો નથી. કારણ કે અગતિક સ્થિતિ પ્રમાદવશ નથી બની પણ ભગવત્સેવાના નિર્વાહને લઈ બની છે તેથી દોષરૂપ નથી. અતઃ આ બધી બાબતો વિચારીને શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ તરફથી ગુર્જર વિ.સં. ૨૦૬૨-૨૦૬૩ના પ્રકાશિત વૈષ્ણવ પંચાંગ તથા ટિપ્પણીમાં ૨૦૬૩ના મકરસંક્રાન્તિ કાર્યકાલ બાબત અમે ઉપર મુજબ નિર્ણય આપ્યો છે.

આ પ્રમાણે આગ્રહવૃત્તિ વિના વિવેકપૂર્વક સર્વપ્રકારે પ્રાપ્ત જે પણ સ્વધર્મ હોય તેનો નિર્વાહ કરવો. બુદ્ધિમાં પોતાનું સ્વરૂપ બરાબર જાણી લેવું. શ્રીપ્રભુ સાથેનો પોતાનો સમ્બન્ધ બરાબર જાણી લેવો અને તે અનુસાર પોતાને જે વખતે, જ્યાં અને જે કરવું પ્રાપ્ત થતું હોય તે બરાબર જાણી લેવું અને તે અનુસાર શ્રીપ્રભુ પોતાના સ્વામી છે અને પોતે શ્રીપ્રભુનો દાસ-સેવક છે અને પ્રભુ સાથે સ્વામી-સેવકનો સમ્બન્ધ છે તેથી સેવકધર્મ જ પોતાનો નિજધર્મ છે તેથી શ્રૌતાદિ ધર્મોનું આચરણ પણ ફલાકાંક્ષા યા ભય વગેરેથી નહીં પણ **‘શ્રુતિ સ્મૃતી મમૈવાજ્ઞે’** એ ભગવદ્વાક્યાનુસાર ભગવદાજ્ઞા પાલન ભાવે જ કરવું અને તેમાં પણ આગ્રહ-અત્યાગ્રહ-દુરાગ્રહ ન રાખી કહેવાઈ ગયા મુજબ અને તે પ્રકારે બુદ્ધિના વિવેકપૂર્વક સેવકત્વેન જ કરવું.

ભગવત્સેવામાં પણ સેવાપ્રણાલિકાનો નિર્વાહ પણ ગુરુ આજ્ઞા અથવા ભગવત્ પ્રસન્નતાના વિચારે જ કરવો પણ તેમાં પોતાનો કોઈ સ્વતંત્ર આગ્રહ નહીં સેવવો. તેમજ તે મુજબ સેવાર્થે આવશ્યક સાધન યા સાધનોનો પણ આગ્રહ નહીં સેવવો પણ જે વખતે ભવગદિચ્છાથી સાધારણ પ્રયત્ને જે સાધન ઉપલબ્ધ થાય તેના વડે જ સેવા કાર્ય સમ્પન્ન કરવું. ભગવાન જે વખતે સેવક દ્વારા જે કરાવવા માગેં છે તેનાં સાધનોનું સમ્પાદન પણ ભગવાન જ કરે છે.આ માર્ગમાં સર્વસ્વસમર્પણ કર્યા પછીથી જીવની કૃતાર્થતા જ છે, તેની અકૃતાર્થતા નથી, કે

જેથી આ અથવા આટલું કરવાનું તેને બાકી રહી ગયું હોય. કારણ કે આ-આટલું કરવું તો બાકી ત્યારે રહે કે જ્યારે અહં-મમની સત્તા હોય. તેથી જ શ્રીમહાપ્રભુ આ વિવેકને બુદ્ધિમાં સ્થિર કરવા અન્તઃકરણપ્રબોધ ગ્રન્થમાં આજ્ઞા કરે છે કે - **‘તારા વડે ભક્તિપૂર્વક સ્વસર્વસ્વનું સમર્પણ કૃષ્ણને કરાયું છે, તેથી તું કૃતાર્થ છે, અતઃ (દુઃખી નહીં થા,) સુખી થા’** અને ગ્રન્થના અન્તે - **‘અશક્ય સર્વ બાબતમાં ભગવાન શ્રીહરિ જ સાધક છે, તેથી મોહ-મૂઢતાવશ મનને કેમે કરીને વિકલ નહીં કર’**

શ્રીમહાપ્રભુનાં આ વાક્યો ઉપર શ્રીહરિરાયજીની કારિકા સ્પષ્ટ અર્થ માટે દ્દષ્ટવ્ય છે કે - **‘સર્વ લૌકિક અને વૈદિક નિશ્ચિતરૂપે તેં સમર્પિત કર્યું છે અને તેમાં તે સપરિકર અહન્તા-મમતાનું પણ સમર્પણ કર્યું છે, તેથી હવે (તારા તર્ફે) કર્તવ્યપણાનો અભાવ હોવાથી તારી કૃતાર્થતા જ (સિદ્ધ) થઈ છે, તો પછી શા માટે તારું શું હતું કે તું દુઃખ કરે છે ? તેથી તું (દુઃખત્યાગી) સુખી થા, ફક્ત ભ્રમથી જ તને આમ દુઃખ થયું છે તેનો તું તત્કાલ ત્યાગ કર, સેવાના કારણે જો કાંઈ ન બને યા બન્યું હોય તો તેથી અલૌકિક એવા પ્રભુને (ક્યારેય) અસન્તોષ હોતો નથી (તેથી પ્રભુ અસંતુષ્ટ થતા નથી).**

‘નિજ ભક્તોથી જે અશક્ય હોય તેવી સર્વ બાબતોમાં ભગવાન જ પોતે જ તે બધું સાધી આપનાર-સાધક હોય છે, તેથી જ ગજેન્દ્રથી બીજું કંઈ કરવામાં અશક્ય સ્થિતિમાં ભગવાન પોતે જ ગજેન્દ્ર સમક્ષ આવિર્ભૂત થયા અને આવિર્ભૂત થઈને ગજેન્દ્રનાં સર્વ કાર્યો સિદ્ધ કર્યાં, તેથી જ તેમને હરિ નામે આલેખવામાં આવ્યા છે, આથી એમ નક્કી થાય છે કે સાધનનો અભાવ હોતાં જયારે ભક્તમાં દૈન્યનો ઉદ્ભવ થાય છે ત્યારે નિઃસાધનોનાં ફલ સ્વરૂપ એવા આ ભગવાન પ્રકટ થાય જ છે તે નિશ્ચિત છે, (મૂલમાં) એવ શબ્દ મૂક્યો હોવાથી જે લોકોમાં નિઃસાધનતાના અનુભવ સહિત દૈન્યભાવનો ઉદ્ભવ નથી તેવા બીજા લોકો માટે ભગવાન નિઃસાધન ફલાત્મા નથી’

વિવેકોડયં સમાખ્યાતઃ (ધૈર્યં તુ વિનિરૂપ્યતે) ॥ ૫ ॥

પરિશિષ્ટ – ૧

કેટલાક લોકોનું એમ માનવું છે કે જ્યાં દેવમૂર્તિ પર કોઈ વ્યક્તિનું સ્વામિત્વ હોય ત્યાં તે દેવમૂર્તિને અપાયેલ ભેટ-સૌગાત પર તે વ્યક્તિનું જ સ્વામિત્વ અનાયાસ આવી જ જાય છે, તેથી તેવા દ્રવ્યને દેવદ્રવ્ય તરીકે માનવું જોઈએ નહીં. પરન્તુ અહીં એ સ્મરણમાં રાખવું જોઈએ કે દેવમૂર્તિ ઉપર જે વ્યક્તિનું સ્વામિત્વ છે તે સૈદ્ધાન્તિક નથી પણ માત્ર વ્યાવહારિક છે. સિદ્ધાન્તથી તો તે મૂર્તિ ઉપર સ્વામિત્વ મૂર્તિમાં આવિર્ભૂત અને સ્થિતિ કરેલ દેવનું જ છે. દેવ ઉપર કોઈ મનુષ્યનું સ્વામિત્વ માનવું કે કહેવું એ કોઈ પણ શાસ્ત્રને સમ્મત નથી. આ વાત શ્રીવલ્લભાચાર્યજીના ચરિત્ર પ્રસંગો પૈકી ઓરછામાં ઘટસરસ્વતીના પ્રસંગથી જાણી શકાય છે. મંત્રસિદ્ધિથી વશ કરેલી સરસ્વતીએ પણ પ્રસંગ આવતાં ઘટસરસ્વતી સંન્યાસીની વાત નથી માની અને સ્વતંત્ર વર્તન કર્યું છે. જો સ્વામિત્વ જ હોતે તો આમ બનવું શક્ય ન હતું. તેથી વ્યવહારમાં જે સ્વામિત્વ કહેવામાં આવે છે તે માત્ર વ્યાવહારિક જ છે. જેમ 'ભારતના રાષ્ટ્રપતિ' આ વાક્યમાં કોઈ વ્યક્તિ રાષ્ટ્રનો પતિ-સ્વામી યા માલિક છે એમ અર્થ નથી પરન્તુ રાષ્ટ્રપતિ એક પદ છે -સ્થાન વિશેષ છે અને તે પદ પર રહેલો યા નિયુક્ત એ માત્ર કાર્યવાહક હોય છે અને તેની પદ પર સ્થિતિ તથા પદ પર રહી કાર્ય કરવાનું સામર્થ્ય યા અધિકાર એ સંવૈધાનિક છે. તેથી જ સંવિધાને જેટલા અને જેવા અધિકાર આપ્યા હોય તેમાં રહીને જ તે કાર્ય કરી શકે છે અને તેવા કાર્યો જ અધિકૃત કહેવાય છે, પણ જે અધિકાર સંવિધાને ન આપ્યો હોય તેવા અનધિકારે પદાસીન વ્યક્તિ દ્વારા કરાયેલા કાર્યો અધિકૃત કહેવાતા નથી ન તેવા કોઈ તેના આદેશો રાષ્ટ્રની કોઈ પણ વ્યવસ્થાને પ્રભાવિત કરી શકે છે. તેમ જેનું દેવ પર સ્વામિત્વ છે તેવો વ્યક્તિ પણ દેવને અપાયેલ કોઈ પણ વસ્તુનો સ્વૈચ્છિક રીતે ઉપયોગ કરવા-કરાવવા સ્વતંત્ર નથી, પણ તે પણ શાસ્ત્રીય સંવિધાને તેને જેટલા અને જે અધિકાર આપ્યા છે તેમાં રહીને જ તેની વ્યવસ્થા કરવા તે બંધાયેલો છે. જો એમ નહીં હોતે તો વલ્લભકુલના ગૃહોમાં અને વૈષ્ણવગૃહોમાં બિરાજતા પોતાની સેવાના શ્રીપ્રભુને જન્માષ્ટમી, શ્રીમહાપ્રભુજીનો ઉત્સવ, પોતાનો જન્મદિવસ વગેરે વિશેષ દિવસોમાં ધરવામાં આવેલી ભેટનો તે વલ્લભકુલ યા તે વૈષ્ણવ દ્વારા સ્વીકાર કરવામાં આવતો નથી તેમજ પોતાને ત્યાં ભગવત્સેવાના અંગભૂત સેવા સહાયકોના પગાર વગેરેમાં પણ ઉપયોગ કરવામાં આવતો નથી. આવા દ્રવ્યના ઉપયોગનો પ્રાચીન પરમ્પરા અનુસારનો વિગતવાર ખુલાસો અમારા દ્વારા સમ્પાદિત 'પ્રશ્ન-ઉત્તર' પુસ્તકમાં ગો. શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રીએ ખૂબ જ સારી રીતે કરેલો છે.

મને તો એમ લાગે છે કે શ્રીમહાપ્રભુના ચરિત્ર પ્રસંગમાં શ્રીપ્રભુની સોનાની કટોરી ગિરવે મૂકી તેના દ્રવ્યથી ધરાયેલ ભોગનો પ્રસાદ શ્રીમહાપ્રભુએ તથા સેવકોએ ન લીધો તેમાં ન લેવા પાછળ ઉપર મુજબના જ કોઈક કારણથી નથી લીધો. કટોરી ચાહે પોતે ધરી હોય ચાહે કોઈ સેવકે ધરી હોય ચાહે કોઈ સેવકે શ્રીમહાપ્રભુજીને ધરી હોય અને તે શ્રીમહાપ્રભુએ શ્રીપ્રભુને ધરી હોય પરન્તુ ધરતી વખતે શ્રીમહાપ્રભુના મનમાં આ 'શ્રીપ્રભુને માટે' એમ ઉદ્દિષ્ટ થઈને ધરાતાં તે કટોરી ઉપર દેવનું સ્વામિત્વ આવી જવાથી અને દેવના - ભગવાનના પોતાના દ્રવ્યથી સમર્પણ કરાયેલ ફલ-અન્નાદિ પણ સેવક માટે અગ્રાહ્ય છે ભલે પછી તે દેવમૂર્તિ પર વ્યાવહારિક સ્વામિત્વ કેમ નથી. દેવને અર્પણ કરાયેલ ફલ-અન્નાદિક અને દેવના પોતાના દ્રવ્યથી લાવવામાં આવેલ ફલ-અન્નાદિક એ બન્ને પ્રકારના સમર્પણમાં ભેદ છે. દેવને અર્પણ કરાયેલ ફલ વગેરે દેવ વડે તેનો ભોગ થઈ જતાં પછી દેવની સેવામાં સમર્પિત વ્યક્તિનું તેનાં ઉપર સ્વત્વ આવે છે. કારણ કે તે દેવ વડે સેવકને ઉપયોગાર્થ અપાયેલું છે. સેવક વડે બધું જ ભગવાનને નિવેદન કરીને-સમર્પીને ભગવાન જે પ્રસાદરૂપમાં આપે તેનાથી જ પોતાનો સર્વ વ્યવહાર કરવાની ભક્તિમાર્ગીયા મર્યાદા છે. **'विष्णोर्निवेदितान्नेन यष्टव्यं देवतान्तरम् । पितृभ्यश्चापि तद्देयं तदानन्त्याय कल्पते'** આ વાક્ય પણ આ મર્યાદાને જ જણાવે છે. અહીં પણ દેવને અર્થે પણ એ જ લઈ શકે છે જે બ્રાહ્મણ હોય તથા તે દેવને સમર્પિત હોય. બ્રાહ્મણેતરને તો લેવાનો જ અધિકાર નથી. **'प्रतिग्रहोऽध्यापनं च ब्राह्मणस्यैव याजनम्'** પ્રતિગ્રહ-અધ્યાપન અને કર્મ કરાવવું એ માત્ર બ્રાહ્મણની જ વૃત્તિ છે, બીજા વર્ણ માટે નિષિદ્ધ છે.

શ્રીમદ્‌ભાગવત એકાદશ સ્કન્ધના ૨૭ મા અધ્યાયમાં ક્રિયાયોગને જણાવતાં ભગવાને બે વાત કહી છે એક તો - **‘इति शेषां मया दत्तां शिरस्याधाय सादरम्’** આ પ્રમાણે (પ્રસાદરૂપમાં) મારા વડે અપાયેલ શેષાને (**‘शेषा’** એટલે દેવોપભુક્ત પુષ્પમાલા પણ અર્થ થાય છે અને નિવેદિત દેવઉપયોગ માટેના પત્ર-પુષ્પ-ફલ-તોય વગેરે પદાર્થો દેવ વડે ઉપભોગ થઈ જતાં પુનઃ તે દેવના ઉપયોગમાં ન આવવાના હોય તે પદાર્થોને) આદર પૂર્વક માથે રાખીને’ અને બીજી વાત ત્યાં જ અધ્યાયના અન્તમાં **‘यः स्वदत्तां परैर्दत्तां हरेत सुरविप्रयोः । वृत्तिं स जायते विड्‌भुग् वर्षाणामयुतायुतम्’** ‘જે કોઈ પોતે આપેલી કે બીજાએ આપેલી દેવ અને બ્રાહ્મણની વૃત્તિને હરી લે છે તે કરોડો વર્ષો પર્યન્ત વિષ્ટા ખાનાર પ્રાણિની યોનિમાં થાય છે.’ આ બે વાક્યો પૈકી એક વાક્યમાં દેવને નિવેદન કરેલું ગ્રાહ્ય કહ્યું છે અને બીજામાં અગ્રાહ્ય કહ્યું છે. આ વિરોધાભાસની બાબતમાં વિચારતાં પ્રથમ વાક્યમાં પુષ્પ-નૈવેદ્ય વગેરે પદાર્થો કે જેનો દેવ વડે ઉપભોગ થઈ હવે પુનઃ દેવના ઉપયોગમાં આવવાના નથી, તેવા સ્વઉપભુક્ત-ઉચ્છિષ્ટ પદાર્થો દેવ વડે કૃપાપૂર્વક સેવકને અપાતાં તેનું પ્રસાદરૂપમાં ગ્રહણ કરવું કહ્યું છે. જ્યારે બીજા વાક્યમાં **‘वृत्ति’** એટલે કે આજીવિકા, એટલે કે જેથી દેવનો વ્યવહાર ચાલતો હોય. જેમ બ્રાહ્મણની વૃત્તિમાં યજમાનથી પ્રાપ્ત, શિષ્યથી પ્રાપ્ત અને પુણ્યાર્થીથી પ્રાપ્ત એમ પ્રકારો છે, તેમ દેવની વૃત્તિને વિચારતાં રાજ્યથી પ્રાપ્ત, સમુદાયથી પ્રાપ્ત અને વૈયક્તિક પ્રાપ્ત એમ ત્રણ પ્રકાર છે. આ પૈકી જેનો ઉપભોગ દેવ દ્વારા થઈ જઈ પુનઃ દેવભોગમાં અનુપયુક્ત છે તેવો પ્રસાદરૂપ પદાર્થ દેવ વડે જેને અપાયો હોય એમાં **‘मया दत्ताम्’** એ કોને અપાયો એમ સમજવું ? ત્યારે જે નિવેદક છે એને અપાયો છે એમ ક્રિયાયોગમાં જણાવેલ આગળ પાછળના વિષયથી નક્કી થાય છે. આ સ્થિતિમાં રાજ્ય તરફથી જ્યારે મંદિર ચાલતું હોય ત્યારે રાજ્યની સમ્પૂર્ણ પ્રજાને અપાયું છે, સમુદાય તરફથી દેવ સેવા ચાલે છે (સમુદાય એટલે કોઈ જ્ઞાતી યા વર્ગ વગેરે) ત્યારે તે સમુદાયના સર્વને અપાયો છે અને જ્યારે વ્યક્તિ યા કુટુમ્બ પોતાને ગૃહે દેવસેવા કરે છે તેથી તે વ્યક્તિ યા કુટુમ્બ તરફથી દેવસેવા ચાલે છે ત્યારે તે વ્યક્તિ યા કુટુમ્બના સભ્યોને અપાયો છે એમ નક્કી થાય છે. તેથી જેને અપાયો છે તેનું સ્વત્વ તે પ્રાપ્ત પર થાય છે અને જેનું સ્વત્વ છે તે ધર્મશાસ્ત્રની મર્યાદામાં રહીને યથેચ્છ ઉપયોગ કરી શકે છે. તે પોતે ગ્રહણ કરે યા કોઈ બીજાને આપે, ગાયને આપે કે જલાશયને આપે. એમાં દેવ દ્રવ્યત્વ રહેતું નથી કારણ કે તે પદાર્થ પરથી દેવનું સ્વત્વ નિવૃત્ત થઈ દેવે જેને આપ્યું છે તેનું સ્વત્વ હોય છે.

અહીં સ્વત્વ શબ્દથી સ્વામિત્વ એમ અર્થ નથી સમજવાનો પણ ઉપયોગાર્થ એમ સમજવાનું છે. તેથી દેવના સ્વત્વની નિવૃત્તિ એટલે ઉપભોગ થઈને તે પદાર્થ દેવના ઉપયોગાર્થ ન હોવો અને જેને આપ્યું છે તેનું સ્વત્વ એટલે તેને સ્વૈચ્છિક ઉપયોગાર્થ એમ સમજવાનું છે.

ખરેખર તો પુષ્ટિભક્તિમાર્ગમાં ભગવાનને સમર્પેલું બધું જ દેવદ્રવ્ય થઈ જતું નથી. કારણ કે આનો ખુલાસો શ્રીઆચાર્યચરણે સિદ્ધાન્તરહસ્યમાં કર્યો છે. ત્યાં આપશ્રી જણાવે છે કે - **‘तस्मादादौ सर्वकार्ये सर्ववस्तुसमर्पणम्, दत्तापहारवचनं तथा च सकलं हरेः, न ग्राह्यमिति वाक्यं हि भिन्नमार्गपरं मतम्, सेवकानां यथा लोके व्यवहारः प्रसिध्यति, तथा कार्यं समर्प्यैव सर्वेषां ब्रह्मता ततः’** આ વચનોમાં શ્રીમહાપ્રભુના કહ્યા અનુસાર **दत्त** આપેલું **अपहार** એટલે પાછું લેવું એ દોષરૂપ છે એવું નિષેધ કરતું વચન બીજામાર્ગ પરક છે, પુષ્ટિભક્તિમાર્ગમાં તે લાગુ થતું નથી. તે વાક્ય મર્યાદામાર્ગના અધિકારી પરક હોવાથી ત્યાં લાગુ થાય છે.

અહીં પ્રશ્ન એ ઊભો થાય છે કે દત્તાપહાર દોષ પુષ્ટિમાર્ગમાં નથી લાગતો તો પછી દામોદરદાસ સંભલવાળાની વાર્તામિાં શ્રીગોપીનાથજી-શ્રીમહાપ્રભુ વચ્ચેના સંવાદમાં દેવદ્રવ્યને દોષરૂપમાં કહ્યો છે, ગોવિન્દદાસ ભલ્લાની વાર્તામિાં દેવ-દ્રવ્ય કેમ ખવાય એમ ગોવિન્દદાસ દ્વારા કહેવાતાં પુષ્ટિમાર્ગમાં દેવદ્રવ્ય થતું નથી માટે ખવાય એમ નહીં કહેતાં ‘તો પછી અમારે ત્યાં પ્રસાદ લો’ એમ કહી દેવદ્રવ્ય થાય છે એમાં શ્રીમહાપ્રભુની મૂક સમ્મતિ જણાય છે તેવી જ રીતે ભક્તિહંસમાં શ્રીપ્રભુચરણના કહ્યા મુજબ **‘वृत्त्यर्थं चेत् कृषिवत् लौकिक एव .... प्रत्युत निषिद्धाचरणात् पापमपि’** શ્રવણાદિ ભક્તિ પણ જો વૃત્તિને અર્થે કરવામાં આવે તો તે લૌકિક જ છે અને તેમ કરવાનો નિષેધ હોવાથી નિષિદ્ધ આચરણ કર્યાનું પાપ પણ લાગે છે, એમ જણાવ્યું છે. આવા

તો બીજા પણ પ્રસંગો અને વાક્યો છે જે વિસ્તાર ભયથી નથી લખ્યા. પણ દેવના- ભગવાનના નિમિત્તથી દ્રવ્યનું ઉપાર્જન કરવું દોષરૂપ ગણવામાં આવ્યું છે. અહીં એમ નહીં માનવું જોઈએ કે ભક્તિહંસમાં શ્રવણાદિ ભક્તિને લઈને કહેવાયું છે ત્યાં પૈસા લઈને શ્રવણ કરાવવું કે કીર્તન કરવું એ માટે કહ્યું છે તેથી તે વાક્યો અહીં લાગુ નથી થતા. કારણ કે શ્રવણાદિ નવકમાં પાદસેવન, અર્ચન, વન્દન, દાસ્ય (એટલે કે દાસોએ જે કરવાયોગ્ય પાદસેવન-અર્ચનથી અલગ જે સેવા તે) એનો પણ સમાવેશ છે અને તે બધાને આવરીને કહેવાયું છે. તેવી જ રીતે સિદ્ધાન્તમુક્તાવલીની ટીકામાં શ્રીપ્રભુચરણ જણાવે છે કે **‘પૈસા આપીને બીજા પુરુષ વડે કરાતી હોય તેવી કરાવેલી એક (વિત્તજા) અને આવા પુરુષ વડે (પૈસા લઈને કરનાર વડે) કરાયેલી બીજી (તનુજા) આ બન્ને પ્રકારની સેવા માનસીને સાધનારી નથી’** અહીં આ વાક્યો ઉપરની ટીકામાં શ્રીપુરુષોત્તમજી લખે છે - **‘પ્રેમ ઉત્પત્તિને અર્થે આત્મનિવેદનપૂર્વક શ્રવણ-કીર્તન-સેવા વગેરે રૂપે કરાતી ભક્તિ એ સાધનભક્તિ છે, આ ભક્તિ જો વેતનરૂપમાં પૈસા આપી કરાવવામાં આવે, ત્યારે તે ચિત્તને રાજસી બનાવે છે, ચિત્તને કૃષ્ણપ્રવણ નથી કરતી. અને જો વેતનના રૂપમાં પૈસા લઈને કરવામાં આવે ત્યારે જેમ યજ્ઞ કરાવનાર ઋત્વિજને યજ્ઞનું કોઈ ફળ થતું નથી (તેને દક્ષિણા મળવાનું જ માત્ર ફળ થાય છે) તેની માફક પૈસા લઈને સેવા કરનારને તે સેવા કૃષ્ણપ્રવણતાનું ફળ સાધતી નથી. અહીં એમ શંકા ન કરવી કે ત્યાં ભલે ઋત્વિજ - યજ્ઞ કરાવનારને ફળ નથી થતું પણ યજમાનને તો યજ્ઞનું ફળ થાય જ છે તેમ પૈસા આપી સેવા કરાવવામાં પૈસા લેનારને ભલે ફળ ન થાય પણ કરાવનાર-પૈસા આપનારને તો યજમાનની માફક ફળ થશે જ. કારણ કે યજ્ઞ બાબતમાં ત્યાં ઋત્વિગ્નું વરણ કરવું અને કર્મના અન્તે તેને દક્ષિણા આપવાનું વેદમાં વિધાન છે, તેથી વિધાન મુજબ કર્યાથી યજમાનને યજ્ઞ ફળ થાય છે. પરન્તુ આ પ્રકારનો કોઈ પણ વિધિ વચેટિયાને પૈસી આપી સેવા કરાવવાનું ભાગવત એકાદશ સ્કન્ધમાં ભક્તિમાર્ગના ઉપદેશમાં ભગવાને જણાવ્યું ન હોવાથી આવો કોઈ વિધિ (આપીને કરાવવાનો) ભક્તિમાર્ગમાં સ્વીકૃત નથી. તેથી તેવી સેવા ન કરવી- કરાવવી. કિન્તુ ભગવાને એકાદશ સ્કન્ધમાં (एवं धर्मैर्मनुष्याणामुद्धवात्मनिवेदिनाम् मयि सञ्जायते भक्तिः’ વગેરે વાક્યોથી આ પ્રકરણમાં) જે રીતિ કહી છે તે રીતે જ બધું કરવું. ત્યારે જ તે સાધનરૂપા ભક્તિથી જે સિદ્ધ કરવાની છે તેવી માનસી સેવાને પ્રકટ કરે છે’.**

શ્રીપુરુષોત્તમજીના ઉપર મુજબના વાક્યોથી કોઈએ એમ નહીં માનવું જોઈએ કે વાક્યમાં **वेतन** પદ હોવાથી જે લોકો પગારદાર રાખીને અથવા તો પગાર લઈને સેવા કરાવે છે - કરે છે તેમના પ્રયુક્ત આ વાક્યો હોવાથી શ્રીપ્રભુચરણના વાક્યોમાં જે પણ કહેવાયું છે તે પણ પગારદારને ચિત્તમાં રાખી કહેવાયું છે. તેથી પગાર આપી - લઈ થનાર સેવા માનસી સાધતી નથી એમ બન્ને મહાનુભાવોનો આશય છે. કારણ કે વેતન શબ્દ આજીવિકાના અર્થને પ્રકાશે છે. **अज्** ધાતુને **तनन्** પ્રત્યય લાગી **अज्** ને **वी** આદેશ થઈ **वेतन** શબ્દ નિષ્પન્ન થાય છે જે ભાડું - આજીવિકા વગેરે અર્થને પ્રકાશે છે. પગાર, ભાડું, પારિશ્રમિક યા મહેનતાણું વગેરે સર્વ પ્રકારોનો આજીવિકામાં સમાવેશ થતો હોઈ ભાષામાં પગારને વેતનથી પણ કહેવામાં આવે છે.

શ્રીપ્રભુચરણના સિદ્ધાન્તમુક્તાવલી ટીકાના વાક્યમાં **પૈસો આપીને** અથવા **પૈસા લઈને** એમાં મુખ્ય વાત એટલી જ છે કે સેવાનો બદલો આપી કરાવેલી સેવા યા સેવાનો બદલો મેળવીને કે મેળવવા માટે કરાયેલી સેવા એ પુષ્ટિભક્તિનું સાધન નથી. કારણ કે સાધનના પરિણામે જે પ્રેમને પામવાનું છે તે પ્રેમ સાથે ઉપર્યુક્ત બન્ને પ્રકારો કોઈ પણ રીતે સંગત થતા નથી અને અસંગત સાધનથી પ્રેમ સાથે સંગતિ સધાય તે શક્ય નથી. જ્યાં મુક્તિ મેળવવાની આશાથી ભગવાનનું ભજન કરવામાં આવે તો તેટલી પ્રાપ્તિની આશા પણ ભક્તિ સહી શકતી નથી, ત્યાં પછી ઈતર લૌકિક દ્રવ્યાદિની કામનાનો તો પ્રશ્ન જ નથી રહેતો. મર્યાદાભક્ત પ્રહ્લાદજી પણ ભાગવત સપ્તમ સ્કન્ધમાં જણાવે છે કે - **‘यस्त आशिष आशास्ते न स भृत्यः स वै वणिक्, आशासानो न वै भृत्यः स्वामिन्याशिष आत्मनः, न स्वामी भृत्यतः स्वाम्यमिच्छन् यो राति चाशिषः, अहं त्वकामस्त्वद्भक्तस्त्वं च स्वाम्यनपाश्रयः, नान्यथेहावयोरर्थो राजसेवकयोरिव’** હે પ્રભુ ! જે વ્યક્તિ આપનાથી આશીર્વાદની પણ આશાવાળો છે તે વાસ્તવમાં આપનો ભૃત્ય - દાસ-સેવક નથી પરંતુ તે એક પ્રકારે વ્યાપારી વાણિયો જ છે,

સેવા કરીને બદલામાં કંઈક મેળવવાની આશાવાળો સેવક નથી અને જે સેવા લેવાની આશાથી કામના પૂર્ણ કરે છે તે સ્વામી નથી, પ્રભુ ! હું આપનો કામના વિનાનો નિષ્કામ ભક્ત-સેવક છું અને આપ નિરપેક્ષ સ્વામી છો (આપને કોઈથી સેવાની અપેક્ષા નથી) તે આપના - મારા વચમાં સ્વામી-સેવકનો સંબન્ધ રાજા-સેવક જેવો (આશા-અપેક્ષાવાળો) નથી’ આ પ્રહ્લાદ વાક્યથી પણ ભક્તિમાં હેતુરૂપ પૈસાની લેવડ-દેવડ એ ભક્તિ સંગત નથી. અતઃ ભગવત્સેવાના નિમિત્તે પૈસો લેવો યા ભગવત્સેવાથી પૈસાનું ઉપાર્જન કરવામાં આવે અથવા તો બીજાને પૈસા આપી સેવા કરાવવામાં આવે એનો નિષેધ **‘तत्साधिके न’** થી શ્રીપ્રભુચરણે કર્યો છે.

સિદ્ધાન્તમુક્તાવલીના **‘लोकार्थी चेद्भजेत्कृष्णम्’** શ્લોક ઉપરના વ્યાખ્યાનમાં શ્રીપુરુષોત્તમચરણ લખે છે - **‘लाभपूजार्थयत्नस्य उपधर्मत्वदेवलकत्वादिसम्पादकत्वात् तद्व्यतिरिक्तेन अनिषिद्ध प्रकारेण ‘ऐहिकं मे भवतु’ इत्यनुसन्धाय प्रवृत्तो लोकार्थी (जघन्याधिकारी)’** અહીં શ્રીપુરુષોત્તમચરણના જણાવ્યા અનુસાર ધર્મ કે ભક્તિ કે ભગવત્સેવાના નામ પર લાભ-પૂજા માટેનો પ્રયત્ન એ ઉપધર્મ એટલે કે પાખંડરૂપ છે અને તેનાથી દેવલકપણું સમ્પાદન થાય છે. દેવલક એટલે દેવની મૂર્તિ બતાવીને તે વડે ભીક્ષા માંગનાર, અથવા દેવમૂર્તિને બતાવનાર અથવા દેવનુ ગ્રહણ કરનાર દેવનો પૂજારી. **देव ला क** થી દેવલક શબ્દ બને છે. દેવનું **ला-लाति गृह्णाति कः स्वार्थे** આમ અર્થ થાય છે.) આવા પ્રકારનો લાભ પૂજા માટે દેવસેવાનો ઉપયોગ કરનાર દેવલકને શ્રીપુરુષોત્તમજી લોકાર્થી જઘન્યાધિકારીથી પણ ઉતરતી કક્ષામાં ગણે છે બલકે તેને ભક્તિમાર્ગનો જ અધિકારી ગણતા નથી. તેમના જણાવ્યા અનુસાર તો લોકાર્થી જઘન્યાધિકારી જન્માન્તરમાં પણ તે ભગવદનુગ્રહનો વિષય બને છે, આમ કહેવાથી દેવલક તો જન્માન્તરમાં પણ ભગવદનુગ્રહ વિષય બનતો નથી.

આ પ્રમાણે ઉપર્યુક્ત તેમજ તે સિવાયના બીજા અનેક વાક્યો અને પ્રસંગોને વિચારતાં આ બધા વાક્યો પુષ્ટિમાર્ગીય સાધનાપથમાં કહેવાયેલા છે અને તેવી સાધનામાં પ્રવૃત્ત સાધક અર્થે કહેવાયા છે. તેમજ શ્રીમહાપ્રભુના સિદ્ધાન્ત રહસ્યના વચનોમાં **‘દેવને આપેલું પાછું લેવાનો દોષ આ માર્ગમાં થતો નથી’** એ પણ આ માર્ગના સાધક અર્થે જ કહેવાયા છે અને બંને વચ્ચે વિરોધાભાસ જેવું લાગે છે કે જે હોઈ શકે નહીં. તો તેનો શું ખુલાસો ? તે બાબત વિચારીએ.

દત્તાપહારવચન ભિન્નમાર્ગ પરક છે, આ માર્ગ પરક નથી એમ કહેવાથી આ માર્ગ એટલે માત્ર આ માર્ગની દીક્ષા લઈ માર્ગવિરુદ્ધ સ્વતંત્ર આચરણ યા પ્રકારવાળો એમ અર્થ નથી. જે વ્યક્તિ આ માર્ગની સાધનામાં પ્રવૃત્ત છે અને આ માર્ગના આચાર્યોક્ત ધારાધોરણનું પાલન-આચરણ કરતાં જે સાધના પરાયણ છે તેવા વ્યક્તિને દત્તાપહારવચન લાગુ થતું નથી, કારણ કે જે માર્ગ પરક ઉક્ત વચન છે તેથી ભિન્ન-અળગો જ આ માર્ગ છે. બીજી બધી બાબતોને છોડી દઈ દત્તાપહાર વચન સાથે સમ્બન્ધ ધરાવતા વિષયને વિચારીએ ત્યારે આ માર્ગનો નિવેદન કરનાર પોતે પણ આત્મનિવેદી હોય છે અને સર્વ કંઈ ભગવાનને અર્પણ કર્યા પછી પુનઃ જે ભગવાનને નિવેદન કરે છે તે મારી વસ્તુ તમને અર્પણ રૂપમાં નહીં, પણ બધું ભગવાનનું જ છે, હું પણ ભગવાનનો જ છું અને મારી પાસે જે કંઈ પણ છે તે ભગવાને તેમની સેવા માટે મને આપ્યું છે, તેવા વિચારે પોતાના સેવકધર્મે પોતાની પાસે જે કંઈ પણ સ્વામીએ આપી રાખ્યું હોય તે સ્વામીને નિવેદ કરવું અને સ્વામી નિવેદિત પદાર્થોનો ઉપભોગ કરવો, સ્વામી પ્રસન્નતાથી કૃપાપૂર્વક પોતાનો સેવક જાણીને પ્રસાદરૂપમાં આપે તેનાથી જ પોતાનો સર્વ વ્યવહાર ચલાવવો, એ મુજબ આ માર્ગમાં નિવેદન કરાય છે. આ વાત રજો ક્ષત્રાણીના ઘીવાળા વાર્તાપ્રસંગથી જાણી શકાય છે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ ગૃહસ્થનું ગૃહ અને ગૃહમાં રહેલ સર્વ પદાર્થો માત્ર ભગવત્સેવાર્થ જ હોવાથી બે ભંડાર, બે રસોઈ વગેરે ભેદ હોતો નથી. ભેદ હોય છે તે પ્રસાદી અને અનપ્રસાદીનો ભેદ હોય છે. તેથી તેવા ગૃહમાં ભગવદ્ભોગાર્થ જ સર્વ રહેલું હોવાથી અને દાસધર્મે ભગવદ્ઉપભુક્ત પદાર્થથી જ પોતાનો સર્વ વ્યવહાર ચલાવવાનો હોવાથી ભગવાનને આપેલું પાછું લેવાનો પ્રશ્ન જ નથી રહેતો.

જ્યારે આ માર્ગથી ઈતર-ભિન્નમાર્ગ-મર્યાદામાર્ગમાં અથવા તો

ઉપાસનામાર્ગમાં સાધક આત્મનિવેદી નથી હોતો ન આત્મનિવેદનપૂર્વક સાધના કરવાનો ત્યાં કોઈ પ્રકાર જ છે. તેમજ ત્યાં દેવોપભુક્તનું જ ગ્રહણ કરવું તેવો કોઈ આગ્રહ કે આવશ્યકતા પણ નથી. કારણ કે ત્યાં સેવકત્વ નથી-ઉપાસકત્વ છે અને સેવક ઉપાસક વચ્ચે આભ-જમીનનું અન્તર છે. ઉપાસક-દેવ વચ્ચેનો સમ્બન્ધ ગીતાના વાક્યથી જાણી શકાય છે કે - **‘देवान् भावयतानेन ते देवा भावयन्तु वः, परस्परं भावयन्तः श्रेयः परमवाप्स्यथ’** અહીં સાધક ભાવન કરે તો દેવ ભાવન કરે છે અને દેવ ભાવન કરે છે માટે તદર્થ દેવનું સાધક ભાવન કરે છે. અહીં પારસ્પરિક ભાવનમાં બન્નેમાં સ્વાર્થ છે, આમાં પ્રેમ તો વિચારી શકાય જ તેમ નથી. આજ પ્રકારને પૂર્વોક્ત પ્રહ્લાદજીના વાક્યમાં **‘आशासानो न वै भृत्यः’** એમાં ભક્તિમાર્ગમાં સ્વામી-સેવક બન્ને આ પારસ્પરિક ભાવનવાળા પ્રકારથી અલગ પ્રકારના છે તે સ્પષ્ટ જાણી શકાય છે.

તેથી તેવા અધિકારવાળા પુષ્ટિભક્તિમાર્ગથી ભિન્ન માર્ગના અધિકારવાળાઓ માટેનું દત્તાપહારવચન છે. બીજી વાત એમ પણ છે કે શ્રીમહાપ્રભુએ જે પુરુષોત્તમ શ્રીકૃષ્ણ પુષ્ટિમાર્ગીઓને સેવાર્થ પધરાવી આપીને એમણે ગૃહસ્થોના ઘરોને નન્દાલયની ભાવનામાં ફેરવી નાખ્યા છે. તેથી સેવકો વડે તેમના - તેમના ઘરે બિરાજતા પ્રભુ દેવ તરીકે દેવાલયની ભાવનાથી નહીં પણ યશોદોત્સંગલાલિત રૂપે નન્દાલયની ભાવનાથી બિરાજે છે. યદ્યપિ પ્રભુને યશોદોત્સંગલાલિત કહેવાથી પ્રભુના દેવાધિદેવત્વને બાધા પહોંચતી નથી. તેથી તે જ ભગવત્સ્વરૂપ દેવ પણ છે અને તેથી અન્નકૂટ પણ એ જ સ્વરૂપને ધરાય છે અને એ જ સ્વરૂપે આરોગે છે. યદ્યપિ **‘दिवु क्रीडायाम्’** ધાતુથી દેવ શબ્દ નિષ્પન્ન થતો હોઈ નન્દનન્દન અથવા દેવ બન્નેમાં સમાનાર્થક હોવાથી શ્રીકૃષ્ણને દેવ કહેવામાં કોઈ આપત્તિ આવતી નથી. શ્રીમહાપ્રભુએ પણ સુબોધિનીના આરંભે કારિકામાં **‘वन्दे श्रीकृष्णदेवम्’** થી કૃષ્ણપદ સાથે દેવપદ યોજ્યું છે, પરન્તુ તેટલા વાક્યનો જ વિસ્તાર પુરુષોત્તમનામસહસ્રના આરંભના **‘श्रीकृष्णः सच्चिदानन्दो नित्यलीलाविनोदकृत्, सर्वागमविनोदी च लक्ष्मीशः पुरुषोत्तमः’** વગેરે વાક્યોથી જાણી શકાય છે. તેમ છતાં પણ લોકમાં બ્રહ્મા-શિવ-ઈન્દ્રાદિકોની દેવરૂપમાં પ્રસિદ્ધિ હોવાથી શ્રીકૃષ્ણ પણ તત્સમકક્ષ - તેવા જ કોઈક દેવ હશે તેવી ભ્રાન્તિ

ન થાય તે માટે તેમને દેવાધિદેવ કહેવામાં આવે તેમાં કોઈ અનૌચિત્ય પણ નથી. તેથી જ તો પદસાહિત્યમાં **‘सब देवनको देवता गोवर्द्धन गिरिधारी’** એમ કહેવામાં આવ્યું છે. તેથી દેવાધિદેવ એટલે **‘देवं अधिकृत्य यस्तिष्ठति सः अधिदेवः’** એના અનુસાર જેમ દેવની સ્થિતિથી મકાન દેવાલય કહેવાય છે, તેમ સર્વ બ્રહ્માદિમાં ભગવાનનું વિશેષભવન રહેલું હોવાથી - તે રૂપે ભગવાનની તેમાં સ્થિતિ રહેલી હોવાથી જ તે બધા બ્રહ્માદિને દેવ નામે જાણવામાં આવે છે. આ જ વાતને ગીતા તથા એકાદશ સ્કન્ધમાં વિભૂતિયોગાધ્યાયથી કહેવામાં આવી છે. તેમ છતાં પણ શાસ્ત્રમર્યાદા છે તે ભગવાનના દેવરૂપ માટે કહેવાઈ છે, ભગવાનના મૂલરૂપ માટે તે મર્યાદા નથી. યદ્યપિ પુરુષોત્તમ સર્વ મર્યાદાથી પર છે, તેમ છતાં પણ ઈશ્વર મર્યાદાનું ઉલ્લંઘન પ્રભુ પોતાના દેવરૂપે નથી કરતા પણ પોતાના મૂલરૂપે તો ઈચ્છામાં આવે ત્યારે ઈશ્વરમર્યાદાનું પણ ઉલ્લંઘન કરે છે જે રાસપંચાધ્યાયીના પાંચમા અધ્યાયથી જાણી શકાય છે. ત્યારે નન્દનન્દન રૂપે ભેટ થતી નથી પણ નન્દનન્દન ને ઉપયોગાર્થ-ઉપભોગાર્થ અર્પણ કરવામાં આવે છે. દાનલીલાના પદોમાં **‘मनभावे सो लीजिये बचे सो बेचन जाय’** વગેરે વાક્યોમાં પોતાની પાસેનું સર્વસ્વ પ્રભુને નિવેદન કર્યા પછીનું આ વાક્ય છે. વ્રજભક્તોએ કંઈ દહીની મટકીમાંથી અચ્છેર દહી શકોરામા કાઢી દાનરૂપે નિવેદન કર્યું ન હતું પણ સમ્પૂર્ણ મટકી નિવેદન કરી હતી અને કહ્યું છે **‘मन भावे सो लीजिये’** હવે જો આ દાનરૂપમાં કે ભેટરૂપમાં હોતે તો ઉત્તરાર્દ્ધ **‘बचे सो बेचन जाय’** એમ કહી શકાતે નહીં, નહીંતર એમને પણ દત્તાપહારનો પ્રશ્ન આવતે. સ્વીય સર્વસ્વસહિત પોતાના આત્માનું નિવેદન કરી ચુકેલ સેવક પાસે સ્વામીથી અતિરિક્ત પોતાનું કહેવા યોગ્ય છે જ શું કે જે સ્વામીને ભેટ સૌગાતમાં કંઈ આપે ! અતઃ પુષ્ટિમાર્ગમાં શ્રીપ્રભુને ભેટ ધરવાનો પ્રકાર નથી. ભેટ ધરવાનો પ્રકાર છે તે પૂજાના વિષયમાં છે, સેવાવિષયમાં ઉપયોગાર્થ નિવેદન જ છે. છતાં પણ તિલક વગેરેના દિવસોમાં કે જન્મ દિવસ વગેરે વિશેષ દિવસોમાં શ્રીપ્રભુને ભેટ થાય છે તે શાસ્ત્રમર્યાદા અનુસાર વિશેષ ઉપચારના અન્તર્ગત છે. ગુરુની પધરામણીમાં પણ જે પ્રકાર છે તે ગુરુ માટે શાસ્ત્રમાં જણાવાયેલ ષોડશ વગેરે ઉપચારોના અન્તર્ગત જ છે. ઉપચારોમાં જેમ **‘पाद्यं समर्पयामि-स्नानं-गन्धं-अक्षतान् - वस्त्रं-नैवेद्यं-आचमनीयं-दक्षिणां नमस्कारं**

समर्पयामि’ વગેરે બોલીને તે-તે મુજબ અપાય છે તેમ પધરામણીમાં પણ વગર બોલ્યે તે જ થાય છે. ભગવાનનું દેવરૂપ અને મૂલરૂપ-કૃષ્ણરૂપ યા નન્દનન્દનરૂપ એમ રૂપોની ચર્ચા શ્રીલાલુભટ્ટજીએ સુબોધિની યોજનામાં દશમ સ્કન્ધ પૂર્વાર્દ્ધ ગોવર્દ્ધનલીલાના પ્રસંગમાં **‘कृष्णस्त्वन्यतमं रूपं गोपविश्रम्भणं गतः, शैलोऽस्मीति वदन् भूरि बलिमादद् बृहद्वपुः’** ના વ્યાખ્યાનમાં ખૂબ જ નિપુણતાથી કરી છે ત્યાં વ્યાખ્યાનના અન્તમાં **‘अत एव गोवर्द्धनस्थायी श्रीगोवर्द्धननाथोऽस्मत्सिद्धान्ते पुष्टिमार्गे देव इति तत्र देवत्वव्यवहारो देवमन्दिरवत् तत्र ध्वजस्थापनादीति पुष्टिस्थैर्विभावनीयम्’**

શ્રીલાલુભટ્ટજીના ઉપર્યુકત વાકયોને વિચારતાં શ્રીનાથદ્વારસ્થ શ્રીગોવર્દ્ધનનાથ-શ્રીનાથજી નન્દનન્દનરૂપ વિશિષ્ટ દેવરૂપે બિરાજે છે અને તે સિવાય સર્વત્ર (શ્રીવલ્લભકુલગૃહ અને વૈષ્ણવગૃહોમાં) દેવરૂપ વિશિષ્ટ નન્દનન્દનરૂપે બિરાજે છે. અહીં પણ એ ધ્યાતવ્ય લાગે છે કે ગોવર્દ્ધન સ્થાયી સ્વરૂપે અન્નકૂટમાં સર્વના દ્રવ્યનો સ્વીકાર અને નન્દનન્દરૂપે સર્વના દ્રવ્યથી ગોવર્દ્ધનપૂજા એમાં પણ ત્યાં માત્ર વ્રજવાસીઓના જ દ્રવ્યનો સ્વીકાર થયો છે મથુરાના, કંસના કે અન્ય લોકોના દ્રવ્યનો ત્યાં સ્વીકાર જોવામાં આવતો નથી. તેમ શ્રીગોવર્દ્ધનનાથ પ્રભુ પણ પુષ્ટિમાર્ગીઓના દૈવી દ્રવ્યના દેવરૂપે અંગીકાર માટે બિરાજે છે, નહીં કે કંસોના દ્રવ્યનો અંગીકાર કરવા માટે બિરાજે છે કે પછી એવાઓના આસુરી દ્રવ્યને દૈવી બનાવવા બિરાજે છે.

પુષ્ટિમાર્ગમાં શ્રીમહાપ્રભુએ મન્દિરપ્રથા સાધકોને માટે ભક્તિસાધનામાં સિદ્ધાન્તરૂપે સ્વીકારી નથી. ભકિતસાધના તો **‘गृहे स्थित्वा स्वधर्मतः’** વાકયથી ભગવદ્ભજનને અનુકૂલ એવા ગૃહમાં સ્વધર્મપાલનપૂર્વક રહીને કૃષ્ણભજન કરવાથી જ ભક્તિબીજની દઢતા એટલે કે વ્યસનદશા પ્રાપ્ત થઈ શકે છે. સેવા એ વૈયક્તિક કરવાની છે, સામુદાયિક નહીં. વ્યવહારમાં પણ પ્રેમ સામુદાયિક સધાતો નથી પણ વૈયક્તિક જ થાય છે. શ્રીનાથજીનું મન્દિર એ મન્દિર પ્રથાને માન્ય કરતા સિદ્ધાન્તથી છે તેમ નથી, પણ એમાં પુષ્ટિમાર્ગનો સહુથી મોટો સિદ્ધાન્ત ભગવદિચ્છા એના કારણે છે. એ વાર્તા સાહિત્યથી જાણી શકાય છે. તેથી જ તો વિવેકધૈર્યાશ્રયમાં **‘विशेषतश्चेदाज्ञास्यादन्तःकरणगोचरः, तदा विशेषगत्यादि भाव्यं भिन्नं तु दैहिकात्’** જેમનો પ્રાદુર્ભાવ, વિવાહ, આસુરવ્યામોહલીલા તથા માર્ગપ્રવર્તન વગેરે સર્વ કંઈ માત્ર ભગવદિચ્છા અને ભગવદાજ્ઞાથી જ છે તેવા શ્રીમહાપ્રભુ દ્વારા સ્વસ્વીકૃત સિદ્ધાન્તથી ભિન્ન ભગવદિચ્છા જોતાં માત્ર ભગવદિચ્છાવશ જ શ્રીજીનું મંદિર નિર્માણ કરવાની અનુમતિ આપી છે અને ત્યાં દેવોચિત સર્વ વ્યવસ્થા કરીને પણ ત્યાર પછીથી યા તે પહેલા શ્રીમહાપ્રભુ યા શ્રીવિઠ્ઠલેશ્વરજી દ્વારા કયાંય મન્દિર નિર્માણ કરવામાં આવ્યું હોય તેમ જાણવા-સાંભળવા મળતું નથી. તેથી **‘यथा सौम्येकेन मृत्पिण्डेन सर्वं मृण्मयं विज्ञातं भवति’** એ ન્યાય અહીં લાગુ થઈ શકે તેમ નથી.

શ્રીમહાપ્રભુજીએ કે શ્રીગુસાંઈજીએ પોતાના કુલોત્પન્નના માથે યા પોતાના સેવકોના માથે સેવાર્થ જે-જે પણ ભગવત્સ્વરૂપ પધરાવી આપ્યા છે તે એમને વૈયક્તિક ધોરણે પધરાવી આપ્યા છે. તેથી બીજા ઈતર તો ઠીક પણ સમ્પ્રદાયનો સમુદાય પણ તેનાં ઉપર કોઈ પણ રીતે પોતાનો હક-દાવો જતાવી શકે તેમ નથી. તેના પ્રમાણમાં પરમ્પરાથી આજે પણ શ્રીવલ્લભકુળના ગૃહોમાં બિરાજતા શ્રીપ્રભુની સેવામાં તે ગૃહના બાળકોથી ઈતર ગૃહના વલ્લભકુળના બાળકો પણ તે ગૃહના મુખ્યની અનુમતિ વિના નાની અમથી સેવામાં પણ પહોંચી શકતા નથી. ઘણી જગ્યાએ તો જોવા મળે છે કે મુખ્યાજી આરતી ઉતારે અને બીજા ગૃહના બાળકો બાજુમાં ઉભા રહી દર્શન કરતા હોય. આ પારમ્પરિક પદ્ધતિ જ દર્શાવે છે કે તે ભગવત્સ્વરૂપ તેમના વૈયક્તિક છે. જ્યાં વલ્લભકુળનો પણ સ્વતંત્ર-સીધો બીજાના શ્રીઠાકોરજી સાથે સમ્બન્ધ રાખી શકાતો નથી, ત્યાં પછી કોઈ વૈષ્ણવ વલ્લભકુળના ભગવત્સ્વરૂપ સાથે પોતાનો સીધો સમ્બન્ધ બાંધી શકે એ કેમ કહી શકાય. સ્વતંત્ર-સીધો સમ્બન્ધ એટલે શ્રીઠાકોરજીને ભેટ ધરવી, શ્રીઠાકોરજીની સામગ્રીમાં લખાવવું, શ્રીઠાકોરજીના મનોરથ કરવા વગેરે. એટલે કે શ્રીવલ્લભકુળગૃહે વૈષ્ણવો વડે શ્રીઠાકોરજીને ઉદ્દેશીને કંઈ પણ આપવું. એવો આપવાનો અધિકાર શ્રીમહાપ્રભુને - આ માર્ગના સિદ્ધાન્તને કે પછી ભગવત્પ્રિયતા-સન્તોષને સ્વીકાર્ય નથી.

આ સ્થળે શ્રીપુરુષોત્તમજીની સિદ્ધાન્તરહસ્ય પરની ટીકાના વાક્યો દ્રષ્ટવ્ય છે. ત્યાં ટીકામાં **‘निवेदिभिः समर्प्यैव’** ના વ્યાખ્યાનમાં સમર્પણ-નિવેદન-દાનનો ભેદ જણાવતી કોઈક વૈષ્ણવ નિબન્ધની ઉક્તિને ટાંકતાં જણાવે છે કે - **‘શાસ્ત્રમાં નિવેદન-દાન-અર્પણ એમ ત્રણ પ્રકારો કહ્યા છે તેમાં સામેવાળાને ઉદ્દેશીને દ્રવ્યનું જ્ઞાપન કરવું એ નિવેદન છે, પદાર્થ પરથી પોતાનાપણાના ત્યાગપૂર્વક બીજાની સત્તાનું સમ્પાદન વિધિથી કરવું (આ દેવ માટે છે- મારા માટે નથી), એ દાન છે અને સ્વામીને ભોગ્ય પદાર્થો સ્વામી અર્થે જ્ઞાપન કરવું એ અર્પણ છે’** આ રીતે કોઈને કંઈ આપવાની બાબતમાં શાસ્ત્રોક્ત ત્રણ પ્રકારો નિવેદન-દાન-અર્પણ એમ ત્રણ વચ્ચેની ભેદ રેખાને આમાં સમજાવી છે. તેમાં અર્પણ એટલે પ્રાપ્ત કરાવવું અને નિવેદન એટલે જ્ઞાપન કરવું. એમાં કેટલીક વસ્તુઓ એવી છે જે તત્કાલ પ્રાપ્ત કરાવી શકાય છે, જ્યારે કેટલીક એવી છે જેને તત્કાલ પ્રાપ્ત કરાવવું શક્ય નથી. અને અસમર્પિત વસ્તુનો ક્ષણમાત્રનો પણ સંસર્ગ સમર્પિતાત્મા માટે દોષરૂપ હોવાથી તેવી વસ્તુઓનું જ્ઞાપનરૂપમાં અર્પણ કરીને તે વસ્તુનો યથાકાલ ભગવાનમાં ઉપયોગ કરવો એમ આ માર્ગની પદ્ધતિ છે. કેટલીક વસ્તુઓ એવી પણ છે કે જેને ભગવદ્‌ભોગાર્થ-પ્રાપ્ત કરાવવી જ શક્ય ન હોય. જેમ કે યજ્ઞના સાધનો, કન્યાવિવાહ માટેના સાધનો, શ્રાદ્ધાદિક મહાપાક યા તેવી જ બીજી વસ્તુઓ, ત્યારે આ બાબતમાં પણ શ્રીપુરુષોત્તમજીના જણાવ્યા અનુસાર પ્રભુ આગળ તે બધું નિવેદન-જ્ઞાપન કરી પછી તેનો યથાકાર્ય ઉપયોગ કરવો એ પણ દાસધર્મ છે.

સામેવાળાને ઉદ્દેશીને દ્રવ્યનું જ્ઞાપન કરવું આ પ્રકાર ભગવાન ઉપરાંત દેવ, ગુરુ, બ્રાહ્મણ, પિતા વગેરે પોતાના વડીલો, પત્ની માટે પોતાનો પતિ, પોતાનો ઉપરી ઓફિસર, નોકર માટે પોતાનો માલિક વગેરેમાં પણ જોવામાં આવે છે. પરન્તુ આ પ્રકારનું નિવેદન માત્ર કર્તવ્યબુદ્ધિ ઉપર અથવા તો સારા સંસ્કાર પર આધારિત હોય છે, તેમાં પ્રેમની આવશ્યકતા નથી હોતી. જ્યારે સમર્પણમાં અર્પણ શબ્દ સાથે સમ્ ઉપસર્ગ લાગવાથી શ્રીપુરુષોત્તમજીના કહ્યા અનુસાર ભાવ-પ્રેમપૂર્વક પ્રાપ્ત કરાવવાનો અર્થ થાય છે. તેથી નિવેદનમાં પણ જ્ઞાપન છે અને સમર્પણમાં પણ જ્ઞાપન છે, પરન્તુ બે માં અન્તર એ છે કે નિવેદનમાં કેવલ દેવ સમ્મુખ વસ્તુ મૂકવી-તેનાં ઉપર દેવની દષ્ટિ થાય તેટલો જ હેતુ છે, પછી દેવ વડે તેનો ભોગ થાય કે ન થાય, નિવેદક માટે તે ગ્રાહ્ય થઈ જાય છે. જ્યારે સમર્પણમાં પ્રેમ-ભાવ રહેલો હોવાથી આ વસ્તુનો પ્રભુ દ્વારા ઉપભોગ-ઉપયોગ થાય તેવો સમર્પકનો પૂર્ણ હેતુ-પૂર્ણ ઈચ્છા હોય છે. તેથી જ શ્રીપુરુષોત્તમજી વૈષ્ણવનિબંધના નિવેદન-દાન-સમર્પણના ભેદ દર્શાવતા વાક્યને ટાંકીને પછી લખે છે - **‘अत एवात्र ‘निवेद्ये’त्यनुक्त्वा ‘समर्प्ये’ति शब्दान्तरमुक्तम्’** અહીં **‘अत एव’** એટલે કે **‘તેથી જ’** એમ કહ્યું છે ત્યાં તેથી જ એટલે પુષ્ટિમાર્ગમાં શ્રીપ્રભુને કેવલ જ્ઞાપન કરવું યા સમ્મુખ કરવું એ પ્રકાર નથી પરન્તુ જે કંઈ પણ કરવામાં આવે તેમાં પ્રેમ-ભાવ હોવો જરૂરી છે. કેટલાક વૈષ્ણવો જેમને ત્યાં એક સમયની જ સેવા છે તેવા લોકો રાત્રે રસોઈ બનાવી શ્રીપ્રભુ પોઢતા હોય તેવી સ્થિતિમાં જ્યાં શ્રીપ્રભુ પોઢતા હોય તે ઝાંપીજીની બહાર યા કબાટની બહાર રસોઈ બનાવેલા પદાર્થો ધરે અને પછી તેનો પોતે ભોગ કરે. આમ કરવાનું કારણ વસ્તુ પ્રભુને સમ્મુખ કરી પોતે ભોગ કરવો છે. પરન્તુ આવો સમ્મુખ કરવાનો પ્રકાર પુષ્ટિભક્તિમાં ગ્રાહ્ય નથી એમ શ્રીપુરુષોત્તમજીનું કહેવું છે. તેથી શ્રીગોકુળનાથજીની ટીકામાં કહેવાયેલ વાત સાથે પણ શ્રીપુરુષોત્તમજીના કહેવાની સંગતિ છે કે મર્યાદામાર્ગમાં સમર્પણ યા નિવેદન શબ્દનો પ્રયોગ થઈને પણ સમર્પણશબ્દ ત્યાં સાર્થક થતો નથી - ત્યાં સમર્પણનો ભાવ હોતો નથી.

આ પ્રમાણે નિવેદન-સમર્પણને વિચાર્યા પછીથી બાકી રહે છે દાનની વાત. તો તેમાં પ્રથમ આ દ્રવ્ય મારું - મારી માલિકીનું મારા સ્વામિત્વનું યા મારી સત્તાનું. આ ભાવથી જ કોઈને પણ દેવ, ગુરુ, બ્રાહ્મણ કે ભીક્ષુકને દાન થઈ શકે છે. અથવા તો શ્રીભાગવતમાં શુક્રાચાર્યે કહ્યા મુજબ **‘धर्माय यथसेऽर्थाय कामाय स्वजनाय च, पञ्चधा विभजन् राजन् नृणां वित्तमिहोच्यते’** અનુસાર મારી પાસે જે છે તેમાંથી આટલું દ્રવ્ય એ ધર્મકાર્યમાં જ વાપરી શકાય એમ વિચારે દાન થઈ શકે છે. દાનમાં બીજી વાત એ છે કે શાસ્ત્રમાં, કાયદામાં કે વ્યવહારમાં દાન આપવાની જે પણ વિધિ છે-રીત છે તે મુજબ પોતાના સ્વામિત્વવાળા પદાર્થ પરથી પોતાની સત્તાનો ત્યાગ કરીને તે ઉપર જેને દાન

આપવાનું છે તેની સત્તા-સ્વામિત્વનું સમ્પાદન કરવામાં આવે ત્યારે તે દાન થયું કહેવાય. આ પ્રકારનું દાન જ્યારે કરવામાં આવે છે ત્યારે તે દાનમાં આપેલી વસ્તુ ફરી પાછી ગ્રહણ કરવું-લેવું એ દોષ છે.

આ પ્રકારનું દાન પુષ્ટિભક્તિના પ્રકારમાં શક્ય જ નથી. કારણ કે આત્મનિવેદન કર્યા વિના પુષ્ટિભક્તિનો અધિકાર જ કર્તાને પ્રાપ્ત થતો નથી. અને આત્મનિવેદન કરેલાનું કોઈ પણ વસ્તુ ઉપર સ્વતંત્ર સ્વામિત્વ રહેતું જ નથી. એ પોતે પણ સ્વતંત્ર નથી પણ એનાં ઉપર પણ પ્રભુનું જ સ્વામિત્વ હોય છે. બીજી વાત એ પણ છે કે પુષ્ટિભક્તિમાં સેવ્ય પ્રભુ અથવા સેવ્ય ભગવત્ શ્રીવિગ્રહ એ પણ પારકું હોતું નથી કે જેથી બીજાની સત્તાનું સમ્પાદન થઈ શકે. અહીં એક વાતની સ્પષ્ટતા જરૂરી લાગે છે કે કેવલ પ્રેમપૂર્વિકા સેવાથી જ તે પુષ્ટિમાર્ગીયા ભક્તિ છે તેમ કહેવું ઉતાવળ કહેવાશે. પ્રેમ ઉપરાંત પુષ્ટિભક્તિના જે આવશ્યક ધોરણો પુષ્ટિમાર્ગાચાર્યે નક્કી કરેલા છે તે જળવાઈને જ્યારે પ્રેમપૂર્વક સેવા કરવામાં આવે ત્યારે તે પુષ્ટિભક્તિ કહેવાય છે. તેથી જ્યાં પુષ્ટિમાર્ગાચાર્ય દ્વારા નિર્દિષ્ટ પુષ્ટિભક્તિ અંગેના નિયમોની જાળવણીપૂર્વક અને જ્યાં પ્રેમની આત્મીયતાથી પુષ્ટિસેવા કરવામાં આવે છે ત્યાં સેવક દ્વારા પ્રભુને દાન આપવું શક્ય નથી. તેમજ ત્યાં શ્રીપ્રભુને સેવક જે કંઈ પણ અર્પણ કરે છે ત્યાં દત્તાપહારવચન પ્રાપ્ત થતું નથી.

પરન્તુ જ્યાં ઉપર્યુક્ત પ્રકારે નિયમો જળવાયા નથી યા જળવાતા નથી, જ્યાં માત્ર પુષ્ટિમાર્ગીયા દીક્ષા ગ્રહણ સિવાયનું બીજું કંઈ પણ પુષ્ટિમાર્ગીય નથી, અથવા તો જ્યાં માત્ર પુષ્ટિ પ્રકારની - બાલભાવાદિના પ્રકારની સેવાનો પ્રકાર રહીને પણ પુષ્ટિભાવ રહેતો ન હોય અને પુષ્ટિમાર્ગીય આચાર-વિચાર ઉપરાન્તના મૌલિક સિદ્ધાન્તોની અવગણના થઈ હોય યા થતી હોય ત્યાં પુષ્ટિમાર્ગ જેવું દેખાઈને પણ પ્રભુને ઉદ્દેશીને જે કંઈ પણ આપવામાં આવે છે તે દાન પ્રકારનું જ હોય છે જેને આપણી પ્રચલિત ભાષામાં દાન શબ્દથી કોઈને એલર્જી થાય તેથી ભેટ શબ્દ ઉપયોગ કરવામાં આવે છે. તેથી સમર્પણ અને ભેટ એ બંને અલગ-અલગ છે. તેમાં જ્યાં સમર્પણ છે ત્યાં દત્તાપહાર દોષ પ્રાપ્ત થતો નથી અને જ્યાં ભેટ પ્રકાર છે ત્યાં દત્તાપહાર દોષ પ્રાપ્ત થાય છે. જે દેવવિગ્રહ પર પોતાનું સ્વત્વ ન હોય તેવા દેવવિગ્રહને ઉદ્દેશીને જે કંઈ પણ આપવામાં આવે તેને દેવદ્રવ્યત્વ પ્રાપ્ત થાય છે. તેમજ પોતાના સ્વત્વવાળા દેવ ઉપર જેનું સ્વત્વ નથી તેવા વ્યક્તિ દ્વારા પોતાના દેવને પણ કંઈ આપવામાં આવે તો ત્યારે તેને પણ દેવદ્રવ્યત્વ પ્રાપ્ત થાય છે. આને જ દાન યા ભેટ રૂપમાં જાણી શકાય છે.

ખરેખર તો ચાહે વલ્લભકુળના ગૃહો હોય કે વૈષ્ણવોના ગૃહો હોય સેવા તો શ્રીવલ્લભ-વિઠ્ઠલની જ છે. તેથી જ તો પદસાહિત્યમાં **‘भोग-श्रृंगार मैया सुन मोहे श्रीविट्ठलनाथके हाथ को भावै .... ताते उहाँ सदा रहत हौं’** વગેરે વાક્યો થી જ આ સમ્પ્રદાયમાં મૂલથી ચાલી આવતી પરમ્પરામાં શ્રીમહાપ્રભુને દંડવત કરીને જ સેવાનો આરંભ થાય છે અને શ્રીમહાપ્રભુને દંડવત કરી અનૌસર થઈ તાળામંગળ કરવામાં આવે છે. શ્રૃંગાર શ્રીયશોદાજી કરે છે અને ભોગ શ્રીવલ્લભ-વિઠ્ઠલ સમર્પે છે. નવરત્ન ગ્રન્થમાં શ્રીમહાપ્રભુ આજ્ઞા કરે છે કે **‘सेवाकृतिः गुरोराज्ञा’** અતઃ સેવાની સર્વકૃતિ એ ગુરુઆજ્ઞાપાલન પ્રકારે- ગુરુ સેવા રૂપ છે. કૃષ્ણ સેવા કરવી એમ ગુરુની આજ્ઞા અનુસાર આપણે સર્વ કૃષ્ણસેવા કરીએ છીએ. આજ્ઞાપાલન રૂપમાં જે કંઈ પણ કરવામાં આવે તે આજ્ઞાદાતાની જ સેવારૂપ હોય છે. તેથી આપણે આપણા ગૃહે પણ અન્ન-વસ્ત્ર-પુષ્પ-ફલ-તોય વગેરે સેવામાં નિવેદન કરીએ છીએ તે આપણાં ગુરુવર્યને કરીએ છીએ અને ગુરુ શ્રીપ્રભુને અંગીકાર કરાવે છે. કૃષ્ણસેવાપરાયણ ગુરુની સેવામાં કૃષ્ણસેવાથી અતિરિક્ત અન્ય કંઈ હોઈ શકતું જ નથી. તે અર્થમાં આપણી કૃષ્ણસેવા છે. તેથી મેં ઠાકોરજીને આપ્યું એ વાક્ય પણ અશુદ્ધ છે અને એ પ્રકાર પણ અશુદ્ધ છે. પૂર્વમાં વૈષ્ણવો વલ્લભકુલના ગૃહે જે કંઈ પણ દ્રવ્યસેવા કરતા હતા તેમાં આ સામગ્રી સેવામાં એમ કહી આપતા હતા. પણ જ્યારથી બે ભંડાર-બે રસોઈ વગેરે પ્રકારો ઉભા થતા ગયા ત્યારથી આ શ્રીઠાકોરજીની સામગ્રી સેવામાં અને આ તપેલીની સેવામાં એમ ઉચ્ચારણના પ્રયોગો સમાજમાં પ્રચલિત બનતા ગયા. એમાં વૈષ્ણવો અને શ્રીઠાકોરજીના વચમાંથી વલ્લભકુલ તો ખસેડાતા ગયા પણ સાથે સાથે સહુ મૂલગુરુ શ્રીમહાપ્રભુને પણ ખસેડતા ગયા અને ભગવત્સેવામાં વૈષ્ણવોનો શ્રીઠાકોરજી સાથે સીધો સંબન્ધ સ્થપાવાનું રૂપ સામે આવતું ગયું. હવે આ રૂપ જ્યાં આવ્યું છે ત્યાં દેવદ્રય અંગેના શાસ્ત્રીય નિયમો લાગૂ થવા જોઈએ એમ મારું માનવું છે. એટલે કે જ્યાં આપનારે શ્રીઠાકોરજીને ઉદ્દેશીને આપ્યું હોય અને લેનારે પણ શ્રીઠાકોરજીના ઉદ્દેશ્યથી ગ્રહણ કર્યું હોય ત્યારે તો તેને દેવદ્રવ્ય તરીકે કહેવામાં ક્યાંય કોઈ આપત્તિ જ રહેતી નથી.

યદ્યપિ અહીં ઘણાં સંક્ષિપ્તપણાથી લેખન કર્યું છે છતાં પણ તેમાં પ્રાયઃ મહત્ત્વના મુદ્દાઓને સમાવી લેવાનો પ્રયત્ન કર્યો છે. જો કે સામુદાયિક સેવા, ટ્રસ્ટ મંદિર અને પ્રાઈવેટ મંદિર, ગુરુગૃહ તથા બ્રાહ્મણગૃહના અન્નાદિનું ગ્રહણ વગેરે વિચારણીય બાબતો છે, પણ તેને ક્યારેક ફરીથી ચર્ચામાં લઈશું.